GUJARATI GRAMMAR.

गुजराती व्याकरण.

गुजराती भाषानुं व्याकरण

ચોથી આવૃત્તિ

રચનાર

જોસેફ વાનસામરન ટેલર.

A GRAMMAR OF THE GUJARATI LANGUAGE:

FOURTH EDITION:

BY THE REV

JOSEPH VAN SOMEREN TAYLOR, B. A.

સુરત;

ઐરિશ મિશન છાપખાનામાં છપાયું.

૧૯૦૩.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ પુસ્તકની પહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં ગ્રંથકર્તાએ એવું લખેલું હતું કે આ વ્યાકરણ સંપૂર્ણ નથી ; વળી, કે અવકાશ મળશે તો બીજી આવૃત્તિમાં સુધારો થશે. એ વચન પૂરૂં કરવા માટે તેણે યથાશક્તિ પ્રયત્ન કર્યું છે ; કંઇ કંઇ પુનરૂક્તિ તથા અતિશયોક્તિ મંમડેલી છે, કંઇ કંઇ સંક્ષેપે લખાએલી વાતોનો વિસ્તાર કરેલો છે, કંઇ કંઇ સંદેહ ભાંગીને અર્થ સ્પષ્ટ કરેલો છે, કંઇ કંઇ ભૂલ શોધીને નવા વિચારો દર્શાવ્યા છે. તો પણ ઘણાંક વિષયોમાં હજી વ્યાકરણ અધુરૂં રહ્યું છે, કેમકે સુધારવા સારૂ યથાસ્થિત અવકાશ ન મળ્યો. શોધકામ અર્ધું થયું ન થયું એટલામાં શરીરાસુખાકારીથી બંધ રાખવું પડ્યું, માટે કેટલાએક વિચારો લખી શકાયા નહિ. વાક્યવિન્યાસના ભાગમાં કેટલીએક વાતો કહાડી નાખેલી, તેને સ્થળે બીજી રચવાનો હેતુ હતો, તે પણ થઇ ન શક્યો. છંદવિન્યાસના ભાગમાં ધારણાપૂર્વક ન્યૂનાધિક કંઇજ થયું નહિ ; પણ આ વિષય સંબંધી અતિશે ચિંતા નથી, કારણ કે ગુજરાતી ભાષામાં કેટલાંક પિંગળ છે.

કોઇને અધુરો ગ્રંથ છપાવવો સારો ન લાગે, પરંતુ શરીરના દુ:ખ આગળ નિરૂપાય છિયે. થોડા દિવસમાં વિલાયત જવાનો ઠરાવ છે. ત્યાં પ્રભુની કૃપાથી સુખાકારી થાય તો શોધના કામમાં ફરી વળગીશું ; કદાચિત ત્રીજી આવૃત્તિનો ખપ પડે તો તેમાં ધારેલા વિચાર જણાવવામાં આવશે. પરંતુ ભવિષ્યનો ભરોસો નથી, એક દિવસમાં શુંનું શું થવાનું તે કોણ કહી શકે, માટે સ્વદેશ જતા પહેલાં ગુજરાતી વિદ્યાર્થીને ચરણે આ બીજી આવૃત્તિ મૂકિયે છિયે ; અને આશા છે કે પહેલી કરતાં આ બીજી આવૃત્તિ ઉપયોગી થશે.*

ગ્રંથકર્તાએ પોતાના દેશી મિત્રોને પહેલી આવૃત્તિની પ્રતો પહોંચાડતાં વિનંતી કરી હતી કે આમાં જે ભૂલો હોય તે જણાવશો તો મોટો આભાર માનીશું. આ ઉપરથી કેટલાએકે મિત્રભાવના હેતુથી કોઇ કોઇ ભેદ દેખાડ્યા છે. એમનો ઉપકાર આનંદથી માન્ય કરિયે છિયે. તેઓમાં કવિરાય દલપતરામ ડાહ્યાભાઇનું નામ મુખ્ય છે; આ સુજ્ઞ કવિએ સારા સારા વિચાર જણાવ્યા છે, અને વાંચનારના અર્થમાં સારૂં કર્યું છે.

---

* વાંચનારની આજ્ઞા માગી સૂચના આપિયે છિયે કે બેઉ આવૃત્તિને મેળવી જોતાં અંક ૨૭, ૪૯, ૬૮, ૧૭૭ થી ૨૨૧ સુધી, ૨૨૨થી ૨૫૬ સુધી, ૩૧૮ થી ૩૨૨ સુધી, ઉપસર્ગ વિષે ૩૩૯ થી ૩૪૧ સુધી, પ્રત્યયો વિષે ૩૪૪, અને સમાસ વિષે ૩૫૪ થી ૩૬૬ સુધી જોવું.

કેળવણી ખાતાના અધિકારીઓએ આ પુસ્તકને આશ્રય આપી એનો બહુ પ્રસાર કર્યો છે. આ આશ્રયની આશા પૂર્વે ન હતી. એમનો ઉપકાર ગ્રંથકર્તા આદરથી માન્ય કરે છે.

સાંભળવામાં આવ્યું છે કે નિશાળના વિદ્યાર્થીઓમાં વાદ થાય છે; કેટલાક કહે છે કે 'આ વ્યાકરણથી અમે સંસ્કૃતમાં મરીગયા.' એમની સાથે ગ્રંથકાર નમ્રતાથી પ્રતિવાદ કરે છે, કે ગુજરાતી તમારી જન્મભાષા સંસ્કૃતની પુત્રી છે, પોતાની માતા સાથે એનો કેવો સંબંધ તે ન જાણો તો એના ખરા રસનો સ્વાદ નહિજ ચાખવાના, અને તેના અધિકારની ખરી સત્તા ન સમજવાના; કવિની ઉત્તુંગ કલ્પનાને અર્થે કેટલી મધુર વાણી, વક્તાની મનોહર ભાષાને અર્થે કેટલા અલંકારના ભંડાર, તત્વવેત્તાને અર્થે કેટલી સૂક્ષ્મભેદની સંજ્ઞા, ધર્મબોધકના ઉપદેશને અર્થે સત્યસૂચક અસત્યવર્જક કેટલા વચનો, રાજ્યનિયમસ્થાપકને અર્થે કેટલાં વ્યવહારીક પદો, ઇતિહાસ લેખકને અર્થે કેટલી સર્વવાચક સામગ્રી, નાટકમાં રંજક, મિત્રાચારમાં મિષ્ટ, વ્યાપારમાં ઉપયોગી, ઘરમાં-બાળભાળા-ભાષણ, ઇત્યાદિ વિવિધ વલણ ગુજરાતીમાં કયા કયા પ્રકારનું છે, તે મૂળ ભાષા સાથેના ખરા સંબંધના જ્ઞાન વિના કેમ સમજશો? "સંસ્કૃતમા મરીગયા!" ના, ખરૂં કહો તો સંસ્કૃતમાં સજીવન થવાના, નવો અવતાર લેવાના, અને સુજ્ઞ જનોની સાથે સજીવ ભાષાનો સુજશવર્ધક વ્યાપાર ચલાવવાના.

ગુજરાતી ભાષાનું ખરૂં વ્યાકરણ જોઇએ તેવું હજી થયું નથી. આ વ્યાકરણના કર્તાએ પોતાના અલ્પ સામર્થ્ય પ્રમાણે કેવળ દિશા દેખાડેલી છે: કોઇ દેશી પંડિત નવું વ્યાકરણ રચીને ભાષાને તેજસ્વ કરે એવી આશા તે રાખે છે.

ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ વ્યાકરણની બીજી આવૃત્તિ નિકળ્યા પછી એના ગ્રંથકર્તા મારા વહાલા તથા માનિતા પિતાજી, સ્વર્ગવાસી થવા માટે આ ત્રીજી આવૃત્તિમાં એમણે કરેલો સુધારો કે વધારો જણાશે નહિ, અને તેથી બેહુ આવૃત્તિ સરખાવતાં કંઇ પણ ફેર ભાગ્યેજ માલુમ પડશે. એટલુંજ માત્ર વાચનારને જણાવવું જોઇએ કે બે ત્રણ બાબત વિષે ટુંકી ટીકા કરવાની જરૂર હોવાથી થોડાં વાક્યો મેં ઉમેર્યાં છે, પણ એવાં વાક્યો અસલ લખાણથી પૃથક રહે માટે પૃષ્ઠને છેડે કોણાકાર કૌંસમા છાપેલાં છે.

જી. પી. ટેલર.

સાંકળિયું.

गुजराती भाषानुं व्याकरण.

१. प्रश्न. व्याकरण शाने कहिये ?

ઉત્તર. ભાષાના નિયમ વિષે જે શાસ્ત્ર, તેને વ્યાકરણ કહિયે.

૨. માણસના મનના વિવિધ વિચાર અને મનોભાવ લોક એક બીજાને જેણે કરીને જણાવે છે, તેને ભાષા કહિયે. ભાષા બોલેલી અથવા લખેલી હોય છે. બોલતાં, લખતાં, લોક નિયમ પાળીને બોલે છે અને લખે છે ખરા, તો પણ આ નિયમ કેવા કેવા છે, એ તો બધા લોક કહી જણાવી શકતા નથી. વિવેકી વિદ્વાનો એ વિષે શોધ કરીને કેટલાંએક સૂત્રો બાંધી શિખવતા આવ્યા છે. એ ઉપરથી જે વિદ્યા ઉત્પન્ન થઇ, તેને વ્યાકરણવિદ્યા કહિયે છિયે; અને જે શાસ્ત્ર રચ્યું છે, તેને વ્યાકરણશાસ્ત્ર* કહિયે છિયે.

३. प्र. व्याकरणना केटला प्रकार होय छे ?

ઉ. ત્રણ પ્રકાર; એટલે—**સાધારણ**, **સાન્વય**, અને **અસાધારણ** વ્યાકરણ.

४. प्र. **साधारण** व्याकरण ते केवुं ?

ઉ. **જે નિયમો બધી ભાષાઓને સામાન્ય છે**, તે વિષેના શાસ્ત્રને **સાધારણ** વ્યાકરણ કહિયે.

***વ્યાકરણ**, આ શબ્દની ગોઠવણીમાં બે ઉપસર્ગ અને એક કૃદંત આવે છે. वि વિશેષપણાનો, અને **आ** મર્યાદાનો અર્થ દેખાડનાર ઉપસર્ગ છે; करण कृ ધાતુનું એક કૃદંતરૂપ છે. એમાં વળી ભાષા, અથવા શબ્દ, આ બોલનો અર્થ અધ્યાહાર્ય છે. માટે "વ્યાકરણ," આ શબ્દ વાપરતાં, આટલું બધું જાણવું, કે શબ્દના અથવા ભાષાના નિયમ કેવા કેવા છે, તે વિષે વિશેષ મર્યાદા શોધી ઠરાવી દેખાડનાર શાસ્ત્ર. સંસ્કૃતમાં એનું વર્ણન એવું કરેલું છે; व्याक्रियते शब्दाः अनेनेति व्याकरणं. અર્થ:— જેણે કરીને શબ્દો ઉપજાવિયે તે વ્યાકરણ. એથી અધિક પણ કંઇ સમજવું, એટલે, વાક્યના શબ્દો પોતામાં જે પરસ્પર સંબંધ રાખે છે તે દેખાડનારૂં શાસ્ત્ર.

શાસ્ત્ર (शास्, મર્મ,-અંતર્ભાવ જણાવવો; त्र, યંત્ર-સાધન, એ અર્થ દર્શક પ્રત્યય), જેણે કરીને મર્મ ઇ. સિદ્ધ થાય છે તે.

૬. પ્ર. सान्वय व्याकरण ते केवुं ?

ઉ. વિવિધ ભાષાઓમાં જે ભિન્નાભિન્નતા દેખાય છે, તેના નિયમ વિષેના શાસ્ત્રને **સાન્વય વ્યાકરણ** કહિયે.

૬. સર્વે ભાષાઓમાં, વિષયપદ, ક્રિયાપદ, વિશેષ્ય, વિશેષણ, ઇત્યાદિના સંબંધથી વાક્ય થાય છે. એના મર્મ વિષે જે ઉંડો શોધ થયો છે, તે સાધારણ વ્યાકરણમાં જણાવેલો છે; પણ ગુજરાતી, મરાઠી, હિંદી, ફારશી, પ્રાકૃત, સંસ્કૃત, ગ્રીક, લાટીન, ગોથિક, ઇંગ્રેજી, ફ્રેંચ, હેબ્રી, અરબી, ઇત્યાદિક પ્રાચીન અર્વાચીન ભાષાઓમાં, જે મળતાપણું અને જૂદાપણું છે, તે જાણી જણાવવાને અર્થે શોધ કરતાં જે વિદ્યા ઉત્પન્ન થઇ, તેનું શાસ્ત્ર સાન્વય વ્યાકરણ છે.

૭. પ્ર. असाधारण व्याकरण ते केवुं ?

ઉ. જેમાં એકજ ભાષાના નિયમો જણાવેલા છે તેને **અસાધારણ** વ્યાકરણ કહિયે. ગુજરાતી, મરાઠી, હિંદી, એવી પ્રત્યેક ભાષાનું વ્યાકરણ, તે **અસાધારણ** છે.

ભાષાના ભેદ વિષે.

૮. પ્ર. प्रत्येक भाषामां केटला भेद गणेला छे ?

ઉ. પ્રત્યેક ભાષામાં, **અક્ષર, શબ્દ,** તથા **વાક્ય,** એ ત્રણ છે; અને કોઇ વૈયાકરણો **પદ્યનો** એક ચોથો ભેદ ગણે છે. ભાષામાં એવું છે, માટે વ્યાકરણમાં એમને મળતા ભાગ કર્યા છે; એટલે—**(૧) અક્ષરવિન્યાસ; (૨) શબ્દવિન્યાસ, શબ્દસાધન,** અથવા **પદભંજન; (૩) વાક્યવિન્યાસ** અથવા **વાક્યરચના;** અને કાવ્ય મેળવિયે તો, **(૪) પદ્યબંધ.**

અક્ષરવિન્યાસ વિષે.

૯. પ્ર. अक्षरविन्यासना भागमां शानुं वर्णन आवे छे ?

ઉ. અક્ષરવિન્યાસના ભાગમાં અક્ષરના સ્થાનાદિનું વર્ણન આવે છે.

અક્ષર; આપણા વાણીસ્થાન, એટલે કંઠ, તાળુ, મૂર્દ્ધા, હોઠ, દાંત, ઇત્યાદિયે કરીને આપણે ઘણાં જુદાં જુદાં, ટુંકાં ટુંકાં, મૂળ ઉચ્ચારણો કરી શકિયે છિયે; આ ઉચ્ચારણોના અક્ષર થાય છે. મ્હોડે કરીને જે ઉચ્ચારણો થાય છે

તેઓ, કાને કરીને સંભળાય છે; પણ એમને આંખે કરીને જોઇ સમજી શકિયે માટે પત્રાદિક ઉપર લખાય એવાં કેટલાંએક ચિન્હો ઠરાવેલાં છે; આ લખેલાં ચિન્હોને પણ અક્ષર કહે છે. અક્ષરને વર્ણ પણ કહે છે.*

આપણા ધાણીસ્થાનથી (અથવા વર્ણસ્થાનથી) અતિ ઘણાં ઉચ્ચારણો થઇ શકે છે, પણ તેઓ બધાં પ્રત્યેક ભાષાના કામમાં લીધેલાં નથી—ઘણાંખરાં વપરાયા વિના રહી જાય છે. વળી, બધી ભાષાઓમાં તેનેતેજ ઉચ્ચારણો કામમાં લીધેલાં નથી; કેટલાંએક ઉચ્ચારણો ગુજરાતીમાં વપરાય છે, પણ ઈંગ્રેજીમાં વપરાતાં નથી, અને ઈંગ્રેજીમાં ઘણાંએક ચાલે છે જે ગુજરાતીમાં ચાલતાં નથી.

વિન્યાસ (वि, नि, વિશેષાર્થદર્શક ઉપસર્ગો; अस, લેવું-આવવું-પ્રગટ થવું. विन्यस् ઠેકાણે લઇ આવવું-વર્ગે વર્ગ કરી દેખાડવું-વિચારથી ગોઠવવું), વિચારયુક્ત ગોઠવણી; વળી, જે જગ્યામાં એવી ગોઠવણી કરી દેખાડેલી છે તે. માટે અક્ષરવિન્યાસ = અક્ષરની વિચારયુક્ત ગોઠવણી, અને વ્યાકરણના જે ખંડમાં એ કરી દેખાડેલી છે તે.

१०. प्र. गुजरातीमां केटला अक्षर वपराय छे ?

ઉ. સંસ્કૃતમાં એકાવન અક્ષર છે, ળ મેળવિયે તો, બાવન થાય છે; એટલે, **અ આ ઇ ઈ ઉ ઊ ઋ ૠ ઌ ૡ એ ઐ ઓ ઔ અં અઃ**—

ક ખ ગ ઘ ઙ, ચ છ જ ઝ ઞ, ટ ઠ ડ ઢ ણ, ત થ દ ધ ન, પ ફ બ ભ મ, ય ર લ વ, શ ષ સ, હ, ળ, (ક્ષ જ્ઞ). પણ એઓમાંના ૠ, ઌ, ૡ, ગુજરાતીમાં વપરાતા નથી; ઙ, ઞ, થોડાજ વપરાય છે; **ક્ષ, જ્ઞ,** જોડાક્ષર છે; **અં, અઃ** એ સ્વરની આગળ અનુસ્વાર તથા વિસર્ગ છે. આ નવને નહિ ગણિયે તો ગુજરાતીની સાધારણ લિપિના મૂળાક્ષર ૪૩ થાય છે. સંસ્કૃતમાં નહિ વપરાયલો એક અક્ષર, ઈંગ્રેજી ઈત્યાદિ પરભાષાના શબ્દો લખવા સારૂ, ઞ, એવો કરીને વાપરે છે.

११. प्र. अक्षरोना विभागो किये प्रकारे करेला छे ?

ઉ. અક્ષરોના બે મુખ્ય વિભાગ છે, એટલે, સ્વરનો એક વિભાગ અને વ્યંજનનો બીજો.

---

* **અક્ષર** (अश् વ્યાપવું, अर પ્રત્યય), વ્યાપક, ભાષામાં સર્વત્ર વ્યાપી રહેલું તે.—**વર્ણ** (वृ ઢાંકવું. वर्ण રંગાવવું) રંગિત કરેલું ઇ૦. ઉચ્ચારી દેખાડેલો, તે અક્ષર; લખી દેખાડેલો, તે વર્ણ. એવો ભેદ રાખિયે તો ચાલે?

સ્વર વિષે.

૧૨. प्र. स्वर कोने कहिये ?

ઉ. ઉચ્ચારને લંબાવતાં જેના પ્રત્યેકનું ઉચ્ચારણ એકનેએકજ પ્રકારનું, અથવા સરખી રીતે, થાય છે તેને સ્વર કહિયે.

૧૩. प्र. गुजरातीमां केटला स्वर छे ?

ઉ. જેઓ મૂળ સ્વર કહેવાય છે, તેઓ ત્રણ છે; એટલે **અ, ઇ, ઉ;** એઓ ટુંકા ઉચ્ચારના છે, અને હ્રસ્વ કે લઘુ કહેવાય છે. એમના પ્રત્યેકનો ઉચ્ચાર લાંબો કર્યાથી બીજા ત્રણ થાય છે; એટલે—**આ, ઈ, ઊ;** એઓ દીર્ઘ કે ગુરૂ કહેવાય છે. વળી સંધિસ્વર (બે સ્વરના મળ્યાથી જે ઉત્પન્ન થાય છે તે) ચાર છે, એટલે એ, ઐ, ઓ, ઔ; એમનું વર્ણન સંધિપ્રકરણમાં જોવું જોઇયે (૩૨-૧-અ, આ.)

૩ હ્રસ્વ, ૩ દીર્ઘ, અને ૪ સંધિસ્વર મળીને ૧૦ સ્વર થાય છે; પણ ઋ, આ હ્રસ્વ સ્વર પણ ગુજરાતીમાં ચાલે છે, માટે ગુજરાતીમાં સ્વરોની સંખ્યા **૧૧** થાય છે.

૧૪. હ્રસ્વ સ્વર બોલતાં થોડોજ કાળ થાય છે, માટે તેઓ એકેકજ માત્રાના ગણાય છે.* દીર્ઘ સ્વર બોલતાં હ્રસ્વ કરતાં બમણો કાળ થાય છે, માટે એઓ બબે માત્રાના ગણાય છે. સંધિસ્વર બબે સ્વરના હોય છે, માટે એઓ પણ દીર્ઘ અને બબે માત્રાના છે.—રોતાં, ગાતાં, બોલાવતાં, પોકારતાં, સ્વરનો ઉચ્ચાર બહુ લાંબો થાય છે, તે ત્રણ અથવા અધિક માત્રાનો ગણેલો છે; એને પ્લુત કહે છે. પ્લુતને લખી દેખાડવાની રીતિ નથી.

સવર્ણ અસવર્ણ વિષે.

૧૫. અક્ષર **સવર્ણ** અને **અસવર્ણ** કહેવાય છે. જે અક્ષરો **એકજ વર્ણસ્થાનથી** ઉત્પન્ન થાય છે તેઓ **સવર્ણ** છે; અને જેઓ **જૂદા જૂદા સ્થાનથી** થાય છે તેઓ **અસવર્ણ. અ** અને **આ** સવર્ણ છે, કેમકે તેઓ બેહુ કંઠસ્થાની છે†; ઇ ઈ સવર્ણ, કેમકે બેહુ તાલુસ્થાની છે; **ઉ, ઊ** સવર્ણ

---

* માત્રા (મા, માપવું; ત્ર, શસ્ત્રાર્થ પ્રત્યય), માપ, ભરણ, એક માત્રા=એક માપ.

† [કેટલાએક વૈયાકરણનો મત એવો છે કે અ અને આ કોઇપણ અમુક વર્ણસ્થાનની સાથે સંબંધ રાખતા નથી. કોઈ વિશેષ સ્થાનથી થએલો ગુણ આ બે સ્વરમાં માલુમ પડતો નથી. See Whitney's Sanskrit Grammar: § 20; and M. Müller's Science of Language: II. 130].

છે, કેમકે બેહુ ઓષ્ઠસ્થાની છે; પણ અ, ઈ, ઉ, અસવર્ણ છે, કેમકે એક કંઠ, બીજો તાળુ, ને ત્રીજો ઓષ્ઠસ્થાની છે.

એ, ઐ કંઠતાલુસ્થાની છે, કેમકે કંઠ અને તાલુ, આ બેહુ સ્થાનથી તેઓ થાય છે; ઓ, ઔ કંઠોષ્ઠસ્થાની, કેમકે કંઠ અને હોઠ આ બેહુથી થાય છે. તોય પણ, કોઇ વૈયાકરણો એ ઐને ઇ ઈના સવર્ણ; અને ઓ ઔને ઉ ઊના સવર્ણ ગણે છે; કેમકે એ ઐમાં તાલુનું બળ, અને ઓ ઔમાં હોઠનું બળ વિશેષ છે; વળી, ગુણ અને વૃદ્ધિમાં ઇનો એ ઐ, અને ઉનો ઓ ઔ થાય છે. ઇ ઈનો સવર્ણ અંતઃસ્થ ય, અને ઉ ઊનો સવર્ણ વ છે, માટે, સંધિકાર્યમાં ઇ થી ય, અને ઉ થી વ ઉત્પન્ન થાય છે. (૩૨-૧. ઇ, ઉ.)

ઋ, આ સ્વર મૂર્દ્ધન્ય અથવા મૂર્દ્ધાસ્થાની છે; એનો સવર્ણ અંતઃસ્થ ર છે.

ગુણ તથા વૃદ્ધિ વિષે.

૧૬. શબ્દનો અર્થ વિકાર થતાં, સંસ્કૃતમાં બહુધા, અને ગુજરાતીમાં કોઇ વેળા, સ્વર બદલાય છે. એને સ્વરનાં વૃદ્ધિ તથા ગુણરૂપ કહે છે. **વિષ્ણુનું** વૈષ્ણવ, અને **શિવનું** શૈવ; **બુધનું** બોધ, બૌદ્ધ, થાય છે. મૂળ સ્વરનાં ગુણ અને વૃદ્ધિરૂપ તે કેવાં, એ નીચેના કોષ્ટક ઉપરથી જણાવિયે છિયે.

મૂળરૂપ.	ગુણરૂપ.	વૃદ્ધિરૂપ.
અ.	અ	આ.
ઇ.	એ	ઐ.
ઉ.	ઓ	ઔ.
ઋ.	અર	આર.

વ્યંજન વિષે.

૧૭. પ્ર. વ્યંજન કોને કહિયે ?

ઉ. જે વર્ણનો ઉચ્ચાર સ્વર વિના થતો નથી, તેને વ્યંજન કહિયે.

વ્યંજન એટલે (વિ વિશેષપણાનો અર્થ દેખાડનાર ઉપસર્ગ, અંજ્ દેખાવું), સ્વરે કરીને જે જાણ્યામાં આવે છે તે.*

---

*કોઈ, વળી, એનો અર્થ એવો કરે છે. **વ્યંજનનો** અર્થ વ્યંગ: ને સમાન કરીને કહે છે, કે **ખોડેલું** એવું સમજવું. "માટે, જે અક્ષર વ્યંજન કહેવાય છે તેઓ "ખોડેલા છે, એટલે એમનો એક ભાગ પડતો મૂકેલો છે, અને જેમ ખોડા "માણસનો સ્વભાવ એવો હોય છે, કે તે બીજાને આધારે—કોઈનો ટેકો "લઇને—ચાલે છે, તેમ વ્યંજનોનો ઉચ્ચાર બીજા અક્ષરોને આધારે—સ્વરોનો "ટેકો લઇને—થાયછે."

१८. प्र. गुजरातीमां केटला व्यंजन छे?

ઉ. મૂળ ભાષા સંસ્કૃતમાં ૩૩ વ્યંજન ગણેલા છે, એમની સાથે ળ મેળવ્યાથી ૩૪ થાય છે.

૧૯. બીજા બે અક્ષર, એટલે, ક્ષ અને જ્ઞ, સાધારણે લખાય છે, અને એમને કોઈ ગુજરાતી મૂળાક્ષરોમાં ગણે છે; પણ તેઓ જોડાક્ષર છે,—ક અને ષ મળીને ક્ષ, જ અને ઞ મળીને જ્ઞ થાય છે.

૨૦. ઙ અને ઞ ગુજરાતીમાં સાધારણે વપરાતા નથી ખરા, અને ઘણાખરા લોક એમને ગુજરાતી અક્ષરોમાં ગણવા ઇચ્છતા નથી; તોય પણ, તેમનો ખરો ઉચ્ચાર ભાષામાં છે, અને કોઈ પ્રસંગમાં તેમને લખિયે નહિ તો શબ્દનો ઉચ્ચાર શુદ્ધ થતો નથી; જેમકે, દિઙ્‌મૂઢ, દિઙ્‌માત્ર, વાઙ્‌મય, ઇ૦.

२१. प्र. आ चोत्रीस व्यंजनना कोइ विभाग करेला छे?

ઉ. છે; એટલે—

કંઠસ્થાનથી થનારા પાંચ કવર્ગીય;—ક, ખ, ગ, ઘ, ઙ.

તાલુસ્થાનથી થનારા પાંચ ચવર્ગીય;—ચ, છ, જ, ઝ, ઞ.

મૂર્દ્ધાથી થનારા પાંચ ટવર્ગીય;—ટ, ઠ, ડ, ઢ, ણ.

દંતસ્થાનથી થનારા પાંચ તવર્ગીય;—ત, થ, દ, ધ, ન.

હોઠથી થનારા પાંચ પવર્ગીય;—પ, ફ, બ, ભ, મ.

આ ૨૫ તો સવર્ગીય, એટલે વર્ગવાળા, કહેવાય છે.

બાકીના નવ અવર્ગીય કહેવાય છે, કેમકે તેઓ ઉપરના વર્ગમાં ગણેલા નથી. તોય પણ સ્થાનોમાં લાવવાને કરિયે તો લવાય: કંઠ્યમાં, હ; તાલવ્યમાં, ય, શ; મૂર્દ્ધન્યમાં, ર, ષ, ળ; દંત્યમાં, લ, સ; અને દંતોષ્ઠ્ય, વ.

૨૨. કંઠસ્થાનથી ઉત્પન્ન થનારા, કંઠ્ય અથવા કંઠસ્થાની; તાલુસ્થાનથી, તાલવ્ય કે તાલુસ્થાની; મૂર્દ્ધાથી, મૂર્દ્ધન્ય કે મૂર્દ્ધાસ્થાની; દંતસ્થાનથી, દંત્ય કે દંતસ્થાની; અને હોઠેથી થનારા, ઓષ્ઠ્ય કે ઓષ્ઠસ્થાની કહેવાય છે.

અલ્પપ્રાણી, મહાપ્રાણી, તથા અનુનાસિક અક્ષર વિષે.

२३. प्र. अल्पप्राणी, महाप्राणी, तथा अनुनासिक अक्षर किया?

ઉ. જેમનો ઉચ્ચાર કરતાં **થોડો શ્વાસ** જોઇયે તેઓ **અલ્પપ્રાણી**, જેમને વાસ્તે **વધારે શ્વાસ** જોઇયે તેઓ **મહાપ્રાણી**, અને જેમનો ઉચ્ચાર **નાક સ્થલથી** થાય છે તેઓ **અનુનાસિક** અક્ષર કહેવાય છે.

અલ્પપ્રાણી—ક, ચ, ટ, ત, પ ; ગ, જ, ડ, દ, બ ; ય, ર, લ, વ, ળ.
મહાપ્રાણી—ખ, છ, ઠ, થ, ફ ; ઘ, ઝ, ઢ, ધ, ભ ; શ, ષ, સ, હ.
અનુનાસિક—ઙ, ઞ, ણ, ન, મ.

સ્પર્શ, અંતઃસ્થ, તથા ઊષ્મન્ કે ઊષ્મા વિષે.

૨૪. ક થી મ સુધી પચીસ સવર્ગીય જે છે, તેઓ સ્પર્શ કહેવાય છે; કેમકે તેમનો ઉચ્ચાર થતાં, વર્ણસ્થાનનો સ્પર્શ પૂરી રીતિએ થાય છે.

ય, ર, લ, વ, ળ, અંતઃસ્થ (अंतर મધ્ય ; स्थ રહેનાર,) વચગાળે રહેનાર, કે રહી જનાર, કહેવાય છે ; કેમકે સ્પર્શ થયા વિના, વર્ણસ્થાનને અંતરે, કે વચલે ભાગે, તેમનો ઉચ્ચાર થાય છે. અંતઃસ્થ ઉચ્ચારમાં વ્યંજનનું કંઈ, અને સ્વરનું કંઇ લક્ષણ દેખાય, માટે કોઇ વૈયાકરણો એમને અર્ધસ્વર, અને કોઈ અર્ધવ્યંજન કહે.

શ, ષ, સ, હ, ઊષ્મન્, કે ઊષ્મા (उष्, તપવું,–જોસમાં આવવું), કહેવાય છે. કેમકે તેઓમાં મહાપ્રાણીનો જોસ, અને સર્પના સુસ્વાટ જેવો સાદ છે.

ઘોષ અને અઘોષ વિષે.

૨૬. प्र. अक्षरो कोइ घोष, अने कोइ अघोष कहेवाय छे एनुं कारण शुं?

ઉ. છાતી પર દાબ રાખ્યા **વિના** જે અક્ષરનો ઉચ્ચાર થાય છે તે **અઘોષ**, અને **દાબ** રાખેથી જે થાય છે તે **ઘોષ** છે.*

ઘોષ = સાદ, આ જાતિના ઉચ્ચારમાં છાતીનો સાદ વધારે છે ; અઘોષ = સાદ રહિત, એમાં જાતિનો સાદ નથી. (કોઇ વૈયાકરણો એનું વર્ણન એવું કરે છે:— "ધાતુપાત્રમાં ટકોરો મારતાં જેવો રણકારો થાય, તેવો ઉચ્ચાર ઘોષનો; કાષ્ટપાત્રમાં ટકોરો મારતાં જેવો રણકારો થાય, તેવો ઉચ્ચાર અઘોષનો છે.")

વળી, ઘોષને **સંવાર** અને અઘોષને **વિવાર** કહે છે. વિવાર (**વિ**, વિશેષપણાનો અર્થ દેખાડનાર ઉપસર્ગ, **વાર** લેવું), ખુલ્લો–પહોળો. છાતીમાંથી જે દ્વારે કરીને શ્વાસ નિકળે છે, તેને ખુલ્લો, કે પહોળો, રાખીને વર્ણસ્થાનથી ઉચ્ચાર કરિયે, તો વિવાર (અઘોષ) ઉચ્ચાર થાય છે. **સંવાર** (**સં**, સાથે ; **વાર**, લેવું,) સાથે કરી લીધેલો–સંકડાવેલો. શ્વાસદ્વારને સંકડાવીને વર્ણસ્થાનથી ઉચ્ચાર કરિયે તો સંવાર (ઘોષ) ઉચ્ચાર થાય છે.

---

* [ઘોષ અઘોષમાં ફેર છે તે આ પરથી જણાય છે; ઘોષ કહેવાયલા અક્ષરનો ઉચ્ચાર થતાં ઘાંટીમાં સાદ થાય છે, પણ અઘોષ અક્ષરનો ઉચ્ચાર થતાં ઘાંટીનો સાદ છેજ નહિ]

વળી, ઘોષને કોમળ, અને અઘોષને કઠોર, પણ કહે છે.

અઘોષ. ક, ચ, ટ, ત, પ ; ખ, છ, ઠ, થ, ફ ; શ, ષ, સ. ૧૩.

ઘોષ. ગ, જ, ડ, દ, બ ; ઘ, ઝ, ઢ, ધ, ભ ; ઙ, ઞ, ણ, ન, મ ; ય, ર, લ, વ, હ, ળ. ૨૧. ઘોષાક્ષરમાં બધા સ્વર પણ ગણેલા છે.*

અ અનુષંગી, તથા સ્વરોનાં સંયુક્ત ચિન્હો વિષે.

૨૬. પ્ર. अ अनुषंगी जे कहेवायछे तेनुं आपणे शुं समजवुं ?

ઉ. મૂળાક્ષરના પાઠમાં વ્યંજનનાં નામ લેતાં જે સ્વરનો ઉચ્ચાર થાય છે તે અ છે. એને **અ અનુષંગી** (અનુ, સાથે; સંગી, મળેલો) કહે છે. વ્યંજનોની સાથે તે એ રીતે મળેલો છે, માટે જેમ બીજા સ્વરોને વાસ્તે સંયુક્તચિન્હો છે તેમ અ ને વાસ્તે નથી. (૩૪).

૨૭. પ્ર. बीजा स्वरोनां संयुक्तचिन्हो तेओ केवां ?

ઉ. જ્યારે **અ** નહિ, પણ બીજો કોઇ સ્વર વ્યંજનની સાથે બોલવો હોય, ત્યારે વ્યંજનની જોડે આખો સ્વર લખતા નથી, પણ સ્વરનો કોઇ ભાગ લઇને, વ્યંજનના આકારની સાથે સહેલી રીતે મેળવી લખાય એવાં ચિન્હો કરે છે. લખતાં આ ચિન્હો વ્યંજનની સાથે સંયુક્ત કરેલાં (મેળવેલાં) છે, માટે તેમને સ્વરોનાં સંયુક્તચિન્હો કહિયે છિયે. આ સંયુક્તચિન્હોના આકાર તથા તેમનાં નામ નિચેના કોષ્ટકમાં લખિયે છિયે.

સ્વર.	સંયુક્તચિન્હ.	નામ ઈત્યાદિ.
અ.	——	વ્યંજનના અક્ષરમાંજ મળેલો હોય છે — અ અનુષંગી.
આ.	ા	કાનો = કર્ણ, એટલે કાન ; કાનની પેઠે અક્ષરની બાજુએ રહે છે માટે.
ઈ.	િ	પાંચ કુડાળી ; ખરૂં નામ પાછ કુડાળી. પહેલાં, અક્ષરને માથે કેવળ કુડાળી કરીને, ઇ, ઈ દેખાડતા ; જેમકે ક઼ = કિ, કી. પછી હ્રસ્વ દીર્ઘનો ભેદ દેખાડતાં, વ્યંજનાક્ષરને ડાબે અંગે (એમ ક઼) કુડાળી કરી હ્રસ્વ, અને જમણે અંગે (એમ ક઼) કરી દીર્ઘ દેખાડતા. એમાં, અધિક સ્પષ્ટતાને અર્થે, હ્રસ્વને માટે ડાબી બાજુએ, અને દીર્ઘને માટે જમણી બાજુએ, કાનાનો ઉમેરો કર્યો. હ્રસ્વતાદર્શક કુડાળી

* [અઘોષમાં વિસર્ગ અને ઘોષમાં અનુસ્વાર આવી જાય છે.]

ઈ. ી વ્યંજનની પાછલી ગમ આવી માટે તેનું નામ પાછ, એટલે પાછલી કુંડાળી, એવું પડયું; અને દીર્ઘતા દર્શકનું નામ—આજ્યુ—અજ્યુ. આનું નામ અગિયું, એટલે આગલું; કેમકે એનું કુંડળ અક્ષરની આગળ આવે છે.

ઉ. ુ વયડુ—વરડુ. (વળડુ—અક્ષરની નીચે વળેલું કે વાળી દીધેલું?). કાઠીયાવાડમાં, લોટો.

ઊ. ૂ નેત્ર, એટલે મૂળ; અક્ષરની નીચે ઝાડનાં મૂળ જેવું દેખાય માટે. કાઠીયાવાડમાં, વદે (વધે હશે).

ઋ. ઋકાર.

એ. ે માત્રા, એટલે માપ. પહેલાં, બધા સ્વરનું સાધારણ નામ માત્રા હતું; પછી, એ, ઐ, ઓ, ઔ કરતાં, અક્ષરને માથે જે ચિન્હ લાગે છે તેનુંજ આ નામ રહ્યું.

ઐ. ૈ બે માત્રા.

ઓ. ો કાનો માત્રા.

ઔ. ૌ કાનો બે માત્રા.

એમને વ્યંજનની સાથે મેળવતાં નીચે પ્રમાણે લખાય છે:—

ક કા કિ કી કુ કૂ કૃ કે કૈ કો કૌ, ઇ૦.

રૂ = રૂ અને જી = જી; લખવાની ત્વરાથી થએલાં રૂપો.

ટીકા. સ્વરના સંયુક્ત ચિન્હથી એવું બને છે, કે જે વ્યંજનની સાથે તે આવે, તેનો અનુષંગી અ ઉડી જાય છે; પછી, વ્યંજનની સાથે બીજો સ્વર વળગીને એક નવો અક્ષર ઉપજે છે; ક + ી, તે ક્ + અ + ઈ, એવું તો નહિ, પણ ક્ + ઈ = કી; માટે કા, કી, કુ, ઇ૦, અકેક એકજ અક્ષર છે.

વ્યંજનચિન્હ, અનુસ્વાર, તથા વિસર્ગ વિષે.

૨૮. પ્ર. व्यंजनचिन्ह शाने कहिये ?

ઉ. કોઇ અક્ષરમાંથી અ અનુષંગીનો ત્યાગ કરવો હોય, અને તેને છેડે કોઈ સ્વરનો ઉચ્ચાર કરવો નહિ એવું દેખાડવાનું હોય, તો તેને ખોડિયે-છિયે, એટલે નીચે એવું (્) કરિયે છિયે; એને **વ્યંજનચિન્હ** કહિયે છિયે; જેમકે, ક્,—ગ્,—ઘ્. આ ચિન્હને હલ્, અને વિરામચિન્હ, એવી પણ સંજ્ઞા આપેલી છે.

૨૯. પ્ર. અનુસ્વાર શાને કહિયે ?

ઉ. પાંચ અનુનાસિક અક્ષર જે કહેવાય છે, તેમનાં પૂરાં રૂપને ઠેકાણે વપરાયેલું જે લઘુચિન્હ તેને **અનુસ્વાર** કહિયે છિયે. અનુસ્વારને બિંદુ (મિંડું) પણ કહે છે, અને (˙) એવું કરીને લખે છે.

(અ) અનુનાસિક અક્ષરને પૂરા લખવાનો શ્રમ મટાડવાને અર્થે અનુસ્વારની યુક્તિ કરેલી છે. માટે જેમ અનુનાસિક અક્ષરનાં પાંચ સ્થાન છે તેમજ અનુસ્વારનાં પણ છે; જેમકે,—

કંઠચ;—	અઙ્ક ને ઠેકાણે	અંક,	અને	અઙ્ગ ને ઠેકાણે	અંગ.		
તાલવ્ય;—	પઞ્ચ	...	પંચ,	...	અઞ્જ	...	અંજ.
મૂર્દ્ધન્ય;—	કણ્ઠ	...	કંઠ,	...	અણ્ડ	...	અંડ.
દંત્ય;—	દન્ત	...	દંત,	...	અન્ધ	...	અંધ.
ઓષ્ટય;—	કમ્પ	...	કંપ,	...	કુમ્ભ	...	કુંભ.

જે અક્ષરની સાથે અનુસ્વારનો ઉચ્ચાર થાય છે, તે અક્ષરના વર્ગના અનુનાસિકને ઠેકાણે તે વપરાય છે. પણ વંશ, અંશ, માંસ, કંસ ઇત્યાદિ શબ્દોમાં અનુસ્વાર કંઠચ અનુનાસિક અક્ષર (ઙ) ના ઉચ્ચાર ઉપર લગારેક આવેલો જણાય છે. (૩૨, ૩).

(ઇ) શબ્દના છેલ્લા અક્ષર ઉપર અનુસ્વાર આવે તો, કંઠાદિક વર્ણસ્થાનનો કંઇ નિશ્ચય દેખાડ્યા વિના, ઉચ્ચાર કેવળ અનુનાસિક રણકારા જેવો છે; જેમકે—સારૂં, ખોટું, કરૂં, બોલું છું. કોઇના ધાર્યામાં છે કે જ્યાં એવો ઉચ્ચાર થાય છે ત્યાંજ માથે મિંડું લખવું; બીજા ઠેકાણામાં ઙ, ઞ, ણ, ન, મ, લખવા; પણ આ રીતિ સાધારણે ચાલી નહિ.

૩૦. પ્ર. વિસર્ગ શાને કહિયે ?

ઉ. જ્યારે હરકોઇ સ્વરને છેડે હકાર જેવો થડકવાળો ઉચ્ચાર કરવાનો હોય, ત્યારે તે દેખાડવા સારૂ પૂર્વ સ્વરની જોડે બે મિંડાં (:) એવાં કરીને લખિયે છિયે; જેમકે, અંતઃકરણ, દુઃખ, અઃ, ક્ષિઃ, અંતઃસ્થ, પ્રાતઃ.

વિસર્ગ (वि—सृज् ફેંકી દેવું) ફેંકી દીધેલું; જાણે મહોડેથી વાયુ કે ઉચ્ચાર ફેંકી દીધો હોય, તેમ સાંભળવામાં આવે તે.

૨૧. ઉપર કહેલા વિષયોનો સારાંશ નીચેના કોષ્ટકમાં સંક્ષેપથી આપેલો છે.

અક્ષરોનું કોષ્ટક.

- વ્યંજન.
  - વર્ગીય.
    - અઘોષ: અલ્પપ્રાણ, મહાપ્રાણ
    - ઘોષ: અલ્પપ્રાણ, મહાપ્રાણ, અનુનાસિક
  - અવર્ગીય.
    - ઘોષ
    - અઘોષ
- સ્વર.
  - ઘોષ: હ્રસ્વ, દીર્ઘ; સંધ્યક્ષર

	અઘોષ અલ્પપ્રાણ	અઘોષ મહાપ્રાણ	ઘોષ અલ્પપ્રાણ	ઘોષ મહાપ્રાણ	ઘોષ અનુનાસિક	અવર્ગીય ઘોષ		અવર્ગીય અઘોષ	હ્રસ્વ	દીર્ઘ	સંધ્યક્ષર
કંઠ્ય.	ક	ખ	ગ	ઘ	ઙ	હ	:	:	અ	આ	એ ઐ*
તાલવ્ય.	ચ	છ	જ	ઝ	ઞ	ય	:	શ	ઇ	ઈ	
મૂર્દ્ધન્ય.	ટ	ઠ	ડ	ઢ	ણ	ર	ળ	ષ	ઋ	ૠ*	
દંત્ય.	ત	થ	દ	ધ	ન	લ		સ	ઌ	ૡ	
ઓષ્ઠ્ય.	પ	ફ	બ	ભ	મ		વ*		ઉ	ઊ	ઓ ઔ*

* વ દંત્યોષ્ઠ્ય; એ, ઐ કંઠતાલવ્ય; ઓ, ઔ કંઠ્યોષ્ઠ્ય છે. ૠ, ઌ, ૡ, ગુજરાતીમાં વપરાતા નથી.

ક—મ શુદ્ધસ્પર્શ; ય, ર, લ, વ, ળ, અન્તઃસ્થ; શ, ષ, સ, હ, ઊષ્મા; અં સ્વરની આગળ અનુસ્વાર, ને અઃ વિસર્ગ છે.

સંધિપ્રકરણ.

૨૨. પ્ર. વર્ણનું સંધિકાર્ય ક્યારે થાય છે ?

ઉ. જ્યારે જૂદા જૂદા બે વર્ણ એવા સાથે આવે, કે તેમનો ઉચ્ચાર મળી ગયાથી કોઇ નવો વર્ણ ઉત્પન્ન થાય, ત્યારે તેમનો સંધિ † થયો કહેવાય છે. સ્વર, વિસર્ગ, અનુસ્વાર, વ્યંજન, એઓનું સંધિકાર્ય થાય છે.

† સંધિ; (સ, સાથે; ધિ, રાખવું-ધરવું) સાથે રાખવું, સાધવું, સાંધણ.

૧. **સ્વરસંધિ.** જ્યારે એક શબ્દને છેડે સ્વર આવે, અને તેની આગળ બીજા શબ્દને આરંભે સ્વર હોય, તો તેઓ બેહુ મળી જાય છે; જેમકે, **પરમ,** આ શબ્દને છેડે **અ** આવેલ છે, એની જોડે **અર્થ,** આ શબ્દ આવે, તો પહેલા શબ્દના અંત્યસ્વરની સાથે બીજા શબ્દનો આદિસ્વર મળ્યાથી **આ** થાય છે; માટે, પરમ+અર્થ=પરમાર્થ.

અ). **અ આ**ની સાથે સવર્ણસ્વર (અ, આ) આવે, તો સંધિમાં **આ** થાય છે; જો કોઇ અસવર્ણસ્વર (ઇ, ઈ, ઉ, ઊ) અથવા સંધિસ્વર (એ, ઐ, ઓ, ઔ) આવે, તો સંધિકાર્યમાં સંધિસ્વર આવે છે; અને જો ઋ આવે, તો સંધિમાં **અર્** દેખાય છે; જેમકે—

અ + અ = આ પરમ-અર્થ, પરમાર્થ. જોડ-અક્ષર, જોડાક્ષર.
,, ,, આ = આ દેવ-આલય, દેવાલય. સત્ય-આચાર, સત્યાચાર. ગોળ-આકાર, ગોળાકાર.
,, ,, ઇ = એ ઇશ્વર-ઇચ્છા, ઈશ્વરેચ્છા. હિત-ઇચ્છુ, હિતેચ્છુ.
,, ,, ઈ = એ પરમ-ઈશ, પરમેશ. રામ-ઈશ્વર, રામેશ્વર.
,, ,, ઉ = ઓ સૂર્ય-ઉદય, સૂર્યોદય. જ્ઞાન-ઉદય, જ્ઞાનોદય. દક્ષિણ-ઉત્તર, દક્ષિણોત્તર. અન્ન-ઉદક, અન્નોદક.
,, ,, ઊ = ઓ નવ-ઊઢા, નવોઢા.
,, ,, ઋ = અર્ દેવ-ઋષિ, દેવર્ષિ.
,, ,, એ = ઐ એક-એક, એકૈક.
,, ,, ઐ = ઐ પરમ-ઐશ્વર્ય, પરમૈશ્વર્ય.
,, ,, ઓ = ઔ ગુણ-ઓઘ, ગુણૌઘ.
,, ,, ઔ = ઔ પરમ-ઔષધ, પરમૌષધ.

આ) આ + અ = આ વિદ્યા-અર્થી, વિદ્યાર્થી
,, ,, આ = આ વિદ્યા-આલય, વિદ્યાલય.
,, ,, ઇ = એ મહા-ઇંદ્ર, મહેંદ્ર.
,, ,, ઈ = એ મહા-ઈશ, મહેશ.
,, ,, ઉ = ઓ ગંગા-ઉદક, ગંગોદક.
,, ,, ઊ = ઓ ગંગા-ઊર્મિ, ગંગોર્મિ.
,, ,, ઋ = અર્ મહા-ઋષિ, મહર્ષિ.
,, ,, એ = ઐ ગંગા-એકતા, ગંગૈકતા.
,, ,, ઐ = ઐ મહા-ઐશ્વર્ય, મહૈશ્વર્ય.
,, ,, ઓ = ઔ ગંગા-ઓઘ, ગંગૌઘ.
,, ,, ઔ = ઔ મહા-ઔષધ, મહૌષધ.

ઈ) ઇ ઈની સાથે અસવર્ણ સ્વર આવે તો સંધિકાર્યમાં અંતઃસ્થ ય, સવર્ણ આવે તો દીર્ઘ ઈ ઉત્પન્ન થાય છે:—

ઇ + અ = ય પરિ-અંત, પર્યંત. અતિ-અંત, અત્યંત. પ્રતિ-અય, પ્રત્યય. અવિ-અય, અવ્યય. પ્રતિ-અક્ષ, પ્રત્યક્ષ, [અત્યાહાર.
,, ,, આ = યા ઇતિ-આદિ, ઇત્યાદિ. વિ-આકુલ, વ્યાકુલ. અતિ-આહાર,
,, ,, ઇ = ઈ અતિ-ઇચ્છા, અતીચ્છા. અતિ-ઇત, અતીત. વિ-ઇત,
,, ,, ઈ = ઈ કવિ-ઈશ, કવીશ. અતિ-ઈર્ષા, અતીર્ષા. [વીત (વીત્યું).
,, ,, ઉ = યુ પ્રતિ-ઉત્તર, પ્રત્યુત્તર. પ્રતિ-ઉપકાર, પ્રત્યુપકાર. અતિ-ઉક્તિ,
,, ,, ઊ = યૂ નિ-ઊન, ન્યૂન. [અત્યુક્તિ.
,, ,, ઋ = યૃ યુવતિ-ઋતુ, યુવત્યૃતુ.
,, ,, એ = યે પ્રતિ-એક, પ્રત્યેક.
,, ,, ઐ = યૈ અતિ-ઐશ્વર્ય, અત્યૈશ્વર્ય.
,, ,, ઓ = યો વ્રીહિ-ઓઘ, વ્રીહ્યોઘ (ડાંગરનો ઢગલો).
,, ,, ઔ = યૌ અતિ-ઔદાર્ય, અત્યૌદાર્ય. અતિ-ઔત્સુક્ય, અત્યૌત્સુક્ય.

દીર્ઘ ઈ નું સંધિકાર્ય હ્રસ્વ ઇ ની પેઠેજ થાય છે.

ઉ) ઉ ઊ ની સાથે અસવર્ણ સ્વર આવે તો સંધિકાર્યમાં અંતઃસ્થ વ, અને સવર્ણ સ્વર આવે તો દીર્ઘ ઊ, ઉત્પન્ન થાય છે:—

ઉ + અ = વ અનુ-અય, અન્વય. સાનુ-અય, સાન્વય. બહુ-અર્થ, બહ્વર્થ, મનુ-અંતર, મન્વંતર.

,, ,, આ = વા અનુ-આહાર્ય, અન્વાહાર્ય. (માસિક શ્રાદ્ધ). મનુ-આદિ, મન્વાદિ. લઘુ-આકાર, લઘ્વાકાર. મનુ-આખ્યાન, મન્વાખ્યાન.

,, ,, ઇ = વિ અનુ-ઇત, અન્વિત. બહુ-ઇચ્છા, બહ્વિચ્છા.
,, ,, ઈ = વી બહુ-ઈશ્વર, બહ્વીશ્વર.
,, ,, ઉ = ઊ બહુ-ઉક્તિ, બહૂક્તિ ભાનુ-ઉદય, ભાનૂદય.
,, ,, ઊ = ઊ સિંધુ-ઊર્મિ, સિંધૂર્મિ.
,, ,, ઋ = વૃ મનુ-ઋષિ, મન્વૃષિ.
,, ,, એ = વે અનુ-એષણ, અન્વેષણ (શોધ).
,, ,, ઐ = વૈ બહુ-ઐશ્વર્ય, બહ્વૈશ્વર્ય.
,, ,, ઓ = વો બહુ-ઓઘ, બહ્વોઘ.
,, ,, ઔ = વૌ બહુ-ઔષધી, બહ્વૌષધી.

દીર્ઘ ઊ નું સંધિકાર્ય હ્રસ્વ ઉ ની પેઠેજ થાય છે.

ઋ) ઋ ની સાથે સવર્ણ સ્વર આવે તો તેમના સંધિમાં ઋ, અસવર્ણ સ્વર આવે તો ર્ ઉત્પન્ન થાય છે. ઋ બદલાયા વિના પણ રહે છે.

ઋ + અ = ર પિતૃ + અર્થ = પિત્રર્થ.
" " આ = રા પિતૃ " આધાર = પિત્રાધાર.
" " ઇ = રિ પિતૃ " ઇચ્છા = પિત્રિચ્છા.
" " ઈ = રી પિતૃ " ઈર્ષા = પિત્રીર્ષા.
" " ઉ = રુ પિતૃ " ઉપાય = પિત્રુપાય.
" " ઊ = રૂ પિતૃ " ઊર્ણા = પિત્રૂર્ણા.
" " ઋ = ઋ પિતૃ " ઋણ = પિતૃણ.
" " ઐ = રૈ પિતૃ " ઐશ્વર્ય = પિત્રૈશ્વર્ય.
" " ઔ = રૌ પિતૃ " ઔષધ = પિત્રૌષધ.

એ) સંધિસ્વર એ ઐ ની સાથે બીજો કોઇ સ્વર કે સંધિસ્વર આવે, તો **એ** નો **અય્**, અને **ઐ** નો **આય્** થાય છે; પછી ય ની સાથે બીજા સ્વર મળે. ગુજરાતીમાં એ સંધિકાર્ય ચાલતું નથી; સંસ્કૃતમાં થયા પછી ગુજરાતીમાં વપરાયલા શબ્દોમાં દેખાય; જેમકે ચે + અન = ચયન, નૈ + અક = નાયક, ઇ.

ઓ) સંધિસ્વર ઓ ઔ ની સાથે બીજો કોઇ સ્વર કે સંધિસ્વર આવે, તો **ઓ** નો અવ્ અને **ઔ** નો આવ્ થાય છે. સાધારણ ગુજરાતીમાં એ સંધિકાર્ય ચાલતું નથી, પણ સંસ્કૃતમાંથી લીધેલા શબ્દોમાં દેખાય છે; જેમકે, ગો + ઇશ્વર = ગવીશ્વર, નૌ + ઇક = નાવિક, પૌ + અક = પાવક.

૨. વિસર્ગસંધિ. : = ર્, આગલા શબ્દનો આદ્યાક્ષર **સ્વર** હોય તો; જેમકે, નિઃ નો નિર્; નિરર્થ, નિરાધાર, નિરીચ્છા, નિરીર્ષા, નિરૂપાય, નિરુત્તર, નિરેભ (છાનું), નિરૌષધ.

: = ર્ આગલા શબ્દનો આદ્યાક્ષર **ઘોષ** હોય તો; જેમકે—નિર્ગત, નિર્ઘાત, નિર્જલ, નિર્ઝરણ, નિર્દય, નિર્ધન, નિર્બલ, નિર્ભય, નિર્ણય, નિર્મલ, નિર્મૂલ, નિર્યુક્તિ, નિર્લજ, નિર્વિકાર, નિર્હસ્ત.

: = શ, આગળ **ચ** આવે તો; નિશ્ચય, નિશ્ચલ, નિશ્ચિત, નિશ્ચક્ર.

: = શ, આગળ **શ** આવે તો; નિશ્શ્વાસ, જ્યોતિશ્શાસ્ત્ર, નિશ્શંક, નિશ્શક્ત, નિશ્શબ્દ, નિશ્શેષ. પણ કોઇ વેળા વિસર્ગ એમનેએમજ રહે છે; જ્યોતિઃશાસ્ત્ર, નિઃશ્વાસ.

: = ષ, આગળ ક, ખ, પ, ફ, ટ, ઠ, આવે તો; નિષ્કપટ, નિષ્કલંક, નિષ્કાર્ય, નિષ્કારણ, નિષ્પાપ, નિષ્પુત્ર, નિષ્ફલ. પણ કોઈ વેળા વિસર્ગ રહે છે; જેમકે, દુઃખ, અંતઃકરણ, ઇ૦.

: = સ, આગળ ત, થ, સ, (દંત્ય અઘોષ), આવે તો; નિસ્તેજ, નિસ્સત, નિસ્સંશય. કોઇ વેળા, ક આવે, તો અઃ = સ્; નમઃ કાર = નમસ્કાર.

: = ઓ, : ની પૂર્વે અ, અને આગળ ઘોષાક્ષર આવે તો; મનઃ ગત = મનોગત; એમજ, મનોભાવ, મનોયત્ન, મનોરથ, મનોરમ, મનોહર.

૩. **અનુસ્વારસંધિ.** અનુસ્વારની પછી સ્વર આવે તો મ થાય છે; જેમકે સં+આચાર = સમાચાર. એમજ,—સમીપ, સમુદાય, સમૃદ્ધિ.

કંઠ્ય સ્પર્શાક્ષર આવે તો = ઙ; જેમકે, સઙ્કલ્પ, સઙ્ગમ.

તાલવ્ય આવે તો = ઞ; સઞ્ચય, સઞ્જીવન.

દંત્ય આવે તો = ન; સન્તાપ, સન્ધાન.

ઓષ્ઠ્ય આવે તો = મ; સમ્પત, સમ્બન્ધ, સમ્ભવ. (૨૯.)

અન્તઃસ્થ તથા ઊષ્મા અક્ષર આવે તો અનુસ્વાર બિંદુરૂપે લખાય છે; સંયુક્ત, સંરક્ષણ, સંલગ્ન, સંવાદ, સંશય, સંસાર, સંહાર. (૨૯).

૪. **વ્યંજનસંધિ.** (અ) વ્યંજન ઘોષ કે અઘોષ હોય છે (૨૫). બધી ભાષાનું લક્ષણ એવું છે, કે જ્યારે બે વ્યંજન સાથે કરીને બોલવા હોય, ત્યારે બેહુ ઘોષ અથવા બેહુ અઘોષ જોઇયે; એક ઘોષ અને બીજો અઘોષ હોય તો ઉચ્ચાર થતો નથી. ક્ત (ક્ત) એકઠા કરીને બોલાય, કેમકે બેહુ અઘોષ છે; ગ્દ (ગ્દ) એકઠા બોલાય, કેમકે બેહુ ઘોષ છે; ક્દ બોલાય નહિ, કેમકે પહેલો અઘોષ અને બીજો ઘોષ છે; એમજ ગ્ત બોલાય નહિ, કેમકે પહેલો ઘોષ અને બીજો અઘોષ છે.

(ઇ) માટે, જ્યારે ભાષામાં એવું સંભવે, કે એક શબ્દને છેડે ઘોષ અને બીજાના આદિએ અઘોષ, અથવા પહેલાને અંતે અઘોષ અને બીજાના આદિએ ઘોષ આવે, ત્યારે એક બદલાય; વિશેષે કરીને પહેલા શબ્દને અંતે જે અક્ષર આવે છે તે બદલાય, અને બીજા શબ્દના આદિએ જે અક્ષર, તેના જેવો પહેલા શબ્દનો અંત્યાક્ષર ઘોષ કે અઘોષ થાય છે; પણ અક્ષરનું સ્થાન બદલાતું નથી; જેમકે—

વાક્ + પતિ = વાક્પતિ	ભગવત્ + પુરાણ = ભાગવતપુરાણ
,, ,, દાન = વાગ્દાન	,, ,, ગીતા = ભગવદ્ગીતા
સત્ ,, કર્મ = સત્કર્મ	ષટ્ ,, કર્મ = ષટ્કર્મ
,, ,, ગુણ = સદ્ગુણ	,, ,, ગુણ = ષડ્ગુણ
,, ,, વંશ = સદ્વંશ	,, ,, રિપુ = ષડ્રિપુ

(ઉ) સ્વરો ઘોષમાં ગણાય છે, માટે, બીજા શબ્દનો આદ્યાક્ષર સ્વર હોય, અને પહેલા શબ્દનો અંત્યાક્ષર ક, ચ, ટ, ત, પ હોય, તો તેને અનુક્રમે, = ગ, જ, ડ, દ, બ થાય; જેમકે,—

સત્ + આચાર = સદાચાર. સત્ + ઉત્તર = સદુત્તર.

વાક્ + ઈશ = વાગીશ. જગત્ + ઈશ = જગદીશ.

(એ) પહેલા શબ્દને અંતે દંત્ય હોય, અને બીજાના આદિએ તાલવ્ય, મૂર્દ્ધન્ય, અથવા લ આવે તો નીચે પ્રમાણે:—

સત્ + ચિત્ = સચ્ચિત્. સત્ + ચરિત્ર = સચ્ચરિત્ર.

સત્ + જન = સજ્જન. તત્ + ટીકા = તટ્ટીકા.

ઉત્ + લાસ = ઉલ્લાસ. ઉત્ + ચાર = ઉચ્ચાર.

(ઐ) બીજા શબ્દના આદિએ **શ** આવે અને પહેલાને અંતે દંત્ય હોય, તો દંત્યનો **ચ** થાય છે, અને શનો છ થાય છે; જેમકે,—

સત્ + શાસ્ત્ર = સચ્છાસ્ત્ર. ઉત્ + શર = ઉચ્છર.

(ઓ) આગલા શબ્દના આદિએ અનુનાસિક અક્ષર હોય તો પૂર્વ શબ્દને અંતે જે અક્ષર આવે છે તે તેના પોતાના વર્ગનો અનુનાસિક થાય છે; જેમકે

વાક્ + માત્ર = વાઙ્માત્ર. દિક્ + મૂઢ = દિઙ્મૂઢ.

ષટ્ + માસ = ષણ્માસ. જગત્ + નાથ = જગન્નાથ.

ઉત્ + મત્ત = ઉન્મત્ત. ચિત્ + મય = ચિન્મય.

પણ એનાં, કોઈ વેળા, વાગ્માત્ર, દિગ્મૂઢ, ષડ્માસ, એવાં રૂપ પણ થાય; કેમકે અનુનાસિક અક્ષરો ઘોષ છે, માટે ઉપર (ઇ) માં કહેલું તેમ થાય.

(ઔ) પહેલા શબ્દને અંતે અંતઃસ્થ અથવા સાનુનાસિક અક્ષર નહિ હોય, ને બીજાનો આદ્યાક્ષર **હ** હોય, તો નીચે પ્રમાણે થાય છે.

વાક્ + હર = વાગ્ઘર કે વાગ્હર, શબ્દને હરનાર. ઉત્ + હાર = ઉદ્ધાર.

ષટ્ + હૃદય = ષડ્ઢૃદય અથવા ષડ્હૃદય.

આધારશું ગુજરાતીમાં સંધિકાર્ય બહુ ચાલતું નથી; તો પણ સંસ્કૃત શબ્દો એટલા ઘણા વપરાય છે, કે સંધિનું થોડુંઘણું વર્ણન કરવું આવશ્ય છે; સન્ધિકાર્યની રીતિ કેવી છે તે નહિ જાણતા હોઇયે, તો ઘણાખરા શબ્દોનો મૂળાર્થ સમજવામાં નહિં આવે. સંસ્કૃતમાં સંધિના નિયમ અતિઘણા છે, તેઓમાંથી થોડા કહાડીને ગુજરાતીને અર્થે જેટલા વિશેષ ઉપયોગના દેખાયા, તેટલા મેં લખ્યા છે.

જોડાક્ષર વિષે.

३३. प्र. जोडाक्षर अथवा युक्ताक्षर कोने कहिये?

ઉ. જ્યારે બે કે અધિક વ્યંજનોનો ઉચ્ચાર એવો સાથે આવે કે તેમની વચ્ચે કોઇ સ્વર સંભળાતો નથી, ત્યારે જોડાક્ષર (અથવા યુક્તાક્ષર) લખિયે છિયે; જેમકે, પુત્ર, આ શબ્દનો ઉચ્ચાર કરતાં, ત અને ર આ બે અક્ષરની વચ્ચે કોઇ સ્વર સંભળાતો નથી, માટે તેમને જૂદા લખતા નથી, પણ એકત્ર કરીને લખિયે છિયે. એમજ—

નકકી	નહિ	પણ	નક્કી.	ઉતતર	નહિ	પણ	ઉત્તર.
બુદધિ	,,	,,	બુદ્ધિ.	અનન	,,	,,	અન્ન.
કરમ	,,	,,	કર્મ.	કલપ	,,	,,	કલ્પ.
યતન	,,	,,	યત્ન.	અતર	,,	,,	અત્ર.
શકતિ	,,	,,	શક્તિ, શક્તિ.	સવાસ	,,	,,	શ્વાસ.
સપષટ	,,	,,	સ્પષ્ટ.	ઈશવર	,,	,,	ઈશ્વર.
કરિયા	,,	,,	ક્રિયા.	પુષકળ	,,	,,	પુષ્કળ.

કોઇ વેળા ત્રણ વ્યંજનો એકત્ર લખાય. સ્ત્રી = સ્ત્રી. શાસ્ત્ર = શાસ્ત્ર. ઓષ્ટ્ય = ઓષ્ટ્ય. મૂર્દ્ધન્ય = મૂર્દ્ધન્ય.

ત્રણથી અધિક વ્યંજનો આવે તો એવેજ ધોરણે લખાય.

३४. સંયુક્ત રીતે ગોઠવવાની યુક્તિ એ છે. ઘણાખરા અક્ષરોમાં કાના જેવું એક ચિન્હ આવે છે; જેમકે, ગ, શ, ધ, ચ, ત, ન, ઇ૦. કેટલાક અક્ષરોમાં આ કાનો દેખાતો નથી; જેમકે, જ, ક, પણ એમના જૂના આકારમાં, કે મૂળાક્ષરમાં હતો; જ = ज; ક = क. વળી કેટલાએક અક્ષરમાં આ કાનો અર્ધ કાના જેવો થઇને વ્યંજનની ઉપલી બાજુએ લખાય છે.

ગુજરાતી લિપિમાં એ સ્પષ્ટ દેખાતો નથી, પણ બાળબોધમાં દેખાય છે; જેમકે, ट, ठ, ड, ग, द. આ કાનો (કે અર્ધ કાનો) સ્વર અ નું, એટલે અ અનુષંગીનું, ચિન્હ હોય. 'ગ' માંથી સ્વર (ા) જાય તો વ્યંજન (ગ) રહ્યો, એને નની સાથે મેળવિયે તો ગ્ન થાય. એકજ સ્વરનો ઉચ્ચાર નને છેડે છે, માટે એકજ સ્વરનું ચિન્હ લખાય છે.

કોઇ અક્ષરને વાસ્તે સહેલથી લખાય એવાં રૂપો યોજેલાં છે; જેમકે, 'શ ને વાસ્તે શ; ર ને વાસ્તે ˚, ⁄; એઓ એ રીતે લખાય છે; શ્ર = શૂ્વ; સર્વ = સરૂ્વ; ચક્ર = ચકર. શ, ˚, ⁄, આ રૂપો વેપારના ધસારામાં બહુ સંક્ષેપ થએલા શ તથા ર ના જૂના આકારના કકડા છે.

ઉપરની રીતિએ ગોઠવણી સહેલી નહિ આવે તો વ્યંજનચિન્હે કરીને અક્ષરને ખોડિયે છિયે; જેમકે, ઉદ્ગાર = ઉદ્ગાર; ઉત્થાન = ઉત્થાન.

યુક્તાક્ષરોને વાંચવાનો અનુક્રમ એ છે. જે ડાબી બાજુએ લખાય છે તે પહેલો બોલવો; શબ્દ = શબ્દ; હસ્ત = હસ્ત. અથવા, ઉપરની બાજુએ જે લખાય તે પહેલો, અને નીચેનો તે પછી બોલાય; જેમકે, સમાપ્ત = સમાપ્ત, શ્વ = શ્વ; સર્વ = સર્વ; પુત્ર = પુત્ર; શાસ્ત્ર = શાસ્ત્ર; મૂર્દ્ધન્ય = મૂર્દ્ધન્ય. છેલ્લા વ્યંજનની સાથે સ્વર ન લખેલો હોય તોય તેને છેલ્લો બોલવો; દ્ર = દ્ર્ અ.

૩૫. **ટીકા.** દ્રાવિડના કેટલાએક વૈયાકરણો સ્વરને જીવાક્ષર, અને વ્યંજનને શરીરાક્ષર કહે છે. જેમ શરીર જીવ વિના ફરી ચાલી શકતું નથી, તેમ વ્યંજનો સ્વર વિના ઉચ્ચરાતા નથી, માટે તેઓ શરીરાક્ષર કહેવાય છે; વ્યંજનની ચાલવાની શક્તિ સ્વરથી છે, માટે સ્વરને વ્યંજનનો જીવ જાણીને તેને જીવાક્ષર કહે છે.

૩૬. **ટીકા.** જૂના લેખો ઉપરથી જાણ્યામાં આવે છે કે, પહેલાં વર્ણના આકાર બહુ જૂદા હતા. એ વિષે કંઇ લાંબુ વર્ણન હું અહિં કરી શકતો નથી, પણ એટલું તો કહેવું ઘટે, કે ઘણાખરા જૂના લેખો હાથમાં આવે છે, જેમાં માત્રા અક્ષરને માથે નહિ, પણ ડાબી બાજૂએ કરેલી હોય છે. જેમકે, ।ક = કે, ।ગ = ગે, ।કા = કો, ।ગા = ગો. બંગાળામાં અને તામલ દેશમાં હજી એ રીતિ ચાલે છે.

હમણાં આપણે એકજ પ્રકારથી માત્રા લખિયે છિયે; આગળ, બે રીતિ હતી; એક હમણાની, અને બીજી, અવળી માત્રા, ⁀ એમ. અવળી માત્રાનો ઉચ્ચાર

કંઇ મહોળા સરખો થતો; કોલ, અને કૉલ; ગોળ (આકાર), ગોળ (શેરડીનો જે થાય તે), એમાં કંઇ ફેર હતો.

૩૭. દ્રાવિડમાં વ્યંજનને માથે કાળી કુંડાળી કરીને હ્રસ્વ ઈ દેખાડે છે; કિ = કિ; ગિ = ગિ; ટિ = ટિ; પિ = પિ; એટલે, ડાબી બાજુએ કાનો નથી.

બીજો ભાગ.

શબ્દવિન્યાસ, શબ્દસાધન, અથવા પદભંજન.

૩૮. પ્ર. व्याकरणना बीजा **भागने शब्दविन्यास, शब्दसाधन,** अथवा **पदभंजन;** एवी संज्ञा आपेली छे, एनुं शुं कारण ?

ઉ. ભાષાના **શબ્દો** અને તેમનાં વિવિધ **રૂપો** વિષે વ્યાકરણના આ ભાગમાં વિચાર ચલાવેલો છે, માટે આ ભાગને એવાં નામ આપેલાં છે.

૩૯. શબ્દ.—કાને કરીને જે કંઇ ધ્વનિ સાંભળવામાં આવે છે તેને સાધારણ અર્થમાં શબ્દ કહે છે. માટે કોઇ પદાર્થના પડવા તુટવા અફળાવાથી—કોઇ પશુ પ્રાણીના પોકારવાથી—કોઇ માનવના બોલવાથી—જે ધ્વનિ સંભળાય, તે બધા, સાધારણ અર્થ પ્રમાણે, શબ્દ છે. એવા તો કોઇ **અનર્થ** (અર્થરહિત) છે, પણ બીજા (જેઓ **અર્થવચ્છબ્દ** કહેવાય છે તેઓ) **અર્થવાળા** છે. કેવળ અર્થવાળાનો વિચાર વ્યાકરણમાં ચાલે છે, માટે વ્યાકરણ વિષે શબ્દનું વર્ણન એવું છે કે,—**જે કોઈ ધ્વનિથી માનવવિચારનો કોઈ અર્થ જણાય છે તે શબ્દ છે.** લખેલા શબ્દ તે બોલેલાનાં ચિન્હ છે.

સાધન (**સાધ્**, કર—મેળવ; **અન** કૃદંત પ્રત્યય), કરવું—મેળવવું. માટે **શબ્દસાધન** = શબ્દ મેળવવો. વ્યાકરણના એ ખંડમાં, પ્રત્યય ઇત્યાદિએ કરીને શબ્દો મેળવવાની રીતિ વિષે વિચાર ચલાવેલો છે.

પદભંજન (પદ = શબ્દ, ભંજન = ભાગવું), શબ્દના રૂપને ભાગીને, તેનું મૂળ શું, પ્રકૃતિ શી, અને તેની સાથેના પ્રત્યય કિયા, એ પૃથક પૃથક કરીને દેખાડવું.

૪૦. શબ્દ **એકાક્ષરી,** જેમકે—હું, તું, જે, હા; અને **અનેકાક્ષરી** હોય, જેમકે—કર, કપટ, કલ્પાંત, કલકલાટ.

વળી શબ્દો **સિદ્ધ,** તથા **સાધિત** કહેવાય છે.

સિદ્ધ, જે બીજા કોઇ શબ્દથી વ્યુત્પન્ન નથી થયો, પણ પોતે મૂળ શબ્દ છે, અથવા જેનું મૂળ જણાતું નથી તે. એવા સિદ્ધ શબ્દ હરકોઇ ભાષામાં થોડાજ હોય છે. સંસ્કૃતમાં અઢી હજાર હશે, ને તેમને ધાતુ કહે છે. ઉદાહરણ; કૃ, વહ્, ગમ્, ચર્, વિશ્, પા, અસ્, ઇ૦. સિદ્ધ શબ્દોમાં કોઇ **આશ્રયદાયક**, અને કોઇ **ઉપસંગી** છે. **આશ્રયદાયક** શબ્દો, પોતાની સાથે બીજાને મળીજવા કે વળગી રહેવા દે છે; અને **ઉપસંગી** શબ્દો, આશ્રયદાયકની સાથે મળી વળગી રહે છે, એવા આશ્રય વિના તેઓ કદી બોલવામાં આવતા નથી. ઉપસંગીના, કોઇ ઉપસર્ગાદિ **પૂર્વશબ્દ**, અને કોઇ વિભક્ત્યાદિ **પ્રત્યય** છે.*

સાધિત, સિદ્ધ શબ્દ ઉપરથી જે વ્યુત્પન્ન થાય છે તે. એમાંના કોઇ **પ્રાત્યયિક**, અને કોઇ **સામાસિક** છે. **પ્રાત્યયિક**, એવા કે જે આશ્રયદાયક શબ્દોની સાથે પ્રત્યય મળેથી થાય છે; જેમકે, કૃ ધાતુની સાથે **અન** પ્રત્યય મળેથી **કરણ** થાય છે. એવાની પૂર્વે પણ ઉપસર્ગાદિ પૂર્વશબ્દ આવે; જેમકે—પ્રકરણ, અધિકરણ, અપકરણ, અવકરણ, ઇ૦. **સામાસિક**, એવા કે બે કે અધિક શબ્દોના સમાસથી (સાથે આવેથી) થાય છે તે; જેમકે—માબાપ, ગુરૂચેલો, ભક્તિમાર્ગ, વિદ્યાભ્યાસ, રાજકાર્ય, ઇ૦. ઉપસર્ગની સાથે પણ સામાસિક શબ્દ થાય છે; જેમકે, સુવિદ્યાભ્યાસ.

સિદ્ધ શબ્દોની સંખ્યા કંઇ વધતી નથી; ભાષામાં તે તેટલી ને તેટલીજ રહે છે. પણ સાધિત શબ્દો અતિઘણા છે, અને વધતા જાય છે. જેમ જેમ વિદ્યા, વિચાર, વેપાર, શોધ, કળા, કેળવણી, રાજરીતિ, અને લોકવહેવારમાં વિવિધ વિકાર થાય છે, તેમ તેમ દિન દિનની અગત્ય પ્રમાણે, સાધિત શબ્દો નવા નવા થતા જાય છે. ભાષામાં ગુણ, કે શક્તિ, એવી છે કે એકેક ધાતુમાંથી, ખપ પડે તો, સો, બસેં, ત્રણસેં, કે અધિક સાધિત શબ્દો તે ઉપજાવી શકે છે; એમ, એક કૃ ધાતુના—કર, કર્ત્તા, કર્મ, કરણ, કામ, કાર્ય, કારણ, કાર, કારી, અધિકાર, અનુકાર, અવકાર, આકાર, સાકાર, નિરાકાર, અપકાર, ઉપકાર, વિકાર, તિરસ્કાર, પ્રકાર, પ્રતિકાર,—કરૂં, કરે, કરીશ, કરિયે,—કામને, કામથી, કામનો, કામે, કરાવ, કરા, ઇ૦ ઘણા થાય છે.

---

* પ્રત્યયો સાધારણે શબ્દોમાં કે ધાતુમાં ગણેલા નથી ખરા, તોય પણ તેઓ મૂળે શબ્દ છે.

ઉપરની વાતોનો સારાંશ નીચેના કોષ્ટકમાં મળે.

- શબ્દ.
  - સિદ્ધ ……
    - આશ્રયદાયક.
    - ઉપસંગી.
  - સાધિત ……
    - પ્રાત્યયિક — ઉપસર્ગ રહિત.
    - સામાસિક. — ઉપસર્ગ સહિત.

૪૧. ગુજરાતી શબ્દો વિશેષે કરીને **સંસ્કૃત મૂળના** છે. એઓમાંના કેટલાએક **શુદ્ધ** રહ્યા છે. કેટલાએકનું થોડું કે વત્તું રૂપાંતર થયું છે; તોય પણ તેમનું મૂળ જાણવામાં આવે છે; એવા શબ્દ **અપભ્રંશ** કહેવાય છે. બીજા કેટલાએક એવા ફરી ગયા છે, કે તેમનું મૂળ જડતાં વાર લાગે છે; તોય પણ એઓ સંસ્કૃત મૂળના, અથવા સંસ્કૃતને નિકટ મળતી કોઇ ભાષાના છે, એ વિષે મનમાં સંદેહ રેહતો નથી; એમને **અતિ અપભ્રંશમાં** ગણવા જોઇયે. વળી થોડા એવા છે કે જેઓ **દેશી*** કહેવાય છે; એમનું મૂળ સંસ્કૃતમાં નહિ હશે, પણ કઇ ભાષામાં હોય એ હજી જણાતું નથી. વળી ગુજરાતીમાં કોઇ પરભાષાના શબ્દો વપરાય છે;— મુસલમાનનું રાજ્ય હતું ત્યારે, ફારશી અને અરબી; અને ઇંગ્રેજનું રાજ્ય થયું ત્યારથી, ઇંગ્રેજી શબ્દો વાપરવામાં આવ્યા. એઓ તો વિશેષે કરીને રાજકારભારના શબ્દો, વણજવેપારના પદાર્થોનાં નામો, અને યૂરોપમાં શોધી કહાડેલી નવી વિદ્યા કળાની સંજ્ઞાઓ છે. મુસલમાન તથા પારશી લોક પોતાની સાધારણ બોલીમાં પણ ઘણા ફારશી, અરબી શબ્દો વાપરે છે; તેમનું સાંભળીને કોઇ હિંદુ પણ એવા શબ્દો બોલે છે. વળી, ઇંગ્રેજી ભણેલા, અને કોઇ બીજા પણ, ઇંગ્રેજી શબ્દો કામમાં લાવે છે.

૪૨. પ્ર. શબ્દના કેટલા વર્ગ વ્યાકરણમાં ગણેલા છે?

ઉ. જૂદા જૂદા વૈયાકરણોએ, જૂદા જૂદા ધોરણથી, શબ્દોના વર્ગ પાડયાં છે. સાધારણ રીતિ એવી છે; એટલે— **આખ્યેય** શબ્દના **ચાર** વર્ગ— **નામ, સર્વનામ, ગુણવાચક,** અને **ક્રિયાપદ; અવ્યયના** ચાર વર્ગ— **ક્રિયાવિશેષણ, નામયોગી, વાક્યયોગી,** અને **કેવળપ્રયોગી.**

---

* 'દેશી,' દેશના મૂળ રહેવાસીઓની ભાષા એવુંજ તો નિશ્ચય કરી સમજવું નહિ, પણ દેશમાં પુરાતન કાળથી ચાલે છે, એટલુંજ આ શબ્દ ઉપરથી સમજવું

૪૩. આ રીતિ રાખવાનો ઠરાવ છે ખરો, તોય પણ, વ્યાકરણની યથાસ્થિત ગોઠવણીમાં, શબ્દોના આ આઠ વર્ગની જૂદી જૂદી જગ્યાઓ કહિં કહિં છે, એ યોગ્ય રીતિએ દેખાડવા સારૂ, એમનું વર્ણન કંઇ જૂદી રીતિથી કરેલું છે. આ રીતિને જાણી લેવાનો શ્રમ શિખનારને ઓછો થાય માટે આ બાજુ પરનું કોષ્ટક રચેલું છે. આ કોષ્ટકમાં આ વ્યાકરણની ગોઠવણી સંક્ષેપે દેખાડેલી છે, માટે પહેલાંથી કોષ્ટકમાં જોઇને વ્યાકરણમાં વાંચવું; અને, જેમ જેમ વ્યાકરણનાં પ્રકરણો વાંચવામાં આવે, તેમ તેમ, ફરી ફરીથી, કોષ્ટકમાં જોવું.

૪૪. ભાષા વાપરતાં આપણે જે શબ્દો બોલિયે, તેઓ ઘણુંકરીને પ્રત્યેક વાક્યમાં એક બીજાની સાથે પરસ્પર સંબંધ રાખે છે કોઇ શબ્દ વાક્યના અર્થનો વિશેષ ભાર, અને બીજા શબ્દો મધ્યમ ભાર ઝીલે છે. વિશેષ ભાર ઝીલનારને **પ્રધાન શબ્દ** કહેવાને ધારિયે છિયે. પ્રધાન શબ્દના કોઇ **વિષયપદ,** અને કોઇ **ક્રિયાપદ** હોય છે.

કોઇ પણ પદાર્થ, પ્રાણી, ગુણ, લક્ષણ, ક્રિયાનો કે સ્થિતિનો ભાવ, મન તનના વિકાર, ઇત્યાદિ વિષે આપણી મતિમાં જે કોઇ વિચાર અનુભૂત થયો છે, તે વિષયને કહી જણાવનારા શબ્દને **વિષયપદ** કહિયે છિયે.* વિષયપદ કોઇ વેળા વિષયનું નામ (એટલે પદાર્થ, પ્રાણી, ગુણ, ઇ૦ ની સંજ્ઞા) સ્પષ્ટ લે છે. એવું થાય છે ત્યારે તે શબ્દને **નામ** કહિયે છિયે. પણ કોઇ વેળા એવું બને છે, કે વિષયપદ, વિષયની સંજ્ઞાને સ્પષ્ટ બોલ્યા વિના, તેને બીજા કોઇ શબ્દે કરીને જણાવે છે; એવે સમયે જે શબ્દ વપરાય છે તેને **સર્વનામ** કહિયે છિયે.

નામ વિષે.

૪૫. प्र. आपणे **नाम** शाने कहिये ?

ઉ. હરકોઇ વિષયની સંજ્ઞા સ્પષ્ટ લેતાં જે શબ્દ બોલિયે છિયે તેને **નામ** કહિયે.

---

*કદાચ કોઇ વિવેકી પુરૂષ વિષયપદનું આ વર્ણન વાંચીને કહેશે, કે એ તો નામનું વર્ણન છે. એ તો ખરૂં હોશે; કેમકે વિષયપદમાં ગણેલા શબ્દો વિશેષે કરીને નામ છે; પણ નામ અને સર્વનામ, આ બેહુ જાતના શબ્દોને એક વર્ગમાં લાવીને, તેમના સંબંધી સમાન રીતે બોલી શકિયે, એવી સંજ્ઞા શોધતાં, આ કરતાં બીજી કોઇ સારી મળી નથી.

શબ્દસાધનનું કોષ્ટક.

- **શબ્દ**[૧] ...
  - વાક્યની રચનામાં એક બીજાની સાથે પરસ્પર સમ્બન્ધ રાખનારા[૨]
    - **પ્રધાનશબ્દ**[૪] ...
      - વિષયપદ [૬] ...
        - **નામ** [૮] ...
          - **સત્ત્વવાચક** [૧૦] ... { વિશેષનામ [૧૨] / સામાન્યનામ [૧૩] / (ભાવવાચક. ક્રિયાવાચક.)* } વિશેષ્ય.
          - **ગુણવાચક** [૧૧] ... { ક્રિયારહિત [૧૪] = ગુણવિશેષણ. / ક્રિયાસહિત [૧૫] = કૃદંત. } વિશેષણ.
        - **સર્વનામ**[૯] પુરુષવાચક (વિશેષ્ય), તત્પદાપેક્ષક, પ્રશ્નાર્થ, સ્વાર્થ, દર્શક, અનિશ્ચિત, (વિશેષણ).
      - ક્રિયાપદ [૭] ... { અકર્મક [૧૬] — સ્થિતિવાચક (વિધ્યર્થ) [૧૭] ગતિવાચક [૧૮] / સકર્મક [૧૯] }
    - **મધ્યમશબ્દ**[૫] ...
      - ક્રિયાવિશેષણ [૨૦]
      - સંયોજક [૨૧] ... { નામયોગી [૨૨] — વિષયપદયોગી. / વાક્યયોગી [૨૩] (સમાનાર્થ, [૨૪] ભિન્નાર્થ દર્શક [૨૫]) }
  - વાક્યના બીજા શબ્દોની સાથે સમ્બન્ધ નહિ રાખનારા [૩] કેવળપ્રયોગી-ઉદ્ગાર.

(પ્રધાનશબ્દ:) પ્રાત્યયિક = જેમને પ્રત્યય લાગે. આખ્યેય = જેમનાં રૂપનું આખ્યાન થાય.

(મધ્યમશબ્દ:) અવ્યય = જેમને પ્રત્યય નથી.

૧. **શબ્દ.** અર્થવાળો ધ્વનિ (૩૯). શબ્દના બે વિશેષ ભાગ છે, એટલે :—

૨. વાક્યની રચનામાં એક બીજાની સાથે પરસ્પર સંબંધ 'રાખનારા,' એઓ ઘણા પ્રકારના છે; અને—

૩. વાક્યના બીજા શબ્દોની સાથે સંબંધ નહિ રાખનારા, એટલે કેવળ પ્રયોગી કે ઉદ્ગાર.

એક બીજાની સાથે પરસ્પર સંબંધ રાખનારના બે મોટા વર્ગ છે. પ્રધાનશબ્દ, અને મધ્યમશબ્દ.

૪. **પ્રધાનશબ્દ** વાક્યના અર્થનો વિશેષ ભાર ઝીલે છે. પોતપોતામાં, એક બીજા ઉપર, અને બીજા શબ્દો ઉપર તેઓ અન્વયાધિકારનો સંબંધ રાખે છે. પ્રત્યયે કરીને એમનું રૂપાખ્યાન થાય, માટે એઓ પ્રાત્યયિક અથવા આખ્યેય કહેવાય છે.

૫. **મધ્યમશબ્દ.** વાક્યના અર્થનો ઉતરતો ભાર ઝીલે છે. પ્રધાન શબ્દના અર્થમાં ન્યૂનાધિકતા, ભિન્નાભિન્નતા, ઠામ, સમય, ઇત્યાદિ દેખાડે છે.

પ્રધાનશબ્દમાં વિષયપદ અને ક્રિયાપદ આવે છે;—

૬. વિષયપદ કોઇ વિષય—પદાર્થ, પ્રાણી, વિચાર, ધારણા, ગુણ, ઇત્યાદિ દેખાડે છે.

૭. ક્રિયાપદ કોઇ ક્રિયા, સ્થિતિ કે સત્ત્વ દેખાડે છે.

વિષયપદના કોઇ નામ, કોઇ સર્વનામ છે.

૮. **નામ** વિષયની, એટલે પદાર્થ પ્રાણી, ગુણાદિકની સંજ્ઞા સ્પષ્ટ રીતિએ લેછે; અને-

૯. **સર્વનામ** વિષયની સંજ્ઞા લીધા વિના, બધા ઉપર લાગે એવા સાધારણ અર્થના શબ્દે કરીને, તેને દેખાડે છે.

નામના પણ બે વર્ગ છે, એટલે—સત્ત્વવાચક અને ગુણવાચક.

૧૦. **સત્ત્વવાચક.** (સત્—જે છે તે—છત) જેને આશ્રયે રંગ રૂપાદિ ગુણ મળી રહે છે. (એમનાં કોઇ **ઇંદ્રિયજ્ઞ** છે, એટલે પાંચ ઇંદ્રિયના એકે કે અનેકે કરીને જે જણાય તે; અને કોઇ **મનોજ** એટલે મનમાં જે થાય તે, અથવા **મનસ્થ** એટલે મનમાં જે રહે તે).

૧૧. **ગુણવાચક**—ગુણના નામ. સત્ત્વવાચકમાં રંગ રૂપાદિ ગુણ જણાવનાર શબ્દ. સત્ત્વવાચકનું નામ લેતાં, તે વિષે જાણવાને જે બાકી રહે છે તે જણાવનાર શબ્દ; માટે એઓ **વિશેષણ** કહેવાય છે. કેવળ ગુણનુંજ નામ આવે તો તે શબ્દ **ગુણવિશેષણ (૧૪)** કહેવાય; પણ ક્રિયાનો અર્થ તેમાં ભળે તો **કૃદંત (૧૫)** કહેવાય.

સત્ત્વવાચક નામના, કોઇ—

૧૨. વિશેષ, જે એકજ પદાર્થ પ્રાણી ઇત્યાદિ વિષયનું નામ જે છે તે; અને કોઇ—

૧૩. સામાન્ય નામ, એટલે ઘણા ઉપર સામાન્ય, કે સરખી, રીતિએ જે લાગે તે.

ક્રિયાપદ (ઉપર ૭ માં જોવું) કોઇ અકર્મક કોઇ સકર્મક છે.

૧૬. ૧૭. ૧૮. અકર્મક, એવાં કે જેમની ક્રિયાના વ્યાપારમાં કેવળ કર્ત્તાનો સંબંધ છે, પણ કર્મનો—એટલે ઉપજાવેલો કે વપરાયલો કોઇ વિષયનો—નથી. એમના કોઇ સ્થિતિવાચક (વિધ્યર્થ) અને કોઇ ગતિવાચક છે.

૧૯. સકર્મક, એવાં કે જેમની ક્રિયાના વ્યાપારમાં, કર્ત્તાની સાથે કર્મનો-ઉપજાવેલા કે વપરાયલા કોઇ વિષયનો—સબંધ છે.

મધ્યમ શબ્દના (ઉપર ૫ જોવું) કોઇ ક્રિયાવિશેષણ, કોઇ સંયોજક છે.

૨૦. ક્રિયાવિશેષણ, ક્રિયાપદ વિષે કંઇ પણ વિશેષ દેખાડનાર.

૨૧. સંયોજક, સંયોગ કે સાંધણ કરનાર. એમની બે જાત છે;—

૨૨. નામયોગી—વિષયપદયોગી, બે વિષયપદ વચ્ચેનો સંબંધ દેખાડનાર,—અને

૨૩. વાક્યયોગી, બે વાક્યની વચ્ચે સંબંધ દર્શાવનાર. એમના કોઇ સમાનાર્થ વાક્યોને **(૨૪)** અને કોઇ ભિન્નાર્થ **(૨૫)** વાક્યોને સાંધે.

---

* કોઈ વૈયાકરણો નામના બીજા ઘણા વર્ગ કરે છે;—કારક, ક્રિયાવાચક, કર્મવાચક, કારણવાચક, કર્તૃવાચક, પ્રાણીવાચક, અપ્રાણીવાચક, ભાવવાચક, સંબંધવાચક, જાતિવાચક, સમૂહવાચક, ઇ૦, પણ એઓ બધા વિશેષનામના અથવા સામાન્યનામના વર્ગમાં આવે.

એમના તો કેટલાએક એવા છે, કે કોઇ પદાર્થની કે પ્રાણીની સંજ્ઞા દે છે; જેમકે— ઘર, ઘોડો, ગાય, માણસ, રાજા, પ્રજા, દેશ, ગામ, ગલી, જળ, થળ, વાયુ. આ બધા વિષયો **ઇંદ્રિયજ્ઞ** છે, એટલે પાંચ ઇંદ્રિયો જે કહેવાય છે (આંખ, નાક, કાન, જીભ, અને ત્વચા), એઓમાંના એક કે અનેકે કરીને જેઓ જાણવામાં આવે છે તે. બીજા કેટલાએક એવા છે, કે, જો તેઓ પહેલાના જેવા પદાર્થ પ્રાણિની સંજ્ઞા નહિ હોય, તોય પણ, મનની ભાવનાથી પદાર્થરૂપી ગણેલાં છે—તેઓ મનથી જાણેલા વિષયોની સંજ્ઞા છે; જેમકે— દયા, ઇચ્છા, ઇર્ષા, સત્યતા, યોગ્યતા, સાચાપણું, ખોટાપણું, નીતિ, ન્યાય, પ્રીતિ, પ્રેમ, દ્વેષ, વૈર, ૪૦. એઓ **મનોજ** [મનમાં ઉત્પન્ન થએલા], અથવા **મનસ્થ** [મનમાં જે રહે છે તે] કહેવાય છે.

४६. प्र. नामना केटला विभाग छे ?

ઉ. બે વિશેષ વિભાગ છે,—**સત્વવાચક**, અને **ગુણવાચકનામ.**

४७. प्र. **सत्त्ववाचक** नाम ते केवुं ?

ઉ. સત્ત્વ, (अस् = હો ; त्व, ભાવાર્થ પ્રત્યય), જે છે એવો કોઇ ઇંદ્રિયજ્ઞ અથવા મનસ્થ વિષય;—જેને આશ્રયે એકાનેક ગુણ મળી રહ્યાથી આપણા જાણ્યામાં જે આવે છે તે ;— અથવા કોઇ મનકલ્પિત લક્ષણનું આસ્પદ જે છે તે. (સત્ત્વ = હોવાપણું—છતપણું.)

४८. सत्त्ववाचक नामनी बे जात छे ; एटले—

૧. વિશેષવાચક નામ, એવું કે કોઇ શબ્દ બોલતાં, તે ઉપરથી અમુક **એકજ** પદાર્થ, પ્રાણી, ગુણ, ઇત્યાદિની **સંજ્ઞા** જાણિયે ; જેમકે— ભાઇજી, મૂળદાસ, સૂરત, અહમદાવાદ, ગુજરાત, બંગાળા, હિમાચલ, ગંગા.

સામાન્યનામ, એવું કે કોઇ શબ્દ બોલતાં, તે ઉપરથી અનેક પદાર્થ કે અનેક પ્રાણીની સંજ્ઞા તે બધા પર સામાન્ય (સરખી) રીતિએ લાગેલી જાણિયે ; જેમકે— ગાય, ઘેટું, ગામ, ગલી, પહાડ, પર્વત, ઝાડ.

૪૯. હવે પ્રત્યેક નામ એકની કે અનેકની સંજ્ઞા છે; માટે ઉપર વર્ણવેલી બે જાતમાં બધાં નામ આવે, અને બીજા કોઇ વિભાગ કરવાનું કારણ

રહ્યું નહિ.* તોય પણ વૈયાકરણો નામોના બીજા કેટલ.એક વર્ગ કરી વર્ણવે છે; જેમકે—કારકવાચક, કર્ત્તવાચક, ક્રિયાવાચક, કર્મવાચક, કારણવાચક, પ્રાણીવાચક, અપ્રાણીવાચક. સંઘવાચક, જાતિવાચક, ભાવવાચક, ઇ૦ એઓમાં બે જાતનાં નામ બહુ વપરાય છે; એટલે—

૧. **ભાવવાચકનામ,** પદાર્થ પ્રાણીના કોઇ ગુણ વિષે જે શબ્દ કોઇ પૃથક વિચાર જણાવે છે (એટલે, કોઇ પદાર્થ કે પ્રાણીના ગુણને તે પદાર્થ કે પ્રાણીથી જુદો સમજીને તે વિષે બોલે છે), તે સંજ્ઞા **ભાવવાચક** નામ છે; જે૦, સાચાપણું, સત્યતા, ખોટાપણું, દુષ્ટતા, સત્ય, ધૈર્ય, વૈર, ઇ૦ એને—

૨. **ક્રિયાવાચક,** એટલે જે કોઇ ક્રિયાનું નામ લે છે તે; જેમકે, દોડવું, ચાલવું, સમવું, રમવું, જમવું, ઇ૦.

આ) કોઇ વૈયાકરણો એક ત્રીજે ધોરણે વિભાગ કરે છે.

૧ વિશેષ.
- ૧ એક પદાર્થ પ્રાણી સૂચક; ગોપાળ, સુરત, ગુજરાત,
- ૨ સામાન્ય અર્થે એક પ્રાણીઆદિ સૂચક; કાલિદાસ (= કવિ), વ્યાસ (= ગ્રંથકર્ત્તા). *
- ૩ વિશેષાર્થે ધાતુ ધાન્ય ગુણાદિના સામાન્ય નામ.

૨ સામાન્ય.
- ૧ વર્ગ સૂચક; અ) પદાર્થ—પુસ્તક, મેજ.
  - આ) પ્રાણી—ગાય, માણસ, સ્ત્રી, પુરૂષ.
  - ઇ) મનસ્થ વિષય—મુનિ, વીર, સાધુ.
  - ઈ) જ્ઞાતિ—બ્રાહ્મણ, ક્ષત્રી.
- ૨ સંઘસૂચક; ટોળું. સમુદાય, સૈન્ય.
- ૩ ધાતુધાન્યાદિ સૂચક (સાધારણ અર્થે); સુનું, ચોખા, પાણી, હવા.
- ૪ માપ ભરણાદિ સૂચક; શેર, મણ, હાથ, ગાઉ, ગજ.
- ૫ કર્તૃસૂચક; કર્ત્તા, શ્રોતા, વેત્તા, કરનાર.

૩ ભાવવાચક.
- ૧ સ્થિતિસૂચક; જીવ, મૃત્યુ, ઊંઘ.
- ૨ ક્રિયાસૂચક; વિચારવું, વિચાર, વ્યાપાર, ચલન.
- ૩ ગુણસૂચક; સત્યતા, સત્ત્વ, શુદ્ધપણું, સાચાઈ.
- ૪ ન્યૂનાધિક સૂચક; વધ, ઘટ, વૃદ્ધિ, ઓટ, ભરતિ.

---

*કોઇ વેળા એવું સંભવે કે ઘણાએક પુરૂષને એકજ નામ હોય; જેમકે, કાલિદાસ. એ નામ દેતાં પૃથક પૃથક પુરૂષ સમજિયે તો તે વિશેષ નામ છે. પણ કાલિદાસ કરી એક વિખ્યાત કવિ થઈ ગયા; હવે જો આપણે બીજા કવિઓને માન દેખાડવાને અર્થે તેમને સામાન્ય રીતિએ કાલિદાસ કહિયે, તો એ સંજ્ઞા સામાન્ય નામ જેવી થઈ જાય છે.

૫૦. प्र. **गुणवाचक** नाम ते केवुं ?

ઉ. જે ગુણવાચક નામ કહેવાય છે તે ગુણની સંજ્ઞા છે. એટલે સત્ત્વવાચકને અર્થે ગુણનું જે નામ તે તો નહિં, પણ વિશેષણાર્થે જે છે તે; જેમકે— ધોળું, કાળું, સત્ય, ખરૂં ઇ૦. એનું વિસ્તાર વર્ણન આગળ આવશે (૮૯).

૫૧. ઉપર જે વિચાર ચલાવેલો છે તે નામ વિષેનો સાધારણ વિચાર છે. હવે પ્રત્યેક નામ સંબંધી વિચાર કરતાં, તેની **જાતિ, વચન,** તથા **વિભક્તિ** વિષે વિચાર ચલાવવો.

જાતિ વિષે.

૫૨. प्र. नामनी जाति एटले शुं ?

ઉ. કોઇ સત્ત્વવાચક નામ વિષે વિચાર કરતાં, તે **નર** જાતિનું, કે **નારી** જાતિનું, કે **જાતિરહિત** છે, એ જે સમજિયે છિયે, તે તેની જાતિ કહેવાય છે.

૫૩. प्र. व्याकरणमां केटली जाति गणेली छे ?

ઉ. ત્રણ; એટલે, નર, નારી, અને નાન્યતર.

૫૪. પુરૂષ ઇત્યાદિ નર પ્રાણીની સંજ્ઞા **નરજાતિનાં** નામ છે; જેમકે—પુરૂષ, રાજા, ઘોડો, વાઘ, વછેરો, વાછડો; રામ, સામળદાસ, કબીર, કુંવર, ઇ૦;—એવાં નામ પ્રાકૃતિક નરજાતિનાં નામ કહેવાય. કોઇ શબ્દ એવા હોય છે કે જો પણ તેઓ પ્રાણીની સંજ્ઞા નહિ હોય તોય પણ નરજાતિનામ છે; જેમકે—કૂવો, ઓટલો, ધર્મ, પદાર્થ, વિચાર, વેપાર;—એઓ સાંકેતિક નરજાતિનામ છે.

૫૫. સ્ત્રી આદિક માદા પ્રાણીની સંજ્ઞા પ્રાકૃતિક નારી જાતિનાં નામ છે; જેમકે—સ્ત્રી, રાણી, ઘોડી, ગાય, રમા.

વળી કેટલાએક શબ્દ સાંકેતિક નારી જાતિનાં નામ છે; જેમકે—કૂઇ, તળાવડી, ઘડી, વસ્તુ, કલ્પના, ચાલ, દયા, ઇ૦.

૫૬. કોઇ પ્રાણીની પ્રકૃતિ ઉપર વિચાર રાખ્યા વિના સંજ્ઞા કહેલી હોય, તો તે નામ નાન્યતર છે; જેમકે—ઘોડું, વછેરૂં, વાછડું, માણસ, વરૂ, શિયાળ, ઢોર, જનાવર, પશુ, ઇ૦.*

---

* તોય પણ કોઇ સ્ત્રીવાચક શબ્દ નાન્યતર છે; બઈરૂં, ઠકરાણું. વળી કેટલાએક પ્રાણી નર કે માદા હોય, તોય પણ તેમની સંજ્ઞા નર જાતિનાં નામ છે; જુવો, મચ્છર, માકણ, ચાંચડ, ઇ૦;—બીજા કેટલાએક નારી જાતિમાંજ કહેવાય છે; ખિસકોલી, જળો, જૂ, ઘો;—અને કેટલાએક નાન્યતર બોલાય છે; ગધેડું, ધનેરૂં.

વળી આકારના કે શરીરના કદ ઉપરથી, મોટો તે દેડકો, નાહાની તે દેડકી, સાધારણ તે દેડકું.

વળી જે વિષયની સંજ્ઞા નર કે નારીમાં ગણેલી નથી તે; જેમકે—ઘર, ઝાડ, કામ, વર્ષ, પાણી.

૫૭. પ્રાણીઓમાં નર નારીની વિભિન્ન પ્રકૃતિ છે, માટે ભાષામાં પણ જાતિભેદદર્શક શબ્દો જૂદા જૂદા થયા. પણ જડપદાર્થોમાં ભિન્ન જાતિઓની પ્રકૃતિ નથી: એમજ ગુણ, ભાવ, ઇત્યાદિ માનસિક વિષયોમાં એવી પ્રકૃતિનો ભેદ નથી. એવું છતાં, જડપદાર્થ ઇત્યાદિ જાતિરહિત વિષયોની સંજ્ઞાઓમાં પણ જાતિભેદ જણાય છે એનું શું કારણ? એનું યથાસ્થિત ઉત્તર મારાથી અપાતું નથી. **પદાર્થ,** આ શબ્દ ગુજરાતી તથા સંસ્કૃતમાં નરજાતિનો છે; **વસ્તુ** ગુજરાતિમાં નારીજાતિ, સંસ્કૃતમાં નાન્યતર છે. **આંખ,** ગુજરાતીમાં નારી સંસ્કૃતમાં એનો મૂળ શબ્દ **અક્ષિ** નાન્યતર છે; અને મરાઠીમાં, એજ અર્થને શબ્દ **ડોળા** નર છે. **અગ્નિ** સંસ્કૃતમાં નર, પણ એનો અપભ્રંશ **આગ** ગુજરાતીમાં તથા મરાઠીમાં નારી. એમ જૂદી જૂદી ભાષાઓની રૂઢિ એક બીજાથી એવી વિપરીત છે કે એવા શબ્દોમાં જાતિભેદનું ખરૂં કારણ દેખાડવું અથવા ખરો નિયમ સમજવો, એ કઠિણ છે. અપ્રાણી વિષયોમાં નામોમ જાતિભેદ રાખવાની રૂઢિ ગુજરાતી, હિંદવી, મરાઠી, ઇત્યાદિ ઉત્તર હિંદુસ્થાનની અર્વાચીન ભાષાઓમાં, વળી સંસ્કૃત, લાટીન, ગ્રીક ઇત્યાદિ પ્રાચીન આર્યવર્ગની ભાષાઓમાં, અને કેટલીએક બીજી અર્વાચીન અને પ્રાચીન ભાષાઓમાં બહુજ ચાલે છે. પણ ઇંગ્રેજી ભાષામાં જૂદીજ રૂઢિ છે; નર પ્રાણીનાં નામ નરજાતિનાં નારી પ્રાણીનાં નામ નારીજાતિનાં, બીજા બધા વિષયોની સંજ્ઞા નાન્યતર છે તામલ ઇત્યાદિ દ્રાવિડી ભાષાઓમાં રૂઢિ વળી એથી જૂદી છે—દેવોનાં અને પુરૂષોનાં નામો નર, દેવીઓનાં અને સ્ત્રીઓનાં નામો નારી, અને બીજી બધી સંજ્ઞા (પશુ નર કે માદા હોય તો પણ) નાન્યતર. હિંદુસ્થાનીમાં બધાં નામ નર કે નારી છે, નાન્યતરનો ભેદ નથી.

૫૮. પ્ર. નામ નર, નારી, કે નાન્યતર છે, એ ભેદ તેમનાં રૂપઉપરથી જાણ્યામાં આવે છે શું?

ઉ. એ વિષે ગુજરાતી નામના બે વર્ગ થાય છે;—

૧. કેટલાંએક નામ એવાં છે કે તેમનાં રૂપ ઉપરથી તેમની જાતિ વિષે કંઇજ જણાતું નથી; જેમકે—

નર.	વાઘ	રાજા	અગ્નિ	હાથ	હેતુ	વે (વેહ)		ભો.
નારી.	વાત	આશા	પ્રીતિ	પળી	વસ્તુ	ચે (ચેહ)		છો.
નાન્ય.	ઘર	...	અસ્થિ	પાણી	પશુ	...		મ્હો. (૫૮

२. પણ બીજાને જાતિદર્શક પ્રત્યય લાગે છે:—

અ) જેમને પ્રથમા વિભક્તિમાં ઓ પ્રત્યય લાગે, તેઓ નરજાતિ નામ છે; જેમકે—ઘોડો, વછેરો, પાડો, કોદાળો, પાવડો, ચોપડો. (થોડાં નામ એવાં છે કે જો તેમનો અંત્યાક્ષર ઓ હોય તોય પણ તેઓ નર૦ નથી. ૬૫, ૧૬; ૬૮.)

આ) જેમને પ્રથમા વિભક્તિમાં ઈ પ્રત્યય આવે તેઓ વિશેષે કરીને નારી છે; જેમકે—ઘોડી, વછેરી, પાડી, કોદાળી, ચોપડી. પણ બધાં તો એવાં નથી, ૬૨ માં જોવું.

ઇ) જેમને પ્રથમા વિભક્તિમાં ઉં પ્રત્યય આવે છે તેઓ નાન્યતર છે; જેમકે—ઘોડું, પાડું, ઈંડું, માથું, ઈ૦. (૬૬.)

૫૯. કેટલાંએક નામ એવાં છે કે ત્રણ જાતિના ભેદ પ્રમાણે તેમનાં જાતિદર્શક રૂપ પણ ત્રણ છે; જેમકે—ઘોડો, ઘોડી, ઘોડું; વછેરો, વછેરી, વછેરૂં; પાડો, પાડી, પાડું. એમને ત્રિજાતિ વિશેષ્ય નામ કહિયે.

કોઇને નર નારીનાંજ રૂપ છે; દાદો, દાદી; દિકરો, દિકરી; મામો, મામી; કાકો, કાકી. એમને દ્વિજાતિ વિશેષ્ય નામ કહિયે.

પણ કેટલાંએકને કેવળ નરજાતિનું રૂપ છે; જેમકે—દરવાજો, રસ્તો, હીરો, ખડિયો, ઇ૦.

કોઇને નારીજાતિનુંજ રૂપ છે; દાઇ, બાઇ, સ્ત્રી, રાઇ.

કોઇને કેવળ નાન્યતર જાતિનું રૂપ છે; ભાતું, ખાતું, માથું, નામું.

६०. प्र. जेमना नारीजातिना नामने ई प्रत्यय लागे, तेमना बधाने नरजातिना रूपमां ओ प्रत्यय लागे छे शुं?

ઉ. બધાને નથી;—જેમકે, દેવ, દેવી; રાક્ષસ, રાક્ષસી; બ્રાહ્મણ; બ્રાહ્મણી; દાસ, દાસી; પુત્ર, પુત્રી; ગોપ, ગોપી. એવા શબ્દને પહેલાં નરજાતિદર્શક પ્રત્યય હતો, પણ પછી ઉડી ગયો.

६१. प्र. जेमने प्रथमाना एकवचनमां ओ आवे छे, तेओ बधां नरजातिनां नाम छे शुं?

ઉ. કોઇ નારી જાતિનાં છે; જેમકે—જળો, ગળો, ધરો (ધ્રો); ખો, છો, ધો. (આ શબ્દોમાં ઓકાર પ્રત્યયનો અક્ષર નથી, મૂળનો છે.) ભો નર૦; મ્હો નાન્ય૦; એમનો અંત્યાક્ષર પણ પ્રત્યય નથી.

૬૨. प्र. जेमने प्रथमानी अंते एकवचनमां ईकार आवे छे, तेओ बधां नारी जातिनां छे शुं ?

ઉ. કેટલાંએક નર૦ છે; જેમકે—કોળી, ધોબી, વાદી, હાથી, પક્ષી, પ્રાણી, ઇ૦; કેટલાંએક નાન્ય૦ છે; જેમકે—પાણી, ઘી, સોપારી, દહી, મરી, ઇ૦.

૬૩. प्र. ई शिवाय नारीजातिदर्शक कोइ प्रत्यय छे शुं ?

ઉ. છે;—અણ, એણ, આણી, ણી, ની, ઇત્યાદિ પ્રત્યયો પણ નારીજાતિદર્શક છે.

નર૦	નારી૦	નર૦	નારી૦
ધોબી	ધોબણ, ધોબણ્ય.	વાઘ	વાઘેણ, વાઘણ.
કોળી	કોળણ, કોળણ્ય.	પતિ	પત્ની.
ગોલો	ગોલણ, ગોલેણ.	રાજા	રાણી.
વાણિયો	વાણિયણ, વાણિયાણ, વાણિયાણિ.	ધણી	ધણીઆણી, ધણિયાણી.
		ગુજરાતી,	ગુજરાતેણ, ગુજરાતણ.
મરેઠો (મરાઠો)	મરેઠેણ,	પટેલ,	પટલાણી, પટલેણ. ઇ૦

જૂદાં જૂદાં પ્રગણામાં જૂદાં જૂદાં રૂપ વપરાય છે.

૬૪. હર કોઇ નામ કઇ જાતિનું છે, એ વિષે કોઇ નિશ્ચય નિયમ દેખાડાય એવું નથી; લોક બોલે છે તે સાંભળીને, અને લખે છે તે જોઇને શીખી લેવું જોઇયે. એવું કરતાં કોઇ માર્ગ સુઝે એની આશાએ આ નીચેનું કોષ્ટક રચ્યું છે. નામની જાતિ વિષે પ્રાંત પ્રાંતની અને વર્ણ વર્ણની રૂઢિમાં ફેર છે.

અ) નરજાતિનાં નામ.

૧. પ્રથમા વિભક્તિના એકવચનમાં નરજાતિ દર્શક **ઓ** પ્રત્યય આવે તો; જે૦—ઘોડો, વછેરો, ખડિયો, (૫૮, ૨, અ; ૬૮).

૨. નર પ્રાણીની સંજ્ઞા; જે૦—રામ, વાઘ, ભાઇ, હાથી, રાજા.

૩. દિવસની સંજ્ઞા; જે૦—સોમવાર, મંગળવાર ઇ૦ (વાર નર છે માટે).

૪. મહિનાની સંજ્ઞા; જે૦—ચૈત્ર, વૈશાખ ઇ૦ (માસ-મહિનો નર છે માટે).

૫. સૃષ્ટિમાંના મોટા પદાર્થ; જે૦—સૂર્ય, ચંદ્ર, સંમુદ્ર, વાયુ, પહાડ, પર્વત, ઇ૦.

૬. શરીરના અવયવો; જે૦—હાથ, પગ, હાડ, દાંત, નખ, ઇ૦. [૬૫, ૭; અને ૬૬, ૪].

૭. દાણાની સંજ્ઞા; જે૦—મઠ, મગ, અડદ, કોદરા, તલ, બાવટો ઇ૦.

૮. નદીની સંજ્ઞા; જે૦—બ્રહ્મપુત્ર, સિંધુ, શોણભદ્ર, ઇ૦.

૯. મનના વિકારો; જે૦—ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઇ૦.

૧૦. કોઇ ઝાડની સંજ્ઞા; જે૦—વડ, બાવળ, સાદડ, સાગ, આંબો, પીપળો, અરડુસો, સરગવો, લીમડો, ઇ૦.

૧૧. કોઇ ઈકારાંત સંજ્ઞા; જે૦—ધોબી, કોળી, કણબી, વાઘરી, માળી. (આ નામ મૂળે ઇકારાંત નથી, ઈ સંસ્કૃત ઇક્, ય, યત્, ઈન્, આ પ્રત્યયોનો અપભ્રંશ).

૧૨. ક્રિયાપદના મૂળના, કે મૂળને કંઇ મળતા જેવા રૂપના સાધિત થયલા કોઈ શબ્દો; જે૦—કર, માર, ફેર, બોલ, ભોર, ભાર, ચાલ, બોધ, ધા, ધાવ, કાપ, માપ, ઇ૦;—વળી પ્રકાર, આકાર, વિકાર, ઉપકાર, અપકાર, આધાર, વિચાર, સંહાર, અધ્યાહાર, ઉપાય, અધ્યાય, ઇ૦ [પણ **ચાર**, ખરૂં રૂપ **ચારય**, નારી૦; **ચાલ**, એ શબ્દ કોઇ પ્રાંતમાં નારી૦; બીજા શબ્દો વિષે પણ કોઈ ગ્રામરૂઢિનો ફેર હોશે].

૧૩. કોઇ મોટી જાડી સરખી વસ્તુની સંજ્ઞા; જે૦—કોદાળો, પાવડો, રોટલો ઇ૦. [જાણે કે નરજાતિમાં બળનું, કઠિણતાનું, આકરાપણાનું કંઇ હોય].

૧૪. આકારાંત નામો; જે૦—રાજા, આત્મા, મહિમા, પિતા, કર્તા, દાતા, શ્રોતા, ત્રાતા. [એઓ મૂળે આકારાંત શબ્દો નથી, પણ અનંત જે૦—રાજન્, આત્મન્, મહિમન્,—અને તૃચ્ જેમકે, દાતૃ, શ્રોતૃ, ઇ૦].

૬૫. **આ)** નારીજાતિનાં નામ.

૧. પ્રથમા વિભક્તિના એકવચનમાં નારીજાતિદર્શક પ્રત્યય ઈ આવે તો; જે૦—બ્રાહ્મણી, ઘોડી, કોદાળી, ઇ૦ [૫૮–૬૦].

૨. જેમને અણ, એણ ઇ૦ પ્રત્યય લાગે છે; ધોબણ, વાઘેણ, ઇ૦ [૬૩].

૩. નારીપ્રાણીનાં નામો;—શાબા, સામબાઈ, ગાય, ભેંસ. [૫૫].

૪. તિથિનાં નામ;—બીજ, ત્રીજ, ઇ૦. [કેમકે **તિથિ** આ નારી૦ શબ્દ છે, પણ પડવો નર૦. ગુજરાતની ઉત્તરની ગમ **પડવી** અને **પડવે** નારી૦ થાય છે].

૫. દિવસના વિભાગો;—સાંઝ, સવાર, રાત, રાત્ય, ઘડી, હોરા, પણ પ્રભાત નાન્ય૦. પહોર નર૦.

૬. નદીનાં નામે;—ગંગા, રેવા, તાપી, મહી; સરસ્વતી, સાબરમતી, જાંબુવોન[જાંબો], ભોગાવો, મેશ્વા.

૭. દેહના અવયવો;—આંખ, જાંગ, નસ, કીકી, ખાંધ, જીભ, પાની, છાતી, એડી, ઘુંટી, ડુંટી, ઇ૦. [૬૪, ૬ ; અને ૬૬, ૪].

૮. પૃથ્વીનાં નામો;—પૃથ્વી, ધરા, ધરણી, ધરતી, ભૂમિ, ભૂઇ, ઇ૦.

૯. કોઇ દાણાની સંજ્ઞા;—બાજરી, ડાંગેર, તુઅર, જાર, ઇ૦.

૧૦. કોઇ આકારાંત નામો;—આશા, દયા, માયા, કાયા, પ્રજા. [આ પ્રત્યય નારીદર્શક છે; પણ માતા જનિતા એનો પ્રત્યય તૃચ્ છે].

૧૧. આઇ, આશ, ક, ઇ, ગીરી, ણી, મણ, પ્રત્યયોએ કરીને થનારા શબ્દો—મીઠાઇ, મીઠાશ, ઠંડક, પટેલી, સિવણી, મહેતાગીરી, શીખામણ, ઘુંચવણ, ઇ૦. પણ વંચક, નાન્ય૦.

૧૨. તા પ્રત્યયથી થનારાં;—સત્યતા, શુદ્ધતા, દૃઢતા, ઇ૦.

૧૩. ક્રિયાપદના સાધિત થએલા કોઇ બેવડા શબ્દો;—ધક્કમધક્કા, ઠેલમઠેલા, મારામારી, કચકચ, ગરબડ, ગડબડ, દોડાદોડ, તાણાતાણ, વળી એઓમાં—ધાલમેલ, ધૂળધાણી, ઉથલપાથલ, ઇ૦.

૧૪. કોઈ ગામનાં નામ;—કાશી, દ્વારકા, ગયા, મુંબઇ, પાટડી, લીંબડી.

૧૫. ઝાડનાં નામ;—બોરડી, અંજીરી, કોઠી, આમલી, પીંપળી, લિંબડી, સમડી, પીંપર, કંથાર, રાણ, રાણ્ય, ઇ૦.

૧૬. ઓકારાંત કોઇ શબ્દો;—ગળો, જળો, ધરો = ધ્રા, ખો, છો, બો [ગંધ], ઘો. (૬૧) [પણ ભો, પો, નર૦—મ્હો, નાન્ય૦].

૧૭. કોઇ અન્ય ભાષાના શબ્દો;—ઇજા, ચા = ચાહા, જમીન, તસ્દી, નમાજ,—કલાક, કલાસ, આગબોટ, પલટણ, રેલવે; પણ એંજિન નાન્ય૦.

૧૮. કોઈ નાની, ઝીણી, નાજુક સરખી વસ્તુઓ;—કોદાળી, પાંવડી, રોટલી, ઇ૦. નારીમાં અબળતા સૌંદર્ય છે માટે. ૬૪, ૧૩.

૧૯. કોઈ ફળનાં નામ;—કેરી, નારંગી, ટેટી, કાકડી, દ્રાખ, ઇ૦.

૬૬. ઈ) નાન્યતર જાતિનાં નામ.

૧. પ્રથમા વિભક્તિના એકવચનમાં નાન્યતર જાતિદર્શક ઉં પ્રત્યય આવે તો;—ઘોડું, માથું; (૫૮ ૪; ૫૯).

૨. કોઇ પ્રાણીનાં સાધારણ નામો;—માણસ, ઢોર, પશુ, જનાવર.

૩. સૃષ્ટિમાંના કેટલાએક મોટા પદાર્થ;—આકાશ (આ શબ્દ નર જાતિયે પણ વપરાય છે), ગગન, વાદળ. પણ, મેઘ નર૦.

૪. શરીરના કેટલાએક અવયવ;—મુખ, મ્હો, તાળવું, પેટ, ટેરવું, નાક, કપાળ ઇ૦. પણ ઘુંટણ, વિશેષે નાન્ય, કોઇ વેળા નર. [૬૪, ૬; અને ૬૫, ૭].

૫. કેટલાંક ફળ;—નાળિયેર, લિંબુ, કોહું, બોર, અંજીર, ફણસ, ઇ૦.

૬. નગર, ગામ, ને કોઇ દેશનાં નામ;—અહમદાવાદ, સૂરત, વાસણું, બોરસદ, હિંદુસ્થાન, ઇ૦. પણ ગુજરાત નારી૦.

૭. અણ, આણ, પણ, વણ, અણું, આણું, પણું, ઇ૦. પ્રત્યય આવે તો;—ચલણ, ઊંડાણ, ઘડપણ, શાંતવણ, ઉઘરાણું, ડાહ્યાપણું, અળખામણું, ઇ૦. અણ, વણ નારીજાતિ પણ હોય.

૮. ત્વ પ્રત્યય આવે તો;—સત્ત્વ, પુરૂષત્વ.

૯. ઇકારાંત નામો;—ઘી, પાણી, મરી. (સોપારી નારી પણ).

૧૦. કોઇ પ્રવાહી પદાર્થનાં નામ;—પાણી, તેલ, ઘી, જળ, દૂધ, આંસુ, (પણ અરક કે અર્ક નર૦). છાસ, કઢી, નારી૦.

એ રીતિએ લખતાં આ પ્રકરણને બહુ લંબાવી શકીએ ખરા, પણ જાતિ વિષે કોઇ નિશ્ચય સાધારણ નિયમ ઠરતો નથી, માટે હજી એક બે વાતો લખીને જાતિનો વિચાર સમાપ્ત કરિયે છિયે.

૬૭. ગુજરાતીની મૂળ ભાષા સંસ્કૃત છે, માટે વિશેષે કરીને સંસ્કૃતમાં કોઇ શબ્દોની જાતિ જેવી છે તેવીજ ગુજરાતીમાં પણ છે. જેમકે;—વચન, શબ્દ, ગ્રંથ, આત્મા, મહિમા, દયા, માયા, અગ્નિ, કવિ, નીતિ, રીતિ ઇ૦; પણ કોઇ વેળા જાતિ બદલાય છે;—વસ્તુ સંસ્કૃતમાં નાન્ય૦; ગુજરાતીમાં નારી૦; અક્ષિ સંસ્કૃતમાં નાન્ય૦, ગુજરાતીમાં આંખ નારી૦. પાર્શ્વ:, પાર્શ્વ, સંસ્કૃતમાં નર૦,

નાન્ય૦, ગુજરાતીમાં **પાસ, પાસે,** નારી૦. **ચાપ,** સંસ્કૃત નર૦, ગુજરાતી નાન્ય૦. **अक्षरं, मित्रं, यशः** સંસ્કૃતમાં નાન્યતર૦, ગુજરાતીમાં એમનો અપભ્રંશ નર૦ થાય છે. **पत्रं,** સંસ્કૃતમાં નાન્ય૦, ગુજરાતીમાં નર૦ અને નાન્ય૦.

૬૯. નામના છેલ્લા અક્ષરને ધોરણે જોતાં જાતિ જણાવવાને અર્થે કોઇ નિયમ ઠરતો નથી; હરકોઇ અંત્યાક્ષરની સાથે ત્રણે જાતિનાં નામો મળે; જેમકે–

અકારાંત.

નર૦—લોક, વાઘ, વડ, આકાર, આધાર, ડંખ.

નારી૦—વાત, ભાળ, ભાત, ભીડ, ફાડ, ફાચર, ખાંડ.

નાન્ય૦—ઘર, મન, નગર, ડગ, ટાટ.

આકારાંત.

નર૦—રાજા, મહિમા, પિતા, શ્રોતા, (૬૪, ૧૪; ૬૫, ૧૦).

નારી૦—ગંગા, માયા, આશા, દ્રાક્ષા, દિશા; (માતા, જનિતા, તૃચ્.).

નાન્ય૦—સારસા, આ નામનું એક નગર.

ઈ ઈકારાંત.

નર૦—કવિ, ઋષિ, અગ્નિ, મણિ, ગિરિ, હાથી, (પ્રાણી નર, નાન્ય).

નારી૦—પ્રીતિ, મતિ, રીતિ, જાતિ, બુદ્ધિ, પળી, સાડી, વાડી.

નાન્ય૦—વારિ, અસ્થિ, ઘી, પાણી, બી; (સોપારી નારી, નાન્ય૦).

ઉ ઊકારાંત.

નર૦—હેતુ, લાડુ, વાયુ, શત્રુ, ગુરૂ, બંધુ, મૃત્યુ, સાળૂ. **ધાતુ** (ક્રિયાપદનો નર૦; સુનું આદિક ધાતુ નર૦ કે નારી૦).

નારી૦—ઋતુ, વસ્તુ, સાસૂ, વહૂ.

નાન્ય૦—પશુ, આંસુ, રૂ.

એકારાંત.

નર૦—ખે (ક્ષય), ભે (ભય), મે (મેહ, મેઘ), જે (જય), વે (વેહ).

નારી૦—ખે (ખેર = ધૂળ), ચે (ચેહ), લે (લેહ = આતુરતા), ગે, હરડે.

ઐકારાંત. ખરા શબ્દ નથી પણ કોઇ અતિ અપભ્રંશ ચાલે છે.

નર૦—ખૈ (ક્ષય), જૈ (જય); સૈ = માપ.

નારી૦—નૈ (નહી–નઇ = દુધી), લૈ (લય).

નાન્ય૦—પૈ (પયડું).

ઓકારાંત. નર૦*ભો, પો, = અનુમાન, બાજી દાવ રમતાં પો નર૦ના૦
નારી૦—જળો, છો, ધો, બો.
નાન્ય૦—મ્હો = મુખ.
ઔકારાંત. નર૦—રૈ = બલાત્કાર.
નારી૦—ગૈ = ગાય.

વચન વિષે.

૬૯. ઉપર દેખાડવામાં આવ્યું કે માણસમાં એવી શક્તિ છે કે કોઇ પણ ઇંદ્રિયજ્ઞ કે મનસ્થ વિષયની સંજ્ઞા તે ઠરાવી શકે છે, અને તેમાં જાતિના ભેદ વિષે દેખાડી શકે છે. હવે વિષય એક કે અનેક છે એ જોઇને એકત્વાર્થ અને અનેકત્વાર્થદર્શક પદો અને પ્રત્યયો વાપરે છે તે વિષે જણાવવાનું છે. એકત્વાર્થ વિશેષે કરીને શબ્દમાંજ મળેલો રહે છે; જેમકે—માણસ, ઘર, સ્ત્રી, પુરૂષ, વસ્તુ;—આ શબ્દો બોલતાં આપણે વિશેષે કરીને એકજ માણસ, કે ઘર, કે સ્ત્રી, કે પુરૂષ, કે વસ્તુ સમજીયે છિયે. પણ અનેકત્વાર્થ દેખાડવા સારૂ પૃથક શબ્દો તથા પ્રત્યયો વાપરિયે છિયે. અનેક, બહુ, ઘણું, પુષ્કળ, અતિ, ઇ૦ અનેકત્વાર્થદર્શક પૃથક શબ્દો છે. હવે, ઘર કે બીજો કોઇ પદાર્થ એકથી અધિક છે એવું કહેવાનું હોય, ત્યાં ઘર અનેક, ઘર બહુ, ઘર પુષ્કળ, ઘર ઘણાં, ઘર અતિ, એવુંજ કહેવાની રૂઢિ ભાષામાં ચાલી હોત, તો અતિશય ઘુંચવણ નહિ થાત; કેમકે ચીની, બ્રહ્મદેશી, ઇત્યાદિ ઘણી ભાષામાં અડચણ વિના એવી રૂઢિ ચાલે છે. સંસ્કૃતમાં અનેકતા દેખાડવાને પ્રત્યય વાપરે છે. તેજ પ્રત્યય ગ્રીક, લાટીન, ગોથીક ઇત્યાદિ આર્ય વર્ગની ભાષાઓમાં છે, એટલે **અસ્.** જેમ ગુજરાતીમાં નરજાતિ દર્શક પ્રત્યય **ઓ** સં૦ **સ** થી આવ્યો છે, તેમજ **અસ્**નો **ઓ** કે **અઓ** થયો છે. આર્ય વર્ગની મૂળ ભાષામાં '**અસ્**' અનેકતા દર્શક પૃથક શબ્દ હતો, કે લોકોએ પ્રથમા વિભક્તિના એક વચનના પ્રત્યયમાં અકાર વધારીને તેમાં અનેકતાનો અર્થ મેળવ્યો કે નહિ, એ નિશ્ચયથી કહેવાને કઠિણ છે. એટલું તો ઉઘાડું છે, કે સં૦ **સ્** અને **અસ્**, એમનો **સંકાર** ગુજરાતીમાં **ઓ** થએલો છે.

૭૦. પ્ર. નામનું વચન તે શું ?

ઉ. કોઇ વિષયનું નામ લીધું હોય, તો તેમાં અર્થ એકપણાનો કે અનેકપણાનો છે, એ વિષે જે સમજાય છે તે તે નામનું વચન છે.

---

* ઘોડો, ખડિયો, ઈ૦ અકારાંત શબ્દ છે; કેમકે 'ઓ' પ્રત્યય છે. ૬૪. અ) ૧.

૭૧. प्र. गुजरातीमां नामनां केटलां वचन छे ?

ઉ. બે ;—એકવચન અને અનેકવચન. કોઇ શબ્દ બોલતાં, જો તેમાં એકપણાનો અર્થ જણાય તો તે એકવચનનો છે, પણ જો અનેકપણાનો અર્થ નિકળે તો તે અનેક વચનનો છે;—ગાય, રાજા, પ્રાણી, વસ્તુ, ઘોડો, ઇંડું,—એઓ એક વચને નામ છે; ગાયો, રાજાઓ, પ્રાણીઓ, વસ્તુઓ, ઘોડાં, ઈંડાં—એઓ અનેક વચને નામ છે.*

૭૨. प्र. कोइ शब्दनुं वचन तेना रूप उपरथी जणाय शुं ?

ઉ. ઘણુંખરાં નામને **ઓ** પ્રત્યય લગાડ્યાથી અનેક વચન દર્શાય છે; જેમકે—ઘર, ઘરો; રાજા, રાજાઓ; જતિ, (જતિઓ =) જતિયો; રાણી, રાણીઓ; વસ્તુ, વસ્તુઓ; ચે, ચેઓ.

૭૩. પણ જો પ્રથમા વિભક્તિના એકવચનમાં નરજાતિદર્શક પ્રત્યય **ઓ**, અથવા નાન્યતર જાતિદર્શક ઉં આવે, તો રીતિ કંઇ જૂદી છે:—

અ) **ઓ** પ્રત્યય પડતો મૂકી તેને સ્થાને **આ** લખે અનેકવચન દર્શાવાય છે (૮૨ માં જોવું); જેમકે—ઘોડો, ઘોડા, એ જૂની રીતિ હશે, કેમકે પ્રાચીન પ્રાકૃતમાં ચાલે છે. પણ હમણાં કોઈ પ્રાંતમાં અનેકત્વદર્શક પ્રત્યય '**આ**' ની સાથે **ઓ** પણ મેળવે છે; જેમકે—

એક વચન.	અનેક વચન. જૂની.	અનેક વચન. નવી.
છોકરો	છોકરા	છોકરાઓ
ઘોડો	ઘોડા	ઘોડાઓ
મેડો	મેડા	મેડાઓ

આ) વળી, **ઉં** પ્રત્યય પડતો મૂકી તેને સ્થાને **આં** લખે અનેક વચન દર્શાવાય છે; જેમકે—ઈંડું, ઇંડાં. એની સાથે પણ **ઓ** મેળવી લેવાની રીતિ કેટલાએક પ્રગણામાં ચાલે છે; જેમકે—

---

* હિંદુસ્થાનમાં ચાલતી બધી પ્રાકૃત ભાષાઓમાં એજ રીતે કેવળ બે વચનો છે; પણ મૂળ સંસ્કૃતમાં, અને કેટલીએક બીજી પ્રાચીન ભાષાઓમાં એક ત્રીજું છે, એટલે દ્વિવચન, બે અથવા જોડ દેખાડનારૂં રૂપ.

એક વચન.	અનેક વચન.	
	જૂની.	નવી.
ઈંડું	ઈંડાં	ઈંડાંઓ
છોકરૂં	છોકરાં	છોકરાંઓ
ઘોડું	ઘોડાં	ઘોડાંઓ

૭૪. ચરોતરમાં ઘણાંખરાં નાન્યતર જાતિનાં નામને અનેક વચનમાં આં લગાડે છે; જેમકે—ઘર, ઘરાં; ઢોર, ઢોરાં; ઝાડ, ઝાડાં; ફૂળ, ફૂળાં; ખેતર, ખેતરાં; ડાળ, ડાળાં; બોર, બોરાં; માણુસ, માણુસાં. અકારાંત શબ્દોમાં એ રીતિ વિશેષે ચાલે છે (૧૦૯ ઈ).

૭૫. જ્યારે બે, ત્રણ, ચાર ઇ૦ સંખ્યાવાચક શબ્દો, અથવા બહુ, ઘણું, સર્વ, સંઘા, સઘળા, એવા અનેકત્વાર્થ શબ્દો વાકયમાં આવે, અને તે ઉપરથી, અથવા બીજી કોઇ પણ રીતિથી, જાણ્યામાં આવે કે અનેક વિષે વાત ચાલે છે, ત્યારે ઘણુંકરીને નામ એક વચનના રૂપમાં આવે છે; જેમકે—'કાલે મારે ઘેર દસ માણુસ (માણુસો) આવ્યાં હતાં.—આ ગામમાં દસ હજાર ઘર (ઘરો, ઘરાં) છે.—પુરાતન કાળમાં આ દેશના ઘણા રાજા (રાજાઓ) થઇ ગયા.—પાઠશાળાના બધા વિદ્યાર્થી (વિદ્યાર્થીઓ) આજ આવશે.' જો શબ્દને છેડે નર જાતિદર્શક ઓ પ્રત્યય, અથવા નાન્યતર જાતિદર્શક ઉં પ્રત્યય આવે તો એ રીતિ ચાલે નહિ; જેમકે, 'તે માણુસની પાસે ઘણો ઘોડો,' 'કે દસ ઈંડું છે,' એવું નહિ કહેવાય; કેમકે ઓ ઉં પ્રત્યયો એકત્વાર્થ દર્શક છે.

૭૬. સભા, મંડળી, સમાજ, સમુદાય, કુટુંબ, ઇત્યાદિમાં અનેકતાનો અર્થ છે, પણ તેઓ એક વચનમાં અને અનેક વચનમાં વપરાય છે.

જે પદાર્થોમાં સમૂહનો અર્થ છે; જે૦—રૂ, વાળ, રેતી, માટી, ધાન્ય ઇ૦; વળી ધાતુનાં નામો; જે૦—સુનું, રૂપું, ત્રાંબું, ઇ૦; વળી ભાવવાચક નામો; જે૦—નીતિ, ન્યાય, સત્યતા, શુદ્ધતા, ખોટાપણું, પુણ્ય, સત્ત્વ, એકત્વ ઇ૦, એઓ એક વચનમાં વપરાય છે; કારણ કે એઓ અદ્વૈત વિષયો છે. એઓને અનેક વચનમાં વાપરિયે તો વિશેષપણાનો અર્થ થાય છે. ધાન્ય એવું કહિયે તો સાધારણ અર્થ છે, પણ ધાન્યો કહિયે તો વિશેષ અર્થ જણાય, જૂદી જૂદી જાતના દાણા વિષે વાત છે એવું સમજવામાં આવે. એમજ જો

નામને અનેકત્વદર્શક પ્રત્યય નહિ લગાડિયે, પણ તેની સાથે વાપરેલું વિશેષણ અનેક વચનના રૂપમાં હોય, તો વિશેષણપણાનો અર્થ પ્રગટ થાય છે; જેમકે— 'તેનું પાપ ઘણું છે' (સાધારણ), 'તેનાં પાપ ઘણાં છે' (વિશેષ).

૭૭. જ્યારે ગુજરાતીમાં શબ્દોની સાથે ઓ પ્રત્યય આવે છે, ત્યારે, સંસ્કૃતની રીતિ પ્રમાણે સંધિકાર્ય થતું નથી (૮૧,*):—

સંધિમાં,	અ + ઓ = ઔ	પણ	ગુજરાતીમાં	ઘરૌ	નહિ	પણ ઘરો.
,,	આ + ઓ = ઔ	,,	,,	રાજૌ	,,	,, રાજાઓ.
,,	ઇ + ઓ = યો	,,	,,	જત્યો	,,	,, જતિઓ, કોઈ જતિયો.
,,	ઈ + ઓ = યો	,,	,,	પ્રાણ્યો	,,	,, પ્રાણીઓ, (કોઈ પ્રાણિયો).
,,	ઉ + ઓ = વો	,,	,,	વસ્ત્વો	,,	,, વસ્તુઓ.
,,	ઊ + ઓ = વો	,,	,,	જ્વો	,,	,, જૂઓ.
,,	ઓ + ઓ = અવો	,,	,,	ખવો	,,	,, ખોઓ.

એનું કારણ એ હશે કે **ઓ** પ્રત્યય મૂળે સ્વર નથી પણ સ્ છે (૬૯); કેમકે **અસ્** નો આગમ **અ** ઉડી જાય છે. માટે **જતિયો**, ઇત્યાદિમાં મૂળની વિસ્મૃતિ હોય.

વિભક્તિ વિષે.

૭૮. ઉપર કહ્યું છે કે માણસ પોતાની મનશક્તિથી વિષયોનું જ્ઞાન પામીને તેમને સંજ્ઞા આપે છે, ને જાતિ વચન વિષે ભેદ દેખાડે છે. હવે જૂદા જૂદા વિષયો એક બીજાની સાથે પરસ્પર કેવો સંબંધ રાખે છે, એ જોઇને તે વિષે બોલે છે, એ કહેવાનું છે. જ્યારે સંબંધ દેખાડવાના ઉપયોગમાં પૃથક શબ્દ લેવાય છે, ત્યારે તેઓ **નામયોગી** કહેવાય છે (૨૭૯,–૩૧૭). પૂર્વે તો સંબંધ દેખાડવાને અર્થે કેવળ પૃથક શબ્દો વપરાતા હશે, પણ તેઓમાંના કેટલાક શબ્દ વારંવાર વપરાયાથી ટુંકા થઇ ગયા, માટે તેમનું મૂળરૂપ જણાતું નથી; તેઓ કેવળ પ્રત્યયરૂપે ભાષામાં રહ્યા છે. સંસ્કૃતમાં એવા પ્રત્યયો સાત છે. તેઓ નામની સાથે મળે છે ત્યારે નામની વિભક્તિ થઇ કહેવાય છે. પછી પળ પળના ઘણા વેપારમાં કોઇ પ્રત્યયો પડતા મુકાયા, એટલે જ્યારે ભાષાની રૂઢિ પરથી એવું ઠર્યું, કે પ્રત્યય નહિ છતાં પણ તેનો સંબંધદર્શક અર્થ રહ્યો, ત્યારે પ્રત્યય વાપરવાનું કારણ નહિ રહ્યું. માટે, કેવળ પ્રત્યયના કારણથી નહિ, અર્થના કારણથી પણ નામની વિભક્તિ ઠરે છે.*

*વિભક્તિ, (વિ, ઉપસર્ગ; ભજ્, ભાગવું) શબ્દના રૂપનું ભંજન—મૂળ પ્રકૃતિ અને પ્રત્યયના ભાગ કરી દેખાડવા. આ સંજ્ઞા જે પ્રત્યયોને આપેલી છે, તે તેમના અર્થ ઉપર ધારણ રાખીને નહિ, પણ બીજા કારણથી આપેલી છે. અર્થ ઉપર ધ્યાન રાખીને સંજ્ઞા યોજિયે, તો સંબંધસૂચક—સંબંધદર્શક, એવી કોઇ ઠરે.

૭૯. प्र. नामनी विभक्ति शाने कहिये ?

ઉ. કોઇ વાક્યમાં બે, ત્રણ, કે અધિક નામ આવે. આ નામોમાં એક બીજાની સાથે જે સંબંધ હોય, તે તેમના પ્રત્યયો ઉપરથી વિશેષે કરીને જણાય છે. એ પ્રત્યયોને નામની વિભક્તિ કહિયે છિયે. અથવા જો પ્રત્યય નહિ હોય, અને ભાષાની રૂઢિ ઉપરથી તે સંબંધ જણાય, તો આ સંબંધના અર્થ પ્રમાણે નામની વિભક્તિ ઠરે છે; જેમકે—"રાજા રાજસભામાં પોતાને હાથે શાલ લઇને આનંદથી પોતાના ચાકરને આપે છે." આ વાક્યમાં "રાજસભા**માં**, પોતા**ને**, હા**થે**, આનંદ**થી**, પોતા**ના**, ચાકર**ને**," આ શબ્દોને છેડે જે અક્ષર આવે છે તેઓ બધા સંબંધદર્શક પ્રત્યય છે; તેઓ ઉપરથી આપણે જાણિયે છિયે કે આ શબ્દોમાં પરસ્પર કેવો સંબંધ છે. પણ, '**રાજા**,' અને '**શાલ**,' આ બે નામને પ્રત્યય નથી, તોય પણ તેમનો એક બીજાની સાથે કેવો સંબંધ છે એ ભાષાની રૂઢિ ઉપરથી જણાય છે, માટે, તેમના જૂદા જૂદા સંબંધના અર્થ પ્રમાણે, તેમની જૂદી જૂદી વિભક્તિ ગણિયે છિયે.

કોઈ વેળા મૂળે ભિન્ન રૂપના બે પ્રત્યય એક રૂપ થઈ જાય, તો પણ મૂળનો ભિન્નાર્થ રહે છે, માટે જો તેઓ અભિન્ન દેખાય તો પણ તેઓ ખરા જુદા પ્રત્યય છે. "મેં મારે હાથે તેને માથે પાઘડી બાંધી." આ વાક્યમાં, 'માથે—હાથે,' એઓનો પ્રત્યય 'એ' બહુજ જુદા જુદા અર્થના સંબંધ દર્શાવે છે; એટલે, એક કરણનો, અને બીજો અધિકરણનો. મૂળ શોધતાં કરણાર્થે જે પ્રત્યય તે સંસ્કૃત एन નો અપભ્રંશ,—અને અધિકરણાર્થે જે છે તે ए નો રહીગયેલો પ્રત્યય છે. (૧૧૧, ૧૧૬, ૧૦૭ ઘ). કોઈના ધારવામાં એવું આવે છે કે તૃતીયાને અર્થે, 'એ' તે 'એન' નો અપભ્રંશ છે, માટે માથે અનુસ્વાર લખવો જોઇયે; એવું કરે તૃ૦ એં, સપ્ત૦ એ ઠરશે.

૮૦. प्र. गुजरातीमां केटली विभक्ति छे ?

ઉ. સાત;—પણ એમની સાથે સંબોધન પણ લખાય છે.

અ)	૧.	પ્રથમા.	કર્તા.*	ક્રિયાનો કરનાર.
	૨.	દ્વિતીયા.	કર્મ.	કરેલું, સાધેલું કર્મ.
	૩.	તૃતીયા.	કરણ.	જેણે કરીને કરાયું.
	૪.	ચતુર્થી.	સંપ્રદાન.†	જેને પ્રાપ્ત થયું.

---

* પ્રત્યેક વિભક્તિના વિશેષ અર્થ ઉપર ધ્યાન રાખીને આ સંજ્ઞાઓ આપેલી છે.

† ચતુર્થીને तादर्थ्य પણ કહે છે, એટલે જ્યારે वास्ते, अर्थे, આવા અર્થમાં વપરાય છે. વળી આ વિભક્તિ બહુધા કર્મનો સંબંધ પણ દેખાડે છે. પ્રથમામાં પણ કોઈ વેળા કર્મનો અર્થ હોય છે. આ વાતનો ખુલાસો વાક્યવિન્યાસમાં આવશે.

૫.	પંચમી.	અપાદાન.	જેથી, જ્યાંથી, જેને મૂકીને નિકળ્યું.
૬.	ષષ્ઠી.	સંબંધ.	કંઇ વિશેષ.
૭.	સપ્તમી.	અધિકરણ.	ઠામ, સમય.
—	—	સંબોધન.	નામ લઇ બોલાવવું.

આ) **પ્રથમામાં** જાતિદર્શક પ્રત્યય, ઓ, ઇ, ઊં; આવે; અથવા પ્રત્યયરહિત શબ્દ રહે છે.

દ્વિતીયામાં, પૂર્વે જે પ્રત્યય મ્ ચાલતો તે પડતો મુકાયો (૭૮, ૧૧૦.), માટે શબ્દ પ્રથમાને રૂપે રેહે છે. (એને ઠેકાણે કોઇ વેળા ચતુર્થી વપરાય છે).

તૃતીયાનો પ્રત્યય એ [એં] છે.

ચતુર્થીનો પ્રત્યય **ને** છે. (કોઇ વેળા દ્વિતીયાને ઠેકાણે વપરાય).

પંચમીનો પ્રત્યય **થી** છે.

ષષ્ઠીનો પ્રત્યય નો, ની, નું; ના, ની, નાં છે (૯૨).

સપ્તમીના પ્રત્યયો એ, અને **માં** છે (૮૩).

સંબોધન, એ પ્રથમાનુંજ રૂપ કહેવાય છે. જો પ્રથમામાં **ઓ** નરજાતિ, અને ઉં નાન્યતરજાતિ દર્શક પ્રત્યયો હોય, તો તેમને સ્થલે સંબોધનમાં **આ** દેખાય છે. આ "**આ**" વિષે ૮૨ માં જોવું.

૮૧. प्र. नामना संबंधदर्शक प्रत्ययो शब्द साथे शी रीतिये मळे छे?

ઉ. જે અકારાંત નામની પ્રથમાએ નરજાતિદર્શક પ્રત્યય ઓ, અથવા નાન્યતરદર્શક ઊં નથી, તેવાં નામની અને બીજાં બધાં નામની આગળ વિભક્તિના પ્રત્યયો લાગે છે. અનેકવચનમાં શબ્દની અને વિભક્તિના પ્રત્યયની વચ્ચે અનેકત્વાર્થદર્શક પ્રત્યય ઓ આવે છે; જેમકે—

એકવચન.

	અ	**આ**	**ઈ**	**ઈ**	**ઉ**	**ઊ**	**એ**	**ઓ**
પ્ર૦	રથ	મા	પતિ	નદી	વસ્તુ	જૂ	ચે	ખો†
દ્વિ૦	રથ	મા	પતિ	નદી	વસ્તુ	જૂ	ચે	ખો

† સંખ્યાવાચક સો (૧૦૦) વિશેષ્યાર્થે વપરાય તો એકવચને રૂપાખ્યાન 'ખો' ના જેવું છે;—સો, સોએ, સોને ઈ૦; પણ અનેકવચનમાં પ્રત્યય એં લાગે છે;—બસેં ત્રણસેં ઈ૦. સં૦ शतानि ઉપરથી સેં થયું છે (૧૦૯ ઈ૦)

તૃ૦ રથે*	માએ	પતિએ	નદીએ	વસ્તુએ	જૂએ	ચેએ	ખોએ
ચ૦ રથને	માને	પતિને	નદીને	વસ્તુને	જૂને	ચેને	ખોને
પં૦ રથથી	માથી	પતિથી	નદીથી	વસ્તુથી	જૂથી	ચેથી	ખોથી
ષ૦ રથનો૦	માનો૦	પતિનો૦	નદીનો૦	વસ્તુનો૦	જૂનો૦	ચેનો૦	ખોનો૦
સ૦ રથે, માં	મામાં	પતિમાં, એ	નદીએ, માં	વસ્તુએ, માં	જૂમાં	ચેમાં	ખોએ, માં
સં૦ રથ	મા	પતિ	નદી	વસ્તુ	જૂ	ચે	ખો

અનેકવચન.

પ્ર૦ રથો	માઓ	પતિઓ	નદીઓ	વસ્તુઓ	જૂઓ	ચેઓ	ખોઓ†
દ્વિ૦ રથો	માઓ	પતિઓ	નદીઓ	વસ્તુઓ	જૂઓ	ચેઓ	ખોઓ
તૃ૦ રથોએ	માઓએ	પતિઓએ	નદીઓએ	વસ્તુઓએ	જૂઓએ	ચેઓએ	ખોઓએ
ચ૦ રથોને	માઓને	પતિઓને	નદીઓને	વસ્તુઓને	જૂઓને	ચેઓને	ખોઓને
પં૦ રથોથી	માઓથી	પતિઓથી	નદીઓથી	વસ્તુઓથી	જૂઓથી	ચેઓથી	ખોઓથી
ષ૦ રથોનો	માઓનો	પતિઓનો	નદીઓનો	વસ્તુઓનો	જૂઓનો	ચેઓનો	ખોઓનો
સ૦ રથોએ-મા	માઓમા	પતિઓમા	નદીઓમાં	વસ્તુઓમાં	જૂઓમાં	ચેઓમાં	ખોઓમા
સં૦ રથો	માઓ	પતિઓ	નદીઓ	વસ્તુઓ	જૂઓ	ચેઓ	ખોઓ

८२. प्र. अकारांत शब्दने ओ, उं, प्रत्यय लागे, तो तेनां रूप केवां थाय ?

ઉ. પેહલાં, પ્રત્યય પડતો મૂકાય છે, પછી શબ્દના અંત્યસ્વર અ ની વૃદ્ધિ થયે આ થાય છે.‡ આ 'આ' ની આગળ તૃતીયાદિ વિભક્તિના પ્રત્યય લાગે છે. એકવચને સંબોધનમાં શબ્દ પ્રત્યયરહિત છે, પણ અંત્યસ્વરની વૃદ્ધિ રેહે છે.—અનેકવચને પ્રથમાનાં રૂપો (આ, આં, આઓ, આંઓ,) ની આગળ તૃતીયાદિના પ્રત્યયો લાગે છે.

આ રૂપાખ્યાનમાં એકવચને નરજાતિની અને નાન્યતરજાતિની તૃતીયાદિ વિભક્તિનાં રૂપમાં ફેર નથી.

---

* સંસ્કૃતમાં બે સ્વરને સંયોગે સંધિકાર્ય થાય છે (૩૨), પણ ગુજરાતીના રૂપાખ્યાનમાં આ રૂઢિ બહુ ચાલતી નથી. તૃતીયાએ રથૈ, પિતૈ, જત્યે, નદ્યે, વસ્ત્વે, જ્વે, ખવે, એવું નહિ, પણ રથે, પિતાએ, જતિયે, નદીએ, વસ્તુએ, જૂએ કહે છે (૭૭). ઈ ઈકારાંત શબ્દને 'એ' પ્રત્યય લાગે તો કોઈ લખનારા યકાર વાપરે છે, જતિયે, નદીયે અને નદિયે.

† ખો આદિ ઓકારાંત શબ્દને અનેકવચને પ્રત્યય ઓ ઉડી જાય છે, કેમકે 'ખોઓ' એવું શોભતું નથી.

‡ અકારાંત નામોમાં અ નો આ થવાની રીતિ સંસ્કૃતમાં પણ દેખાય છે; જેમકે— શિવ: ના— શિવાય, શિવાત્, શિવાભ્યાં, શિવાન્, શિવાનાં.

એકવચન.			અનેકવચન.	
	નર૦	નાન્ય૦	નર૦	નાન્ય૦
પ્ર૦	છોકરો	છોકરૂં.	છોકરા–'રાઓ	છોકરાં–'રાંઓ (૭૩)
દ્વિ૦	છોકરો	છોકરૂં.	છોકરા–'રાઓ	છોકરાં–'રાંઓ.
તૃ૦	છોકરાએ, છોકરે		છોકરાએ–'રાઓએ	છોકરાંએ–'રાંઓએ.
ચ૦	છોકરાને		છોકરાને–'રાઓને	છોકરાંને–'રાંઓને.
પં૦	છોકરાથી		છોકરાથી–'રાઓથી	છોકરાંથી–'રાંઓથી.
ષ૦	છોકરાનો૦		છોકરાનો૦–'રાઓનો૦	છોકરાંનો૦–'રાંઓનો૦
સ૦	છોકરામાં		છોકરામાં–'રાઓમાં	છોકરાંમાં–'રાંઓમાં.
સં૦	છોકરા		છોકરા–'રાઓ	છોકરાં–'રાંઓ.

૮૩. સપ્તમીમાં, અધિકરણને અર્થે, એ પ્રત્યય ચાલે છે. તેઓમાં અર્થ વિષે મૂળે ફેર નથી, તો પણ બધા પ્રસંગમાં **એ** પ્રત્યય લાગતો નથી;—નદી**એ** પૂર આવ્યું છે; તે પોતા**ને** નગરે વસે છે; એ કામ મારે માથે છે; તે મારી પૂઠે આવે છે;—એવું કહિયે છિયે; પણ "રાજાએ છે";—"છોકરાએ છે;" એવું નથી કહેતા;—એવા પ્રસંગોમાં **માં** પ્રત્યય વાપરિયે છિયે (૧૧૯).

૮૪. છોકરો ષ૦ નરજાતિનું, અને છોકરૂં ષ૦ નાન્યતર જાતિનું અનેક વચન બે પ્રકારથી થાય છે (૭૩). લાંબું, અથવા નવું, રૂપ (આઓ) જે છે તે નરજાતિ વિષે કોઇ વેળા સારા ઉપયોગમાં આવે છે. **છોકરાને**, એવું કહિયે તો રૂપ ઉપરથી જણાતું નથી કે તે શબ્દ એક કે અનેક વચનનો છે; પણ **છોકરાઓને** કેવળ અનેક વચનનો અર્થ દેખાડે છે. નાન્યતર જાતિનાં રૂપો વિષે આટલો ઉપયોગ નથી; એક વચનમાં **છોકરાનો**, અનેક વચનમાં છોકરાંનો. પણ કોઇ એકવચનમાં પણ **છોકરાંનો** વાપરે છે; આ રીતને સંસ્કૃતમાં કોઇ આધાર મળતો નથી; અનેકવચનમાં અનુસ્વારનું મૂળ ૧૦૯, ઈ માં કહેલું છે.

૮૫. કોઇ વેળા બે કે ત્રણ વિભક્તિના પ્રત્યયો એકત્ર આવે; જેમકે— **ઘરેથી**, હાથે**થી**, ઘર**માંથી**, હાથ**માંથી**; એટલે અધિકરણની સાથે અપાદાન આવે છે. વળી ઘરના**માંથી**, તેના**માંથી**, ગામના**માંથી**, એટલે સંબંધ, અધિકરણ, તથા અપાદાન.

૮૬. વિભક્તિના અર્થને મળતા અર્થના કેટલાએક પૃથક શબ્દ છે; જેમકે—**કરણને** સમાન; કરીને, વડે. મેં હાથે કર્યું = હાથવડે, હાથે કરીને.

સંપ્રદાનને સમાન; સારૂ, કાજે, વાસ્તે, અર્થે, માટે. પણ આ શબ્દોને અર્થે ચતુર્થી વપરાય છે ત્યારે તેને સંપ્રદાન નહિ, પણ તાદર્થ્ય કહે છે.

અપાદાનને સમાન; થકી. (પંચમીનો પ્રત્યય **થી**, તેનો અર્થ કોઇ વેળા કર્ત્તાને સમાન છે; જેમકે—'મારાથી તે કામ થયું,' પણ આ અર્થ કરણ (તૃતીયા) ને સમાન પણ ગણાય).

અધિકરણને સમાન; માહે, અંદર, વિષે, મધ્યે, પર, ઉપર, લગ, લગી, ઇ૦.

૮૭. ષષ્ઠી વિભક્તિ વિષે **૫૨** માં જોવું.

ગુણવાચક.

૮૮. ઉપર (૪૬) માં કહેલું છે કે નામના બે વિશેષ ભાગ છે, એટલે સત્ત્વવાચક, અને ગુણવાચક નામ. વળી કહ્યું છે કે માણસ વિવિધ વિષયોનું જ્ઞાન પામીને તેમને સંજ્ઞા આપે છે, અને તેમની જાતિ વચન વિભક્તિના ભેદ કહી શકે છે. હવે કોઇ વિષયની સંજ્ઞા કહેતાં, તે વિષે આપણે જે સમજવું જોઇયે, તેમાં કંઇ તો શેષ (બાકી, અધુરૂં, અંકિત) રહ્યું હોય, તો તે જાણીને અર્થ પૂરો કરી દેખાડવાની રીતિ વિષે કહેવાનું છે. જો કોઇ વિષયની સંજ્ઞા કહેલી હોય, તો તે વિષે જે અધુરૂં રહ્યું હોય, તેને પૂરૂં કરી આપનાર શબ્દને તેની સાથે વાપરિયે છિયે. આ શબ્દ તો શેષાર્થને કહી દેખાડે છે, માટે તેને **વિશેષણ** [**વિ**, અધિકતાસૂચક ઉપસર્ગ; **શિષ**, બાકી—અધુરૂં—અંકિત; **અન** કૃદંત પ્રત્યય.], શેષ—બાકી રહેલો—અંકિત જે અર્થ, તેને કહી દેખાડનાર શબ્દ કહિયે છિયે. **ઘોડો,** આ સત્ત્વવાચક નામ વાપરિયે, તો તે સંબંધી કંઇ કહેવાનું બાકી રહ્યું હોય; તે કાળો કે ધોળો, નાનો કે મોટો, રાજાનો કે કુંવરનો, રણઘોડો કે રથઘોડો હોય; આ શેષાર્થસૂચક શબ્દો વિશેષણ કહેવાય છે. હવે ભાષામાં એવું બની ગયું છે, કે કેટલાએક શબ્દો, જે મૂળે વિશેષ્ય હોશે, તેઓ, વિશેષે કરીને, વિશેષણના કામમાં લેવાયા. એઓ ઘણુંકરીને ગુણનાં નામો છે, માટે **ગુણવાચક** કહેવાયાં. જે નામ કેવળ વિશેષણ થઇ રહ્યાં છે, તેઓ આટલાં ઘણાં નથી કે માણસના અગણિત કામના બધા પ્રસંગમાં જોઇયે તેવો શબ્દ તેઓમાં મળે; માટે વિવિધ પ્રકારથી થનારાં વિશેષણ સંબંધી કંઇ જોવું જોઇયે.

આ. એજ અર્થમાં વપરાનારા શબ્દો; જેમ—લાલ, શ્વેત, ઊંચ, કાળો, ધોળો, સાચો, ખોટો, શુદ્ધ, અશુદ્ધ; ઇ૦. એઓ સાથે કૃદંત અને તદ્ધિત પ્રત્યયોએ કરીને સાધિત બનારા શબ્દો મળે; જેમ—ધાર્મિક, નાસ્તિક, સંબંધક, દર્શક, સૂચક, સમજુક, દેશી, પ્રેમી, દ્વેશી, આળસુ, લાલચુ, વિશ્વાસુ, ઇચ્છુ ઇ૦. વળી એવા પણ; જેમ—**થતો, થવાનો, થનારો.** (શબ્દસાધનનું કોષ્ટક અંક ૧૪, ૧૫).

આ. સત્ત્વવાચક નામની ષષ્ઠી વિભક્તિથી થનારા; જેમ—**સરકારનું** કામ (=સરકારી કામ); **દરબારનું** માણસ (=દરબારી માણસ); **મૂલનો** (=મૂલ્યવાન). ષષ્ઠી વિભક્તિ વિશેષણસમાન છે, એણે કરીને હરકોઇ સત્ત્વવાચક નામને વિશેષણના અર્થમાં લેવાય. (૯૨).

એની સાથે સમાસમાં વપરાયલાં નામ પણ આવે; જેમકે—રાજમાર્ગ = રાજાનો માર્ગ; રણઘોડો = રણનો—રણમાં લાવેલો—રણને વાસ્તે રાખેલો ઘોડો; એમજ—લોહમાર્ગ, શિળાછાપ, મુખવાચા, લોકાચાર, રાજનીતિ, ઇ૦. એવા સમાસમાં પૂર્વપદ બીજાનું વિશેષણ સમાન છે. એ વિષે અધિક વર્ણન સમાસના પ્રકરણમાં આવશે.

ટીકા.—પ્રત્યેક સત્ત્વવાચક નામ કોઇ પણ વિશેષણનો સ્વીકાર કરે. એ ઉપરથી એવાં નામને એક બીજી સંજ્ઞા આપેલી છે; એટલે, વિશેષ્ય, = વિશેષણનો સ્વીકાર કરી શકે એવો શબ્દ. વિશેષણનો સ્વીકાર કરનારા એઓ વિશેષ્ય, અને વિશેષ્યની સાથે વળગી રેહેનારા તેઓ વિશેષણ. (શબ્દસાધનનું કોષ્ટક અંક ૨૮, ૨૯).

૮૯. प्र. कोइ नामने गुणवाचक केहेवानुं शुं कारण छे ?

ઉ. કોઇ સત્ત્વવાચક નામ બોલતાં, જો કેવળ સંજ્ઞા ઉપરથી સંપૂર્ણ અર્થ જાણ્યામાં નહિ આવે, તો જે અર્થ બાકી, કે અધુરો, કે અંકિત છે, તે વિષય જણાવનારૂં નામ પહેલાની જોડે વાપરિયે છિયે; જેમકે—ઘોડો, આ સત્ત્વવાચક નામ વાપરતાં તેના રંગ ગુણાદિ વિષે જે કંઇ અધિક સમજવું જોઇએ તે બીજા શબ્દે કરીને જણાવિયે છિયે; કાળો કે ધોળો, સારો કે ખોટો, ઇત્યાદિ અધિકાર્થ શબ્દ વાપરિયે છિયે.

૯૦. પ્ર. जेम सत्त्ववाचकने जाति, वचनादि छे, तेम गुणवाचकने छे?

ઉ. જાતિ, વચન, વિભક્તિ વિષે, ગુણવાચકના બે વર્ગ થાય છે:—

૧. જેઓ જાતિ વચન વિભક્તિદર્શક પ્રત્યયો સ્વીકારતા નથી;-

અ) અકારાંત—લાલ, સાફ, શ્વેત, સ્પષ્ટ, ઊંચ, નીચ, શુદ્ધ, યોગ્ય, ઇ૦.

આ) ઈકારાંત—પ્રેમી, લોભી, પાપી, ક્રોધી, અપરાધી, ઇ૦.

ઇ) ઉકારાંત—આળસુ, લાલચુ, વિશ્વાસુ, કૃપાળુ, ઇ૦.

જે વિશેષ્યની સાથે એવાં વિશેષણ આવે, તે નામ નર નારી કે નાન્યતર જાતિનું, એક કે અનેક વચનનું, અને ગમે તે વિભક્તિનું હોય, તોપણ વિશેષણને કોઇ પ્રત્યય લાગતો નથી; માટે—લાલ ઘોડો, લાલ ઘોડી, લાલ ઘોડું, લાલ ઘોડા, લાલ ઘોડીઓ, લાલ ઘોડાં, લાલ ઘોડાંઓ, ઇ૦.

એવાંનો રૂપવિકાર થતો નથી, માટે કોઇ એવું ધારે છે, કે એમને **અવિકારી-કે અવ્યયરૂપી** વિશેષણ કહેવાં જોઇયે.

૨. જેમને જાતિદર્શક પ્રત્યયો લાગે છે. આ પ્રત્યયો, કોઇ વિશેષ્ય નામના જેવાજ (૫૯), નરજાતિ **ઓ**, નારી **ઈ**, અને નાન્યતર **ઉં** છે.

આ પ્રત્યયો પ્રથમા દ્વિતીયા વિભક્તિમાં દેખાય છે. પણ ઇતર વિભક્તિમાં, **ઓ ઉં** પડતા મૂકાય છે, પછી શબ્દના અંત્યસ્વરની વૃદ્ધિ થયે અનો **આ** થાય છે (૮૨). અનેક વચનમાં **ઓ**ને સ્થલે **આ**, અને **ઉં**ને સ્થલે **આં** થાય છે. નીચેના રૂપાખ્યાનમાં એ સ્પષ્ટ જાણ્યામાં આવશે. આવાં વિશેષણો સત્ત્વવાચક નામની સાથે વપરાય છે, માટે, "સારો," આ વિશેષણની સાથે, "ઘોડો," આ વિશેષ્ય નામ રૂપાખ્યાનના કોષ્ટકમાં લખેલું છે.

૯૧. એકવચન નર૦	નારી૦	નાન્ય૦
પ્ર૦ દ્વિ૦ સારો ઘોડો	સારી ઘોડી	સારું ઘોડું
તૃ૦ સારા ઘોડાએ, સારે ઘોડે	સારી ઘોડીએ	બીજી બધી વિભ
ચ૦ સારા ઘોડાને	સારી ઘોડીને	ક્તિઓનાં રૂપ નર
પં૦ સારા ઘોડાથી	સારી ઘોડીથી	જાતિના જેવાં છે
ષ૦ સારા ઘોડાનો (૯૨)	સારી ઘોડીનો	(૮૨).
સ૦ સારા ઘોડામાં, 'ડાએ	સારી ઘોડીમાં	
સં૦ સારા ઘોડા	સારી ઘોડી	

અનેકવચન.

પ્ર૦ દ્વિ૦સં૦ સારા ઘોડા-'ડાઓ	સારી ઘોડીઓ*	સારાં ઘોડાં†
તૃ૦ સારા ઘોડાએ-'ડાઓએ	સારી ઘોડીઓએ	સારાં ઘોડાંએ
ચ૦ સારા ઘોડાને-'ડાઓને	સારી ઘોડીઓને	સારાં ઘોડાંને
પં૦ સારા ઘોડાથી-'ડાઓથી	સારી ઘોડીઓથી	સારાં ઘોડાંથી
ષ૦ સારા ઘોડાનો-'ડાઓનો	સારી ઘોડીઓનો	સારાં ઘોડાંનો
સ૦ સારા ઘોડામાં-'ડાઓમાં	સારી ઘોડીઓમાં	સારાં ઘોડાંમાં

૯૨. ષષ્ઠીનો અર્થ વિશેષણને સમાન છે, માટે ગુજરાતી આદિક ઉત્તર હિંદુસ્થાનની ભાષાઓમાં એના પ્રત્યયને વિશેષણની પેઠે જાતિ વચન વિભક્તિનું રૂપ લાગે છે; જે૦—રાજાનો ઘોડો—રાજાની ઘોડી—રાજાનું ઘોડું; રાજાના ઘોડાએ—રાજાની ઘોડીએ; રાજાના ઘોડાને—રાજાની ઘોડીને—ઇ૦.

આ) કોઇ વેળા સત્ત્વવાચક નામ વિના એકલું વિશેષણ વપરાય છે એટલે સત્ત્વવાચક **નામ** અધ્યાહાર્ય છે, અને તેનો અર્થ વિશેષણની સાથે ભળે છે, એવું સંભવે છે ત્યારે વિશેષણનું રૂપાખ્યાન સત્ત્વવાચક નામની પેઠેજ થાય છે; જેમકે—મોટો = મોટો પુરૂષ; ત્યારે, પ્ર૦ દ્વિ૦ મોટો; તૃ૦, મોટાએ-મોટે; ચ૦ મોટાને; પં૦ મોટાથી; ઇ૦.

૯૩. ગુણવાચકમાં નીચેના વર્ગના શબ્દો ગણેલા છે:—

૧. **સંખ્યાર્થ શબ્દો**;—એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, ઇ૦.

૨. **સંખ્યાપૂરણાર્થ શબ્દો**;—પહેલો, બીજો, ત્રીજો, ચોથો, પાંચમો છઠો, સાતમો, આઠમો, નવમો, દસમો. સાતથી ચઢતાં ગમે તે સંખ્યાર્થ શબ્દને **મો** લગાડ્યાથી સંખ્યાપૂરણાર્થ શબ્દ થાય છે. સંખ્યાપૂરણાર્થ શબ્દનું રૂપાખ્યાન ઉપરના ઉદાહરણ 'સારા'ની પેઠે થાય છે.

૩. **બહુલ્યાર્થ શબ્દો**;—બહુ, સહુ, સઘળું, સંધું, સર્વ, સર્વે, ઘણું, ઇ૦. એમાં બહુ, સર્વ, સર્વે, સહુ, અવિકારી છે (૯૦). વિશેષ્યનામરહિત **સર્વે**નું રૂપાખ્યાન જે, તે, ઇત્યાદિ સર્વનામોની રીતિ પ્રમાણે કંઇ છે; પણ તૃતીયામાં ણકાર નથી, પ્રથમા અને દ્વિતીયાને મળતા રૂપમાં છે. સ્વાર્થ સર્વનામ, પોતે,

* સારીઓ ઘોડીઓ, એવું પણ કોઈ કહે છે. † સારાં ઘોડાંઓ પણ કોઈ કહે.

એનું પણ રૂપ તૃતીયામાં એવુંજ છે; પ્ર૦, દ્વિ૦, તૃ૦, સર્વે—પોતે (૧૦૪), બીજા બધા સારો, એની રીતિ પ્રમાણે (૯૧, ૯૨. આ).

૪. **संख्यासंघार्थ शब्दो.** બેકી (द्वितीयं), (त्रीकं), ચોક (चतुष्क), પંચક (पंचक), છક (षट्क), સાતું (सप्तक), આઠું (अष्टक) નવક, દશક ઇ૦. કોડિ, કુંડી (=૨૦). સૈકું, સેંકડું (शतक).

૫. **अंश संख्यार्थ.** પા (पाद), અર્દ્ધ (अर्द्ध), પોણું (पादोनं), સવા (सपाद), દોઢ [अर्द्धद्वितीयः], અઢી [अर्द्धतृतीया], સાડા (सार्द्ध) ત્રણ, ઇ૦.

૬. **आवृत्तिवाचक.** બેવડું, ત્રેવડું, ઇ૦. બમણું, ત્રણગણું—ત્રગણું, ચારગણું—ચોગણું, ઇ૦. સંખ્યાર્થ હર કોઇ શબ્દને **ગણું** લગાડ્યાથી થાય છે.

સંખ્યાવાચક શબ્દ, સંસ્કૃત અને ગુજરાતી.

	નર૦	નાર૦	નાન્ય૦		નર૦ નાર૦ નાન્ય૦	
૧	एकः	एका	एकं (एक)	એક	प्रथमः-मा-मं	પહેલો-લી-લું
૨	द्वौ	द्वे	द्वे (द्व, द्वि)	બે	द्वितीयः-या-यं	બીજો-જી-જું
૩	त्रयः	तिस्रः	त्रीणि (त्री)	ત્રણ	तृतीयः-या-यं	ત્રીજો-જી-જું
૪	चत्वारः	चतस्रः	चत्वारि (चतुर्)	ચાર	चतुर्थः-र्थी-र्थं	ચોથો-થી-થું
૫		पंच	(पचन्)	પાંચ	पंचमः-मी-मं	પાંચમો-મી-મું
૬		षट्	(षष्)	છ	षष्ठः-ष्ठि-ष्ठं	છઠો-ઠી-ઠું
૭		सप्त	(सप्तन्)	સાત	सप्तमः-मी-मं	સાતમો-મી-મું
૮		अष्टौ	(अष्टन्)	આઠ	अष्टमः-मी-मं	આઠમો-મી-મું
૯		नव	(नवन्)	નવ	नवमः-मी-मं	નવમો-મી-મું
૧૦		दश	(दशन्)	દસ	दशमः-मी-मं	દસમો-મી-મું
૧૧		एकादश		અગ્યાર	एकादशमः-मी-मं	અગ્યારમો-મી-મું
૧૨		द्वादश		બાર		બીજા બધા ઉપરના
૧૩		त्रयोदश		તેર		નિયમ પ્રમાણે—
૧૪		चतुर्दश		ચૌદ		
૧૫		पञ्चदश		પંદર		

૧૬	षोडश	સોળ		
૧૭	सप्तदश	સત્તર		
૧૮	अष्टादश	અઢાર—અરાડ		
૧૯	ऊनविंशतिः	ઓગણીસ	ऊनविंशतिमः	
૨૦	विंशतिः	વીસ	विंशतिमः	વીસમો-મી-મું
૨૧	एकविंशतिः	એકવીસ		
૨૨	द्वाविंशतिः	બાવીસ		
૨૩	त्रयोविंशतिः	ત્રેવીસ		
૨૪	चतुर्विंशतिः	ચોવીસ		
૨૫	पंचविंशतिः	પચીસ		
૨૬	षड्विंशतिः	છવીસ		
૨૭	सप्तविंशतिः	સત્તાવીસ		
૨૮	अष्टाविंशतिः	અઠ્ઠાવીસ		
૨૯	ऊनत्रिंशत्	ઓગણત્રીસ		
૩૦	त्रिंशत्	ત્રીસ	त्रिंशत्तमः-मी-मं	ત્રીસમો-મી-મું
૪૦	चत्वारिंशत्	ચાળીસ	चत्वारिंशत्तमः-मी-मं	ચાળીસમો૰
૪૧	एकचत्वारिंशत्	એકતાળીસ		
૪૨	द्वाचत्वारिंशत्	બેંતાળીસ		
૪૩	त्रिचत्वारिंशत्	ત્રેંતાળીસ		
૪૪	चतुश्चत्वारिंशत्	ચુંમાળીસ		
૪૫	पंचचत्वारिंशत्	પિસ્તાળીસ		
૪૬	षट्चत्वारिंशत्	છેંતાળીસ		
૪૭	सप्तचत्वारिंशत्	સુડતાળીસ		
૪૮	अष्टचत्वारिंशत्	ઉડતાળીસ		
૪૯	ऊनपंचाशत्	ઓગણપચાસ		
૫૦	पंचाशत्	પચાસ	पंचाशत्तमः-मी-मं.	પચાસમો૰
૬૦	षष्टिः	સાઠ	षष्टितमः०	સાઠમો૰
૭૦	सप्ततिः	સિત્તેર	सप्ततितमः०	સિત્તેરમો૰
૮૦	अशीतिः	એંશી	अशीतितमः०	એંશીમો૰

૯૦	नवतिः	નેવું	नवतितमः०	નેવુંમો०
૧૦૦	शतम्	સો	शततमः०	સોમો०
૧૦૧	एकाधिकशतं-एकशतं	એકસો એક		
૧૦૨	व्यधिकशतं-द्विशतं	એકસો બે		
૨૦૦	द्वेशते	બસેં		
૩૦૦	त्रीणिशतानि	ત્રણસેં		
૪૦૦	चत्वारिंशतानि	ચારસેં		
૫૦૦	पंचशतानि	પાંચસેં		
૬૦૦	षट्शतानि	છસેં		
૭૦૦	सप्तशतानि	સાતસેં		
૮૦૦	अष्टशतानि	આઠસેં		
૯૦૦	नवशतानि	નવસેં		
૧,૦૦૦	दशशतानि-सहस्रं	હજાર	सहस्रतमः०	હજારમો०
૧૦,૦૦૦	अयुतं	અયુત		
૧,૦૦,૦૦૦	लक्षं-नियुतं	લાખ		
૧૦,૦૦,૦૦૦	प्रयुत	દસલાખ		
૧,૦૦,૦૦,૦૦૦	कोटि =	દસપ્રયુત-ક્રોડ		
૧૦,૦૦,૦૦,૦૦૦	अर्बुद =	દસક્રોડ		
૧,૦૦,૦૦,૦૦,૦૦૦	महार्बुद-पद्म =	અબજ		
૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦	खर्वं	ખર્વ		
૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦	निखर्वं	નિખર્વ		
	महापद्म =	મહાપદ્મ		
	शंकु =	શંકુ		
	शंख-समुद्र	જલધી		
	महाशंख-अंत्य =	અંત્ય		
	हाहा-मध्य =	મધ્ય		
	महाहाहा-परार्द्ध =	પરાર્દ્ધ		

સર્વનામ વિષે.

૯૪. જે વિષયપદની સ્પષ્ટ સંજ્ઞા નહિ છતાં પણ તે વિષે ખરી સૂચના આપે છે, તે સર્વનામ કહેવાય છે, એટલે, જે શબ્દ હરકોઇ નામને ઠેકાણે વપરાય તે. એઓ કોઇ પણ વિષયની સંજ્ઞા નથી, તોય પણ, હરકોઇ વિષયની સંજ્ઞાના સૂચક થઇ, પોતામાં સર્વે સંજ્ઞાનો અધિકાર રાખે છે, માટે સર્વનામ કહેવાય છે.

९१. प्र. सर्वनाम कोने कहियें ?

ઉ. સત્ત્વવાચક નામને ઠેકાણે જે વપરાય છે તેને સર્વનામ કહિયે.

એકજ વાક્યમાં તે ને તે શબ્દ વારે વારે વાપરિયે, તો ભાષા અશોભિત થાય છે; જેમકે, "આજ કાળીદાસ કાળીદાસના ઘરમાંથી નીકળતાં, કાળીદાસના ઘર પાસે એક ખાડામાં કાળીદાસ પડી ગયો, માટે કાળીદાસને બહુ વાગ્યું, અને કાળીદાસનો પગ પણ ભાગી ગયો. લોકે આવીને કાળીદાસને જોયો, અને લોકને દયા આવી, માટે લોક કાળીદાસને ઉચકીને કાળીદાસને કાળીદાસને ઘેર લઇ ગયા." હવે એ વાક્યમાં, "કાળીદાસ" અને "લોક," આ બે સત્ત્વવાચક નામ કેટલી વાર આવે છે, ને તેથી ભાષા કેવી અશોભિત દેખાય છે! એજ રીતિયે સર્વદા બોલવું પડત, તો લાંબાં વાક્યોમાં અત્યંત ગુચવણ થાત. એનો ઉપાય સર્વનામોએ કરીને થાય છે, એટલે ઉપરનું વાક્ય નીચેના જેવું થાય છે. "આજ કાળીદાસ, **પોતાનાં** ઘરમાંથી નીકળતાં, **તેના** ઘર પાસે એક ખાડામાં **તે** પડી ગયો, માટે **તેને** બહુ વાગ્યું, અને **તેનો** પગ પણ ભાગી ગયો. લોકે આવીને **તેને** જોયો અને **તેમને** દયા આવી, માટે **તેઓ તેને** ઉચકીને **તેને** તેને ઘેર લઇ ગયા." હવે, **પોતાને, તેને, તેમને, તેઓ,** આ શબ્દો **કાળીદાસ** અને **લોક,** આ નામોને ઠેકાણે વપરાય છે–તેઓ **સર્વનામ** છે.

ગુજરાતીમાં છ પ્રકારનાં સર્વનામ છે,–**પુરૂષવાચક, તત્પદાપેક્ષક, પ્રશ્નાર્થ, સ્વાર્થ, દર્શક, અનિશ્ચિત.**

९६. प्र. **पुरुषवाचक** सर्वनाम तेओ कियां ?

ઉ. બોલનાર પુરૂષ, અને તેની સાથે જે બોલે છે, અને જે વિષે તે બોલે છે, તે નામને ઠેકાણે જે શબ્દો વપરાય છે તેઓ **પુરૂષવાચક** સર્વનામ છે.

બોલનાર જન, તે **પ્રથમ પુરૂષ** છે; તેનું સર્વનામ, **હું.**
જેની સાથે બોલે છે, તે **દ્વિતીય પુરૂષ** છે; તેનું સર્વનામ, **તું.**
જે વિષે વાત છે, તે **તૃતીય પુરૂષ** છે; તેનું સર્વનામ, **તે.**

અ) પ્રથમ દ્વિતીય પુરૂષના અર્થ મળીને એક સર્વનામ થાય છે; એટલે, **આપણે.** બોલનાર જન જેની સાથે બોલે છે, તેને તે પોતાની સાથે મેળવીને બોલે, તો તે પ્રસંગમાં એ સર્વનામ વપરાય છે.

આ) પુરૂષવાચકમાં **માનોક્ત સર્વનામ** છે; એટલે **આપ.** કોઇને આદરમાન આપીને બોલિયે તો આ સર્વનામ વપરાય છે. તે દ્વિતીય અને કોઇ વેળા તૃતીય પુરૂષનું છે, અને બહુવચનનું ગણાય.* (૧૦૩).

૯૭. प्र. तत्पदापेक्षक सर्वनाम तेओ कियां ?

ઉ. પહેલાં બોલેલી કોઇ વાત વિષે જ્યારે ફરીથી **વાત થાય છે,** ત્યારે જે સર્વનામ વપરાય તેને **તત્પદાપેક્ષક** કહિયે. વાક્યના પૂર્વાર્ધને (એટલે વાક્યનો જે અર્ધ પહેલો આવે છે તેને) આરંભે "જે" આ શબ્દ કહીને, ઉત્તરાર્ધને (એટલે પછીના અર્ધને) આરંભે "તે" આ શબ્દ વાપરવો જોઇયે; જેમકે, '**જે** હું તમને કહું છું, **તે** હું બધાને કહું છું.' '**જે** લોક કાલે અહિં આવ્યા હતા, **તેઓ** આજ પણ આવ્યા છે.' એવા શબ્દના ભાગને **પૂર્વાપર** ભાગ કહિયે.

૯૮. प्र. प्रश्नार्थ सर्वनाम तेओ कियां ?

ઉ. પ્રશ્ન પૂછતાં જેઓ વપરાય છે તેઓ; જે૦-શો, શી, શું; કિયો, કઇ, કિયું, (કલો, કહી, કહ્યું;) કોણ; કોઇ, કંઇ.

૯૯. प्र. स्वार्थ, अथवा स्ववाचक, सर्वनाम ते कियुं ?

ઉ. જે જન બોલે છે, તેના પર,-અથવા જેની સાથે વાત થાય છે, તેના પર,-અથવા જેના સંબંધી વાત થાય છે, તેના પર, કહેલી વાતને ફેરવીને કે ઠસાવીને બોલિયે, તો તે પ્રસંગમાં જે શબ્દ વાપરિયે છિયે, તેને **સ્વાર્થ** અથવા

---

* એને બહુવચનમાં ગણવાનું કારણ એ છે કે માનને અર્થે શબ્દો અનેક વચનમાં વપરાય છે.

સાધારણ,	તું આવ્યો છે.	માનોક્ત તમે, તમો આવ્યા છો, આપ આવ્યા છો.
,,	તે આવ્યો છે.	,, તેઓ આવ્યા છે.
,,	હું આવીશ.	,, અમે, અમો આવીશું.

આપની સાથે ક્રિયાપદ કે વિશેષણ આવે તે અનેક વચનનું હોય છે. એ રીતિયે માનને અર્થે અનેક વચન વપરાય છે તે માનોક્ત રૂપ કહેવાય. પણ 'આપણ' આ શબ્દનો અર્થ અનેક વચનનો છે, એનું કારણ બીજું; સંસ્કૃત શબ્દ આત્મન્, એના અનેક વચનનું રૂપ આત્મનઃ એનો અપભ્રંશ આપણે છે (૧૦૭ અ.) [હિંદુસ્થાની ભાષામાં આપ તૃતીય પુરૂષનું છે ખરૂં પણ ગુજરાતીમાં દ્વિતીય પુરૂષનું છે].

સ્વવાચક, સર્વનામ કહિયે છિયે; આ શબ્દ **પોતે** છે. જે વાક્યમાં આ સર્વનામ નથી આવતું, તેનો અર્થ કેવો, અને જેમાં તે આવે છે તેનો અર્થ કેવો, એ નીચેના ઉદાહરણ ઉપરથી સમજવામાં આવે; હું કહું—હું **પોતે** કહું; તું ચાલ્યો—તું **પોતે** ચાલ્યો; તે જશે–તે **પોતે** જશે.

૧૦૦. જ્યારે આ સર્વનામ બેવડાય છે, ત્યારે પૃથકપણાનો અર્થ આવે છે. "તેઓ **પોતાને** ઘેર ગયા," આ વાક્યમાં, અને "તેઓ **પોતપોતાને** ઘેર ગયા," એમાં અર્થ જૂદો છે. પહેલા વાક્યનો અર્થ એવો, કે જેઓ ગયા તેમના બધાનું ઘર એકજ હશે; પણ બીજા વાક્યનો અર્થ એવો છે, કે જેઓ ગયા તેમના એકેકનું ઘર જૂદું હતું. એમ વપરાય ત્યારે એ શબ્દને **પૃથકાર્થ સ્વવાચક** સર્વનામ કહિયે.

૧૦૧. પ્ર. દર્શક સર્વનામ તેઓ ક્રિયાં ?

ઉ. જે શબ્દ કોઇ વિષયને બીજાથી જૂદા કરીને, જાણે કે તેને આંગળીએ દેખાડવાની પેઠે કરીને, તે સંબંધી નિશ્ચય કરી કહે છે, તેને **દર્શક** સર્વનામ કહિયે છિયે; જેમકે–આ, એ, તે, પેલો, ઓલો.

૧૦૨. પ્ર. અનિશ્ચિત સર્વનામ તેઓ ક્રિયાં ?

ઉ. કોઇ અમુકનો નિશ્ચય કર્યા વિના, જાણે સંદેહ રાખીને બોલિયે, તો તે **અનિશ્ચિત** સર્વનામ કહેવાય છે; જે૦–કોઇ, કોઇએક, કંઈ, કંઇક, કંઇએક, જે કોઇ, હરકોઇ, અમુક, ફલાણું.

સર્વનામોનાં રૂપાખ્યાન વિષે.

૧૦૩. અ) **પુરૂષવાચક** સર્વનામને વચન તથા વિભક્તિનો પ્રત્યય લાગે છે, પણ **જાતિભેદ**દર્શક પ્રત્યય લાગતો **નથી. આપણે**, એને એકવચનનો અર્થ નથી. **આપ** માનોક્ત અનેકવચન (૯૬. આ).

આ) તત્પદાપેક્ષકને વચન વિભક્તિના પ્રત્યય લાગે છે, પણ **જાતિભેદના** પ્રત્યય લાગતા નથી.

ઇ) **પ્રશ્નાર્થ** સર્વનામોમાં શો ?, કિયો ?, એમને જાતિ, વચન, વિભક્તિના પ્રત્યય લાગે છે; પણ કોણ ?, એને **એકલા વિભક્તિના** લાગે છે.

ઈ) **સ્વાર્થ** સર્વનામને કેવળ વિભક્તિનાંજ રૂપો છે.

ઉ) **આ, એ, તે, દર્શક** સર્વનામને વચન, વિભક્તિના પ્રત્યયો છે, જાતિભેદ દર્શક નથી. પેલો, ઓલો, એઓને જાતિના પણ લાગે છે.

(૩) **અનિશ્ચિત** સર્વનામને એકલા વિભક્તિના પ્રત્યય લાગે છે, જાતિ તથા વચનના નથી. પણ 'કંઇ,' એમાં નાન્યતરનો અર્થ વિશેષ છે. ફલાણો એને જાતિ વચન વિભક્તિના લાગે છે.

૧૦૪. સંસ્કૃતમાં **सर्वः** આ શબ્દ સર્વનામોમાં ગણેલો છે, અને તેનું રૂપાખ્યાન કેટલાંએક સર્વનામના જેવું છે; જેમ પ્રથમા વિભક્તિના અનેકવચનમાં **यः** નો **ये**, **सः** નો **ते** ઇ૦ થાય છે, તેમજ **सर्वः** નો **सर्वे** (૧૦૭, અ). મૂળ-ભાષાની અસર હજી ગુજરાતીમાં લેવાય છે; જેમ **यः**, **सः**, **आत्मानः** ના ગુજરાતીમાં જે, તે, આપણે ચાલે છે, તેમ સર્વને ઠેકાણે સર્વે સંભળાય છે, અને કોઇ એવું લખે છે પણ ખરા. સર્વેનું રૂપાખ્યાન "**તે**" ના જેવું કંઇ છે (૯૩, ૩; ૧૦૬); સર્વનું '**રથ**' (૮૧), એના જેવું છે. અર્થ અનેકવચનનો છે.

૧૦૫. જેમ વિષયોની સંજ્ઞા સ્પષ્ટ રીતિયે કહેનારા શબ્દોમાં કોઇ વિશેષ્ય નામ અને કોઇ ગુણવાચક છે, તેમ સર્વનામના કોઇ **શુદ્ધ સર્વનામ** (વિશેષ્ય) છે; એટલે—હું, તું, તે, પુરૂષવાચકઃ અને, કોઇ વિશેષણ છે; એટલે—તત્પદાપેક્ષક, પ્રશ્નાર્થ, દર્શક, અને અનિશ્ચિત. (શબ્દસાધનના કોષ્ટકના અંક ૯, ૨૮, ૨૯ માં જોવું). સ્વાર્થ સર્વનામ વિશેષ્યમાં ગણાય. (૧૨૧).

જ્યારે વિશેષણ સર્વનામ વિશેષ્ય નામની સાથે આવે ત્યારે એનું રૂપાખ્યાન ગુણવાચકના જેવું થાય છે (૯૦, ૯૧). આના પ્રસંગમાં જે, એ, તે, આ, કોઇ, કંઇ. કોઇએક, કંઇએક, અમુક, કોણ, એઓ અવિકારી છે (૯૦); બીજાનું રૂપાખ્યાન **સારો,** આ શબ્દના જેવું છે.

જ્યારે એઓ નામરહિત વપરાય છે, ત્યારે નામનાં જેવાં એમનાં રૂપ થાય છે; અને એઓમાં વિશેષ્યાર્થ ભળી જાય છે.

૧૦૬. સર્વનામનું રૂપાખ્યાન પૃ૦ ૫૨, ૫૩ માં છે.

એ, આ, જે, તે, કે, આ પાંચના આશ્રયે કેટલાંક ક્રિયાવિશેષણો સાધિત થાય છે.

એથી, —	એવડો	એવો	એટલો	એમ	એઆં-ઇઆં-ઇહાં
આથી, —	આવડો	આવો	આટલો	આમ	આં-આંએ-આંઇ-અહિં
જેથી, —	જેવડો	જેવો	જેટલો	જેમ-જ્યમ	જાં-જ્યાં-જિઆં-જહિં
તેથી; —	તેવડો	તેવો	તેટલો	તેમ-ત્યમ	તાં-ત્યાં-તાંહાં-તહિં
કેથી,* —	કેવડો	કેવો	કેટલો	કેમ-ક્યમ	કાં-ક્યાં-કાંહાં-કહિં.

* કે આ શબ્દ હમણાં ભાગ્યેજ વપરાય છે; "શું એવું કરશો કે?" જૂનો પ્રશ્નાર્થ શબ્દ છે.

સર્વનામના રૂપાખ્યાનનું કોષ્ટક.

પુરૂષવાચક.

એકવચન.	પ્રથમ			દ્વિતીય			પ્રથમદ્વિતીય	દ્વિતીય માનાર્થે	તૃતીય	સ્વાર્થ.
પ્ર૦	હું			તું	—	—	—	—	તે	પોતે
દ્વિ૦	— એને ઠેકાણે ચતુર્થી વપરાય છે.			ત્યાં ચતુર્થી વપરાય છે.			—	—	તે	—
તૃ૦	મેં-મે	મારે	—	તેં	તારે		—	—	તેણે (તેણીએ નાર૦)	પોતે
ચ૦	મને	મારે	મજને	તને	તારે	તુજને	—	—	તેને	પોતાને
પં૦	હુંથી	મારાથી	મજથી	તુંથી	તારાથી	તુજથી	—	—	તેથી, તેનાથી	પોતાથી
ષ૦	—	મારો૦	મજ.	—	તારો૦	તુજ.	—	—	તેનો૦	પોતાનો૦
સ૦	—	મારામાં	મજમાં	—	તારામાં	તુજમાં	—	—	તેમાં (તેણે ?)	પોતામાં
અનેકવચન.										
પ્ર૦	અમે	—	અમો	તમે	—	તમો	આપણે	આપ	તેઓ (તે).	પોતે
દ્વિ૦	— એને ઠેકાણે ચતુર્થી વપરાય છે.			ત્યાં ચતુર્થી —		—	ત્યાં ચતુર્થી	ચતુર્થી	— (તે)	—
તૃ૦	અમે	અમારે	અમોએ	તમે	તમારે	તમોએ	આપણે	આપે	તેઓએ-તેમણે	પોતે
ચ૦	અમને	અમારે	અમોને	તમને	તમારે	તમોને	આપણને-પણે	આપને	તેઓને-તેમને	પોતાને
પં૦	અમથી	અમારાથી	અમોથી	તમથી	તમારાથી	તમોથી	આપણેથી-’ણાથી	આપથી	તેઓથી-તેમનાથી	પોતાથી
ષ૦	(અમ)*	અમારો૦		(તમ)*	તમારો૦	—	આપણો૦	આપનો૦	તેઓનો-તેમનો૦	પોતાનો
સ૦	અમમાં	અમારામાં	અમોમાં	તમમાં	તમારામાં	તમોમાં	આપણામાં	આપમાં	તેઓમાં-તેમનામાં	પોતામાં

* અમ, તમ સામાન્યરૂપ છે; ષષ્ઠીની સાથે એમનો સંબંધ વધારે છે માટે અહિં છપાયલા છે.

તત્પદાપેક્ષક તથા દર્શક.

એકવચન.

પ્ર૦	જે
દ્વિ૦	જે
તૃ૦	જેણે (જેણીએ નારી)
ચ૦	જેને
પં૦	જેથી-જેનાથી
ષ૦	જેનો૦
સ૦	જેમાં-(જેણે ?)

અનેકવચન.

પ્ર૦	જેઓ-જે
દ્વિ૦	———જે
તૃ૦	જેઓએ-જેમણે
ચ૦	જેઓને-જેમને
પં૦	જેઓથી-જેમનાથી
ષ૦	જેઓનો૦-જેમનો૦
સ૦	જેઓમાં-જેમનામાં

તે —એનું રૂપાખ્યાન જેના જેવું.

એ —એનું રૂપાખ્યાન જેના જેવું.

આ એનું રૂપાખ્યાન જેના જેવું.

પેલો—લી—લું. આનું રૂપાખ્યાન 'સારો,' એની પેઠે. (૯૧).

ફલાણો-ણી-ણું. એનું રૂપાખ્યાન='પેલો' ૦. અમુક, અવિકારી.

અનિશ્ચિત.

કોઇ	કંઇ
કોઇ	કંઇ
કોઇએ	—
કોઇને	કંઇને
કોઇથી	કંઇથી
કોઇનો૦	કંઇનો૦
કોઇમાં	કંઇમાં

અનેકવચનનું રૂપાખ્યાન એકવચનના જેવું.

પ્રશ્નાર્થ.

કોણ (૧૦૭)	શો.	શી.	શું.
— —	શો.	શી.	શું.
કોણે — કોણે	—	—	શેણે.
કોણને – કોને–કેને.	—	—	—
કોણથી–કોથી–કેથી	શાથી	—	શાથી
કોણનો૦ કોનો૦ કેનો૦	શાનો૦	—	શાનો૦
કોણમાં-કોમાં-કેમાં.	શામાં	—	શામાં–શે

અનેકવચનનું રૂપાખ્યાન એકવચનના જેવું.

શા	શી	શાં
શા	શી	શાં
—	—	—
—	—	—
શાથી	—	શાંથી
શાનો૦	—	શાંનો૦
શામાં	—	શાંમાં

કહ્યો–હી–હ્યું, કહો–હી–હું ; એનું રૂપ='સારો' (૯૧). કિયો. કેઇ, કિયું ઇ૦.

"શો" નાં જે રૂપો લખેલાં નથી, તેને ઠેકાણે 'કોણ' નાં રૂપો વપરાય છે.

ભાષાના વિકાર.*

૧૦૭. સંસ્કૃત ઉપરથી ગુજરાતીના કેવળ શબ્દ નહિ (૪૧), પ્રત્યયો પણ વ્યુત્પન્ન થયા છે. એક ભાષામાંથી બીજી નિકળે છે, ત્યારે, વિશેષે કરીને, એવું સંભવે, કે રૂપોની, કે પ્રત્યયોની, સંખ્યા ઘટે; અને જે રહે તેમના અક્ષર ફરે—લાંબું રૂપ ટુંકું અને, કોઇ વેળા, ટુંકું લાંબું થઇ જાય; અને વ્યાપારના વિવિધ ધોરણે, પ્રયોગો એમ તેમ વળ્યાથી, નવી નવી રૂઢિયો ચાલે સંસ્કૃતના શા શા વિકારથી ગુજરાતી થઇ તે પૂરી રીતિયે હું અહિં દેખાડી શકતો નથી, પણ નામનાં અને ક્રિયાપદનાં રૂપોનાં મૂળ વિષે જે વિશેષ સમજવું જોઇએ તે લખિયે છિયે, અને એની સાથે શબ્દના કોઇ વિકાર દેખાડિયે છિયે.

અ. વિસર્ગ = સ્, એનો ઓ થાય; सारस्—सारः, સારો; दृष्टस्—दृष्टः, દીઠો (૧૦૮). વળી, એ થાય;—कः, કે; यः, જે; स्वतः, પોતે; आत्मानः, આપણે (૧૨૧).†

આ. ह (વિસર્ગને કંઇ મળતો ઉચ્ચાર) ઓ થાય;—महत्, મોટું; महर्घः, મોઘો (૨૩૧).

ઇ. ख, घ, थ, ध, भ, એમનો હ થાય;—मेघ, મેહ; भू, હો; (अ) भूत, હોત; बधिरः બહેરો (= બહિરો, इ નો ગુણ થયો છે); गाथा, ગાહા; मुख, મોહ-મ્હો; कथ, કહ, કહે. પછી, કોઇ વેળા, આ "હ" નો ઓ થાય; हसथ, પ્રાકૃત हसह, ગુજરાતી હસો.

---

* [ભાષાના વિકાર સંબંધી, એટલે ૧૦૭ મી થી તે ૧૨૧ મા કલમ સુધી બીજી આવૃત્તિમાં જેટલું લખેલું હતું તેટલુંજ આ ત્રીજી આવૃત્તિમાં પણ લખેલું છે. હવે બીજી આવૃત્તિને નિકળ્યાને ચોવીસ વરસ થયાં છે અને તેટલાં વરસની અંદર ભાષાતત્ત્વવિદ્યાનું જ્ઞાન વિશેષ વધી ગયું છે માટે અગાઉ ખરી મનાએલી કેટલીએક વાતો હાલમાં શક ભરેલી જણાય છે].

† ઉદાહરણના અમુક શબ્દમાં વિકારના અનેક નિયમ ચાલ્યા હોય. પ્રત્યેક વિકારનો ખુલાસો, કે વર્ણન, આ ખંડકના જૂદા જૂદા અક્ષરની આગળ જોઇ લેવા. જેમ आत्मानः = આપણે, એમાં त्मनो પ થયો, તે "छ" માં કહેલું છે. न = ણ "ग" માં આવે છે; स् = એ, "अ" માં. વળી, प्रतिपद् = પડવો; प्र = પ, "छ" માં કહેલું છે; त = ડ "ग" માં; इ નો વિકાર "क" માં; प = વ, "उ" માં; इના લોપ વિષે "ई" માં; અંત્યે ઓ ની વૃદ્ધિ "ङ." માં.

ई. क, ग, च, ज, त, द, प, ब, य, व, એમનો વ્યંજન ઉડી ગયે સ્વરનો य થાય,- અથવા સ્વરનું સંધિકાર્ય બીજા સ્વરની સાથે થાય, અથવા સ્વર વિકાર વિના પૃથક રહે; नियम, નિઅમ, નેમ, નીમ; मयुर, મઉર, મોર; नगर, નયર, નઇર, નેર, (જેમકે चंपानगर, चंपानेर); वचन, બયણ, વઅણ, વેણ; नयन, નેણ; हसति, હસઇ, હસે; कुंभकार, કુંભાર, કુંમાર; कोऽपि, કોઇ. य એ કરી લખાય છે, वयणं, વેણ; नयन, નેણ; रजनी, रयनी, રેણ;

उ. म् ને આદિક સાનુનાસિક અક્ષર અનુસ્વાર થાય;-सारम्, સારૂં; (अ)हम्, હું; हसामि, હસું; साराणि, સારાં; पंचसतानि, પાંચસેં (૧૦૮. ૧૦૯.) किमपि કંઇ; वरम्, વારૂં.

ऊ. ं अ નો ઉ;-सारं, સારૂં; (अ)हं, હું; हसामि, હસું.

य નો જ; योग्य, જોગ; यः, જે; यमुना, જમુના; म(दि) य મજ. જોડાક્ષરમાં य આવે, અને એક વ્યંજન ઉડી ગયા પછી રહેલો य જ થાય;-अद्य આજ (छ); संध्या, સાંજ-સાંઝ.

र નો ળ;-हरिद्रा, હળદર; सु(कु)मारः, સુમાળો, સુવાળો; अंगुरि. [આંગળી

व, प, નો મ;-कवाट, कपाट, કમાડ; प्राप, પામ.

प નો વ;- कुपः, કૂવો; मा(ता)पितरौ, માવિતરો; प्रतिप(द) પડવો. सपा(द), સવા.

त નો ળ;- पीतं, પીળું; अतसी, અળસી; सातवाहन, સાલવાહન.

पाश्चात्य પાછળ; [अधस्तात् હેઠળ? એટલે अ લોપ થયે(औ), ध હ થયે (इ), स्त ઠ થયે (ए, ग) અને त ળ થયે?]; अग्रतः, આગળ; विद्युत्, વિજળી.

ष નો ખ;-भाषते=भाष(तृ)ए, ભાખે, हर्ष, હર્ખ; विषे, વિખે.

स નો હ;-સાધારણ બોલીમાં સારૂં=હારૂં; स्नान, હનાન; (अ)स्यां, હ્યાં.

स નો ર;-बहिस्, બાહેર, બહાર.

ह નો શ;—ह्रीतुम्, શરમાવું; હિંદી, ફારશી, "શરમ" મેળવીને જોવું.

य નો લ;–यष्टिः, લાઠી.

ए. ઊષ્માક્ષરની સાથે કોઇ અલ્પપ્રાણી વર્ણ મળી જોડાક્ષર થાય તો શ, ષ, સ નો હકાર થાય, પછી અલ્પપ્રાણીની સાથે સંગ કરી તેને મહાપ્રાણી કરી નાખે–लक्ष्मी, (લક્હમી) લખમી, એનું વળી લછમી થાય; काष्टं, કાઠ; पृष्ट, પૂઠ; दष्टः દીઠો; हस्त, હાથ; मस्तकं, માથું. पश्च, પાછ; पाश्चात्य, પાછળ. એ રીતે વિકાર થયલા અક્ષરના પૂર્વસ્વરની દીર્ઘતા બહુધા થાય છે (छ).

ऐ. એક અર્થના બે પ્રત્યયો સંગે મળે; જેમકે, આ+ઓ = આઓ; આં+ઓ = આંઓ (૭૩).

ओ. કોઇ નવો પ્રયોગ ભાષામાં ચાલે;—સંસ્કૃતમાં ષષ્ઠીનો પ્રત્યય અસ્ એમાં જાતિભેદનો અર્થ નથી; પણ એનો ગુજરાતી અપભ્રંશ શો, એને નરજાતિનો અર્થ વળગ્યો,–પછી એની સાથે નારી અને નાન્યતરજાતિના પ્રત્યયો, ઇ, ઉં, ચાલ્યા (૧૧૪, ૧૧૫).

औ. શબ્દની આદ્યે, મધ્યે, અન્તે અક્ષર ઉડી જાયઃ—**आद्ये** (अ)हं, હું; (अ)रण्य, રાન; (इ)रिण, રણ; (अ)न्य, ને.

मध्ये.–मा(ता)पितरौ, માવિતરો; को(ज)न, કોણ; ग(दी)य, ગજ (૧૧૮); अद्यापि = अद्य(आप)इ, અજી; कोऽपि–को(प)इ, કોઇ; पंचश (ता)नि, પાંચસેં (उ); चत्वार–च(त्व्) आर, चार; ए(व)म्, એમ.

अंते.–श(तं), શો; प्रतिप(द्), પડવો; ताव(त्), તેવો; याव(त्), જેવો; आत्म(न्), આપ; राज्यं–राज् (यं), રાજ; करिष्यामि–करिष् (यामि), કરીશ.

अंते અને मध्ये. ए(ता)व(त), એવો (૧૨૧);

क. પ્રત્યયનો એક ભાગ રાખ્યો બીજો તજ્યો હોય (૧૦૪); શબ્દનો કે પ્રત્યયનો અંત્ય સ્વર હ્રસ્વ હોય તો તે વુહેલો ઉડી જાય;—साराणि—साराण्(इ), સારાં; शिवेन(न), શિવે; हसामि—हसाम्(इ), હસું (उ); हसाति—हस(त्)इ, હસે (અ+ઇ=ए); हसन्ति—हस(न्त)इ, હસે.—એજ ધોરણે प्रीति, रीति, जाति, वस्तु, हेतु, ऋतु,—પ્રીત, રીત, જાત; વસ્ત, હેત, રત-ઋત.

ख. બધો પ્રત્યય કોઈ વેળા ઉડી જાય:—ब्राह्मण(स्) બ્રાહ્મણ; देव(स्) દેવ; राक्षस(स्) રાક્ષસ; वचन(म्) વચન; भुवन(म्) ભુવન.

ग. દંતસ્થાની અક્ષર બહુધા મૂર્દ્ધન્ય થાય છે (આ વિકારની સાથે અઘોષ અક્ષરને સ્થળે કોઇ વેળા ઘોષ દેખાય છે; ज); पत, પડ; दोल, ડોલ; वर्त्म,—वर्तन, વાટ; ऊन, ઊણુ; प्रतिपद्, પડવો; वृद्ध:, વડો; तेन—येन, તેણે-જેણે; वचनं, વેણ; (इ); नयन, નેણ; रसना, રસણા; आत्मन:, આપણે; [આ શબ્દમાં વળી વિકાર કરીને, એટલે ણકારનો ડકાર કરીને, કોઇ લોક **આપડે** કહે છે. એવો અશુદ્ધ વિકાર બીજા શબ્દોમાં પણ કરતા હશે]; घन:, ઘણો; आज्ञा, આણ.

घ. મૂળનાં ભિન્ન રૂપો અભિન્ન થઇ જાય છે; સંસ્કૃતમાં તૃતીયાનો પ્રત્યય एन, અને સપ્તમીનો ए, બેહુ ગુજરાતીમાં એ થાય છે; हस्तेन—हस्ते, હાથે.

અકારાંત, ઇકારાંત, હલંતાદિ સંસ્કૃત નામનાં વિવિધ રૂપાખ્યાનો થાય છે; આ ભિન્નતા ગુજરાતીમાં નથી. વળી સંસ્કૃતમાં વિભક્તિના પ્રત્યય એકવચનમાં જે છે, તેઓ અનેક વચનમાં નથી, ગુજરાતીમાં બેહુ વચનમાં તે ને તેજ પ્રત્યયો વપરાય છે; એકવચને તૃતીયા अश्वेन—ઘોડે, અનેકવચને अश्वै: ઘોડાઓએ; એકવચને ષષ્ઠી अश्वस्य—ઘોડાનો, અનેકવચને अश्वानाम्—ઘોડાઓનો.

પ્રથમાના અનેકવચનના ઓ પ્રત્યયની સાથે ઇતર વિભક્તિના પ્રત્યયો ગુજરાતીમાં બોલવામાં આવે છે, પણ એ રૂઢિ સંસ્કૃતમાં નથી.

એમજ ક્રિયાપદનાં રૂપોમાં થાય છે; વર્તમાનકાળ દ્વિતીય પુરૂષ સૃજથ, શક્યાર્થે સૃજેત, આજ્ઞાર્થે સૃજતુ—સૃજત = ગુજરાતી સર્જે.

સંસ્કૃતમાં વિશેષ્યનામની સાથે વિશેષણ આવે છે, ત્યારે વિશેષ્ય વિશેષણ, બેહુની સાથે વિભક્તિના પ્રત્યય લગાય છે: ગુજરાતીમાં વિશેષણની સાથે પ્રત્યય બોલવાની રૂઢી બંધ પડી છે; ધવલાત્ ઘોટાત્, ધોળાથી ઘોડાથી, એટલે ધોળા ઘોડાથી. પણ પ્રથમા, તૃતીયા, અને ષષ્ઠીમાં સંસ્કૃતની રૂઢિ ગુજરાતીમાં ચાલે છે; ધવલઃ ઘોટઃ ધોળો ઘોડો—ધવલેન ઘોટેન—ધવલે ઘોટે, ધોળે ઘોડે; ધવલાનિ અંડાણિ, ધોળાં ઇંડાં; ધવલં અંડં, ધોળું ઇંડું.

ङ. કોઇ શબ્દમાં સ્વરનો ગુણ કે વૃદ્ધિ થાય છે; પંચ, પાંચ; દ્વિ, બે; વિક્રીતં, વેચેલું; પંચશતાનિ, પાંચસેં; મુક્તા, મોતી; મુદ્ગર:, મોગરો; ગૃહ, ઘર.

કોઇ શબ્દમાં અંત્યાક્ષરનો લોપ થયા પછી તેને સ્થળે સ્વર આવે છે; શતં, શો; પ્રતિપદ્, પડવો. અક્ષરના લોપ વિના પણ અંતે સ્વર વધે; તેન—યેન, તેણે—જેણે; વિદ્યુત્, વિજળી.

च. કોઇ વેળા બે શબ્દો એવા મળી જાય કે તેમનું પૃથકપણું સહેલું ધ્યાનમાં આવતું નથી; કુંભકારઃ, કુંભાર; દેશાધિકારિ, દેશાઇ; સ્વતઃ (સ્વ+તઃ) પોતે. સંખ્યાવાચક શબ્દોમાં એના ઘણાં ઉદાહરણ છે; એકાદશ, અગ્યાર; દ્વાદશ, બાર; ષોડશ, સોળ.

छ. જોડાક્ષર અસવર્ણ હોય તો સવર્ણ જોડાક્ષર થાય છે; યષ્ટિઃ, લટ્ઠી લાઠી; સપ્તદશ, સત્તર. પણ વિશેષે કરીને જોડાક્ષરનો એક વ્યંજન ઉડી જાય છે, અને તેને સ્થળે પૂર્વસ્વરમાં દીર્ઘતા થાય છે; કર્મ, કામ; સપ્ત, સાત; કાર્ય, કાજ; અસ્થિકં, હાડકું; અગ્નિ, આગ; પક્વં પાકું; સન્ધ્યા, સાંજ—સાંઝ.

સ્વરની દીર્ઘતાની સાથે ઘણાએક શબ્દોમાં મીંડું વધે છે; વક્રં, વાંકું; અક્ષિ, આંખ.

જોડાક્ષરનો એક વ્યંજન ઉડી જાય; प्रतिपद, પડવો. त्रयोदश, તેર જોડનો એક અક્ષર ઉડી ગયા પછી જે વર્ણ રહ્યો છે, તે નમ્ર ઉચ્ચારનો હોય, તો ઘણુંએક શબ્દમાં ઉચ્ચાર કંઇ કઠણ થાય છે; द्वि, બે (વનો બ થયો); आत्मान:, આપણે (મનો પ થયો); स्वत:, પોતે; (વ નો પ થયો); नृत्य, નાચ; ताम्र, તાંબું; आम्र, આંબો, (મૂળ 'म्र' નો म्म થયાં પછી મ્ નો અનુસ્વાર અને મ નો બ). કોઇ વેળા એવી કઠણતા બનતાં અક્ષરનું સ્થાન બદલાય; स्तंभ, થંભ; स्तंभावति, ખંભાયત, ખંભાત; पर्याण, પલ્લાણ, પલાણ; युग्म, જોડ; मत्स, માછલું; वत्सक:, વછેરો. [એને કંઇ મળતું— स्ते, છે; स्यात, છો; षष्, છ; सत्, છત].

ञ. અઘોષાક્ષર ઘોષ થાય; मुकुट, મુગટ; एकादश, અગ્યાર; दु:खता, દુગધા–દુધ્ધા–દુગ્ધા; सकल, સઘળું; काकक:, કાગડો; (भक्त, ભગત; उपकार, ઉપગાર;) चम, જમ; वट, વડ; कपाट, કમાડ; घोट:, ઘોડો; कोऽपि, કોણી (ग).

झ. કોઇ શબ્દમાં મૂળનો ઘોષાક્ષર અઘોષ થયલો દેખાય છે; वृद्धं, વતું. सार्द्धं, સાથે. सार्थे, એ શબ્દ પણ સંસ્કૃતમાં ચાલે છે.

ञ. કોઇ વેળા म નો ल થાય છે; प्रथम:, પહેલો.

ट. પ્રકૃતિ તથા પ્રત્યય વચ્ચે આગમ અક્ષર આવે; मधु-न्-ए, मधुने =મધ-નૂ-એ, મધને; કેટ-લ્-ઓ, કેટલો, (૧૧૨. ૧૨૧).

નામનાં જાતિ વચન વિભકિતના પ્રત્યય વિષે.

૧૦૮. જાતિ વચન વિભક્તિ આદિના ભેદ જણાવવા સારૂ જે અક્ષર શબ્દને છેડે લખાય છે તે પ્રત્યય (प्रति, બાજુએ; अय, આવનાર) કહેવાય છે. એઓ શબ્દથી પૃથક્ પૃથક્ કરીને વપરાતા નથી; પૃથક્ કરી બોલિયે કે લખિયે તો અર્થ થતો નથી. તોય પણ એઓ અર્થ રહિત નથી; શબ્દની સાથે બોલતાંજ અર્થ જણાય છે. સંસ્કૃત, ઝંદ, ગ્રીક, લાટીન, હેબ્રી આદિક પુરાતન ભાષાઓમાં

પ્રત્યયો વપરાય છે. એ ઉપરથી એવું સમજવું નહિ કે ભાષાની ઉત્પત્તિના સમયથીજ એવું છે. બધા પ્રત્યય મૂળે પૃથક શબ્દ હશે, અને બીજા શબ્દની પેઠે જૂદા જૂદા વપરાતા હશે. પહેલાં તેઓમાં અક્ષર કંઇ અધિક હશે, પણ પળ પળના વ્યાપારમાં તેઓનાં રૂપ ટુંકાં થઇ ગયાં, અને તેમનો પૃથક અધિકાર પડી ગયો, માટે તેઓ પ્રત્યયરૂપે ભાષામાં રહ્યા. ઘણીકવાર એવું સંભવે કે પ્રત્યય સમૂળ જડી જાય; પણ જ્યાંથી પ્રત્યય લોપ થયો ત્યાં તેનો અર્થ રહે છે, માટે જો પ્રત્યય નહિ લખાય કે બોલાય, તોય તે હોય એવું સમજવું (૭૮, ૭૯). સંસ્કૃતાદિ પુરાતન ભાષાઓમાં પ્રત્યયની સંખ્યા ઘણી છે. ભાષાના વિકાર થતાં જૂની પ્રાકૃતમાં પ્રત્યયોની સંખ્યા ઘટી. ગુજરાતીમાં સંખ્યા બહુજ થોડી થઇ છે; વળી જે પ્રત્યયો રહ્યા તેમના અક્ષરમાં વિવિધ પ્રકારે ફેર થયો છે.

કોઇના ધારવામાં એવું છે કે વિભક્તિ અને વચનના પ્રત્યયો મૂળે સર્વનામ હતા. આ મતને જોઇએ તેટલાં પ્રમાણ મળ્યાં નહિ હોય, તોયપણ પ્રમાણ જેવું કંઇ છે ખરૂં. સંસ્કૃતમાં પ્રથમાના એકવચને તૃતીયપુરૂષનું દર્શકસર્વનામ स: છે; એના વિકારથી—

प्रथमाना एकवचने नरजातिनो प्रत्यय 'स्.' સંસ્કૃતની સજાતીય ગ્રીક, લાટીન, ગોથિકાદિ આર્ય ભાષાઓમાં એજ પ્રત્યય દેખાય છે. એનો ઉચ્ચાર સંસ્કૃતમાં કંઇ નમ્ર થાય છે, માટે વિસર્ગ રૂપે લખાય છે, वृकस्=वृकः. ઝંદમાં આ પ્રત્યય વત્તો નમ્ર થઇ 'उ' થયો. અકારાંત શબ્દના અંત્યસ્વરની સાથે 'उ' નો સંધિ થયે ओ થયો, वृकः=वेह्रक+उ, वेह्रको, વરૂ. જૂની પ્રાકૃત ભાષામાં પણ ઓ વ્યુત્પન્ન થયો, वृक्षः=वच्छो, વૃક્ષ. ગુજરાતીમાં પણ स् નો ઓ થયો છે; घोटः, ઘોડો; सारः, સારો; दृष्टः, દીઠો. કેવળ નરજાતિયે એકવચન પ્રથમામાં નહિ, પણ અનેકવચનમાં, અને ષષ્ઠી વિભક્તિમાં, એજ નિયમ લાગુ થયો. આ વિકારનો આધાર મૂળ ભાષામાં પણ મળે છે, अः ની આગળ अ અથવા ઘોષાક્ષર આવે તો ओ થાય છે; कः अत्र=कोऽत्र, કોણ અત્ર? सुतः मम=सुतो मम, મારો સુત; कः गतः=को गतः, કોણ ગયો (૧૦૭ અ).

નારીજાતિનો પ્રત્યય. સર્વનામ 'सा,' એની સાથે 'आ' પ્રત્યય મેળવો; ई પ્રત્યય પણ ચાલે છે; सुतः, सुता; પણ पुत्रः, पुत्री. ई પ્રત્યય ગુજરાતીમાં સાધારણે ચાલ્યો. જે શબ્દોમાં "આ" દેખાય છે તેઓ સંસ્કૃતમાંથી એમનેએમજ લીધેલા છે; જેમકે, ગંગા, માયા, આશા; અથવા સંસ્કૃત રૂપ ઉપરથી ઘડેલા હશે; જેમકે काय:-यं ઉપરથી કાયા. સજાતીય ગ્રીક લાટીનાદિ ભાષાઓમાં आ, ई, (ए), પ્રત્યયો ચાલે છે. મૂળે આ પ્રત્યયોની સાથે સકાર વપરાતો હશે, પણ થોડાજ શબ્દમાં તે રહ્યો છે.

અકારાંત શબ્દમાં નરજાતિ રૂપને ઓ હોય કે ના હોય (૫૮, ર. ૬૦), તેમને નારીજાતિનો પ્રત્યય લાગે તો ઈ આવે છે; ઘોડો, ઘોડી; દેવ, દેવી. કોઇએક શબ્દમાં સંસ્કૃત આ પ્રત્યય રહ્યો છે; સુત, સુતા.

ઘણાએક શબ્દમાં 'ई' પ્રત્યયની સાથે નકાર આવે છે. આ નકાર મૂળે પ્રત્યયમાં નહિ પણ પ્રકૃતિનો* અંત્યાક્ષર છે. નર० माली—मालिन्, નારી० मालिनी, માલિની – માલન્ય – માલણ – માલેણ, ઇત્યાદિ વિધ વિધ અપભ્રંશ. એમજ, वागुरी—वागुरिन्, वागुरिणी, વાગરણ્ય – વાગરણ ઇ०. (कोली—कोलिन्—कोलिनी, કોળણ્ય – કોળણ ઇ० ?); राजा—राजन्, राज्ञी, રાણી.

પણ સંસ્કૃતમાં आनी પ્રત્યય પણ ચાલે છે; ब्रह्मा—ब्रह्माणी; रुद्र:—रूद्राणी. એ ઉદાહરણ ઉપરથી, ઠાકોર—ઠકરાણી; ગોર, ગોરાણી.

મૂળમાં જ્યાં નકાર નથી દેખાતો, ત્યાં પણ ગુજરાતીમાં કોઇ વેળા દેખાય છે. સં० व्याघ्री, ગુ० વાઘેણ.

'ઊંટડી' આ શબ્દમાં ડકાર સંસ્કૃત क નો અપભ્રંશ છે; उष्ट्रः, ઊંટ; उष्ट्री—उष्ट्रिका, ઊંટડી. એમજ રીંછડી, પાટડી ઇ०.

वती પ્રત્યય પણ ચાલે છે; સંસ્કૃતમાં એનું નરજાતિરૂપ वान् અને નાન્યતરરૂપ वत् છે; નર० गुणवान्, નારી० गुणवती, નાન્ય० गुणवत्. वतीને સ્થળે કોઇ वन्ती કહે છે; રૂપવંતી.

---

* પ્રકૃતિ અને પ્રત્યય એવે નામે શબ્દના બે ભાગ હોય છે; घोटस्, ઘોડો, એઓમાં स् એ પ્રત્યય, घोट ઘોડ પ્રકૃતિ ગણાય છે.

ઇ **નાન્યતરજાતિનો પ્રત્યય.** સંસ્કૃતમાં દર્શક સર્વનામ **सः** નું નપુંસકરૂપ 'तद् છે.' ઝંદ, લાટીન, ગોથીક આદિ સજાતીય ભાષાઓમાં પ્રત્યયરૂપે તકાર છે;' પણ આ રૂપ થોડું દેખાય છે. ઘણુંકરીને સંસ્કૃતમાં પ્રત્યય મકારથી થાય છે; લાટીન અને ગ્રીકમાં પણ સાધારણ પ્રત્યય અનુનાસિકાક્ષર છે. મૂળનો મકાર ગુજરાતીમાં અનુસ્વાર થાય છે, વળી પૂર્વસ્વર અ નો ઉ થાય છે; **सारम्** સારૂં; **दृष्टम्**, દીઠું. (૧૦૭ ઉ, ઊ).

ટીકા. ઘણાએક શબ્દમાં એકવચને પ્રથમાનો પ્રત્યય સમૂળ ઉડી જાય છે; **देवः**, દેવ; **राक्षसः**, રાક્ષસ; **शिवः**, શિવ; **शब्दः**, શબ્દ; **गुरुः**, ગુરૂ; **भूः**, ભૂ;—**कुलम्**, કુલ; **गृहम्**, ઘર; **मूलम्**, મૂળ. પ્રત્યયની સાથે શબ્દનો અંત્યાક્ષર કોઇ વેળા પડી જાય છે: **अग्निः**, અગ્નિ—આગ; **रीतिः**,—રીત; **प्रीतिः**, પ્રીતિ—પ્રીત; **ऋतुः**, ઋતુ—રત; **जातिः**, જાતિ-જાત; **नित्यम्** નિત્ય—નિત. પ્રથમાનો પ્રત્યય ઉડી ગયો તો પણ પ્રથમાના સંબંધનો અર્થ રહે છે (૭૮); આ અર્થ દર્શકાર્થ છે, કોઇ પદાર્થ પ્રાણીનું નામ લઇને તેને દેખાડતા હઇએ એવો અર્થ થાય છે. પ્રથમાનો પ્રત્યય મૂળે દર્શક સર્વનામ હોય એવું ધારનારા આ અર્થ ઉપર વિચાર ચલાવીને પ્રમાણ દેખાડવાનું કરે છે.

કોઇ વેળા જે શબ્દમાં મૂળે પ્રત્યય નથી તેને ગુજરાતીમાં પ્રત્યય લગાડેલો છે; **प्रतिपद्**, પડવો.

૧૦૯. **अनेकवचन, प्रथमा अ).** અનેકતા દેખાડવા સારૂ એકવચનના **स्** પ્રત્યયની પૂર્વે અકારની વૃદ્ધિ થઇ; એકવચન **स्**, અનેકવચન **अस्**; **अश्वः** ઘોડો; **अश्वास्**, ઘોડાઓ. આ પ્રત્યય એજ અર્થે બીજી સજાતીય ભાષાઓ—ગ્રીક, લાટીન, ગોથિક આદિમાં વિવિધ રીતે દેખાય છે. ઝંદમાં એકવચનમાં થતું તેમ અનેકવચનમાં પણ ઘણાક શબ્દોમાં **ઓ**; ગુજરાતીમાં પણ **ઓ** (૮૧, કોષ્ટક; ૧૦૭ અ).

આ). પણ જે શબ્દને એકવચનમાં **ઓ** નરજાતિ પ્રત્યય લાગે છે તેમના અનેકવચનમાં **ઓ** પ્રત્યય નથી લાગતો, પ્રકૃતિના અંત્યસ્વરની વૃદ્ધિએ કરીને અનેકતા દર્શાવાય છે; ઘોડો—ઘોડા. આ જૂની રીતિ છે, અને પ્રાકૃતમાં અકારાંત નામમાં ચાલે છે; એકવચન **वच्छो**, અનેકવચન **वच्छा**; પણ

'આં' ની સાથે ગુજરાતીમાં 'ઓ' પણ વાપરવામાં આવ્યો છે, ઘોડા-ઘોડાઓ (૭૩). આ નવી રૂઢિ સંસ્કૃતની સાથે સંબંધ દેખાડે છે; घोट+अस =ઘોડ+અઓ—ઘોડાઓ.

ઇ. નરજાતિએ વિશેષ્યની સાથે વિશેષણ આવે તો તેને ઓ નથી લાગતો; સારા ઘોડા, સારા ઘોડાઓ.

નારી જાતિ પ્રત્યય ઈ ની સાથે 'ઓ' આવે, ઘોડીઓ. વિશેષણ હોય તો ઓ બોલાય અથવા પડતો મૂકાય, **સારી ઘોડીઓ**, અથવા **સારીઓ ઘોડીઓ.**

ઈ. જે શબ્દને ઉં નાન્યતરજાતિનો પ્રત્યય લાગે તેને સ્થળે અનેકવચનમાં અં કે આં આવે છે; ઈંડું-ઈંડાં. સંસ્કૃતમાં નાન્યતરજાતિનો પ્રત્યય इ, એની સાથે આગમ अन् આવ્યાથી अनि થાય છે; એકવચન वचनम्, અનેકવચન वचनानि. ગુજરાતીમાં સંસ્કૃત પ્રત્યયનો અંત્યસ્વર ઉડી જાય છે, પછી નકાર અનુસ્વાર થઇ અને માથે લખાય છે; એમ ઇંડ+અં = ઈંડાં (૧૦૭ ઉ).

शतम्, સો, આ શબ્દ સંસ્કૃતમાં નાન્યતર છે; અનેકવચનમાં शतानि થાય છે, त्रीणि शतानि, ત્રણસેં. ગુજરાતીમાં शतानि નો અપભ્રંશ નામની રીતિ પ્રમાણે થતો નથી, અંત્યસ્વર ઉડી જતો નથી પણ તેનો ગુણ—ઇનો એ—થાય છે, ता નો લોપ થાય છે (૧૦૭ ઓ), નકાર અનુસ્વાર થઇ સે ને માથે લખાય છે, એમ शतानि = સેં (૧૦૭ ઉ). સેં ને સ્થળે કોઇ લોક સો વાપરે છે, પાંચ સેં, કે પાંચ સો.—पंच शतानि = પ્રાકૃતમાં પંચ સઆંઇ.

ચરોતરમાં ઘણાએક અકારાંત નાન્યતર નામને એકવચનમાં ઉં પ્રત્યય નહિ હોય તો પણ અનેકવચનમાં આં લાગે છે; ગીતાં, મૂળાં, ખેતરાં, પાતરાં, ઘરાં.ઇ૦. આ શબ્દોના એકવચનનો પ્રત્યય ઉડી ગયો હોય, તો પણ જૂની ગુજરાતીમાં દેખાય છે, "ગીતું, મૂળું" ઇ૦; એમ કાલાંતરે ભાષામાં અધિક અધિક વિકાર થતો જાય છે, પણ કોઇ કોઇ પ્રાંતની ભાષામાં જૂની ભાષાનો અને મૂળની સાથેનો સંબંધ વધારે રહે છે.

ઉ. અં પ્રત્યય મૂળે નાન્યતર જાતિનો, અને ઓ નર અને નારી જાતિનો છે. પણ ઓ પ્રત્યય ગુજરાતીમાં સાધારણ જેવો થયો છે, માટે એને અં ની સાથે કોઇ લોક મેળવીને બોલે છે; જે૦ છોકરાંઓ (૮૨). એવું કરવામાં ઉપયોગ જણાતો નથી.

કોઇ લોક, વળી, એકવચનમાં **અં** વાપરે છે, "એક છોકરાંનો બાપ" નરજાતિમાં અને નાન્યતરજાતિનાં રૂપમાં ભેદ દેખાડવા સારૂ તેઓ એવું કરતા હશે, પણ મૂળ ભાષામાં એનો કશો આધાર મળતો નથી. સંસ્કૃતાદિ ઘણી ભાષાઓમાં નાન્યતર જાતિનાં રૂપો નરજાતિનાં જેવાં છે. એ કારણથી, હિંદુસ્થાની ભાષામાં મૂળની અસર આટલી લાગી કે તેમાં કેવળ નર નારીનો ભેદ દર્શાવાય છે, નાન્યતરનો ભેદ સમૂળ ઉડી ગયો છે.

૧૧૦. **द्वितीया**. સંસ્કૃતમાં એનો પ્રત્યય નાન્યતર જાતિની પ્રથમાના પ્રત્યય જેવોજ છે, એટલે **म्**; નાન્યતર પ્ર૦, નર અને નાન્યતર દ્વિ૦ **सारम्**; નારી પ્ર૦ **गंगा**; દ્વિ૦ **गंगाम्**. ગુજરાતીના સાધારણ નિયમ પ્રમાણે એનો ઉં થવો જોઇયે. પણ 'ઉં' કેવળ નાન્યતરને અર્થે ભાષામાં રહ્યો; નરજાતિમાં અને નારીજાતિમાં દ્વિતીયા વિભક્તિનો પ્રત્યય ઉડીજ ગયો. તોય પણ દ્વિતીયાને અર્થે કેવળ પ્રકૃતિ ચાલી નહિ, પ્રથમાનું રૂપ દ્વિતીયાને અર્થે વાપરવામાં આવ્યું (૧૦૭ ख). સંસ્કૃતમાં પણ ઘણીવાર પ્રથમા દ્વિતીયા એકજ રૂપની થાય છે.

કોઇના ધારવામાં એવું આવે છે કે દ્વિતીયાનો પ્રત્યય **ને** છે. પણ આ પ્રત્યય ચતુર્થીનો છે. ચતુર્થીમાં ઘણીક વાર કર્મનો અર્થ ભળે છે, માટે દ્વિતીયાને સ્થળે ચતુર્થી વપરાય છે; જેમકે 'તરવાર ફેરવ,' કે 'તરવાર**ને** ફેરવ' 'પથર ફેંકુંછું,' કે 'પથર**ને** ફેંકુંછું,' 'માણસ મોકલું,' કે 'માણસ**ને** મોકલું.' '**ને**' પ્રત્યયની સાથે કર્મનો અર્થ ભળે છે, માટે તે દ્વિતીયાનો પ્રત્યય થયો એવું કહિયે તો વ્યાકરણમાં ઘોળ થાય છે. ઘણાક પ્રસંગમાં દ્વિતીયાને સ્થળે '**ને**' પ્રત્યય વપરાતો નથી; જેમકે—કથા કહું, ગીત ગાઉં, કામ કરૂં, વિચાર કરૂં. રસ્તો પકડું, વાટ જોઉં; એવામાં નામની સાથે '**ને**' પ્રત્યય વપરાય નહિ; કથા**ને** કહું ઇ૦ અશુદ્ધ છે.

૧૧૧. **तृतिया**. સંસ્કૃત અકારાંત શબ્દમાં તૃતીયાનો પ્રત્યય **इन**, સંધિ થયે **एन** છે; **शिव+इन**, **शिवेन**, શિવે. આ પ્રત્યય પ્રાકૃતમાં **एण**, **णा**, **ए**, **इ**, આવાં રૂપમાં દેખાય છે; **वच्छणे**, **अग्गिणा**, **मालाइ**, **मालाए**,—**वृक्षे**, અગ્નિએ, માલાએ.

ગુજરાતી **જે**, **તે** આદિ સર્વનામોમાં **ણે** દેખાય છે; જેણે, તેણે ઇ૦ = સંસ્કૃત **तेन**, **येन**, ઇ૦. અહિં ગુજરાતીમાં પ્રત્યયનો અંત્યસ્વર **એ** થયો છે. કોઇ

પ્રસંગમાં મૂળનો અંત્યસ્વર ઉડી ગયો, અને રહેલા નકારનો અનુસ્વાર થયો છે. કોઈ પ્રાંતમાં-વિશેષકરીને કાઠિયાવાડમાં-ભરવાડે, ભેંસે, ૯૦ કહે છે. વળી જ્યાં મૂળ ભાષામાં નકાર નથી ત્યાં પણ ગુજરાતીમાં મીંડું આવે; જેમકે મેં, (કોઈ મે) તેં, સં० मया, त्वया.

તૃતીયાનો સાધારણ પ્રત્યય 'એ' છે. મૂળનો અંત્યાક્ષર 'न' ઉડી ગયો,-રહેલા इ નો ગુણ થયો; અથવા અકારાંત શબ્દના અંત્યસ્વરની સાથે સંધિ થયે (शिव + इ(न), शिवे) એ એ થયો, તે ભાષામાં સાધારણે ચાલ્યો (૭૯,૮૧,૮૨).

જે વિશેષણને પ્રથમામાં ઓ, ઉં, પ્રત્યય લાગે છે તેમને તૃતીયામાં એ લાગે; ધોળે ઘોડે, ધોળે ઈંડે; એ સંસ્કૃત રીતિ પ્રમાણે છે, धवलेन घोटेन, धवलेन अंडेन (૧૦૭, ઘ). વિશેષ્યનું તૃતીયામાં એક રૂપ આએ છે; જે૦ ઘોડાએ આ રૂપની સાથે વિશેષણને 'એ' પ્રત્યય લાગતો નથી, પણ પ્રકૃતિના અંત્યસ્વરની વૃદ્ધિ થાય છે.; ધોળા ઘોડાએ.

— ['તેણે કરીને' આ શબ્દો તૃતીયાને સમાનાર્થે ચાલે છે. એ तेन करणेन, એનો અપભ્રંશ હશે?]

૧૧૨. **चतुर्थी.** સંસ્કૃતમાં અકારાંતશબ્દને ચતુર્થીમાં य પ્રત્યય લાગે છે, પ્ર० शिवः ચ० शिवाय; સાધારણ પ્રત્યય ए છે; પ્ર० पितृ, ચ० पित्रे; પ્ર० वाच्, ચ० वाचे. આ રીતિ ગુજરાતીમાં ચાલી હોત તો ચતુર્થી તૃતીયા જેવી થાત, માટે પ્રકૃતિ અને 'એ' પ્રત્યય વચ્ચે "ન્" આગમ અક્ષર લેવામાં આવ્યો છે; પુત્ર-ન્-એ = પુત્રને. એવું કરવાનો આધાર સંસ્કૃતમાં इ उकारांत નાન્યતર શબ્દમાં મળે છે; वारि-न्-ए = वारिणे, मधु-न्-ए = मधुने— પાણીને, મધને.

હિંદીઆદિ સદેશીય ભાષાઓમાં પણ ए પ્રત્યયની સાથે વિવિધ આગમ આવે છે;— हिंदीमां ह (न्ह); "मोहे (મને) मिली चुंबन न दीना;"— "कृपादृष्टि कर तिन्हे (તેને) निहोरा;" સિંધીમાં खे અને બંગાલીમાં રે, તે, એતે, એવા પ્રત્યય હોય એવું દેખાય છે. ગમે તે આગમાક્ષર વપરાય, પણ મૂળનો પ્રત્યય 'ए' રહે છે.

પ્રાકૃતમાં ચતુર્થીને સ્થળે ષષ્ઠી વાપરે છે; ચ० ष० अग्गिणो, अग्गिस्स = આગનો, આગને. આ ઉપરથી કદાચ સંભવ્યું હશે, કે હિંદુસ્થાનીમાં ચતુર્થીનો

પ્રત્યય કુ, કો; ષષ્ઠીના કા ને કંઈ મળતા ઉચ્ચારના છે. વળી, પ્રાકૃત स्स (अग्गिस्स, આગનો—'ને) આ ઉપરથી મરાઠી ચતુર્થીનો પ્રત્યય स આવ્યો હોય? જે રૂપ પ્રાકૃતમાં કોઇ વેળા ષષ્ઠીને અર્થે અને કોઇ વેળા ચતુર્થીને અર્થે ચાલતું, તે મરાઠીમાં કેવળ ચતુર્થીનેજ અર્થે રહ્યું. (મરાઠીમાં ચતુર્થીનો બીજો પ્રત્યય ला છે, તે જૂની મરાઠીમાં પૃથક્ શબ્દ જેવો દેખાય છે; लागीं લગીણ-લગી, એનો અપભ્રંશ. દાદોબાનું વ્યાકરણ પ્રસ્તાવના પૃ૦ ૬).

ટીકા. મારો એક દેશી મિત્ર મને સૂચના આપતાં એવું લખે છે, "મને તો 'ને' ષષ્ઠીના પ્રત્યયને સપ્તમીનો મળેલો લાગે છે; જે૦ 'દેવને અર્થે આપ્ય,' તેનું 'દેવને આપ્ય.'" ચતુર્થીનો અને ષષ્ઠીનો લાગુ થયલો સપ્તમીનો પ્રત્યય એક '.ને' છે ખરા; અને જ્યારે ચતુર્થી તાદર્થ્ય છે ત્યારે તેમના અર્થ પણ મળી જાય એવા દેખાય; પણ બીજા પ્રસંગમાં એવો ખુલાસો લાગુ થતો નથી; 'હું તેને ચલાવું છું;' 'હું તેને બદલાવું છું;' 'હું તેને ફેરવું છું;' 'હું તેને બેસાડું છું' એવાં એવાં વાક્યમાં આ ખુલાસો કયમ લાગે?

૧૧૩. पञ्चमी. સંસ્કૃતમાં એનો પ્રત્યય अस् (अः), अत् છે; એ પ્રત્યયને મળતા અર્થનો નામયોગી तस् (तः) છે. મૂળે એઓમાં કોઇ સંબંધ હતો કે નહિ એ હું કહી શકતો નથી, પણ ભાષાની રૂઢિ પ્રમાણે પ્રત્યયને સ્થળે નામયોગી ચાલે છે; बलात्-बलतः, બળથી; अर्थात्-अर्थतः, અર્થથી. એ ઉપરથી ગુજરાતી પ્રત્યય 'થી.'

પ્રાકૃતમાં दो, त्तो, हि, दु ચાલે છે, वच्छत्तो, वच्छादो, वच्छाहि, वच्छादु = વૃક્ષથી. પ્રાકૃતનાં આ વિવિધ રૂપ ઉપરથી થયું હોય કે કોઇ પ્રગણામાં થો, થી. થું, વિશેષ્ય પદના લિંગ પ્રમાણે, ચાલે છે?

તકારનો સકાર થયે, અને स् (:) નો એ (૧૦૭ અ) થયે, હિંદુસ્થાનીમાં से, अर्थतः, અર્થસે.

૧૧૪. षष्ठी. સંસ્કૃતમાં એનો પ્રત્યય अस् (सः), અને અકારાંત નામમાં स्य છે; आत्मनस् (नः) આત્માનો; शिवस्य = શિવનો. ગ્રીક, લાટીન, ગોથિક, ઝંદ આદિ સજાતીય ભાષાઓમાં આ પ્રત્યય દેખાય છે. જેમ પ્રથમા વિભક્તિ વિષે બોલતાં કહ્યું હતું, કે ઝંદમાં स् નો ओ થયો તેમજ અહિં પણ स् નો ओ ઘણાક શબ્દમાં થાય છે; સં૦ आत्मनस् ઝં૦ आत्मनो; સં૦

नाम्नस् ગુ૦ नामनो; सं० वाचस्, ગુ૦ वाचो; सं० भरतस्, ગુ૦ वँन्तो—वरतो.

એમજ પ્રાકૃતમાં स्स ની સાથે ઓ દેખાય છે, પણ એની પૂર્વે આગમ ણ આવે છે; સં૦ अग्नेस् પ્રાકૃત अग्गिस्स, अग्गिणो, આગનો. આ ઓકારની સાથે પ્રાકૃતમાં નરજાતિનો ભેદ નથી.

ગુજરાતીમાં ન આગમ વાપરવાની રીતિ सं० इ उकारांत નાન્યતર શબ્દની પેઠે (જે૦ मधुनस्, वारिणस्), અને જૂની પ્રાકૃતની પેઠે ચાલી. અને એની સાથે મૂળના સકારનો ઓ થયો. આ 'ઓ' ની સાથે જાતિભેદનો અર્થ ક્યારે ભળ્યો એ હું કહી શકતો નથી, પણ આ અર્થ ભળવાનું કારણ સમજતાં કંઇ કઠણ નથી; ષષ્ઠીનો અર્થ વિશેષણ સમાન છે, માટે, જેમ ઘણાંએક વિશેષણને જાતિભેદદર્શક ઇત્યાદિ પ્રત્યય લાગે છે, તેમ એને પણ લાગ્યા. ષષ્ઠીનો ઓ પ્રત્યય—જેમાં મૂળે જાતિભેદનો અર્થ ન હતો—તે નરજાતિને વાસ્તે ઠર્યો; પછી, વિશેષણના નમુના પ્રમાણે, નારીને વાસ્તે ઈ, નાન્યતરને વાસ્તે ઉં મેળવી લેવામાં આવ્યા. (૧૧૫).

એક બીજું રૂપ તણો ચાલે છે; રાજાતણો = રાજાનો. એમાં 'તણ' આગમ હોય એવું મને લાગે છે.

પ્રથમ દ્વિતીય પુરૂષના સર્વનામમાં ષષ્ઠીનું એક ત્રીજું રૂપ, 'અરો, કે આરો' છે; એનો પણ 'અર' કે 'આર' આગમ હશે. એમજ નામનું એક ચોથું રૂપ 'કેરો' છે, એમાં 'કેર' આગમ હોય. 'અર' કે 'આર' માં ષષ્ઠીનો અર્થ નથી, પણ તે કેવળ આગમ છે. એનું પ્રમાણ એ ઉપરથી દેખાય છે, કે આ અક્ષર કેવળ ષષ્ઠીના અર્થમાં વપરાતા નથી, તૃતીયા તથા ચતુર્થીમાં પણ આવે છે; તૃ૦ 'તારે કરવું જોઇયે;' ચ૦ 'તારે આવવું પડશે.

૧૧૫. પણ ઉપરનું મત બધાને ગમતું નથી. મારો એક મિત્ર લખીને એવી સૂચના આપે છે, કે "सं० देवानां (અનેકવચને ષષ્ઠી) તેથી દેવનાં-'ની-'નું થયું હશે." એના વિષે મેં ઘણો વિચાર કર્યો છે, પણ ખરા પ્રમાણ જેવું કંઈ ભાસતું નથી. ખરૂં છે, કે સંસ્કૃતમાં અનેકવચને નકાર આવે છે; લાટીન ગ્રીકાદિમાં પણ અનેકવચને ષષ્ઠીના રૂપમાં અનુનાસિક અક્ષર છે; ઇંગ્રેજીમાં પણ સર્વનામનાં રૂપમાં આવે છે, જે૦ Mine, Thine. વળી ષષ્ઠીને મળતા

અર્થના વિશેષણના પ્રત્યય इन માં પણ નકાર છે, कुलीनः=કુળનો. એવાં એવાં અનેક કારણ ઉપરથી કોઇ શોધકને ભાસે કે આ વિભક્તિના નકારમાં ષષ્ઠીનો અર્થ હશે; તોય પણ પૂરી રીતિયે મન હા વાળતું નથી. ષષ્ઠીના નકારના ખરા ખુલાસાની સાથે 'તણ' એનો પણ જોઇએ, અને એની સાથે 'ગમ' આ શબ્દની જોડે, નારીજાતિના અર્થમાં કોઇ સર્વનામનું અસાધારણ રૂપ 'ણી' (તેણીગમ, એણીગમ, જેણીગમ, ૪૦), એનો ખુલાસો થશે.

વળી કોઇ ધારે છે કે 'કેર, આર—અર,' આ રૂપો કદાચ સંસ્કૃત क, कीन ની સાથે મળે; मामकः, मामकीनः=અમારો, અમકેરો. એની સાથે વળી હિંદુસ્થાની 'का' (घरका, इसका) મેળવવાને કરે છે. વળી સજાતીય ભાષામાં ષષ્ઠીના પ્રત્યયમાં રકાર આવે છે; જેમકે ઇંગ્રેજી Your, Their. પણ આ બધામાં જોઇએ તેવું પ્રમાણ મળતું નથી.

ષષ્ઠીના રકાર વિષે એક બીજી સૂચના છે. દકારનો ઘણીકવાર રકાર થાય છે; द्वाद (श) બાર, त्रयोद (श) તેર, सप्तद (श) સત્તર; એમજ मदीयः, त्वदीयः થી મારો, તારો (૧૧૮). હવે, જે વાત વિષે ભિન્ન ભિન્ન મત છે, તેમાં જૂદી જૂદી સૂચના જણાવતાં, મારૂં મત ઉપર, ૧૧૪ માં, દેખાડેલું છે.

મારવાડી અને બંગાળીના ષષ્ઠીના પ્રત્યયમાં રકાર આવે છે:—

ગુજરાતી,	કુતરાનો—કુતરાકેરો;	**બંગાળી,**	કુકુરેર;	**મારવાડી,**	કુતરારો.
,,	હાથનો—હાથકેરો;	,,	હાતેર;	,,	હાથરો.
,,	— —મારો;	,,	આમારા;	,,	અમારો.
,,	—તેનો—તેકેરો;	,,	તેનાર;	,,	તેરો.
,,	— —તારો;	,,	તોમાર;	,,	થારો.

આ પ્રકરણ સમાપ્ત કરતાં પહેલાં, એક બીજો વિચાર જણાવવાનો છે. ભાષાનો વિકાર થાય છે ત્યારે ઘણીકવાર એવું સંભવે છે કે કોઇ પ્રત્યયના ખરા અર્થનું સ્મરણ રહેતું નથી, માટે એક અર્થના બે પ્રત્યય સાથે કરી વપરાય છે. એમ ગુજરાતીના અનેકવચનાર્થ રૂપો બેવડાવ્યાથી 'આઓ, આંઓ,' થયા છે (૭૩). ઇંગ્રેજીમાં ષષ્ઠ્યર્થ પ્રત્યય એ રીતિયે બેવડાઇને Yours, Theirs. થાય છે. હવે સકારનો રકાર કોઇ વેળા થાય છે, માટે ગુજરાતી 'કેર' સંસ્કૃત कस ઉપરથી થયો હોય, युष्माकस् તમકેર; પછી, એને 'ઓ' મળી, તમકેરો.

નામની સાથે આવનાર પ્રત્યય अस्, એનો 'અર' થઇ, પ્રથમા દ્વિતીયાનો સર્વનામની સાથે આગ્ગો હોય, પછી એની સાથે ઓ વળગ્યો. એ માનવાને આ હરકત લાગે છે કે તૃતીયા તથા ચતુર્થીમાં 'અર' છે—'મારે;' માટે આ અક્ષરને કેવળ આગમ ગણવાને મન વળતું થાય છે.

ષષ્ઠીનો અર્થ વિશેષણ સમાન છે, અને વિશેષણની પેઠે એને જાતિવચન વિભક્તિના પ્રત્યય લાગે છે. (૯૨). ષષ્ઠીનો પ્રત્યય પ્રથમાના જેવો કંઇ છે, અને કોઇ વૈયાકરણો ધારે છે કે બેઉ રૂપ એકજ સર્વનામથી વ્યુત્પન્ન થયાં છે, એટલે स થી. એવું હોય તો એક બીજા મતને કંઇ આધાર મળે, કે જ્યારે ષષ્ઠીની સાથે લોક જાતિવચન વિભક્તિના પ્રત્યય લગાડવા લાગ્યા, ત્યારે તેના મૂળ સર્વનામના લક્ષણ પ્રમાણે તેઓએ કર્યું. स સર્વનામને જાત્યાદિના ભેદ લાગે છે, એનું સ્મરણ લોકમાં રહ્યું હોય, માટે તેઓએ તેથી વ્યુત્પન્ન થએલી ષષ્ઠીને વિશેષણના પ્રત્યયો લગાડ્યા.

— ૧૧૬. **सप्तमी.** સંસ્કૃતમાં એનો પ્રત્યય इ છે. અકારાંત નામના અંત્યસ્વરની સાથે સંધિ થયે ए, शिव+इ, शिवे; એ ઉપરથી, મૂળનો ગુણ થયે ગુજરાતી પ્રત્યય 'એ' આવ્યો છે. સંસ્કૃત સર્વનામને એક બીજો પ્રત્યય स्मिन् (इन्) લાગે છે: त+स्मिन=तस्मिन्, તેમાં. પ્રાચીન પ્રાકૃતમાં ए તથા स्मिन् બેઉ પ્રત્યયો નામને લાગે છે; वच्छे—वच्छम्मि, વૃક્ષે-વૃક્ષમાં.

स्मिन् નો વિકાર પ્રાકૃતમાં અનેક પ્રકારે થતો; न् નો લોપ થયે (૧૦૭ क), અને જોડાક્ષર દ્વિત્વ થયે (૧૦૭ ग), स्मि નાં स्सि, म्मि, એવાં બે રૂપ થયાં. વળી, અંત્યાક્ષર 'ન' નો અનુસ્વાર થયે (૧૦૭ ड) અને स्सि, म्मि ને માથે લખે, स्सिं, म्मिं, બીજાં બે રૂપ થયાં. પછી, स्सिं નો ઉચ્ચાર નમ્ર થયે (स નો હ થયે (૧૦૭. ड) हिं, પાંચમું રૂપ થયું. વળી, स्सि નો ઉચ્ચાર કઠણ થયે (૧૦૭ ङ) त्थ, છઠ્ઠું રૂપ થયું. માટે સંસ્કૃત कस्मिन् ના પ્રાકૃત, कस्सि—कम्मि—कस्सिं—कम्मिं—कहिं—कत्थ. પાલીમાં વળી स्मिन् ના, म्हि, म्हा, એવાં રૂપ થયાં. આ છેલ્લાનો સંબંધ ગુજરાતી માં ની સાથે દેખાય છે. म्मिं ના સ્વરનો ગુણ થયે, હિંદી में થયો. પ્રાકૃત हिं ઉપરથી ગુજરાતી કહિં, તહિં, અહિં ઇ૦ ચાલે છે. વળી, પ્રાકૃત त्थ રૂપ ઉપરથી દક્ષિણ ગુજરાતી કેથે, અને મારવાડી કઠે, અઠે ચાલે છે.

સંસ્કૃત નારીજાતીનાં નામને એક બીજો પ્રત્યય 'આં' લાગે છે, गंगायां = ગંગામાં. આ પ્રત્યય ઉપરથી કાં, ક્યાં, જાં, જાંહાં જ્યાં, ઇ૦; વળી વર્તમાન-કૃદંતનું એક રૂપ, કરતાં, ચાલતાં, બોલતાં.*

સપ્તમીને અર્થે માહે, અંદર, ઇત્યાદિ શબ્દ વપરાય છે. 'માહે' मध्ये નો અપભ્રંશ છે; ધ નો હ થયો (૧૦૭ ङ), જોડાક્ષરનો એક વ્યંજન ઉડી ગયે પૂર્વસ્વરની દીર્ઘતા થઇ (૧૦૭ ঙ). અંદર = अंतर् (વચલો અઘોષાક્ષર ઘોષ થયો). આ શબ્દો વપરાય છે ત્યારે પૂર્વ શબ્દ ષષ્ઠીમાં આવે; તેની માહે; તેની અંદર. મરાઠીમાં अंतर થી आंत ચાલે છે, અને ઘણીકવાર પ્રત્યયરૂપે વપરાય છે; त्यांत = त्याच्यांत (त्याचा—आंत) = તેની માંહે.

૧૧૭. **संबोधन.** સંબોધનને દેશી વૈયાકરણો વિભક્તિમાં ગણતા નથી. યુરોપના વૈયાકરણો એને વિભક્તિમાં લખે છે, અને કહે છે કે બોલાવનાર અને બોલાવેલો જણ, એમની વચ્ચેનો સંબંધ આ વિભક્તિએ કરીને દર્શાવાય છે. ઘણી ભાષાઓમાં સંબોધનની પૂર્વે ઉદ્‌ગાર વપરાય છે; અરે, રે, ઓ, હે માણસ. એકવચનમાં સંબોધનને પ્રત્યય લાગતો નથી (૮૧); જે શબ્દને પ્રથમામાં **ઓ** નરજાતિનો, અને ઉં નાન્યતરનો પ્રત્યય લાગે છે, તેનો પ્રત્યય ઉડી જાય છે, અને પ્રકૃતિના અંત્યસ્વરની વૃદ્ધિ થાય છે; પ્રથમા **છોકરો—છોકરું**, સંબોધન, **છોકરા** (૮૨). અનેકવચનમાં સંબોધન પ્રથમાનાજ રૂપમાં રહે છે (૮૧, ૮૨).

ઘણી સજાતીય ભાષાઓમાં સંબોધન પ્રત્યયરહિત રહે છે; પ્રકૃતિના સ્વરમાં કોઇ વેળા દીર્ઘતા, કોઇ વેળા હ્રસ્વતા થાય, તો પણ ખરો પ્રત્યય નથી: જ્યાં પ્રથમાને રૂપે સંબોધન વપરાય છે, ત્યાં પ્રથમાના મૂળદર્શકાર્થની વિસ્મૃતિ હશે. મરાઠીમાં અનેકવચને સંબોધનને नों, हों, એવા પ્રત્યય જેવા દેખાનાર અક્ષર આવે છે, मनुष्यांनों—हों; પણ એઓ કેવળ વધેલા અક્ષર કહેવાય.

ગુજરાતીમાં સંબોધનના ઉચ્ચારમાં પ્રયત્ન ઘણીકવાર અંતે લાગે છે; પ્ર૦. "એ રાજા છે;" સંબોધન 'હે રાજા'. અથવા ઉચ્ચારમાં જે ફેર થાય છે તેને પ્રયત્ન નહિ ગણિયે, તો ઘાંટાનો લગારેક ઊંચ સાદ માનવો જોઇયે. અંત્યસ્વર અ હોય તો ઉપાંત અક્ષરે આ પ્રયત્ન, કે ઊંચ સાદ આવે.

---

* 'તને કરતાં આવડે છે, 'તને કરતાં કોણે શિખવ્યું,' આવા પ્રયોગમાં 'તાં' પ્રત્યયનું મળ બીજું છે, એટલે સંસ્કૃત तु; कर्तुं, कर्तां—કરતાં.

પ્રાચીન પ્રાકૃતની રૂઢિ અનેકવચનમાં ગુજરાતીના જેવી છે; પણ એકવચનમાં લગારેક જૂદી; પ્રથમા **वच्छो, वणम्, अग्गी, दहिं, माला,** સંબોધન **वच्छ, वण, अग्गि, दहि, माले.**

સર્વનામ.

૧૧૯. **પ્રથમ પુરુષ, એકવચન, પ્રથમાવિભક્તિ.** હું = સંસ્કૃત **अहम्** (૧૦૭ औ, उ, ऊ.) એમાં પ્રકૃતિ अह्–अह, અને પ્રત્યય **अम्-म्** (= નાન્યતરનો પ્રત્યય) છે. ઝંદમાં, **अजॅम्**; ગ્રીકમાં ऍगोन्, પ્રત્યય નમ્ર થયે ऍगो; લાટીન, एगो; ગોથીક, અને જૂની અંગ્રેજીમાં પ્રત્યય ઉડી ગયે, इक्-इख्; વ્યંજન નમ્ર થયે ચાલતી અંગ્રેજી (I) अइ-आइ; જૂની પ્રાકૃતમાં, **अहं-हं-अहअं-अहम्मि.**

द्वितीया. સંસ્કૃતમાં **मां-मा**; પ્રાકૃતમાં **ममं-मं.** **अहं** નો **હું** થયો (૧૦૭ औ-उ-ऊ), તે પ્રમાણે દ્વિતીયાનો વિકાર થયો હોત, તો **मां-मं** નો ગુજરાતીમાં **मुं, मउं** થાત, પણ મૂળનો કોઇ વિકાર ગુજરાતીમાં ચાલ્યો નહિ, તેને સ્થલે ચોથી વિભક્તિ વાપરવામાં આવી.

ઇતર વિભક્તિઓમાં બીજી પ્રકૃતિ '**म**' વપરાય છે. સંસ્કૃતાદિ પુરાતન પ્રાચીન સજાતીય ભાષાઓમાં આ '**म**' ચાલે છે. એની સાથે—

तृतीयानो સાધારણ પ્રત્યય એ–એં આવે. મે–મેં = સંસ્કૃત **मय**,–પ્રાકૃત **मइ-मे-मए.** એની સાથે એક બીજું રૂપ '**મારે**' ચાલે છે. મારા ધારવામાં એવું આવે છે કે આ રૂપમાં '**આર**' કે '**અર**' આગમ હશે; મ (અર) એ –મારે = પ્રાકૃત मए, સંસ્કૃત मय (૧૦૭ ई, ૧૧૧).

चतुर्थी. સંસ્કૃતમાં એનું એક રૂપ **मे** છે (=म+ए). પ્રત્યયની પૂર્વે ગુજરાતીમાં આગમ **न** આવે **ने** થાય છે; મ(ન્)એ=મને. પ્રત્યય અને પ્રકૃતિની વચ્ચે આગમ '**અર**' આવેથી '**મારે**' (૧૧૨).

पंचमी. म ની સાથે त् – त्तः આવે સંસ્કૃત मत् – मत्तः; એનો ગુજરાતીમાં **મથી** થાત, પણ પ્રત્યયની પૂર્વે આગમ અર લીધાથી **મારાથી,** = મ (અરા)થી, ચાલે છે. પ્રાકૃત **मत्तो, महित्तो, ममादो-'दु'-हि** (૧૧૩).

'હું થી,' આ રૂપ કોઇ વેળા સાંભળવામાં ને લખવામાં આવે છે; શુદ્ધ છે એવું નહિ કહેવાય, કેમકે પ્રથમાના પ્રત્યયની સાથે પંચમીનો સાધારણે આવતો નથી.

ષષ્ઠી. એનાં રૂપો સંસ્કૃતમાં **मम-मे**; ઝંદ, **मन, मे, मोइ**; ગ્રીક, **मौ**; લાટીન, **मँइ**; ગોથીક, **मैना**, એના પરથી અંગ્રેજી મૈન–Mine; પ્રાકૃત, **मम, मे, मह**; (मज्झ વિષે વિચાર આગળ આવશે). આઓમાં કોઇ રૂપ ઉપરથી '**મારો**' નહિ થયો હોય. પણ 'મારો' કહિંથી આવ્યો? મને દેખાય છે કે નામમાં ષષ્ઠીનો પ્રત્યય મૂળે **अस्**, અપભ્રંશ **ઓ**, એની પૂર્વે આગમ 'અર' લીધાથી, મ(અર)ઓ, મારો થયો.

પણ આ '**અર**' આગમ વિષે હવે થોડો શોધ કરવો જોઇયે. અનેકવચનમાં સંસ્કૃત એક રૂપ **अस्माकं**, ઝંદ **अह्माकॅम्** છે; એનો પ્રાકૃતમાં (**क** નો **ण** થયે) **अम्हाणं** ચાલે છે. હવે, કદાચ, **अम्हाणं** ના ણકારનો રકાર થયે ગુજરાતી '**અમારૂ**' થયું હોય, અને પછી અનેકવચનના રૂપ ઉપરથી એકવચનમાં પણ 'આરો' ચાલ્યો હોય. કકાર અને ણકારનો રકાર થયાંનાં ઉદાહરણ આર્ય વર્ગની ભાષાઓમાં અનેક મળે છે; સંસ્કૃત **अस्माकं** નું ગોથિક ભાષામાં **उन्सार** થાય છે.

હવે, આ સંસ્કૃત **अक**, પ્રાકૃત **अण**, ગુજરાતી **અર**, બધા એક મૂળના હોય તો તે વિષે પૂછવું ઘટે છે કે, શું તેઓમાં ષષ્ઠીનો અર્થ છે; અથવા તેઓ શું કેવળ આગમ છે? કોઇ માને કે તેમાં ષષ્ઠ્યર્થ છે. એવું હોય તો ગુજરાતી રૂપ **અરો** માં ષષ્ઠીનો પ્રત્યય બેવડાયલો છે, અર+ઓ. પણ વળી જો કોઇ એવું ધારે કે, સંસ્કૃત **मम** ઉપરથી, **क** વધારીને, **मामक*** થયો છે, તો अकને આગમ જેવોજ ગણાય. હવે, જો "**અર**" કેવળ ષષ્ઠીનાજ રૂપમાં દેખાતો હોત, તો તેમાં ષષ્ઠીનો અર્થ છે, એ માનવાને સહેલું હોત, પણ તૃતીયામાં ચતુર્થીમાં અને સપ્તમીમાં આવે છે, માટે જો પણ એમાં મૂળે ષષ્ઠીનો અર્થ હોત તો પણ ગુજરાતીમાં કેવળ આગમ જેવો થઇ રહ્યો છે (૧૧૪, ૧૧૫).

પ્રાકૃતમાં ષષ્ઠીને અર્થે એક બીજું રૂપ **मज्झ** ચાલે છે. એનો સંબંધ સંસ્કૃત વિશેષણ **मदीय** ની સાથે છે; મૂળનો મધ્યાક્ષર લોપ થયે અને **य** નો

---

* જેમકે बाल ઉપરથી बालक અર્થના ફેર વિના થયો છે. બૉપનું વ્યાકરણ પૃષ્ઠ ૪૭૪.

જ થયે ગુજરાતી 'મજ.' એનો મૂળાર્થ વિશેષણ અને ષષ્ઠીને સમાન છે. પણ ચતુર્થી, પંચમી, અને સપ્તમીના પ્રત્યય એને લાગે છે. એવું સંભવે ત્યારે મૂળના અર્થની વિસ્મૃતિ છે. કેવળ મજ વપરાય છે ત્યારે વિશેષણનો, કે ષષ્ઠીનો અર્થ રહે છે, પણ કોઇ બીજી વિભક્તિના પ્રત્યય એની સાથે આવે ત્યારે એમાં વિશેષ્યનો અર્થ ભળે છે.

સપ્તમીમાં પણ આગમ અર આવે છે; મ(અરી)માં, મારામાં.–પંચમીમાં અને સપ્તમીમાં આગમના અંત્યસ્વરની દીર્ઘતા થાય છે.

સંસ્કૃતમાં સપ્તમી મયિ છે; એના ઉપર પ્રાકૃત मइ, मए, ચાલે છે. પણ તૃતીય પુરૂષના સર્વનામનું રૂપ इन्–स्मिन् ઉપરથી (૧૧૬.) म्मि ચાલે છે. એના ઉપરથી ગુજરાતી 'માં,' મ(અરા)માં, મારામાં. (૧૧૬).

अनेकवचन. સંસ્કૃતમાં પ્રથમા वयं, એનો અપભ્રંશ જૂની પ્રાકૃતમાં वअं.(ઇંગ્રેજી, We) છે. એકવચનના મ નો ઉચ્ચાર નમ્ર થયે સંસ્કૃતમાં અને બીજી આર્ય વર્ગની ભાષાઓમાં આ રૂપ ચાલ્યું હશે. વેદમાં એક બીજું રૂપ अस्मे છે (બોપનું સાન્વય વ્યાકરણ§ ૩૩૨); એના ઉપરથી જૂની પ્રાકૃત (સકારનો હકાર થયે ૧૦૭ ऊ, અને म् ની આગળ થયે) अम्हे; એથી ગુજરાતી 'અમે.' આ રૂપમાં अस्म्, अम्ह्, અમ, પ્રકૃતિ; અને ए અનેકતાને પ્રત્યય ગણાય. મૂળે આ પ્રત્યય स् હશે (૧૦૭ ઞ); ગ્રીકમાં अम्मॅस, એક રૂપ છે (સાધારણ, હેમૈસ્). એનો (નામના અનેકવચનની રીતિ પ્રમાણે), ગુજરાતી 'ઓ,' અમો.

પ્રકૃતિ 'અમ' ને, અને 'અમો' ને, તૃ૦ ચ૦ પં૦, અને સ૦ ના સાધારણ પ્રત્યય લાગે છે; અમે— અમોએ, અમને— અમોને, અમથી— અમોથી, અમમાં— અમોમાં. પ્રકૃતિ "અમ" સાધારણાર્થે વપરાય છે, અને એમજ 'તમ' (પૃ૦ ૫૦) "તમ દીઠે," = તમને દીઠે, 'તમ કાજે' = તમારે કાજે, 'અમ ઘેર' = અમારે ઘેર.

તૃતીયા, ચતુર્થી, પંચમી, સપ્તમી, અને વિશેષે કરીને ષષ્ઠીમાં આગમ અર—અરા આવે છે; અમારે, અમારાથી, અમારો૦, અમારામાં.

કોઇ લોક અ્હમે લખે છે, એ અશુદ્ધ છે. અમ્હે, અહ્મે માં મૂળની સાથે સંબંધ દેખાય છે. મરાઠી अह्मी; હિંદી, हम.

૧૧૯. **द्वितीयपुरुष.** **एकवचन.** મૂળ પ્રકૃતિ तु કે त्व; એને નાન્યતરનાં પ્રત્યય મળે त्वम्; આનો પ્રાકૃત तं-तुमं; એ ઉપરથી ગુજરાતી પ્રથમા તું (૧૦૭ उ ऊ). ઇતર વિભક્તિમાં ઉકાર ઉડી જાય છે, અને 'त' ની સાથે વિભક્તિના પ્રત્યયો લખાય છે. તેં, તને, તમારે, ઇ૦. પંચમીમાં, અને કોઇ વેળા સપ્તમીમાં, પ્રથમા 'તું' ની સાથે પ્રત્યય આવે; તુંથી, તુંમાં, પ્રત્યયના અને આગમના નિયમ વિષે પ્રથમ અને દ્વિતીય પુરૂષના રૂપમાં અંતર નથી.

अनेकवचन. સંસ્કૃત પ્ર૦ **यूयं** (ઇંગ્રેજી Ye, You). આ રૂપ ગુજરાતીમાં ચાલ્યું નહિ. પણ વેદમાં એક બીજું રૂપ **युष्मे** છે; એનું મૂળ **तुष्मे** (**तुष्म** + ए = स्) હશે. એના ઉપરથી પ્રાકૃત **तुम्हे** થયો; એના ઉકારનો અકાર થયે, ष (= સ) નો હ થયે, અને મ ની આગળ આવે, **તહ્મે—તહ્મો** (૧૧૮), અને હ ઉડી ગયે, **તમે—તમો.**

તમ—તમો ને વિભક્તિના પ્રત્યયો સાધારણ રીતિયે લાગે છે; જ્યાં પ્રથમ પુરૂષમાં "અર" આગમ આવે ત્યાં દ્વિતીયામાં પણ આવે છે. અને જેમ પ્રથમ પુરૂષની પ્રકૃતિ "**અમ**" તેમજ દ્વિતીયને અર્થે "**તમ**" વપરાય છે.

૧૨૦. **तृतीयपुरुष.** સંસ્કૃતમાં તૃતીયપુરૂષને અર્થે દર્શકસર્વનામ **स** વપરાય છે; પ્રથમા નર૦ सः, નારી सा; પણ નાન્યતરમાં અને ઇતર વિભક્તિમાં સકારને સ્થળે તકાર આવે છે. જૂની પ્રાકૃત, અને હિંદી સિંધીમાં, सः નો सो થાય છે (૧૦૭ ઓ); નારીને અર્થે પ્રાકૃત અને સિંધીમાં सा. મરાઠી અને ગુજરાતીમાં પ્રથમાની વિભક્તિએ મૂળના **સ**કારને સ્થળે **ત**કાર આવે છે. આ શબ્દમાં મરાઠી ત્રણ જાતિનો ભેદ દર્શાવે છે; નર૦ **तो**, નારી **ती**, નાન્ય૦ **तें.** ગુજરાતીમાં એવો ભેદ નથી, ત્રણે જાતિને અર્થે '**તે.**' તૃતીયામાં તો નારી એક જાતિનું રૂપ ચાલે છે 'તેણીએ,' પણ એ અર્થે તેણે પણ કહેછે.

'**તે**' નું રૂપાખ્યાન એકારાંત નામના જેવું છે (૮૧); પણ તૃતીયામાં સંસ્કૃત **तेन** પરથી તેણે; પંચમીમાં કારણાર્થે **તેથી,** અને માણસ વિષે બોલતાં વિશેષે કરીને **તેનાથી;** ષષ્ઠીમાં (ગમ, બાજુ, એવા શબ્દની સાથે) નકારનો ણકાર થાય છે, તેણીગમ, ઇ૦.

અનેકવચનમાં તે-તેઓ, બે રૂપ છે. '**તે**' જૂનું છે, = સંસ્કૃત, પ્રાકૃત, સિંધી, **से.** આ જૂના રૂપની સાથે અનેકવચનનો સાધારણ પ્રત્યય મેળવ્યાથી

'તેઓ' થયો છે. 'તેઓ' ને ઇતર વિભક્તિના પ્રત્યયો 'સાધારણ રીતિએ લાગે છે; 'તે' અને પ્રત્યયો વચ્ચે આગમ 'મણ, મન, મના' આવે છે; તૃ૦ તેમણે, ચ૦ તેમને; પં૦ તેમનાથી, ષ૦ તેમનો, સ૦ તેમનામાં.

दर्शक અને **तत्पदापेक्षक.** જે, તે, એ, આ, આઓનું રૂપાખ્યાન 'તે'ના જેવું છે (પૃ. ૫૧). સંસ્કૃત, **य:** = પ્રાકૃત, હિંદી, સિંધી, પંજાબી, મરાઠી जो, = ગુજરાતી જે (જેહ).—સં० **स:**, = પ્રાકૃત, હિંદી, સિંધી, પંજાબી, **सो**; મરાઠી **ता**; ગુજરાતી તે (તેહ).—સંસ્કૃત **एष:** = પ્રાકૃત **एसो**; હિંદી **यह, ए**; સિંધી **ही, हे, हिउ**; પંજાબી **ईह; एह**; ગુજરાતી **એ** (એહ).—સંસ્કૃત **अयं**; પંજાબી **अह**; મરાઠી **हा**;–મૂળનો અંત્યાક્ષર ઉડી ગયે અને '**અ**' ની વૃદ્ધિ થયે ગુજરાતી આ.

પેલો०, કે **પહેલો०** એના મૂળ વિષે હું કંઇ નિશ્ચય કહી શકતો નથી. સંખ્યાપૂર્ણાર્થ શબ્દ પહેલો = **प्रथम:**, એના જેવો દેખાય છે. એવું હોય તો થ નો **હ** થયે (૧૦૭ ૩), ને પછી ઉડી ગયે, અને **મ** નો **લ** થયે, આ શબ્દ વ્યુત્પન્ન થયો હશે.

ઓલો = પેલો, પનો **વ** થયે અને પછી વનો ઓ થયે?

૧૨૧. **अनिश्चित प्रश्नार्थ इ.** સંસ્કૃત **क:**; પ્રાકૃત **को**; ગુજરાતી કે ક્વચિત વપરાય છે, 'તમે આવશો કે'? વળી કોઈ લોક કેણે, કેને, કેથી કહે છે. કોઇ, કંઈ, કોણ, કહ્યો, (શો), આ બધા એજ મૂળથી થયા છે. **क: + अपि = कोऽपि** = કોઇ; **किं** (નાન્યતર) + **अपि** = કંઇ; **क: + जन** = **कोजन** (**ज** ઉડી ગયે અને '**न**' નો **ણ** થયે) = કોણ. જૂની ગુજરાતીમાં **कोजन** ઉપરથી **कोअन** થઇ, સંધિકાર્યથી અને નકાર ણકાર થયે, **कवण**; (૧૦૭ ઈ). "કોણ" ને વિભક્તિ લાગે ણ લોપ થાય છે, કોને, કોનો, કોથી, કોમાં

સંસ્કૃત **कतर:** (**त** નો **य** થયે, **र** નો **હ** થયે, **स्** નો **ઓ** થયે.) = કહ્યો. એનો ઉચ્ચાર નમ્ર થયે, કયો–કિયો–(કહ્યો). એને ત્રણે જાતિના પ્રત્યયો લાગે છે, કિયો, કઇ–કેઇ, કિયું, ઇ૦. **क:, का, किं** = શો, શી, શું; **क** નો **શ** થયો, પછી એને સાધારણ નિયમ પ્રમાણે પ્રત્યયો લાગ્યા. કકાર શકારમાં સંબંધ ગુજરાતીમાં અસાધારણ જેવો દેખાય, તોય પણ સાન્વય વ્યાકરણના

શોધકોને ઘણાય ઉદાહરણ મળે છે; ગ્રીક, કુનૅાસ્ = સંસ્કૃત, शुनस्, શ્વાનનો (કુતરાનો); ગ્રીક, દાક્રુ, લાટીન લાક્રિ(મા), સંસ્કૃત अश्रु આંશુ; વળી સંસ્કૃત दिक् નો दिशा, ધ૦ થાય છે. સાધારણ બોલીમાં 'શો' નો 'હો' કરે છે, તેનાં ઉદાહરણ, ઘણાં મળે છે; શ્વાન = ઇંગ્રેજી હૌન્દ (Hound); क ની સાથે ह નો સંબંધ લાટીન કૉર–કૉર્ડ (Cor–Cord), સંસ્કૃત हृदय માં, અને ઇંગ્રેજી હાર્ત (Heart) માં દેખાય.

ફલાણો ફારસી શબ્દ છે.

પોતે. સ્વાર્થ કે સ્વવાચક સર્વનામનો પૂર્વાર્ધ 'પો' સંસ્કૃત स्व છે. મૂળ ભાષામાં એને ત્રણે જાતિનાં રૂપો છે, નર૦ स्वः, નારી૦ स्वा, નાન્ય૦ स्वं. આ ભેદ ગુજરાતીમાં નથી. આ સર્વનામ સંસ્કૃતમાં વિશેષણ, પણ ગુજરાતીમાં વિશેષ્ય છે; માટે જ્યાં સંસ્કૃતમાં स्व વપરાય છે ત્યાં ગુજરાતીમાં આ સર્વનામની ષષ્ઠી આવે છે; स्वः पुत्रः, પોતાનો પુત્ર; स्वा पुत्री, પોતાની પુત્રી; स्वङ्गृहं – स्वगृहं, પોતાનું ઘર.

આ શબ્દનો ઉત્તરાર્ધ 'તે' तः (तस्) નો અપભ્રંશ છે (૧૦૭ અ); માટે એનો ખરો અર્થ પંચમીનો છે; **પોતે** = स्वतः = स्वात् – स्वस्मात्. પણ એનો અપભ્રંશ ગુજરાતીમાં પ્રથમાને અર્થે વપરાય છે, અને ૫૦ મા પૃષ્ઠમાં દેખાડ્યાની પેઠે એનું રૂપાખ્યાન થાય છે. એની ષષ્ઠીમાં વિશેષે કરીને **ન** આગમ આવે છે,—પોતા**નો**; પણ કોઇ લોક ઈક આગમ કરે છે, પોતીકો૦; સંસ્કૃત स्वकीयः स्वकः મેળવીને જોવું.

आप, आपणे. એઓ મૂળે સર્વનામ નથી પણ आत्मन् નાં અપભ્રંશ રૂપો છે. સંસ્કૃતમાં પણ સર્વનામનો કંઇક અર્થ એ શબ્દમાં છે, તે ઉપરથી ગુજરાતીમાં ચાલ્યો. 'આપ' મૂળે એકવચન છે; आत्मन् માં त्म નો **પ** થયે, અને અંત્યાક્ષર ઉડી ગયે **આપ** થયો. વિશેષે કરીને માનોક્ત દ્વિતીય પુરૂષના અર્થમાં વપરાય છે (૯૬). પણ કોઇ વેળા તૃતીય પુરૂષને અર્થે આવે છે; "**આપ** ઘેર એક નોળનું બચ્ચું તરફડતું તે આંગણ વચ્ચું." '**આપ** વડાઇ **આપ** મુખ ગંડક હોય તે ગાય.' આ અર્થે, 'આપ' = પોતાનું.

આપણે નો અર્થ અનેકવચનનો છે, સંસ્કૃત आत्मान. નો અપભ્રંશ (૧૦૭, અ). એમાં ગુજરાતીની રૂઢિ પ્રમાણે પ્રથમ દ્વિતીયપુરૂષનો અર્થ

મળે છે. મૂળ ભાષામાં એવું નથી; ત્રણે પુરૂષના અર્થમાં વંપરાય છે. અને એમજ મરાઠી આદિ ભાષાઓમાં आपण ચાલે છે.

आत्मा—आत्मन् પ્રાકૃતમાં अप्पा—अप्पाणो (आत्मान: ?)છે. મૂળે એનો અર્થ = स्व, કે પોતે.

तेवडो, जेवडो, एवडो, केवडो : वत् यत् પ્રત્યયનો અંત્યાક્ષર ડ થયે (૧૦૭ ગ), પછી **તે, જે, એ,** કેની સાથે મળે, અને છેડે જાતિદર્શક પ્રત્યય આવે, तावत् = તેવડું; यावत् = જેવડું; एतावत्—इयत् = એવડું; कियत् કેવડું. કોઈના ધારવામાં એવું આવે છે, કે આ શબ્દોમાં '**વડું**,' તે સંસ્કૃત **वृद्धं** નો અપભ્રંશ છે; તેવડું = तावत्वृद्धं, ઇ૦. એની સાથે મરાઠી **तेवढा**, ઇ૦ મેળવીને જોવા. અર્થને ધોરણે જોતાં **વડ** પ્રત્યયનો અર્થ **वृद्ध** ને સમાન છે. જો **વડ** પ્રત્યય वत्—यत् નો અપભ્રંશ ગણિયે, તો મૂળના અર્થમાં વિકાર થયો છે; સંસ્કૃતમાં यावत् અર્થે = જેટલું.

तेवो, जेवो, एवो, केवो. મને ભાસે છે કે આ શબ્દોનો પ્રત્યય '**वो**' પણ वत्—यत् નો અપભ્રંશ છે. અંત્યાક્ષર ઉડી ગયો, પછી રહેલા व ની સાથે જાતિદર્શક પ્રત્યયો વળગ્યા, એમ '**तेवो**' ઇ૦ (१०७ औ, क). એમાં પણ અર્થનો વિકાર થયો છે; કેમકે સં૦ तावत् = તેટલું; પણ ગુજરાતી **તેવું** = સં૦ तादक्. માટે કોઈના ધારવામાં એવું આવે છે, કે ગુજરાતી '**वो**' પ્રત્યય સંસ્કૃત इव ઉપરથી થયો હોય, કેમકે આ શબ્દના અર્થની સાથે ગુજરાતી '**वो**' પ્રત્યયનો અર્થ કંઈ મળે છે.

केटलो, जेटलो, तेटलो, સંસ્કૃત कति, यति, तति ઉપરથી થએલા છે. અંત્યસ્વરનો લોપ થયો (१०७ औ क), तકારનો ટકાર થયો (૧૦૭. ગ,) પછી ગુજરાતીમાં સાધારણે ચાલેલા 'કે, જે, તે' ની સાથે મળતાં, અને જાતિદર્શક પ્રત્યયો લાગતાં, આગમ **ल** પેઠો. મરાઠીમાં આગમ **क** પેઠો; **कितका, तितका**; અને હિંદીમાં આગમ **न** **कितना, इतना**.

इम-एम, केम-क्यम, સંસ્કૃત इत्थम्—एवम्, कथम् ઉપરથી થયા છે; અને આ ઉદાહરણો પ્રમાણે **જેમ—જ્યમ, તેમ—ત્યમ** સંસ્કૃત **यथा तथा** ના થયા.

तस्यां, **कस्यां**, **अस्यां**, **यस्यां**, નારીજાતિમાં સપ્તમીનાં રૂપ છે. **तस्यां** ઇત્યાદિનાં જૂની પ્રાકૃત ભાષામાં जइआ—जहिं. ઇ૦ ચાલે છે. ગુજરાતીમાં વિવિધ અપભ્રંશ (તહ્યાં), **તિયાં**, **તિંહાં**, **ત્યાં**, **તાંહાં**, **તાં**. એજ ધોરણે ક્યાં ઇ૦ ; જ્યાં ઇ૦.—પણ સંસ્કૃતના નરજાતિએ સપ્તમી तस्मिन् **यस्मिन्** ઇ૦ ઉપરથી પ્રાકૃતમાં એક રૂપ तहिँ, **जहिं**, ઇ૦ છે, એના ઉપરથી ગુજરાતી **તહિં**, **કહિં**, **અહિં**, **જહિં**. (૧૧૬).

ક્રિયાપદ વિષે.

૧૨૨. નામ, સર્વનામ, ગુણવાચક, એઓ બધા વિષયદર્શક **છે** (**૪૪**, ૯૪). હવે ગોપાળ, દયા, સારો, હું, તે, ઇ૦ શબ્દો, કોઇ વિષયની સૂચના આપતાં, તેનાં સ્થિતિ ગતિ વ્યાપાર વિષે કશું સૂચવતા નથી. સ્થિતિગતિ-વ્યાપારસૂચક જૂદા છે, તેમને વૈયાકરણો **ક્રિયાપદ** કહે છે [કૃ. કરવું ; યા, કૃદંત પ્રત્યય ; પદ, શબ્દ] જે થાય, કરાય, તે વિષે કહેનાર શબ્દ ; ઉદાહરણો—કર, ચાલ, ફર, રહે, હો, થા ; કરાવ, ચલાવ, રંગાવ, ધોળાવ, ઇ૦.

જે પ્રધાન શબ્દ કહેવાય છે, તેમાં વિષયપદનો એક વર્ગ, એને ક્રિયાપદનો બીજો છે.* વિષયોનાં નામ તથા તેમનો વ્યાપાર કહી જણાવ્યા વિના ભાષા ચાલે નહિ. જેમ માણસના ચાલવામાં બેહુ પગ સમાન ઉપયોગના છે, તેમ ભાષાના ચલનમાં વિષયનાં તથા ક્રિયાનાં પદો બેહુ જોઇએ. બીજા શબ્દ એમની સાથે વળગીને—એમને આશ્રયે રહીને-ચાલે છે ; માટે પહેલા પ્રધાન, ને બીજા બધા મધ્યમ, એટલે ઉતરતા અધિકારના શબ્દ છે.

હવે **વિષય**, આ શબ્દનો ઊંડો અર્થ કરિયે, તો, કદાચ, ભાસે કે ક્રિયાપદ પણ વિષયદર્શક શબ્દ છે ; એટલે સ્થિતિ, ગતિ, વ્યાપાર વિષે મનઃસ્થવિચાર જણાવનાર શબ્દ. એ વાત તો એક અર્થે ખરી છે, અને જ્યારે કોઇ સ્થિતિગતિવ્યાપારદર્શક શબ્દને વાપરતાં, તેના ભાવના અર્થ ઉપર મનનું ધોરણ રાખીને વાપરિયે, તો તે નામ થાય છે, અને અર્થ પ્રમાણે, વિશેષ્ય અથવા વિશેષણ કહેવાય છે ; જેમકે—

---

* કોઈ વૈયાકરણો પ્રધાન શબ્દનો વિભાગ બીજે ધોરણે કરે છે :—

પ્રધાન શબ્દ { પરિણામદર્શક { ક્રિયાપદ / ગુણવાચક } ; સત્ત્વદર્શક — નામ }

ગુણવાચકને પરિણામદર્શકમાં ગણવાનું કારણ એ છે, કે તેઓ વિચાર કરનારના મન ઉપર કોઇ પદાર્થ પ્રાણી (સત્ત્વદર્શકનામ) વિષે કંઈ અસર કરે છે.

વિશેષ્ય. **મૂળરૂપ**; ચાલ, માર, ભાવ, ઠરાવ, ફેર. [ઘેરો.
ઓ પ્રત્યયની સાથે; ચરો, મરો, તરો, ધારો, ચારો, પાળો,
વું પ્રત્યય; ચરવું, મરવું, તરવું, ધારવું, ચારવું, પાળવું, ઘેરવું.
અણ પ્ર૦; મરણ, ધોરણ, પાળણ, પોષણ, ધારણ.
ઈ પ્ર૦; ચોરી, બોલી.
ણી પ્ર૦; વાવણી, ઓરણી, કાપણી, તાપણી.
નાર પ્ર૦; ચાલનાર, બોલનાર, વાવનાર.
તા (તૃ) પ્ર૦; દાતા, ત્રાતા, શ્રોતા, ભોક્તા—ઇ૦ બીજા ઘણા.

વિશેષણ. **તો** પ્રત્યય; ચાલતો—'તી—'તું.
વાનો પ્ર૦; ચાલવાનો—'ની—'નું.
એલો પ્ર૦; ચાલેલો—'લી—લું ઇત્યાદિ.

એઓમાં, અને એમના જેવા શબ્દમાં, ક્રિયાનો અર્થ હોય, તો પણ ક્રિયાર્થ ઉપર વિચાર ન રાખતાં, તેમના ભાવાર્થ ઉપર ધોરણ રાખીને વાપરિયે છિયે, માટે તેઓ વિષયપદમાં ગણાય છે. પણ એઓ મૂળે ક્રિયાપદ છે, માટે એમને વૈયાકરણો કૃદંત કહે છે. કૃદંતને ક્રિયાપદમાં, કે તેનાં રૂપમાં પણ, ગણાય નહિ. જે શબ્દ વિષયોનાં સ્થિતિગતિવ્યાપાર વિષે કહે છે તેઓ માત્ર ક્રિયાપદ છે.

૧૨૩. કોઇ ક્રિયાપદ સિદ્ધ, અને કોઇ સાધિત હોય છે (૪૦):—

સિદ્ધ; ઠર, ચાલ, ચડ, રડ, થા, ખા, પી, બી, લે, દે, હો, ધો, ઇ૦.

સાધિત; ૧.) સિદ્ધ ક્રિયાપદને પ્રત્યય લગાડયાથી; જેમકે, **વળ**થી—વાળ, વળાવ, વળા. **પડ**થી—પાડ, પડાવ, પડા, પડાવા, ઇ૦ (૧૪૫—૧૬૪).

૨.) સિદ્ધ ક્રિયાપદને ઉપસર્ગ લગાડયાથી; જેમકે, **હર**થી—પ્રહાર, સંહાર. **સ્મર**થી, વિસ્મર = વિસર. **સર**થી, અપસર = ઓસર.

૩.) વિષયપદને ક્રિયાપદના પ્રત્યયો લગાડયાથી; **રંગ**થી, રંગાવ;* **ધોળા**થી, ધોળાવ.

૪.) અનુકરણ ક્રિયાપદ; જેમકે—ચકચકે, વરવરે, ચમચમે, ચળચળે, ડકડકવું—ડગડગવું.

---

* એવા શબ્દોમાં જેઓ આક્ષેપ કહેવાય છે તેઓ આવે છે [આક્ષેપ, તાણવું-આકર્ષણ—લેઇ લેવું], એટલે બીજા શબ્દનો અર્થ તાણી લેનારા; જેમકે, દુખેછે = દુખ છે—દુખ થાય છે; ધોળાવ = ધોળું કર; પંચોરવું = પાંચ વર્ષનું થવું.

(૫) સંયુક્ત ક્રિયાપદો, અ.) બે ક્રિયાપદનાં;—આવડી ગયું, ચડી ગયો. આ.) નામ તથા ક્રિયાપદનાં;—કામ કરવું, રાજ્ય કરવું (૧૮૧—૧૮૫).

૧૨૪. प्र. क्रियापद कोने कहिये?

ઉ. કોઇ પદાર્થ કે પ્રાણી શું કરે છે, અથવા કેવી સ્થિતિમાં છે, એ કહી જણાવનાર શબ્દને ક્રિયાપદ* કહિયે.

૧૨૫. प्र. कोइ क्रियापदनो शोध करतां, पहेलुं शुं खोळवुं?

ઉ. તેનું મૂળ, અથવા ધાતુ, એ ખોળવું.

૧૨૬. प्र. क्रियापदनुं मूळ, अथवा धातु, एटले शुं?

ઉ. પ્રત્યય આગમાદિ અક્ષર જૂદા કર્યા પછી શબ્દનું જે રહે તે.

૧૨૭. સંસ્કૃતમાં જે ધાતુ કહેવાય છે, તે શબ્દનો મૂળાર્થ જણાવનારૂં એક અતિ ટુંકું રૂપ છે. ગુજરાતીમાં તે રૂપ વપરાતું નથી, માટે આ ભાષામાં વપરાયલું સહુથી ટુંકું રૂપ તેને ક્રિયાપદનું મૂળ કહિયેછિયે. **કર** ક્રિયાપદનો ધાતુ સંસ્કૃતમાં કૃ છે. આ રૂપ ગુજરાતીમાં નથી, માટે **કર** આ રૂપ જે આવે છે, તેને **મૂળ** કહિયે. "**ધાતુ**" આ શબ્દ વાપરિયે, ત્યારે સંસ્કૃતમાં જે સહુથી ટુંકું રૂપ, તે સમજવું; '**મૂળ**' આ શબ્દ વાપરિયે ત્યારે ગુજરાતીમાં જે સહુથી ટુંકું રૂપ, તે સમજવું.

૧૨૮. ક્રિયાપદનું મૂળ, કે ધાતુ, જાણ્યા પછી તેનાં **વર્ણ**, **ભેદ**, **અર્થ**, **કાળ**, **વચન**, **પુરૂષ**, તથા **કૃદંત**, એ વિષે વિચાર ચલાવવો.

૧૨૯. वर्ण प्र. क्रियापदनो वर्ण कहिये ते शुं?

ઉ. ક્રિયાપદ વિવિધ પ્રકારનાં હોય છે. કોઇ કેવળ કર્તા વિષે સત્તાર્થ, કે ગત્યર્થ, કે સ્થિતિવિકાર જણાવે છે;—બીજાં કર્તાનું કોઇ કાર્ય સાધેલું, કે કોઇ પદાર્થ કે પ્રાણી ઉપર ચલાવેલી અસર દેખાડે છે. આ ભેદ ઉપરથી ક્રિયાપદના બે વર્ણ (કે વિધ) ઠરે છે, એટલે **અકર્મક** અને **સકર્મક.**

૧૩૦. **અકર્મક.** જેઓ કર્તા વિષે કંઇ સત્તાર્થ જણાવે છે તેઓ **અકર્મક** છે; એમની સાથે સાધેલા કર્મનું કોઇ નામ આવતું નથી, માટે તેઓ અકર્મક એટલે કર્મ વિનાનાં, કહેવાય છે.

---

*ક્રિયાપદ—ક્રિયા, જે કરાય તે કહેનારૂં પદ; એ નામના મૂળાર્થ ઉપરથી એવું નહિ ધારવું કે ક્રિયાપદ કેવળ ક્રિયાનો અર્થ દેખાડે, સ્થિતિનો (સત્તાર્થ) પણ દર્શાવે છે.

૧૩૧. અકર્મક ક્રિયાપદમાં અનેક વર્ગ થાય;—કોઇ કેવળ **સત્તાર્થ**, દર્શાવે છે; હો, રહે; કોઇ **સ્થિત્યર્થ;**—ઉગ, જીવ, બળ;— કોઇ **સ્થિતિવિકારાર્થ;** થા, થંભ, પલળ, બુડ, ફુગ;— કોઇ **ગત્યર્થ;** ચાલ, દોડ, ફર, વળ, ચડ, ઉતર. બીજા વર્ગ પણ કરાય.

૧૩૨. **સકર્મક.** જે ક્રિયાપદ પોતાના કર્તાનું કંઇ સાધેલું, કે કોઇ પદાર્થ પ્રાણી ઉપર કોઇ અસર કરેલી દેખાડે છે, તેઓ **સકર્મક** છે. ક્રિયાપદના વ્યાપારમાં જે સાધેલું છે, કે જે પદાર્થ કે પ્રાણી ઉપર કાંઇ અસર લાગે છે, તે તેનું **કર્મ** કહેવાય છે. આ કર્મવાચક શબ્દ ક્રિયાપદની સાથે વપરાય છે માટે તેઓ સકર્મક, એટલે કર્મ સાથેના, ક્રિયાપદ કહેવાય છે.

૧૩૩. એમના વર્ગ કરિયે, તો કોઇ **વિષયસાધક,** કે **વિષયોત્પાદક** ઠરે, એટલે જેઓ દેખાડે છે કે ક્રિયાના વ્યાપારમાં કોઇ વિષય સાધેલો કે બનેલો છે; હું કામ કરૂં છું, પુતળી ઘડું છું, ઘર બાંધું છું, કવિતા રચું છું;—કોઇ **વિષયધારક,** એટલે કોઇ વિષયને (પદાર્થ પ્રાણીઆદિને) કામમાં લાવેલો કે વાપરેલો દેખાડે; હું તરવાર ફેરવું, વિદ્યા શિખું, જ્ઞાન મેળવું, ગાડી હાંકું, રાજ્ય ચલાવું, ઠગાઇ વર્તું, નિયમ પાળું;— કોઇ **પ્રદાયક,** એટલે જે એક વિષયને બીજાને ત્યાં પહોંચાડેલો દેખાડે છે; હુ તને રૂપિયો આપું, હું તને જ્ઞાન પમાડું, તને વિદ્યા શિખવું, તને અન્ન ખવાડું, તને વિચાર જણાવું, તને વાત કહું. પ્રદાયક ક્રિયાપદને બે કર્મદર્શક શબ્દ લાગે છે; એક ઉપસ્થ કર્મનો (દ્વિતીયા વિભક્તિમાં), અને બીજો અનુપસ્થ કર્મનો (ચતુર્થીમાં).

૧૩૪. ઉભયવર્ણ. જો કોઇ ક્રિયાપદ, તેનેતેજ અર્થમાં, કોઇ વેળા સકર્મક, અને કોઇ વેળા અકર્મક હોય, તો તે **ઉભય** (બેહુ) **વર્ણનું,** કે **ઉભયવિધ** ક્રિયાપદ કહેવાય છે; જેં૦, '**રમ**'. 'હું આજ રમતો હતો,' અહિં ક્રિયાપદ અકર્મક છે; પણ "હું આજ રમત રમુ છું;" અહિં સકર્મક છે. 'હસ,' 'ભસ,' આ ક્રિયાપદ ઉભયવર્ણમાં કદાચ આવે. "કુતરો ભસે છે, છોકરો હસે છે," અકર્મક;–કુતરો તેને ભસે છે, "છોકરો તેને હસે છે," સકર્મક. પણ અહિં નામ ચોથી વિભક્તિમાં ઉપસ્થ કર્મ છે. 'ખા,' 'પી,' સકર્મક છે. તેઓ કોઇ વેળા કર્મ વિના વપરાય છે, માટે ઉભયવર્ણનાં જેવાં દેખાય; જેમકે, "તેઓ ખાઇ પીને ઉઠયા." આ વાક્યમાં કર્મ–અન્ન, જળ–અધ્યાહાર્ય છે. "'હું આવીને જોઇશ,' 'તહિં જઇ તપાસીશ,' 'હુ તો પરખું છું.'" ઇ૦માં કર્મ અધ્યાહાર્ય છે.

૧૩૫. વર્ણ વર્તવાની રીતિ. જે ક્રિયાપદની સાથે કેવળ કર્તાનું નામ આવે તે અકર્મક; જેની સાથે કર્તા તથા કર્મનું નામ આવે તે સકર્મક. કોણ–શું, આ બે પ્રશ્નાર્થ શબ્દોએ કરીને પ્રશ્ન પૂછિયે, અને બેહુના ઉત્તર આવે તો ક્રિયાપદ સકર્મક, પણ એકનુંજ ઉત્તર આવે તો ક્રિયાપદ અકર્મક છે. '**ચાલે છે,**' એ વિષે પૂછિયે, કે કોણ–શું ચાલે છે? તો એકનું ઉત્તર આવે; છોકરો ચાલે છે, અથવા કામ ચાલે છે. '**કરે છે,**' એ વિષે પૂછિયે, કે કોણ–શું કરે છે? તો બેહુના ઉત્તર આવે. રાજા રાજ્ય કરે છે; કોણ? રાજા, અને શું? રાજ્ય. **ચાલ** અકર્મક, **કર** સકર્મક છે.

સકર્મક અકર્મકનો ભેદ બીજી રીતિયે જણાવેલો છે; "ફળ તથા વ્યાપાર "ધાતુના અર્થો છે; ફળ તે કર્મને આશ્રયે છે, અને વ્યાપાર કર્તાને આશ્રયે છે; "જેમકે 'દેવદત્ત ચોખા રાંધે છે.' એ વાક્યમાં રાંધવાનો વ્યાપાર, તે દેવદત્તને "આશ્રયે છે; અને રંધાવું, એ જે ફળ, તે ચોખાને આશ્રયે છે. એવું સકર્મક "પ્રયોગમાં થાય છે."

"અકર્મક વિષે કર્મનો પ્રયોગ નથી, માટે ફળ તથા વ્યાપાર, બેહુ કર્તાનો "આશ્રય કરે છે; કેમકે, 'દેવદત્ત ઊંઘે છે.' એ વાક્યમાં ઊંઘવું, એ વ્યાપાર, "અને ઊંઘવાથી થયલું જે ફળ, એ બેહુ દેવદત્તને આશ્રયે છે."

૧૩૬. भावकर्तृक क्रियापद. જ્યારે ક્રિયાનો વ્યાપાર ચલાવનાર કર્તાનું નામ નથી, પણ જાણે કે ક્રિયાનો ભાવાર્થ કર્તાને સ્થળે દેખાય, ત્યારે ક્રિયાપદ **ભાવકર્તૃક** કહેવાય છે; જેમકે–'મને દુખે છે,' 'આજ બહુ **વર્ષ્યું**;' '**જાણે** કે તે રાજા હોય;' 'ધણી ધણીઆણીને **બનતું** નથી;' 'જેમ **રૂચે** તેમ;' '**ભાવે** તેમ' (૨૦૧*). વર્ણ મૂળે સકર્મક કે અકર્મક હોય, કોઇ વેળા, ભાવકર્તૃકને અર્થે વપરાય. ભાવકર્તૃક = **અકર્તૃક.**

૧૩૭. કેટલાએક શબ્દના અર્થ વિષે સૂચના:—

आद्याक्षर. શબ્દનો પહેલો અક્ષર.

अंत्याक्षर. શબ્દનો છેલ્લો અક્ષર.

उपांत. (उप પાસે, अंत છેડો). છેલ્લાની પાસેનો કે પૂર્વેનો અક્ષર. 'કપટ'માં "**પ**," અથવા તેનો અનુસંગી "**અ**" ઉપાંત છે.

प्रत्यय. (प्रति બાજુએ, अय આવનાર) પ્રકૃતિની બાજુએ આવનાર– જાતિ, વચન, વિભક્તિ, ભેદ, અર્થ, કાલ, પુરૂષ, કૃદંત, ૯૦ દેખાડનાર અક્ષર

પ્રકૃતિ. શબ્દનો તે ભાગ જેને પ્રત્યયો લાગે છે.

આગમ. ખરા પ્રત્યય અને પ્રકૃતિની વચ્ચે (અથવા શબ્દના કોઇ પણ ભાગમાં) આવનાર કે પેંસી જનાર અક્ષર, '**કેટલો**'માં, '**લ**' આગમ છે.

ભેદ વિષે.

૧૩૮. પ્ર. क्रियापदनो भेद कहिये एटले शुं ?

ઉ. જ્યારે ક્રિયાપદને કોઇ પ્રત્યય લગાડવાથી, અથવા તેના રૂપમાં કંઇ ફેર કરવાથી, બીજાં ક્રિયાપદ સાધિત થાય, ત્યારે તેનો ભેદ થયો એવું કહિયે; જેમકે, મૂળ ક્રિયાપદ "**વળ,**" એને પ્રત્યય **આવ** લગાડિયે, તો **વળાવ,** અને **આય** લગાડિયે, તો **વળાય** થાય છે; અથવા તેનો ઉપાંત સ્વર 'અ,' એની વૃદ્ધિ કરિયે, તો **વાળ** થાય છે. ક્રિયાપદના મૂળને **મૂળભેદ** ગણિયે; એમના કોઇ અકર્મક કોઇ સકર્મક છે. મૂળે અકર્મક ક્રિયાપદ ઉપરથી બીજા ત્રણ ભેદનાં ક્રિયાપદ સાધિત થાય છે; **કર્મક, પ્રેરક,** તથા **સહ્ય** ભેદ. મૂળે સકર્મક ઉપરથી બીજા બેજ ભેદ, **પ્રેરક** તથા **સહ્ય,** થાય છે.

૧૩૯. પ્ર. अकर्मक क्रियापदनो **कर्मकभेद** शी रीतिये थाय छे ?

ઉ. અ.) **રૂપ.** આગમ **અ**એ કરીને ઉપાંત સ્વરની વૃદ્ધિ કર્યાથી; જેમકે-પડનો પાડ; બળનો, બાળ; તપનો, તાપ; વળનો, વાળ; ઈ૦. કોઇ ક્રિયાપદને ઉપાંતે **એ** આવે છે; જેમકે, ઉછર-ઉછેર (૧૫૦).

આ.) **અર્થ.** આ ભેદનાં ક્રિયાપદ સકર્મક છે. જે મૂળે અકર્મક તેઓ આ ભેદમાં સકર્મક થાય છે; માટે એની સંજ્ઞા **કર્મકભેદ** કરી છે.

૧૪૦. પ્ર. **प्रेरकभेद** ते केवो ?

ઉ. અ.) **રૂપ.** મૂળને **આવ, આડ, વાડ,** પ્રત્યય લગાડ્યાથી; જેમકે— **આવ;** પડ— પડાવ. બળ—બળાવ, તપ— તપાવ.— **આડ;** ધાવ— ધવાડ, ચાવ-ચવાડ, લાવ— લવાડ.-**વાડ;** સુ-સુવાડ, જો-જોવાડ.

ઘણાએક લોક 'આડ—વાડ'ના **આર—વાર** કરીને તેને અંતે આવ મેળવે છે; ચાવ—ચવરાવ, લે—લેવરાવ, જો—જોવરાવ, ગા—ગવરાવ. ક્રિયાપદમાં કે પૂર્વ પ્રત્યયમાં 'આ' આવે તો તેનો **અ** થાય છે. **અરાવ, વરાવ** = દ્વિત્વપ્રેરક ભેદ (૧૪૨. ૧૦૭ એ)

આ.) **અર્થ.** આ ભેદનાં ક્રિયાપદ બધાં સકર્મક છે, અને અર્થ એવો છે કે કર્તા બીજા કોઇને હાથે કાર્યનું સાધન કરે છે; "હું કરૂં છું" પોતે મારે હાથે; પણ "હું કરાવું છું," કોઇ બીજાને કહીને— કે તે કામપર તેને મોકલીને કરાવું છું. (પ્રેરક, પ્રેર = મોકલ).

१४१. प्र. सह्यभेद ते केवो ?

ઉ. અ.) **રૂપ.** મૂળને **આ** પ્રત્યય લગાડયાથી; જેમકે, તપ— તપા, પડ— પડા, બળ— બળા. જો મૂળમાં **આ** આવે તો તે હ્રસ્વ થાય છે; જેમકે, આણ—અણા (१४७, १४८,).

વળી જો મૂળનો અંત્યાક્ષર આ, ઇ, ઉ, એ, ઓ, હોય તો પ્રત્યયની તથા મૂળની વચ્ચે આગમ વ આવે; ("આ" પહેલાં હ્રસ્વ થાય છે); જેમકે-ખા-ખ (વ) આ = ખવા; પી (વ) આ = પીવા; સુ (વ) આ = સુવા; દે (વ) આ = દેવા; સહે (વ) આ = સહેવા; ધો (વ) આ = ધોવા.

આ.) **અર્થ.** જે વિષય ક્રિયાના વ્યાપારનું સહન કરે છે, તે વિષયને આગળ કરીને વાત કરતાં એ ભેદ વપરાય છે. રાવણે રામના મારનું સહન કર્યું, માટે કહેવાય કે "રામથી રાવણ મરાયો" (= માર્યો ગયો). "રામથી રાવણ હરાયો" (= હાર્યો ગયો). "મારાથી આ વાત કહેવાઇ" (કહેવામાં આવી). "આ ખેતરમાં બી વવાયું" (વાવવામાં આવ્યું). "એ માણસ સારો દેખાય છે." "આ છોકરો મૂર્ખ જણાય છે" "એવું કહેવાય છે ખરૂં." આ ભેદનો મૂળાર્થ એ છે (१८९-१९३).

ઇ.) પણ ગુજરાતીમાં એ ભેદને **શકયાર્થ** વળગ્યો છે; માટે, તેનાથી ચલાય નહિ = તે ચાલી શકે નહિ; મારાથી ચલાતું નથી = હું ચાલી શકતો નથી. આ કારણથી એને કોઇ **"શકયભેદ"** કહે છે. પણ બધા પ્રસંગમાં શકયાર્થ નથી, માટે મૂળને ધોરણે **સહ્યભેદ,** એ સંજ્ઞા એને આપવી ઉચિત દેખાય છે. અકર્મક ક્રિયાપદનો સહ્યભેદ = ભાવે પ્રયોગ.

ઈ.) કોઇ વેળા એ ભેદમાં યોગ્યતાનો અર્થ દેખાય છે; જેમકે, "એવું કહેવાય નહિ" = એવું કહેવું ઘટે નહિ; "રાજાથી અન્યાય કરાય નહિ" = અન્યાય કરવો એ યોગ્ય નથી; "કૂવો અભડાયો માટે એનું પાણી પીવાય નહિ" = પીવું ઘટે નહિ, ઉચિત નથી.

૧૪૨. **પ્રેરણાર્થ સન્નભેદ.** પ્રેરકના પ્રત્યયની સાથે સન્નનો પ્રત્યય મેળવ્યાથી બેહુ ભેદના અર્થ સાથે આવે છે; તપ્+આવ+આ = તપાવા; કર+આવ+આ = કરાવા.

દ્વિત્વપ્રેરણાર્થ ભેદ. પ્રેરકના પ્રત્યયને બેવડાવ્યાથી આ ભેદ થાય છે. કર+આવ+આવ = કરવાવ. (પૂર્વે પ્રત્યયનો ઉપાંત 'આ' હ્રસ્વ થાય છે). (૧૪૦).

૧૪૩. ક્રિયાપદમાં એવાં ભેદદર્શક રૂપો ઉત્તર હિંદુસ્થાનના બીજા પ્રાકૃતોમાં દેખાય છે. સંસ્કૃતની રૂઢિ પરથી આવા ભેદ વાપરવાની રીતિ ચાલી. આર્ય વર્ગની કેટલીએક બીજી ભાષાઓમાં પણ એ રીતિ જેવું કંઇ ચાલે છે. હેબ્રી ૪૦ શેમીય કહેવાયલી ભાષાઓમાં પણ ક્રિયાપદના એવા ભેદ છે. જે ભાષા તુરાની કહેવાય છે, તેઓમાં એવી રીતિનો વિસ્તાર બહુજ થયો છે; તુર્કી ભાષામાં ક્રિયાપદના એક ધાતુના છત્રીશ ભેદ થાય છે, એવું તે ભાષાના વૈયાકરણો કહે છે.*

૧૪૪. સંસ્કૃતમાં **प्रेरकभेदना** રૂપમાં इ (अय) છે; कारयति કરાવે. એની સાથે ઘણાએક ધાતુમાં આગમ **प** આવે; ज्ञापयति, જણાવે. **आपय** નું પ્રાકૃતમાં आवे થયું; आज्ञापयति = आणावेइ. જ્યાં સંસ્કૃતમાં પકાર નથી ત્યાં પણ કોઇ વેળા પ્રાકૃતમાં आवे દેખાય; સં૦ हासयति—कारयति, પ્રા૦ **हसावेइ—करावेइ.** એ ઉપરથી ગુજરાતી **આવ,** 'ચલાવ.' મૂળ જોતાં આ રૂપમાં વકાર તે આગમ દેખાય છે; એજ રીતિયે પ્રેરકનાં બીજાં રૂપ ભાષામાં આવ્યાં હશે.

सन्नभेदनां રૂપ વિષે ૧૯૩ માં જોવું.

ક્રિયાપદના ભેદનું કોષ્ટક.

૧૪૫. **૧.** કેટલાંએક ક્રિયાપદને પ્રેરકભેદમાં **આવ** અને **સન્નભેદમાં** **આ** લાગે છે. એઓ બધા અકારાંત છે, પણ છેલ્લો અક્ષર **વ** હોય નહિ. એમના બે વર્ગ છે:—

---

* હેબ્રી, આરામી, અરબી, ઈત્યાદિ પશ્ચિમ આશિયાની ભાષાઓ. ત્યાંના લોકના પૂર્વજ શેમના નામ ઉપરથી, શેમીય કહેવાય છે. તાતાર, ચીની, તુર્કમાંની, ઈત્યાદિ ઉત્તર મધ્ય અને પૂર્વ આશિયાની ભાષા તુરાની કહેવાય છે; દક્ષિણ હિંદુસ્થાનની દ્રાવિડી કહેવાયલી ભાષાઓ પણ તુરાની છે. ઉત્તર હિંદુસ્થાન, અફગાનીસ્તાન, ઈરાન, અને યુરોપના વિશેષ ભાગમાં આર્ય ભાષાઓ ચાલે છે.

૧૪૬ ૧'લો. જેમના મૂળમાં આ નથી; જેમકે :—

મૂળ		કર્મકભેદ	પ્રેરકભેદ	સહ્યભેદ.
અકર્મક	સકર્મક			
પડ	—	પાડ	પડાવ	પડા.
દબ	—	દાબ	દબાવ	દબા.
—	કર	—	કરાવ	કરા.
—	શિખ	—	શિખાવ-શિખવ	શિખા.

૧૪૭. ૨ જો. મૂળમાં **આ** નો **અ** થાય છે.

વાંચ		વંચાવ	વંચા.
આંક		અંકાવ	અંકા.
સાંભળ		સંભળાવ	સંભળા.

૧૪૮. **૨.** પ્રેરકભેદમાં **આડ** અને **સહ્યભેદમાં** **આ.** મૂળમાં **આ** આવે તો તેનો **અ** થાય છે.

—	ધાવ	—	ધવાડ*	ધવા.
—	સિવ	—	સિવાડ*	સિવા.
—	વાગ	—	વગાડ*	વગા.

૧૪૯. **૩.** કેટલાંએક ક્રિયાપદમાં મૂળની તથા ભેદદર્શક પ્રત્યયની વચ્ચે **આગમ વ** આવે છે; એમનો અંત્યસ્વર **આ, ઈ, ઉ, એ, ઓ** હોય છે. અંત્યાક્ષર **હ** પણ છે, એમ કોઇ કહે. મૂળમાં **આ** આવે તો તેનો **અ** થાય.

મૂળ		કર્મકભેદ	પ્રેરકભેદ	સહ્યભેદ.
અકર્મક	સકર્મક			
થા	—	—	થવાડ	થવા.
ન્હા	—	—	ન્હવાડ	ન્હવા.
—	ખા	—	ખવાડ*	ખવા.
બિહી	—	—	બિહીવાડ*	બિહીવા.
સૂ	—	—	સૂવાડ	સૂવા.
—	જો	—	જોવાડ*	જોવા.

* ધવરાવ, સિવરાવ, ગવરાવ, ખવરાવ, બિહીવરાવ, જોવરાવ, એવાં રૂપો **પણ** થાય છે (૧૪૦). ડકારનો રેકાર કરવામાં માંત માંતની ચાલમાં ફેર છે; ખવાડ = ખવાર.

કહો	—	—	કહોવાડ*	કહોવા.
—	દે	—	દેવાડ	દેવા.
—	કહે	—	કહેવાડ	કહેવા.
—	લે	—	લેવાડ	લેવા.
—	સહે	—	સહેવાડ	સહેવા.

૧૫૦. ૪. કેટલાંએક ક્રિયાપદને ભેદદર્શક રૂપોમાં એ લાગે છે.

મૂળ		કર્મકભેદ	પ્રેરકભેદ	સક્ષભેદ.
અકર્મક	સકર્મક.			
ઉછર	—	ઉછેર	—	—
,,	—	—	ઉછરાવ	ઉછરા.†
—	ઘસ	ઘસેડ	—	—
—	—	ઘસડ	ઘસડાવ	ઘસડા.†
ઠર	—	—	ઠેરવ	ઠેરવા-વ આગમ.†
,,	—	—	ઠરાવ	ઠરાવા. વ આગમ.†
ફર	—	—	ફેરવ	ફેરવા.-વ આગમ.†
,,	—	—	—	ફરા.
ભર	—	—	ભેરવ	ભેરવા.
,,	—	—	ભરાવ	ભરા.
ભળ	—	—	ભેળવ	ભળા.
મળ	—	—	મેળવ	મળા.

૧૫૨. ૫. કેટલાંએક ક્રિયાપદ ઉપર દેખાડેલા નિયમ પ્રમાણે ભેદદર્શક પ્રત્યયો લેતા નથી. તેમનાં રૂપોમાં લગારેક સંસ્કૃતની રીતિ રહી દેખાય છે.

પી	—	પા	પીવા-પવા.
પીએ = पिबति	—	પાય = पाययति	

૧૫૩. બધાં ક્રિયાપદ સઘળા ભેદનાં રૂપનો સ્વીકાર કરતાં નથી. કોઇ મૂળ ભેદમાંજ વપરાય છે; જેમકે, હો. કોઇને કર્મકભેદ નથી; જેમકે, ચડ, થા, ન્હા. ઘણીખરી વાર કર્મકભેદને સ્થળે પ્રેરકભેદ વપરાય છે. કોઇ સક્ષભેદનો

* ધવરાવ, સિવરાવ, ખવરાવ, બિહીવરાવ, જોવરાવ, કોહોવરાવ પણ થાય છે (૧૪૦). ડકારનો રકાર કરવામાં પ્રાંત પ્રાંતની ચાલમાં ફેર છે; ખવાડ = ખવાર.
† એવાં રૂપને પ્રેરણાર્થ સક્ષ પણ ગણાય.

ત્યાગ કરે; પાક. પકાય એવું નહિ કહેતા હોશે, એને સ્થળે પાકે, અથવા પકાવે.

૧૫૪. ભેદદર્શક રૂપે લેતાં કોઇ ક્રિયાપદ અર્થમાં એવાં બદલાય છે, કે તેમનાં મળથી તેઓ જૂદા અર્થના જેવા લેવાય; જેમકે, બોલ અને બોલાવ; મર અને માર; ધર અને ધાર; હર અને હાર.

१५५. अर्थ अथवा **वाच्य** प्र. क्रियापदना अर्थ अथवा वाच्य ते शुं?

ઉ. ક્રિયાપદના કર્તા વિષે મનમાં જે ધારણા (નિશ્ચયતાની, સંશયની, કે આજ્ઞાની) છે, એ તે ક્રિયાપદનો અર્થ, કે વાચ્ય, છે.

१५६. प्र. गुजरातीमां क्रियापदना अर्थ, अथवा वाच्य केटला छे?

ઉ. ત્રણ:—**૧. નિશ્ચયાર્થ—નિશ્ચયવાચ્ય**; હું છું; હું કરૂં; કરીશ; કરવાનો છું; મેં કર્યું; કરેલું છે; ઇ૦. **૨. સંશયાર્થ—સંશયવાચ્ય**; હું હોઉં, કરતો હોઉં; મેં કર્યું હોય, કર્યું હોશે ઇ૦. **આજ્ઞાર્થ—આજ્ઞાવાચ્ય**; તું કર, કરજે; તમે કરો, કરજો.

१५७. काल. प्र. क्रियापदना काल कहिये एटले शुं?

ઉ. કાલ, આ શબ્દનો અર્થ સમય અથવા વેળા છે. જે ક્રિયા હજી થઇ નથી, તેનો કાલ **ભવિષ્ય** (એટલે થવાનો) છે એવું કહિયે:—ક્રિયાના વ્યાપારમાં કર્તા વળગ્યો હોય, તો તેનો કાલ **વર્તમાન** (એટલે ચાલતો) કાલ કહિયે:—જે ક્રિયા બની રહી, તેનો કાલ **ભૂત** (એટલે થયલો) કહિયેછિયે.

૧૫૮. માટે ગુજરાતીમાં ત્રણ વિશેષ કાલ ગણિયે છિયે, એટલે—

વર્તમાનકાલ; જે૦—હું છું, હું કરૂં, તે ચાલે છે, તે હોય, ઇ૦.

ભવિષ્યકાલ; જે૦—હું થઇશ, હું કરીશ, તે ચાલશે, તે હોશે, ઇ૦.

ભૂતકાલ; જે૦—હું હતો, હું બોલ્યો, મેં કર્યું, તે ચાલ્યો, તે હતો, ઇ૦.

૧૫૯. ઉપર દેખાડેલા ત્રણ કાલ **અમિશ્ર**, અથવા **શુદ્ધ**, કહેવાય છે. ક્રિયાપદને કેવળ પ્રત્યયો લગાડ્યાથી તેઓ દર્શાય છે. પણ બીજા કેટલાએક છે, જેઓ **મિશ્ર** કહેવાય છે, તેઓ સહાયકારક ક્રિયાપદના સહાયથી બને છે.

૧૬૦. **હો** આ ક્રિયાપદ ગુજરાતીમાં સહાયકારક છે. સહાયને અર્થે એ વપરાય છે ત્યારે તે બીજાં ક્રિયાપદના કૃદંતની સાથે આવે છે. સહાયકારકની

સાથે જે કૃદંત આવે છે તે મુખ્ય ક્રિયાપદ કહેવાય. મિશ્ર રૂપના ચાર ગણ, કે જથા છે :—

મુખ્ય.	સહાયકારક.	મિશ્રરૂપનું નામ.	નિશ્ચયાર્થ.	સંશયાર્થ.
૧. વર્તમાન	+ વર્તમાન	= **દ્વિત્વવર્તમાન;**	કરે છે.	કરતો હોય.
„	+ ભૂત	= **વર્તમાનભૂત;**	કરતો હતો.	કરતો હોત.
૨. ભવિષ્ય	+ વર્તમાન	= **ભવિષ્યવર્તમાન;**	કરવાનો છે.	કરવાનો હોય.
„	+ ભૂત	= **ભવિષ્યભૂત;**	કરવાનો હતો.	કરવાનો હોત.
૩. ભૂત	+ વર્તમાન	= **ભૂતવર્તમાન;**	કર્યો છે.	કર્યો હોય.
„	+ ભૂત	= **દ્વિત્વભૂત;**	કર્યો હતો.	કર્યો હોત.
૪. વિશેષભૂત	+ વર્તમાન	= **વિશેષભૂતવર્ત૦;**	કરેલો છે.	કરેલો હોય.
„	+ ભૂત	= **દ્વિત્વવિશેષભૂત;**	કરેલો હતો.	કરેલો હોત.

१६१. वचन. प्र. क्रियापदनुं वचन एटले शुं?

ઉ. કોઇ ક્રિયાપદનાં રૂપમાં એકપણાનો, કે અનેકપણાનો અર્થ છે, એના ઉપર ક્રિયાપદનાં વચન ઠરે છે.

૧૬૨. નામની પેઠે ક્રિયાપદને બે વચન છે; એટલે એકવચન અને અનેકવચન. (સંસ્કૃત, ગ્રીક, અને કેટલીએક બીજી ભાષાઓમાં દ્વિવચનનાં પણ રૂપ છે. ઉત્તર હિંદુસ્થાનની પ્રાકૃતોમાં અને દક્ષિણ હિંદુસ્થાનની ભાષાઓમાં દ્વિવચનનાં રૂપ નથી).

१६३. पुरुष. प्र. क्रियापदना पुरुष एटले शुं?

ઉ. બોલનાર તે **પ્રથમ** પુરૂષ; જેની સાથે તે બોલે છે તે **દ્વિતીય** પુરૂષ; અને જેના સંબંધી બોલે છે તે **તૃતીય** પુરૂષ છે.

૧૬૪. આ ત્રણે પુરૂષના પ્રત્યયો ક્રિયાપદના મૂળની જોડે આવે છે. એકવચનમાં અને અનેકવચનમાં પુરૂષદર્શક પ્રત્યયો ભિન્ન ભિન્ન છે; વળી ભવિષ્ય તથા વર્તમાનકાલમાં પુરૂષનાં રૂપો એક બીજાથી કંઇ ભિન્ન છે; જેમકે :—

		વર્તમાન.	ભવિષ્યકાલ.	ભૂતકાલ.	આજ્ઞાર્થ.
એકવચન.	પ્ર૦ પુ૦	હું કરૂં	હું કરીશ	(૧૬૮)	— —
	દ્વિ૦ પુ૦	તું કરે	તું કરશે	—	તું કર—કરજે.
	તૃ૦ પુ૦	તે કરે	તે કરશે	—	— —
અનેકવચન	પ્ર૦ પુ૦	અમે કરિયે	અમે કરીશું	—	— —
	દ્વિ૦ પુ૦	તમે કરો	તમે કરશો	—	તમે કરો—કરજો.
	તૃ૦ પુ૦	તેઓ કરે	તેઓ કરશે	—	— —

૧૬૬. કૃદંત. પ્ર. કૃદંત શાને કહિયે? (૧૨૨).

ઉ. પ્રત્યયે કરીને ક્રિયાપદથી સાધિત થયલા વિષયપદને કૃદંત કહે છે. સંસ્કૃતમાં કૃદંત ઘણાં છે, અને ગુજરાતીમાં પણ એમની સંખ્યા થોડી નથી. તેમનો વિચાર એક જૂદા પ્રકરણમાં કરવાને ધારિયે છિયે. પણ કેટલાએક તો ગુજરાતી ક્રિયાપદના રૂપાખ્યાનમાં આવે છે, માટે તેમનું વર્ણન નીચે કરેલું છે.

૧૬૬. કૃદંતોમાં કંઈ ક્રિયાનો અને કંઈ વિષયપદનો અર્થ આવે છે, એટલે તેમના મૂળનો અર્થ અને જોડેલા પ્રત્યયોનો અર્થ મળી આવે છે. પ્રત્યય પ્રમાણે કૃદંત વિશેષ્ય કે વિશેષણ હોય છે (૧૨૨).

૧૬૭. જે કૃદંત ક્રિયાપદના રૂપાખ્યાનમાં આવે છે, તેમાંનાં કેટલાંએકમાં કાલનો અર્થ છે. કર ક્રિયાપદના નીચે દેખાડિયે છિયે.

વર્તમાન	કૃદંત કરતો૦	વિશેષણ.	**ટીકા.** એકલા સંબંધક ભૂતને
ભવિષ્ય	,, કરવાનો૦	,,	જાતિ, વચન, વિભક્તિના પ્રત્યયો
ભૂત	,, કર્યો૦	,,	લાગતા નથી; બીજા બધાને વિષયપદના
વિશેષભૂત	,, કરેલો૦	,,	જેવા લાગે છે.
સંબંધકભૂત	,,	કરી-કરીને. અવિકારી.	
સામાન્ય-ભાવેરૂપ		કરવું. વિશેષ્ય.	
કારક-કર્તૃવાચક		કરનાર-કરનારો૦	

૧૬૮. ગુજરાતીમાં નિશ્ચયાર્થે ભૂતકાલનાં શુદ્ધ રૂપો નથી, તેને સ્થળે ભૂતકૃદંત સહાયકારક ક્રિયાપદરહિત વપરાય છે (૧૭૭).

૧૬૯. વર્તમાન, ભવિષ્ય, ભૂત, તથા વિશેષભૂતનાં કૃદંતો, હો સહાયકારક ક્રિયાપદની સાથે મળીને, ભિન્ન ભિન્ન કાલનો અર્થ દેખાડે છે (૧૬૦, ૧૭૬), એટલે એમનાથી મિશ્રકાલનાં રૂપો થાય છે.

૧૭૦. સંબંધક કૃદંતનો ઉપયોગ એ છે; જ્યારે એકજ વાક્યમાં એવાં બે ક્રિયાપદ આવે કે તેમના મળ્યાથી કોઇ સંયુક્ત અર્થ થાય છે, ત્યારે જે ક્રિયાપદ પહેલું આવે છે, તે ભૂતકાલના અર્થમાં સંબંધક કૃદંતના પ્રત્યયને સ્વીકારે છે; જેમકે, "હું ચડી બેઠો." (૧૮૧, ૧૮૪).

૧૭૧. સામાન્ય કૃદંતમાં કાલનો ભેદ નથી, ભાવાર્થે તે ક્રિયાનો અર્થ દેખાડે છે, માટે કોઈ વૈયાકરણો **એને અકાલ** કૃદંત કહે છે. વળી કોઇ એને **ભાવવાચકનામ,** અને કોઇ **ક્રિયાવાચકનામ** કહે છે; વળી એમાં એવો ભેદ કોઇ દેખાડે છે, કે ધાતુ અકર્મક હોય, તો કૃદંત **ભાવે** છે, અને સકર્મક હોય, તો કૃદંત **ક્રિયાવાચક** અથવા **કર્મણિ** છે.

૧૭૨. જે કૃદંત કર્તૃર્થ દેખાડે છે તે કારક અથવા કર્તૃવાચક છે. એનો, એક **અવિકારી** એટલે જાતિ વચનના પ્રત્યયરહિત; કરનાર;—અને એક આ પ્રત્યયોસહિત; કરનારો; રી, રૂં,—રા, રી, રાં.

૧૭૩. પ્રત્યયોનું કોષ્ટક.

વર્તમાનકાલ.		નિશ્ચયાર્થ.	સંશયાર્થ.	આજ્ઞાર્થ.	કૃદંત.
એકવચન	૧ પુ૦	ઉં	ઉં	—	નર. નારી. નાન્ય.
	૨ પુ૦	એ.·યૅ.*(ઉ†)	એ.યૅ.*	યૅ**	તો, તી, તું.
	૩ પુ૦	એ.યૅ*	એ.ય.*	—	
અનેકવચન	૧ પુ૦	ઈયે.	ઈયે.	—	
	૨ પુ૦	ઓ.	ઓ.	ઓ.	તા, તી, તાં.
	૩ પુ૦	એ. યૅ.*	એ. યૅ.	—	
ભવિષ્યકાલ.					
એકવચન	૧ પુ૦	ઈશ.	ઈશ.	—	
	૨ પુ૦	ઈશ. શે.	ઇશ. શે.	જે	વાનો, ની, નું.
	૩ પુ૦	શે.	શે.	—	
અનેકવચન	૧ પુ૦	ઈશું.	ઈશું.	—	
	૨ પુ૦	શો.	શો.	જો	વાના, ની, ના.
	૩ પુ૦	શે.	શે.	—	
ભૂતકાલ (૧૬૮)	...	ત. અત.		...	યો, ઈ, યું.‡
વિશેષભૂત	...	...	...	...	એલો, લી, લું.
સામાન્ય, અથવા ભાવેરૂપ...			...	...	વો, વી, વું.
કારક, અથવા કર્તૃક		...	...	...	નાર-નારો, રી, રૂ.
સંબંધકભૂત	...	...	...	...	ઈ, ઈને.

---

* મૂળનો અંત્યાક્ષર **અ**, ઈ, ઉ, હોય તો પ્રત્યય **એ** વપરાય; જેમ૦-કરે, ઠરે, પીએ, બીએ, ધૂએ, રૂએ: અંત્યાક્ષર **આ**, **ઓ**, હોય તો પ્રત્યય **ય** વપરાય; જેમ૦-થાય, કરાય, હોય, ખોય; અંત્યાક્ષર **એ** હોય તો તે એમનેએમજ રહે છે, જેમ૦-દે, લે,=દેએ, લેએ. આ પ્રત્યયનું ખરૂ રૂપ ઇ છે, માટે અતિ લઘુ પ્રયત્નથી તેનો ઉચ્ચાર થાય છે.

† આ રૂપ ભાગ્યે વપરાય; તું છે=તું છું; અને કોઈ વળી, તું છુ (અનુસ્વાર વિના) બોલે.

‡ કોઇ વેળા, તો તી તું-યો યી યું-ઠો ઠી ઠું આવે છે (૨૪૯).

** ગુજરાતના ઉત્તર ભાગમાં આજ્ઞાર્થે પ્રત્યય-ય વપરાય છે; જેમ૦-કર્ય, બોલ્ય, ચાલ્ય; પણ દક્ષિણ ભાગમાં પ્રત્યયરહિત કેવળ મળ વપરાય જેમ૦-કર, બોલ, ચાલ.

૧૭૪. શુદ્ધ ક્રિયાપદનાં (સહાયકારક વિના) રૂપો.

મૂળ, અકર્મક ક્રિયાપદ ચડ.

વર્તમાનકાલ.	નિશ્ચયાર્થ.	સંશયાર્થ.	આજ્ઞાર્થ.	કૃદંત.
એકવ૦ પ્ર૦ પુ૦	હું ચડું	હું ચડું	—	ચડતો, તી, તું.
દ્વિ૦ પુ૦	તું ચડે	તું ચડે	તું ચડ, ચડજે	
તૃ૦ પુ૦	તે ચડે	તે ચડે	—	
અનેક૦ પ્ર૦ પુ૦	અમે ચડિયે	અમે ચડિયે	—	ચડતા, તી, તાં.
દ્વિ૦ પુ૦	તમે ચડો	તમે ચડો	તમે ચડો	
તૃ૦ પુ૦	તેઓ ચડે	તેઓ ચડે	—	
ભવિષ્યકાલ.				
એકવ૦ પ્ર૦ પુ૦	હું ચડીશ	હું ચડીશ	—	ચડવાનો, ની, નું.
દ્વિ૦ પુ૦	તું ચડશે	તું ચડશે	તું ચડજે	
તૃ૦ પુ૦	તે ચડશે	તે ચડશે	—	
અનેક૦ પ્ર૦ પુ૦	અમે ચડીશું	અમે ચડીશું*	—	ચડવાના, ની, નાં.
દ્વિ૦ પુ૦	તમે ચડશો	તમે ચડશો	તમે ચડજો	
તૃ૦ પુ૦	તેઓ ચડશે	તેઓ ચડશે	—	
ભૂતકાલ.				
એકવ૦ પ્ર૦ પુ૦	(૧૬૮, ૧૭૭)	હું ચડત†	—	ચડ્યો, ડી, ડ્યું.
દ્વિ૦ પુ૦	—	તું ચડત	—	
તૃ૦ પુ૦	—	તે ચડત	—	
અનેક૦ પ્ર૦ પુ૦	—	અમે ચડત	—	ચડ્યા, ડી, ડ્યાં.
દ્વિ૦ પુ૦	—	તમે ચડત	—	
તૃ૦ પુ૦	—	તેઓ ચડત	—	

વિશેષભૂત. ... ... એકવચન. ચડેલો, લી, લું.
અનેકવચન. ચડેલા, લી, લાં.

સામાન્ય અથવા ભાવેરૂપ. ... ... એકવચન. ચડવો, વી, વું.
અનેકવચન. ચડવા, વી, વાં.

કારક. ચડનાર ... ... એકવચન. ચડનારો, રી, રૂં.
અનેકવચન. ચડનારા, રી, રાં.

સંબંધકભૂત. ... ... ચડી, ચડીને.

---

* કોઈ ચડિશું, ચડશું, કહે. † કોઈ ચડતે કહે.

૧૭૫. શુદ્ધ (સહાયકારક વિના) રૂપો.

મૂળ, અકર્મક તથા સહાયકારક ક્રિયાપદ હો.

વર્તમાન		નિશ્ચયાર્થ.	સંશયાર્થ.	આજ્ઞાર્થ	કૃદંત
એકવ૦	પ્ર૦	હું છું	હું હોઉં	—	હોતો૦†
	દ્વિ૦	તું છે	તું હોય	તું હો‡	
	તૃ૦	તે છે.	તે હોય	—	
અનેક૦	પ્ર૦	અમે છિયે	અમે હઇયે	—	હોતા૦
	દ્વિ૦	તમે છો	તમે હો, હોઓ	તમે હો	
	તૃ૦	તેઓ છે	તેઓ હોય	—	
ભવિષ્યકાલ.					
એકવ૦	પ્ર૦	હું હોઈશ, હઈશ.	હું હોઈશ, હઈશ	—	હોવાનો૦
	દ્વિ૦	તું હોશે, હશે*	તું હોશે, હશે.*	તું હોજે‡	
	તૃ૦	તે હોશે, હશે.	તે હોશે, હશે.	—	
અનેક૦	પ્ર૦	અમે હોઈશું, હઈશું	અમે હોઈશું, હઈશું	—	હોવાના૦
	દ્વિ૦	તમે હોશો, હશો	તમે હોશો, હશો.	તમે હોજો‡	
	તૃ૦	તેઓ હોશે, હશે	તેઓ હોશે, હશે.	—	
ભૂતકાલ.					
એકવ૦	પ્ર૦	(૧૬૮, ૧૭૭)	હું હોત.**	—	હતો૦ હવો૦
	દ્વિ૦	,,	તું હોત	—	
	તૃ૦	,,	તે હોત	—	
અનેક૦	પ્ર૦	,,	અમે હોત.	—	હતા૦ હવા૦
	દ્વિ૦	,,	તમે હોત.	—	
	તૃ૦	,,	તેઓ હોત	—	

વિશેષભૂત	એકવચન.	હોયલો.‡
	અનેકવચન.	હોયલા૦
સામાન્ય અથવા ભાવેરૂપ	એકવચન.	હોવો૦‡
	અનેકવચન.	હોવા૦
કારક. હોનાર	એકવચન.	હોનારો૦
	અનેકવચન.	હોનારા૦
સંબંધકભૂત.	હોઇ. હોઇને.‡	

* એ સ્થળે હોઈશ. હઈશ પણ વપરાય છે. † છતો આ જૂનો કૃદંત 'છતાં,' 'છત'માં છે.

‡ આ રૂપોને સ્થળે હો ક્રિયાપદને પડતું મૂકીને થા વાપરે છે; જે૦—થા, થજે, થઈશ, થવાનો, થએલો ઈ૦. ** કોઈ હોવે કહે.

૧૭૬. અ.) મિશ્ર (સહાયકારકથી થનારાં) રૂપો. મૂળ; અકર્મક ક્રિયાપદ ચડ.

૧. દ્વિત્વવર્તમાનકાલ (મુખ્ય તથા સહાયકારક બેહુનાં વર્તમાન રૂપો).

		નિશ્ચયાર્થ.	સંશયાર્થ.
એકવ૦	પ્ર૦	હું ચડું છું	ચડતો તી તું હોઉં, હઇશ
	દ્વિ૦	તું ચડે છે	ચડતો તી તું હોય, હોશે
	તૃ૦	તે ચડે છે	ચડતો તી તું હોય, હશે
અનેક૦	પ્ર૦	અમે ચડિયે છિયે	ચડતા તી તાં હઇયે, હઇશું
	દ્વિ૦	તમે ચડો છો	ચડતા તી તાં હો, હશો
	તૃ૦	તેઓ ચડે છે	ચડતા તી તાં હોય, હોશે

વર્તમાનભૂત (મુખ્યનો વર્તમાન કૃદંત તથા સહાયકારકનો ભૂતકાલ).

ગત કાલે કાર્ય ચાલતું હતું પણ પુરૂં થયું ન હતું એવો અર્થ દેખાડે છે.*

એકવ૦ હું તું તે	ચડતો	હતો.	ચડતો	હોત
	ચડતી	હતી.	ચડતી	હોત
	ચડતું	હતું.	ચડતું	હોત
અનેક૦ અમે તમે તેઓ	ચડતા	હતા.	ચડતા	હોત
	ચડતી	હતી.	ચડતી	હોત
	ચડતાં	હતાં.	ચડતાં	હોત

૨. ભવિષ્યવર્તમાન (મુખ્યનો ભવિષ્ય કૃદંત, સહાયકારકનો વર્તમાનકાલ).

ક્રિયા થવાની છે, તેનો ઠરાવ થઇ ચૂકેલો છે, એવો અર્થ દેખાડે છે.

એકવ૦	હું	ચડવાનો ની નું છું	ચડવાનો ની નું હોઉં, હઇશ
	તું	,, ,, ,, છે	,, ,, ,, હોય, હોશે
	તે	,, ,, ,, છે	,, ,, ,, હોય, હોશે
અનેક૦	અમે	ચડવાના ની નાં છિયે	ચડવાના ની નાં હઇયે, હઇશું
	તમે	,, ,, ,, છો	,, ,, ,, હો, હોશો
	તેઓ	,, ,, ,, છે	,, ,, ,, હોય, હોશે

ભવિષ્યભૂત (મુખ્યનો ભવિષ્ય કૃદંત અને સહાયકારકનો ભૂતકાલ).

ગત કાલમાં ક્રિયા થવાની હતી એવો અર્થ દેખાડે છે.

એકવ૦ હું તું તે	ચડવાનો	હતો	ચડવાનો ની નું હોત
	ચડવાની	હતી	,, ,, ,, હોત
	ચડવાનું	હતું	,, ,, ,, હોત

* કોઈ વેળા સહાયકારક અધ્યાહાર્ય હોય, પણ એથી અર્થ ફરતો નથી.

અનેક૦ અમે તમે તેઓ	ચડવાના હતા	ચડવાના ની નાં	હોત
	ચડવાની હતી	,, ,, ,,	હોત
	ચડવાનાં હતાં	,, ,, ,,	હોત

૩. ભૂતવર્તમાન (મુખ્યનો ભૂત કૃદંત અને સહાયકારકનું વર્તમાનરૂપ). ક્રિયા તરતજ થઇ છે, એ અર્થ દેખાડે છે.

એકવ૦	હું ચડ્યો ડી ડ્યું છું	ચડ્યો ડી ડ્યું	હોઉં, હોઇશ
	તું ,, ,, ,, છે	,, ,, ,,	હોવ, હોશે
	તે ,, ,, ,, છે	,, ,, ,,	હોય, હોશે
અનેક૦	અમે ચડ્યા ડી ડ્યાં છિયે	ચડ્યા ડી ડ્યાં	હઇયે, હઇશું
	તમે ,, ,, ,, છો	,, ,, ,,	હો, હશો
	તેઓ ,, ,, ,, છે	,, ,, ,,	હોય, હોશે.

દ્વિત્વભૂત (મુખ્યનો અને સહાયકારકનો ભૂત કૃદંત). ગત કાલે થઇ રહેલી ક્રિયાનો અર્થ દેખાડે છે.

એકવ૦ હું તું તે	ચડ્યો હતો	હું ચડ્યો, ડી, ડ્યું હોત
	ચડી હતી	તું ,, ,, ,, હોત
	ચડ્યું હતું	તે ,, ,, ,, હોત.
અનેકવ૦ અમે તમે તેઓ	ચડ્યા હતા	અમે ચડ્યા ડી ડ્યાં હોત
	ચડી હતી (ચડીઓ હતીઓ)	તમે ,, ,, ,, હોત
	ચડ્યાં હતાં	તેઓ ,, ,, ,, હોત.

૪. વિશેષભૂતવર્તમાન (મુખ્યનો વિશેષભૂત કૃદંત અને સહાયકારક ક્રિયાપદનો વર્તમાનકાલ). કાર્ય તરતજ કરેલું છે એવો અર્થ દેખાડે છે.

એકવ૦	હું ચડેલો લી લું છું	હું ચડેલો લી લું હોઉં હઇશ
	તું ,, ,, ,, છે	તું ,, ,, ,, હોય, હશે
	તે ,, ,, ,, છે	તે ,, ,, ,, હોય, હશે.
અનેક૦	અમે ચડેલા લી લાં છિયે	અમે ચડેલા લી લાં હોઇએ, હઇશું
	તમે ,, ,, ,, છો	તમે ,, ,, ,, હો, હશો
	તેઓ ,, ,, ,, છે	તેઓ ,, ,, ,, હોય, હશે.

વિશેષ દ્વિત્વભૂત (મુખ્ય ક્રિયાપદનો વિશેષભૂત કૃદંત ને સહાયકારકનો ભૂતકાલ). ગત કાલે વિશેષભૂતને અર્થે થઇ રહેલી ક્રિયા દેખાડે છે.

એકવ૦ હું તું તે	ચડેલો હતો	હું ચડેલો લી લું હોત
	ચડેલી હતી	તું ,, ,, હોત
	ચડેલું હતું	તે ,, ,, હોત.

અનેક૦ અમે તમે તેઓ	ચડેલા હતા	અમે ચડેલા હોત
	ચડેલી હતી	તમે ,, ,, હોત
	ચડેલાં હતાં	તેઓ ,, ,, હોત

આ). હો ક્રિયાપદનાં પણ કેટલાંએક મિશ્રરૂપો છે.

દ્વિત્વવર્તમાન. હું હોઉં છું, તું હોય છે ૪૦.

વર્તમાનભૂત. હું હોતો હતો, હોતી હતી ૪૦. હોતો હવો, હોતી હવી ૪૦.

ભવિષ્યવર્તમાન. હું હોવાનો—'ની—'નું છું ૪૦.

ભવિષ્યભૂત. હું હોવાનો હતો ૪૦.

હો ક્રિયાપદનાં મિશ્રરૂપો કોઇ વેળા સહાયકારક જેવાં વપરાય છે;—'થતું હોયછે,' 'કરવાનું હોય છે,' 'કરેલું હોય છે.'

૧૭૭. ક્રિયાપદ સકર્મક હોય, પણ જો તેનો કર્તા તૃતીયામાં (કરણ વિભક્તિમાં), અને કર્મ પ્રથમામાં આવે, તો **કર્મણિ** પ્રયોગ થાય છે; 'મેં કામ કર્યું;' 'મારે કામ કરવું.' ગુજરાતીમાં તૃતીયાનો કરણાર્થ પંચમીને પણ વળગ્યો, માટે સહ્યભેદમાં સકર્મક ક્રિયાપદ આવે, તો કર્મ પ્રથમામાં અને કર્તા કરણાર્થે પંચમીમાં આવે છે; 'મારાથી કામ કરાયું;' 'તેનાથી ચોર પકડાયો.'*

ક્રિયાપ૦ અકર્મક હોય, અને કર્તા તૃતીયામાં અથવા કરણાર્થે પંચમીમાં આવે, તો **ભાવે** પ્રયોગ થાય છે; 'મારે ચાલવું;' 'મારે રહેવું;' 'મારાથી ચલાય છે;' 'મારાથી રહેવાય.' અકર્મકને કર્મ નથી માટે તેનો કર્મણિ પ્રયોગ થતો નથી.

કર્તા પ્રથમામાં હોય છે ત્યારે પ્રયોગ કર્તરિ છે, માટે જ્યારે કર્તા કરણાર્થે તૃતીયામાં કે પંચમીમાં આવે, તો પ્રયોગને **કરણે** કરી કહિયે તો નીચે પ્રમાણે ગોઠવણી થાય:—

કર્તરિ અકર્મક—હું આવું, હું જઉં, હું આવ્યો, ગયો.

,, **સકર્મક**—હું કરૂં, શિખું, બોલું; હું શિખ્યો, બોલ્યો.

કરણે અકર્મક=ભાવેપ્રયોગ;

અ). મારાથી (=મેં) અવાય, જવાય, ચલાય, રહેવાય.

આ). મારે (=મેં) આવવું, જવું, ચાલવું, રહેવું.

,, **સકર્મક=કર્મણિપ્રયોગ.**

---

* સંસ્કૃતમાં કરણાર્થે તૃતીયાજ વપરાય છે, માટે જહિં ગુજરાતીમાં એ અર્થે પંચમી આવે છે તહિં તૃતીયા આવે. ચરોતરમાં મૂળની રીત હજી ચાલે છે;—'મેં થયું.'=મારાથી થયું; 'મેં કેમ કહેવાય'=મારાથી કેમ કહેવાય. સકર્મક ક્રિયાપદના ભૂતકાળે મૂળની રીતિ બધે સાધારણે ચાલી, 'મેં કર્યું.'

અ) મેં કર્યું, કહ્યું, વાળ્યું, ચડાવ્યું.

આ) મારાથી (= મેં) કરાય, કહેવાય, ચડાવાય.

ઇ) મારે (= મેં) કરવું, કહેવું, વાળવું, ચડાવવું.

ઘણું કરીને સકર્મક ક્રિયાપદનો પ્રયોગ ભૂતકાલે કર્મણિ, કરણે, છે. 'ચડ' આ અકર્મક ક્રિયાપદનું કર્તરિ રૂપાખ્યાન લખીને, જમણી બાજૂએ તેના પ્રેરકભેદનાં કર્મણિ, કે કરણે, પ્રયોગનાં રૂપ દેખાડેલાં છે.

કર્તરિ-પ્રયોગ. મૂળ ચડ. **કર્મણિ પ્રયોગ. ચડનો પ્રેરક.**

ભૂતકાલ. નિશ્ચયાર્થ.

હું તું તે	ચડ્યો ડી ડ્યું	મેં તેં તેણે	ચડાવ્યો વી વ્યું.
અમે તમે તેઓ	ચડ્યા ડી ડ્યાં	અમે તમે તેઓએ	ચડાવ્યા વી વ્યાં.

ભૂતવર્તમાનકાલ. નિશ્ચયાર્થ.

હું	ચડ્યો	ડી	ડ્યું	છું	મેં	ચડાવ્યો વી વ્યું છે.
તું	,,	,,	,,	છ	તેં	
તે	,,	,,	,,	છે	તેણે	
અમે	ચડ્યા	ડી	ડ્યાં	છિયે	અમે	ચડાવ્યા વી વ્યાં છે.
તમે	,,	,,	,,	છો	તમે	
તેઓ	,,	,,	,,	છે	તેઓએ	

સંશયાર્થ.

હું	ચડ્યો	ડી	ડ્યું	હોઉં	મેં	ચડાવ્યો વી વ્યું હોય.
તું	,,	,,	,,	હોય	તેં	
તે	,,	,,	,,	હોય	તેણે	
અમે	ચડ્યા	ડી	ડ્યાં	હઇએ	અમે	ચડાવ્યા વી વ્યાં હોય.
તમે	,,	,,	,,	હો	તમે	
તેઓ	,,	,,	,,	હોય	તેઓએ	

દ્વિત્વભૂતકાલ. નિશ્ચયાર્થ.

હું તું તે	ચડ્યો હતો ચડી હતી ચડ્યું હતું	મેં તેં તેણે	ચડાવ્યો હતો. ચડાવી હતી. ચડાવ્યું હતું.
અમે તમે તેઓ	ચડ્યા હતા ચડી હતી ચડ્યાં હતાં	અમે તમે તેઓએ	ચડાવ્યા હતા. ચડાવી હતી. ચડાવ્યાં હતાં.

સંશયાર્થ.

હું તું તે	ચડયો ડી ડયું હોત	મેં તેં તેણે	ચડાવ્યો વી વ્યું હોત.
અમે તમે તેઓ	ચડયા ડી ડયાં હોત	અમે તમે તેઓએ	ચડાવ્યા વી વ્યાં હોત.

વિશેષભૂતવર્તમાનકાલ. નિશ્ચયાર્થ.

હું	ચડેલો	લી	લું	છું	મેં	ચડાવેલો લી લું છે.
તું	,,	,,	,,	છે	તેં	
તે	,,	,,	,,	છે	તેણે	
અમે	ચડેલા	લી	લાં	છિયે	અમે	ચડાવેલા લી લા છે.
તમે	,,	,,	,,	છો	તમે	
તેઓ	,,	,,	,,	છે	તેઓએ	

સંશયાર્થ.

હું	ચડેલો	લી	લું	હોઉં	મેં	ચડાવેલો લી લું હોય.
તું	,,	,,	,,	હોય	તેં	
તે	,,	,,	,,	હોય	તેણે	
અમે	ચડેલા	લી	લાં	હઇયે	અમે	ચડાવેલા લી લાં હોય.
તમે	,,	,,	,,	હો	તમે	
તેઓ	,,	,,	,,	હોય	તેઓએ	

વિશેષદ્વિત્વભૂત. નિશ્ચયાર્થ.

હું તું તે	ચડેલો	હતો	મેં	ચડાવેલો હતો.
	ચડેલી	હતી	તેં	ચડાવેલી હતી.
	ચડેલું	હતું	તેણે	ચડાવેલું હતું.
અમે તમે તેઓ	ચડેલા	હતા	અમે	ચડાવેલા હતા.
	ચડેલી	હતી	તમે	ચડાવેલી હતી.
	ચડેલાં	હતાં	તેઓએ	ચડાવેલાં હતાં.

સંશયાર્થ.

હું તું તે	ચડેલો લી લું હોત	મેં તેં તેણે	ચડાવેલો લી લું હોત.
અમે તમે તેઓ	ચડેલા લી લાં હોત	અમે તમે તેઓએ	ચડાવેલા લી લાં હોત.

નકારવાચક ક્રિયાપદ, અથવા નિષેધાર્થ રૂપો.

૧૭૮. નકાર અથવા નિષેધાર્થ શબ્દ ન, ના, નવ, નહિ, અને આજ્ઞાર્થમાં મા, છે. ક્રિયાપદની સાથે આ શબ્દને મેળવવાની એક રીતિ નીચે છે;—

શુદ્ધ રૂપો. હો ક્રિયાપદ.

નિશ્ચયાર્થ. વર્તમાનકાલ. હું નથી. તું નથી. તે નથી.
અમે નથી. તમે નથી. તેઓ નથી.*

ભવિષ્યકાલ. હું ન હઈશ. તું ન હશે. તે ન હશે ઇ૦.

ભૂતકાલ. હું ન હતો તી તું. તું ન હતો તી તું તે ન હતો તી તું.
અમે ન હતા તી તાં. તમે ન હતા તી તાં. તેઓ ન હતા તી તાં.

સંશયાર્થ. વર્તમાનકાલ. હું ન હોઉં. તું ન હોય. તે ન હોય.
અમે ન હઈયે. તમે ન હો. તેઓ ન હોય.

ભવિષ્યકાલ. હું ન હઇશ ઇ૦. નિશ્ચયાર્થનાં રૂપ પ્રમાણે.

ભૂતકાલ. હું ન હોત. તું ન હોત. તે ન હોત ઇ૦.

આજ્ઞાર્થ. વર્તમાન. હોતો ના, ન હો ઇ૦; પણ એને ઠેકાણે થા ક્રિયાપદના રૂપો.

ભવિષ્ય. ન હોજે, હોઈશ ના, હોઈશ મા; થાના રૂપો વપરાય.

કૃદંત. વર્તમાન. ન છતાં. ન હોતો ઇ૦. થાના રૂપો વપરાય.

ભૂત. ન હતો. ન હવો ઇ૦.

વિશેષભૂત. ન હોએલું ઇ૦. ન થએલું ઇ૦; (કે ન થયલું ઇ૦.)

સંબંધકભૂત. ન હોઇ. ન હોઇને.

સામાન્ય કે ભાવેરૂપ. ન હોવો, વી, વું ઇ૦.

કારક. ન હોનારો, રી, રૂં, ઇ૦. ન હોનાર.

નિશ્ચયાર્થ. દ્વિત્વવર્તમાન. હું હોતો તી તું નથી.

વર્તમાનભૂત. થા ધાતુના રૂપો લીધેલાં છે; હું થતો ન હતો ઇ૦.

ભવિષ્યવર્તમાન. હું હોવાનો ની નું નથી, ઇ૦.

ભવિષ્યભૂત. હું હોવાનો ન હતો. 'થા' નાં રૂપો લીધેલાં છે.

સંશયાર્થ. દ્વિત્વવર્તમાન. હું હોતો ન હોઉં ઇ૦.

વર્તમાનભૂત. થા ધાતુનાં રૂપો લીધેલાં છે.

---

* નથી, નાસ્તિ (ન છે), આનો અપભ્રંશ. મૂળ ભાષામા આ શબ્દ એકવચન તૃતીય પુરૂષનો છે, પણ ગુજરાતીમાં બેહુ વચને અને ત્રણે પુરૂષમાં વપરાય છે.

ભવિષ્યવર્તમાન. હું હોવાનો ની તું હોઉં ઇ૦. થવાનો ઇ૦.

ભવિષ્યભૂત. થા ક્રિયાપદનાં રૂપો વપરાય છે.

કર ક્રિયાપદનાં નિષેધાર્થ રૂપો.

૧૭૯. **શુદ્ધ રૂપો. નિશ્ચયાર્થ. વર્તમાન.** હું ન કરૂં ઇ૦.

એને ઠેકાણે દ્વિત્વવર્તમાનકાલના રૂપો વપરાય છે.

ભવિષ્ય. હું ન કરીશ, હું કરીશ નહિ ઇ૦. [તું ન કરીશ, કરીશ ના, ઇ૦. દ્વિતીય પુરૂષનું રૂપ ઘણુંકરીને આજ્ઞાર્થમાં વપરાય છે, માટે એને ઠેકાણે ભવિષ્ય વર્તમાન કાલનું મિશ્ર રૂપ આવે છે].

ભૂત. મેં ન કર્યો. કર્યો નહિ ઇ૦.

સંશયાર્થ. વર્તમાન. હું ન કરૂં. હું કરૂં નહિ ઇ૦.

ભવિષ્ય. હું ન કરીશ, હું કરીશ નહિ. અમે ન કરિયે. કરિયે નહિ ઇ૦.

ભૂત. હું ન કરત, તું ન કરત, હું કરત નહિ, તું કરત નહિ ઇ૦.

આજ્ઞાર્થ. વર્તમાન. તું કર ના, તું ના કર; કરતો-તી-તું ના; કર મા; કરતો તી તું મા; તમે કરો ના; કરતા તી તાં ના.

ભવિષ્ય. તું કરીશ ના, ના કરીશ, કરશે મા, મા કરશે ઇ૦.

કૃદંતો. ન, ના, નહિ, આવા અર્થના શબ્દો કૃદંતોની સાથે બોલ્યાથી નિષેધાર્થ થાય છે.

નિશ્ચયાર્થ. દ્વિત્વવર્તમાન. હું કરતો નથી, કરતી નથી ઇ૦.

વર્તમાનભૂત. હું કરતો ન હતો, કરતી ન હતી ઇ૦.

ભવિષ્યવર્તમાન. હું કરવાનો ની નું નથી.

ભવિષ્યભૂત. હું નહિ કરવાનો હતો, હું કરવાનો ન હતો ઇ૦.

ભૂતવર્તમાન. મેં, તેં ઇ૦ કર્યો નથી, કરી નથી, કર્યું નથી.

દ્વિત્વભૂત. મેં, તેં ઇ૦ કર્યો ન હતો. કરી ન હતી ઇ૦.

વિશેષભૂતવર્તમાન. મેં ઇ૦ કરેલો નથી, કરેલી નથી ઇ૦.

દ્વિત્વવિશેષભૂત. મેં ઇ૦ કરેલો ન હતો, કરેલી ન હતી ઇ૦.

સંશયાર્થ. દ્વિત્વવર્તમાન. હું ન કરતો તી તું હોઉં.

વર્તમાનભૂત. હું ન કરતો તી તું હોત. હું કરતો તી-તુ ન હોત ઇ૦.

ભવિષ્યવર્તમાન. હું ન કરવાનો ની નું હોઉં. હું કરવાનો ની નું ન હોઉં ઇ૦.

ભવિષ્યભૂત. હું ન કરવાનો ની નું હોત. હું કરવાનો ની નું ન હોત.

ભૂતવર્તમાન. મેં ઇ૦ ન કર્યો રી યું હોય. કર્યો રી યું ન હોય.

દ્વિત્વભૂત. મેં ઈ૦ ન કર્યો રી યું હોત. કર્યો રી યું ન હોત.
વિ૦ ભૂ૦ વર્ત૦. મેં ન કરેલો લી લું હોય.
દ્વિત્વ વિ૦ ભૂત. મેં ન કરેલો લી લું હોત.

१८०. **अपूर्ण क्रियापद.** प्र. अपूर्ण क्रियापद एटले शुं ?

ઉ. જેને બધાં રૂપ લાગતાં નથી તે અપૂર્ણ ક્રિયાપદ કહેવાય છે; માટે **હો** અપૂર્ણ છે. **સૂ**, વહે, ભર, ઈ૦ કર્મકભેદનાં રૂપમાં વપરાતાં નથી, માટે તેમને અધુરાં ગણાય, પણ એમના વિષે કંઇ વિશેષ વર્ણન કરવું અગત્ય નથી; કેમકે તેમનાં રૂપો સાધારણ રીતિયે ચાલે છે. પણ (**જોઇયે**, કે) **જોઈએ**, આ ક્રિયાપદ કંઇ ભિન્ન છે. **યુજ** ધાતુનો સહ્યભેદ **યુજ્યતે**, એનો અપભ્રંશ એ છે. (**ય**=જ (१०७ ઊ), ઉનો ગુણ થયે **ઓ**, માટે **યુ**=**જો**; **જ્ય** નો **જ** ઉડી ગયો, અને રહેલો **ય** નો લઘુ પ્રયત્ન ઉચ્ચાર થયે સંવર્ણ ઈ થયો; પછી છેલ્લો પ્રત્યય 'તે,' એનો યે કે **એ** થયો, १०७ ઈ, ક.)

શુદ્ધ રૂપો.	નિશ્ચયાર્થ.	વર્તમાનકાલ.	જોઇએ.*
	સંશયાર્થ.	ભવિષ્યકાલ	જોઇશે.*
	સંશયાર્થ.	ભૂતકાલ.	જોઈઅત.
	કૃદંત.	વર્તમાન.	જોઇતો તી તું.
			જોઇતા તી તાં.
મિશ્ર રૂપો,	નિશ્ચયાર્થ,	દ્વિત્વવર્તમાન.	જોઇએ છે.
		વર્તમાનભૂત.	જોઇતો હતો, જોઇતી હતી.
			જોઇતું હતું, જોઇતા હતા ઈ૦.
	સંશયાર્થ,	દ્વિત્વવર્તમાન.	જોઇતો તી તું હોય.
			જોઈતા તી તાં હોય.
		વર્તમાનભૂત.	જોઇતો તી તું હોત.
			જોઇતા તી તાં હોત.

ટીકા. युज् ધાતુથી ગુજરાતી જો આવ્યો છે, માટે જોમાં તથા જોઇએમાં મૂળે સકર્મક ક્રિયાપદનો તથા તેના સહ્યભેદનો સંબંધ છે. પણ આંખે

* કોઈ "જોઇએ છિયે," "જોઈશું," કહે છે; એમાં મૂળની વિસ્મૃતિ છે; मया तद् युज्यते, મારે તે જોઈએ. આ ક્રિયાપદનો પ્રયોગ કર્મણિ છે, માટે એની સાથે તૃતીયા વિભક્તિ, અને પુરૂષ તૃતીય છે; તેણે કરવું જોઈએ, તેઓએ આવવું જોઈએ.

જોવું એ અર્થ જોઇએમાં રહ્યો નહિ. બીજા અર્થો, એટલે, ખપ છે, ઇચ્છા છે, અગત્ય છે, ઘટાર્થ છે, એઓ સંસ્કૃતમાં પણ સહ્રૂપ युज्यते ની સાથે કંઇ વળગવા લાગ્યા, અને તેથી ગુજરાતીમાં ચાલ્યા. એજ રીતિયે હિંદીમાં इष ધાતુથી ચાહીએ, અને મરાઠીમાં पश् (दृश्) ધાતુથી પાહા અને પાહિજે?

સંયુક્ત ક્રિયાપદ વિષે.

૧૮૧. કેટલાંએક ક્રિયાપદ બીજાંની સાથે એવો સંબંધ રાખે છે કે તેમનાથી સંયુક્ત અર્થ ઉત્પન્ન થાય છે. તેથી અર્થની વૃદ્ધિ, ને બીજા વિકાર થાય છે. એ રીતે મળેલાંને **સંયુક્ત ક્રિયાપદ** કહિયે છિયે. જોડમાં પહેલાંને **વિકૃત,** એટલે બદલાયલું કહિયે; કેમકે તેના અર્થનો વિકાર વિશેષે કરીને થાય છે; અને બીજાને **વિકારક,** એટલે બદલાવનાર કહિયે; કેમકે તેથી બીજાનો અર્થ બદલાય છે. જા, આવ, ચૂક, નાખ, લાખ, શક, લાગ, માંડ, કર, લે, દે, મૂક, રાખ, રહે, ઇત્યાદિ વિકારક થઈ વિકૃતના અર્થને ફેરવે છે. વિકારકને કાલ, વચન, પુરૂપ ઇત્યાદિનાં રૂપ લાગે, અને વિકૃત કોઇ કૃદતના રૂપમાં રહે છે. સંબંધક ભૂત કૃદંત વિશેષે કરીને એવા કામમાં આવે છે, પણ કોઇ વેળા વર્તમાન તથા ભૂત કૃદંતો, અને સામાન્ય રૂપ પણ, એવા કામમાં આવે.

૧૮૨. **સંબંધક ભૂત કૃદંતની સાથે મળનારાં ક્રિયાપદ** (૧૭૦).

जा. ગતિવાચક અકર્મક ક્રિયાપદ. સંયુક્ત પણ અકર્મક. વિકૃતના અર્થમાં વધારો અને સંપૂર્ણતા કરાવે છે; જે૦—થા, થઈ જા. મર, મરી જા. નાસ, નાસી જા. ચડ, ચડી જા. બેસ, બેસી જા. બીજા કૃદંતોની સાથે આ વિકારકની બીજી અસરો થાય છે, તેનું વર્ણન આગળ આવશે (૧૮૩).

चुक. વિકારક તથા સંયુક્ત અકર્મક. આ ક્રિયાપદનો અર્થ કોઈ વેળા ભૂલવું, અને કોઇ વેળા સમાપ્તિ કરવી. વિકારકમાં સમાપ્તિનો અર્થ ચાલે છે; જે૦—થવું, થઇ ચુકવું; દોડવું, દોડી ચુકવું; કહેવું, કહી ચુકવું.

नाख—लाख. એ બેહુ એકજ ક્રિયાપદનાં રૂપ છે. વિકારક તથા સંયુક્ત, સકર્મક. ઝડપથી પોતાની પાસેથી દૂર કરવું—ફેંકવું. વિકૃતની ક્રિયા વિષે સંપૂર્ણતા અને કંઇ ત્વરા દેખાડે છે; જે૦—માર, મારી નાખ; કહાડ, કહાડી નાખ; ધો, ધોઇ નાખ. કોઇ પ્રાંતમાં નાખને સ્થલે લાખ વધારે વાપરે છે.

पड. વિકારક તથા સંયુક્ત અકર્મક. વિકૃતની ક્રિયાનું કંઇ ઓચિંતાપણું, અને કર્તાની કંઇ આગ્રહતા દેખાડે છે; જે૰—વળગ, વળગી પડ; આવ, આવી પડ; જા, જઇ પડ.

पाड. પડનો કર્મકભેદ. ઝાલ, ઝાલી પાડ; માર, મારી પાડ.

शक. વિકારક તથા સંયુક્ત અકર્મક. સામર્થ્ય—પરાક્રમનો અર્થ દેખાડે છે, જે૰—કર, કરી શક; થા, થઇ શક. આ સંયુક્તમાં સંબંધક કૃદંતનો અર્થ સામાન્ય રૂપને સમાન છે.

ले. વિકારક તથા સયુક્ત બેહુ સકર્મક. ગ્રહણ કરવું—પામવું. સંયુક્તમાં, પોતાનું કરવું; જે૰—સમજ, સમજી લે; શિખ, શિખી લે; કર, કરી લે.

दे. વિકારક, સંયુકત બેહુ સકર્મક. બીજાને સ્વાધીન કરવું—આપવું. લે, એને ઉલટો અર્થ. વિકૃતની ક્રિયા વિષે સંપૂર્ણતા, અને ત્વરા પણ દેખાડે છે; જે૰ નાખ, નાખી દે; તજ, તજી દે; મૂક, મૂકી દે; ચડાવ, ચડાવી દે.

रहे. વિકારક તથા સંયુકત અકર્મક. સ્થિરતાનો અર્થ દેખાડે છે. વિકારકની ક્રિયા પૂર્ણ થઇ થંભી છે એવું દેખાડે છે; જે૰ કર, કરી રહેવું; થા, થઇ રહ્યું; શિખ, શિખી રહેવું.

૧૮૩. વિકૃતના વર્તમાન કૃદંતની સાથે મળનાર વિકારક.

જા, આવ, રહે, થા, એઓથી વિકૃતના વર્તમાન અર્થને ટેકો મળે છે.

जा. ગતિવાચક અકર્મક. વિકારકના વર્ણ પ્રમાણે સંયુકતનો છે. વિકૃતની ક્રિયા વિષે અભ્યાસ, કે ચલુપણું દર્શાવે છે; જેમકે—લખ, લખતો જા; વાંચ, વાંચતો જા; બગડે છે, બગડતું જાય છે; ચાલ્યું, ચાલતું ગયું (૧૮૨).

आव. અકર્મક ક્રિયાપદ. જા, એનો ઉલટો અર્થ—ગતિની સામી દિશા દેખાડે છે; બગડતું આવવું. ચાલતું આવ્યું. લખતો આવ.

रहे. અકર્મક ક્રિયાપદ. વિકારકના વર્ણ પ્રમાણે સંયુકતનો થાય છે. સ્થિરતાનો અર્થ દેખાડે છે, અને વિકૃતની ક્રિયાની સંપૂર્ણતા દર્શાવે છે; ગયો, જતો રહ્યો; ચડે છે, ચડતો રહે છે.

था. સ્થિતિ વિકારવાચક અકર્મક. નવી સ્થિતિમાં આવવું. વિકૃતની ક્રિયાના અર્થનો વધારો દેખાડે છે; ચાલ્યો, ચાલતો થયો.

૧૮૪. ભૂતકૃદંતની સાથે મળીને સંયુક્ત ક્રિયાપદ જેવાં કોઈ

થાય છે. તેઓ ખરાં સંયુક્ત ક્રિયાપદમાં ગણાય નહિ ખરાં, પણ તેમની સાથે કંઇ મળે એવાં છે, માટે તેમને સંભારવાં જોઇએ.

कर. સકર્મક. વિકૃતના ભૂતકૃદંતની સાથે મળે તો અભ્યાસનો અથવા નાથુપણાનો અર્થ દેખાડે છે; કરવું, કર્યા (કર્યાં) કરવું; વાંચવું, વાંચ્યા (વાંચ્યાં) કરવું.

जा. વિકારક થઇ સત્ત્વાર્થ દેખાડે છે, મારવું, માર્યા ગયા; લખવું, લખ્યા-લખ્યું જવું (૧૮૩).

૧૮૫. સામાન્ય રૂપની સાથે બીજાં ક્રિયાપદ મળે તો ખરૂં સંયુક્ત ક્રિયાપદ થતું નથી ખરૂં, પણ કોઇ વેળા સંયુક્ત જેવાં કંઇ દેખાય છે..

आव. સિદ્ધતાનો—પૂરા સમયનો અર્થ દેખાડે છે; જેમકે—"એના દિવસ થવા આવ્યા."

कर. યત્ન અથવા ઇચ્છા દેખાડે છે; જેમકે—"તે પેસવા કરે છે," "તે મને મારવા કરે છે;" એટલે પેસવા—મારવા વિષે ઇચ્છા કે પ્રયત્ન કરે છે.

लाग. પાસે હોવું—વળગ્યું રહેવું. કોઇ ક્રિયાની સાથે વળગીને તેનો આરંભ કરવો; "મારવા લાગવું;" "પાડવા લાગવું;" "શિખવા લાગવું."

माड. નોંધવું-મૂકવું. કોઇ ક્રિયા વિષે પ્રયત્ન ઠરાવી આરંભ કરવો; કરવા માડવું, શિખવા માડવું. આ ક્રિયાપદ સકર્મક છે. એનો અકર્મક મૂળ મંડ છે; તેનું સંયુક્ત પણ અકર્મક છે; તે કરવા મંડયો.

૧૮૬. વિષયપદથી સાધિત ક્રિયાપદ; નામની સાથે કર ક્રિયાપદ વાપર્યાથી; જે૦—વિચાર કરવો, રાજ્ય કરવું. કોઇ વેળા શુદ્ધ ક્રિયાપદ છતાં પણ, તેના ધાતુથી સાધિત થયલા નામની સાથે કર ક્રિયાપદ મેળવ્યાથી તેના મળતા અર્થનું એક યુક્ત ક્રિયાપદ થાય છે; જે૦, ગાવું = ગાયન કરવું, વિચારવું = વિચાર કરવો, પસ્તાવું = પસ્તાવો કરવો. એવામાં કોઇ વેળા અર્થનો કોઇ ફેર થાય છે; જેમકે-માનવું, અને માન્ય કરવું; ધારવું અને ધારણ કરવું.

કર ક્રિયાપદને આ અર્થમાં વાપરવાની રૂઢિ સંસ્કૃતમાંથી ગુજરાતીમાં ચાલી. सः विश्वासं करोति, તે વિશ્વાસ કરે છે; ते दयां कुर्वन्ति, તેઓ દયા કરે છે.

અ). **નામની સાથે થા ક્રિયાપદ** વાપર્યાથી; જે૦—તે મોટો થાય. સંસ્કૃતમાં भू ધાતુ એવાજ કામમાં લેવાય છે. सा माता भवति, તે મા થાય છે.

સહ્યાર્થ. એટલે સહેવાનો અર્થ, અનેક પ્રકારે દર્શાવાય છેઃ—

૧૮૯. सह्यभेदे करीने;—કરાયું; ખરચાયું; લખાયું (૧૪૧. ૧૫૩).

૧૯૦. खा क्रियापदने नामनी साथे बोलवाथी;—'માર ખાય છે;' 'સોટી ખાય છે;' 'જૂતી ખાય છે.'

૧૯૧. जा क्रियापदथी (૧૮૪); 'તેઓ માર્યા જાય છે;' 'પાને **લખ્યા નવ જાય** શ્રી ગણેશના ગુણગ્રામ.' ઓખાહરણ. ૧.

૧૯૨. सामान्य रूपनी सप्तमी साथे आव क्रियापदथी; જોવામાં આવે.

૧૯૩. સહ્યભેદનો પ્રત્યય **આ**, અને સહ્યાર્થદર્શક ક્રિયાપદ **જા**, એહુ એકજ મૂળનાં છે. સંસ્કૃત સહ્યાર્થ પ્રત્યય 'यનાં પ્રાકૃતમાં બે રૂપ ईअ—इज्ज' ચાલ્યાં. 'ईअ'નો ગુજરાતીમાં **આ**, 'इज्ज'નો **જા** થયાં; સંસ્કૃત पठ्य = પ્રાકૃત पढिअ—पढिज्ज = વંચા—વાંચ્યોજા. સંસ્કૃત પ્રત્યય 'य,' या ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયો છે, માટે એનો મૂળાર્થ જા છે. એવું સંભવ્યું છે કે 'य' પ્રત્યયનું અપભ્રંશ રૂપ 'જા,' મૂળના ક્રિયાપદના અર્થની સાથે ફરી મળી ગયું છે; या ક્રિયાપદનો यપ્રત્યય,—यનો ज्ज,—ज्जનો જા થયો.

કર્તરિ, કર્મણિ, ભાવે, કરણે પ્રયોગ.* ક્રિયાનાથ.

૧૯૪. कर्मणि प्रयोगનો ખરો અર્થ સહ્ય છે; સકર્મકના સહ્યભેદનો પ્રયોગ કર્મણિ છે, માટે તેણે—તેનાથી હું બંધાયો, તું બંધાયો, ૪૦. એમાં કર્તાની વિભક્તિ તૃતીયા—કરણ, અથવા કરણને અર્થે પંચમી છે, અને કર્મની પ્રથમા છે. ઘણાંખરાં સકર્મક ક્રિયાપદને ભૂતકાલે કર્મણિ પ્રયોગ ચાલે છે (૧૯૬, ૨૦૦), પણ, તેણે હું કર્યો, એવું બોલવાની રૂઢિ ગુજરાતીમાં નથી, સંસ્કૃતમાં તેમ अहं कृतः કહિયે, પણ એને સ્થલે ગુજરાતીમાં 'તેણે મને કર્યો,' એવું કહે છે.

૧૯૫. કર્તરિ કર્મણિમાં અર્થનો ફેર નથી; "હું તે વાપરૂં છું" એમાં, અને "મારાથી તે વપરાય છે" એમાં, અર્થાંતર રહિત પ્રયોગાંતર છે. સંસ્કૃતમાં स तद् अकरोत्, કર્તરિ, અને तेन तत् कृतं, કર્મણિ (તેણે તે કર્યું), એહુ ચાલે છે. પણ કર્મણિ પ્રયોગ વધારે ચાલ્યો હશે, માટે અર્વાચીન પ્રાકૃતોમાં

* कर्तरि, કર્તૃની સપ્તમી; कर्मणि, કર્મન્‌ની સપ્તમી; भावे, ભાવની સપ્તમી; करणे (૧૭૭), કરણની સપ્તમી.

વધારે દેખાય છે. સંસ્કૃત ભૂતકાલનાં શુદ્ધ રૂપો*, અથવા તેમનાં અપભ્રંશ રૂપો ગુજરાતીમાં ચાલ્યાં નહિ, કેવળ ભૂતકૃદંતથી વેહવાર ચાલ્યો; એ કૃદંત મૂળે સહાર્થનો છે, માટે તેનાં સાધિત થએલાં રૂપો પણ સહ છે, અને સહાર્થનો પ્રયોગ, એટલે કર્મણિ, તેમના વિષે ચાલ્યો.

૧૯૬. સકર્મક ધાતુથી સાધિત થનારાં સહભેદમાં બધાં રૂપો કર્મણિ છે. મારાથી કામ કરાય, કરાશે, કરાયું, કરાત ૪૦. કોઇ એને કર્મણિવાચક પણ કહે છે. (૧૭૭. ૨૦૧.*) અહિં કર્મ પ્રથમા છે, માટે પ્રયોગ કર્મણિ છે.

૧૯૭. સંશયાર્થમાં ભૂતકાલનું શુદ્ધ રૂપ કર્તરિ છે; જેમકે, હું કરત; પણ મિશ્ર રૂપોમાં સંશયાર્થનાં ભૂતકાલનાં રૂપો કર્મણિ છે; જેમકે, મેં કર્યું હોત, મેં કરેલું હોત. કારણ એ છે, કે 'હું કરત,' એ રૂપ કૃદંતનો અપભ્રંશ નથી, શુદ્ધ રૂપનો છે (૧૯૫*); મેં કર્યું હોત, મેં કરેલું હોત, એવામાં સહાર્થનો કૃદંત આવે છે, માટે કર્મણિ પ્રયોગમાં વપરાય છે.

૧૯૮. **બધાં સકર્મક ક્રિયાપદના પ્રયોગ ભૂતકાલે કર્મણિ નથી;** જેમકે—અડ, અડક, ચૂક, જમ, પામ, બોલ, ભણ, લાવ, વળગ, શિખ, સમજ, અને બીજાં કોઇ હશે; હું જમ્યો, હું બોલ્યો, હું પામ્યો, શિખ્યો કહે છે; પણ મેં જમ્યો, મેં બોલ્યો, ૪૦ નથી કહેતા. એમાં સહાર્થની વિસ્મૃતિ હશે.

ઓચ્ચર, કરડ, જણ, જીત, ડસ, તજ, પરણ, ભાખ, ભૂલ, રમ, વિસર, વ્યાપ, સાંખ, હાર, અને બીજાં હશે, જેમનો પ્રયોગ ભૂતકાલે કોઇ વેળા કર્મણિ, અને કોઇ વેળા કર્તરિ છે. કાવ્યમાં એવું આવે છે. આ ક્રિયાપદનાં કોઇ તો મૂળે અકર્મક હોય; જેમકે, લાવ=લઇ આવ હશે; પણ બીજાં વિષે એવો કોઇ ખુલાસો જડતો નથી. મને ભાસે છે કે જેમ સંસ્કૃતમાં કોઇ આત્મને (મૂળે અકર્મક), કોઇ પરસ્મૈ (મૂળે સકર્મક) છતાં પણ કોઇ ઉભયપદ—બેહુપદ—ના હોય છે, અને પરસ્મૈને અર્થે કોઇ આત્મને રૂપનાં, અને આત્મનેના અર્થમાં કોઇ પરસ્મૈ રૂપનાં વપરાય છે, તેમ ગુજરાતીમાં પણ કોઇ ક્રિયાપદ વર્ણે સકર્મક છતાં પણ અકર્મક ક્રિયાપદના સાધારણ પ્રયોગમાં (કર્તરિ પ્રયોગમાં) ચાલે છે.

૧૯૯. કર આદિક ક્રિયાપદ, જેમને ભૂતકાલે કર્મણિ ચાલે છે, એ કાલનાં બધાં રૂપમાં કર્મણિનો સ્વીકાર નથી કરતા;—હું કરતો હતો, હું કરવાનો હતો,

*સંસ્કૃતમાં ભૂતકાલનાં શુદ્ધ રૂપો આર્ષોક્તિએ કરીને, એટલે શબ્દની પૂર્વે કોઈ અક્ષર વધારીને થાય છે; જેમકે, भू ધાતુનાં—अभूत्, अभवत्, बभूव; कृ ધાતુનાં अकरोत्, अकार्षीत्, चकार. ભૂતકાલમાં પૂર્વાક્ષર વાપરવાની રીતિ ગુજરાતીમાં નહિ ચાલી. સંશયાર્થે अभूत्નો અપભ્રંશ **હોત**, અને अकरोत्નો **કરત**, ચાલ્યું (૧૯૭), માટે એનો પ્રયોગ કર્તરિ છે.

એમાં કર્તરિ પ્રયોગ ચાલે છે; કેમકે 'કરતો' એ વર્તમાન, અને 'કરવાનો' એ ભવિષ્ય કૃદંત છે; એઓમાં સત્યાર્થ નથી.

૨૦૦. ભાવે પ્રયોગ. અકર્મક ક્રિયાપદ કર્મરહિત છે, માટે તેનો કર્મણિ પ્રયોગ થાય નહિ. જ્યારે અકર્મકનો કર્તા તૃતીયામાં, કરણ વિભક્તિમાં, કે કરણને અર્થે પંચમીમાં આવે, ત્યારે એનો પ્રયોગ ભાવે કહેવાય છે (૧૭૭). કર્મણિ પ્રયોગને, કરણે સકર્મક, અને ભાવે પ્રયોગને, કરણે અકર્મક કહેવાને ધારિયે છિયે (૨૦૧).*

૨૦૧. ક્રિયાનાથ. "ક્રિયાપદની જાતિ, વચન, કે પુરૂષ, જેના "પ્રમાણે બદલાય છે, તેનું નામ **ક્રિયાનાથ** પાડ્યું છે; જેમ, છોકરો ચોપડી "વાંચતો હતો. આ વાક્યમાં 'વાંચતો' આ ક્રિયાપદનો ક્રિયાનાથ 'છોકરો' છે. "વળી, છોકરે પાટી લખી, આ વાક્યમાં 'લખી' આ ક્રિયાપદનો ક્રિયાનાથ "'પાટી' છે." હોપ સાહેબનું વ્યાકરણ, પૃષ્ઠ ૨૨.

"જ્યારે ક્રિયાનાથ **કર્તા** હોય છે, ત્યારે કર્તરિ પ્રયોગ થાય છે; જેમ, હું "બોલું છું; તે લખતો; છોકરાં ભણતાં હતાં.—જ્યારે ક્રિયાનાથ **કર્મ** છે, "ત્યારે કર્મણિ પ્રયોગ થાય છે; જેમ, મેં ચોપડી વાંચી; તેણે કાગળ લખ્યો. "જ્યારે કર્તા અથવા કર્મ ક્રિયાનાથ ન છતાં, ક્રિયાપદનો ભાવ ક્રિયાનાથ થાય છે, "ત્યારે **ભાવે પ્રયોગ** કહેવો; જેમ, મારે બેસવું; મારાથી બેસાયું. ભાવે "પ્રયોગમાંના ક્રિયાપદનાં રૂપને હમેશાં નાન્યતર જાતિનું એકવચનજ લાગે છે." હોપ વ્યા० ૯૪-૯૫. (૧૩૬).

---

* 'करणे प्रयोग,' એ નામ વાપરિયે તો જાણવું, કે કરણે સકર્મકનો ક્રિયાનાથ કર્મ છે; કરણે અકર્મકનો ક્રિયાનાથ ક્રિયાપદનો ભાવ છે. ભાવાર્થે એકવચને જાતિરહિત છે, માટે કરણે અકર્મકમાં ક્રિયાપદ નાન્યતર એકવચનમાંજ આવે. करणे सकर्मक; મેં ગ્રંથ કર્યો; મારાથી ગ્રંથ કરાયો;—એમાં કર્મની જાતિ વચન પ્રમાણે કૃદંતના અક્ષર ફરે. करणे अकर्मक; 'મારાથી રહેવાતું નથી,' એટલે રહેવું એ થતું નથી.; 'રહેવું' એ નાન્યતર એકવચન છે, તેના પ્રમાણે કૃદંતનું રૂપ જોઈએ.

પંચમી વિભક્તિમાં કર્તાનો અર્થ છે, એ માનવાને બધા રાજી નથી. પણ સંભારવું, કે તૃતીયા તથા પંચમી વાપરતાં જે ભેદ ગુજરાતીમાં ચાલે છે, તે મૂળમાં નથી. मया कृतं, મેં કર્યું—મેં કરેલું; मया क्रियते, મેં કરાય (છે); मया कर्तव्यं, મેં કરવું; मया भूतं, મેં થયું—સંસ્કૃતમાં ચાલે. પણ ગુજરાતીમાં અકર્મકની સાથે તથા સકર્મકની સાથે પંચમી વપરાય છે;—"મારાથી થયું;" "મારાથી કરાયું." પંચમીએ તૃતીયાને—એટલે નવી રૂઢિયે જૂનીને—દબાવી દીધી છે. તોય પણ કોઇ ઉત્તમ ગ્રંથકર્તા મૂળની ખરી વિભક્તિ વાપરે છે;—

'વિદ્યાધન સૌ ધન વિષે સર્વોત્તમ કે'વાય,—
અક્ષય, અમુલ્ય, ને વળી ચોરે નવ ચોરાય.'

હિતોપદેશ. રણછોડભાઇ ઉદયરામ.

મૂળની રીતિ પ્રમાણે તૃતીયા વાપરવાની રૂઢિ ચરોતરમાં બહુ ચાલે છે (૧૭૭).

૨૦૨ થી તે ૨૨૧ સુધીમાં જે વિષયો પહેલી આવૃત્તિમાં હતા, તે આગળ વાક્યવિન્યાસના ભાગમાં સમાણેલા છે.

ક્રિયાપદના પ્રત્યયાદિ વિષે.

૨૨૨. સંસ્કૃત ધાતુમાં અને ગુજરાતી ક્રિયાપદના મૂળમાં (૧૨૭) કંઇ ફેર હોય છે. સંસ્કૃત ધાતુ कृ, भू, दा, दृश्, या, रुद् = ગુજરાતી મૂળ કર, હો, દે, દેખ, જા, રડ. ક્રિયાપદના અર્થ, કાળ, વચનાદિના પ્રત્યય મૂળને લાગતાં ઘણુંકરીને તેના અક્ષરમાં કોઇ વિકાર થતો નથી ; જેમકે, 'ચડ,' આ મૂળને ગમે તે પ્રત્યય લાગે પણ તે એમનેએમજ રહે છે ; ચડું, ચડે, ચડશે, ચડતો, ચડવાનો, ઇ૦. પણ કેટલાંએક ક્રિયાપદના મૂળમાં વિકાર થાય છે ; જેમકે—

ધાતુ	ગુ૦ મૂળ.	મૂળમાં વિકાર.	ઉદાહરણ.
अस् }	છ (૧૦૭ ઙ)	—	છે
भू* }	હો (૧૦૭ ઇ્ન)	હ	હો, હોત, હશે.
अस्	થા	થ	થાય, થશે.
कृ	કર (૧૦૭ ઙ્ન)	કી	કરે, કરશે, કીધું.
कथ	કહ (૧૦૭ ઙ)	કહે (કેહે ?)	કહ્યું, કહે, કહેશે, (કેહેશે ?)
दा	દે	દી (દહ)	દેશે, દીધું, (દહે, કાવ્યમાં)
दृश्	દેખ (૧૦૭ ऋ)	દી	દેખે, દીઠો.
मृ	મર (૧૦૭ ઙ્ન)	મૂ	મરે, મરશે, મૂઓ.
या† }	જા (૧૦૭ ऊ)	જ	જા, જાય, જશે.
गम् }	ગ (૧૦૭ ઔ)	—	ગયો.
युज्	જો(૧૦૭ऊ,ઙ્ન,ઔ)	જુ	જોવું, જૂએ છે.
ला }	લે	લી, (લ).	લેવું, લીધું, (લઇશ).
(लभ्?) }	લહ (૧૦૭ ઙ)	—	લહે—કવિતામાં.

૨૨૩. ક્રિયાપદના પુરૂષદર્શક પ્રત્યયો મૂળે પુરૂષવાચક સર્વનામ છે. સંસ્કૃત **प्रथम पुरुष**ના સર્વનામની એક પ્રકૃતિ **म** છે (૧૧૮); તે **मि** પ્રત્યયમાં દેખાય

* અસ્-ભૂ, આ બે ધાતુ મૂળ ભાષામાં મળતા અર્થના છે. ગુજરાતીમાં 'હો' ના રૂપાખ્યાનમાં કોઇ રૂપ અસ્નાં, અને કોઇ રૂપ ભૂનાં સાધિત થયલાં છે.

† યા-ગમ્, આ બે ધાતુ મૂળમાં મળતા અર્થના છે. ગુજરાતીમાં 'જા' મૂળના કોઈ રૂપ 'યા' ઉપરથી, અને બીજાં 'ગમ' ઉપરથી સાધેલાં છે.

છે. એનો અંત્યસ્વર ઉડી ગયે (૧૦૭ क), म અનુસ્વાર થયે (૧૦૭ ङ), मिनी પૂર્વેના अ નો ઉ થયે (૧૦૭ ज), સંસ્કૃત अमि=ગુજરાતી ઉં (૨૨૬).

૨૨૪. **દ્વિતીય** પુરૂષનું સર્વનામ त्व નો વકાર નષ્ટ થયે, અને તકારનો સકાર થયે, સંસ્કૃત પ્રત્યય सि. પછી એનો સકાર ઉડી ગયે (૧૦૭ क), અને ઇનું કોઇ વેળા સંધિકાર્ય, અને કોઇ વેળા ગુણ* થયે, ગુજ૦ એ (૨૨૬).

૨૨૫. **તૃતીય** પુરૂષનું સર્વનામ तद्, એનો સંસ્કૃત પ્રત્યય ति થયો. તકાર ઉડી ગયે, અને ઇકારનું સંધિકાર્ય કે ગુણ* થયે ગુજરાતી એ. (૨૩૪).

૨૨૬. સંસ્કૃતમાં પરસ્મૈ તથા આત્મને પદનાં રૂપ છે. જૂની પ્રાકૃતમાં એ ભેદ કંઇ અનિશ્ચિત થયો; ગુજરાતીમાં સમૂળ ઉડી ગયો.

સંસ્કૃત.	પ્રાકૃત.	ગુજરાતી.
हसामि	હસામિ. હસમિ. હસમ્હિ.	હસું (૨૨૩)
हससि—'से	હસસિ-'સે	હસે (૨૨૪)
हसति—'ते	હસદિ-'દે. હસઇ—એ.	હસે (૨૨૫)

૨૨૭. દ્વિતીય પુરૂષમાં કોઇ વેળા ઉં, ઉ, વાપરે છે; તું છું-છુ=છે. તું સર્વનામના ઉચ્ચાર ઉપરથી એ રૂપ ચાલ્યું હશે.

૨૨૮. કોઇ વેળા **આં** વાપરે છે; તું છાં=છે. સાંભળવામાં આવે છે કે વડનગરા નાગરોમાં એ વિશેષ ચાલે છે.

૨૨૯. ઉકારાંત ક્રિયાપદમાં આગમ વ લખે છે; જેમ રૂવે, ધુવે; વળી કોઇ ધોવે, રોવે, કરે. ઇકારાંત ક્રિયાપદમાં આગમ ય આવે, પીયે; – અથવા ઇનો ગુણ થાય, પીએ.

૨૩૦. **અનેકવચન. પ્રથમ** પુરૂષના સર્વનામના મકાર (૧૧૮)ની સાથે, અનેકતાર્થે પ્રત્યય अस् (૧૦૯) મેળવે, સં૦ मस् પ્રત્યય થાય છે. આત્મને પદમાં महे † છે; એથી ગુજરાતી ઇએ. પ્રાકૃતમાં (આ)મો, (ઇ)મો, ઇ૦ (૨૩૩).

૨૩૧. **દ્વિતીય** પુરૂષનું સર્વનામ त्व, તેના અનેકવચન પરસ્મૈ પદમાં थ, અને આત્મને પદમાં ध्वे ‡, સંસ્કૃત પ્રત્યયો થયા. એના પ્રાકૃતમાં ત્થ, ત્થા, ધા, હ. આ છેલ્લાનો ગુજરાતી **ઓ** (૧૦૭ आ इ). એવા વિકારનાં ઉદાહરણો ઘણાં મળે છે; वधु વહુ; दधि દહિ; बधिर બહેરો; प्रहर પોર; महत् મોહું, महर्घ, મોઘું. (૨૩૩. ૨૪૨).

---

* સંધિકાર્ય થયે, हस+इ=હસે;-ગુણ થયે, पी+इ-ए=પીએ.

† પ્રાકૃત અમ્હે, ગુજરાતી અમે, એમની સાથે 'મ્હે'નો મેળ દેખાય છે (૧૧૮).

‡ પ્રાકૃત તુમ્હ, ગુજરાતી તમે, એમની સાથે ध्वेનો મેળ દેખાય છે. (૧૧૯).

૨૩૨. તૃતીય પુરૂષના સર્વનામ तद्‌ની સાથે, અનેકતાનો અર્થ દર્શાવવા સારૂ, આગમ ન મેળવ્યાથી, સંસ્કૃત પ્રત્યય न्ति. જૂની પ્રાકૃતમાં એ પ્રત્યય રહ્યો, પણ 'ગુજરાતીમાં યુક્ત વ્યંજન' ઉડી ગયો, પછી સ્વરનું સંધિકાર્ય થયે, અથવા ગુણ થયે, એ (૨૩૪). કાવ્યમાં ન્ત આવે; કરંત, વદંત.

૨૩૩. સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતીમાં અનેકવચને પ્ર૦, દ્વિ૦, તૃ૦ પુરૂષનાં રૂપ—

સંસ્કૃત.	પ્રાકૃત.	ગુજરાતી.
हसामस्—'महे	હસામો હસિમો હસમ્હે ઇ૦	હસિયે—'એ (૨૩૦)
हसथ—'ध्वे	હસથ હસિત્થા હસધ હસહ૦ ઇ.	હસો (૨૩૧)
हसन्ति—'न्ते	હસન્તિ	હસે—હસંત (૨૮૨)

૨૩૪. ક્રિયાપદનો અંત્યસ્વર આ એ હોય, ત્યારે એક વચને દ્વિ૦ તૃ૦, અને અનેક વચને તૃ૦ પુરૂષમાં य આવે છે, તે इ ને સ્થલે છે. મૂળ સ્વર હ્રસ્વ છે માટે યનો ઉચ્ચાર લઘુ પ્રયત્નથી છે. એમજ પીએ રૂએ ધુએ ઇ૦ માં એનો ઉચ્ચાર લઘુ પ્રયત્નથી છે, માટે હ્રસ્વ. ઇને સ્થલે ય કોઇ વેળા બીજા શબ્દમાં પણ આવે; કોઇ=કોય, તોઈ=તોય.

૨૩૫. મૂળ જોતાં હું કહું, તું કહે, ઇત્યાદિમાં સર્વનામની પુનરૂકિત છે; હું કહું=હું કહ હું; તે કહે=તે કહ તે (૨૨૩). પ્રત્યયનો મૂળાર્થ વિસર્યાથી તેની સાથે પૃથક સર્વનામ વાપરવાની રૂઢિ ચાલી. સંસ્કૃતમાં પૃથક સર્વનામ ક્રિયાપદની સાથે ભાગ્યેજ વપરાય છે, કેમકે પ્રત્યયના મૂળાર્થનું સ્મરણ રહ્યું.

૨૩૬. ભવિષ્યकालમાં પુરૂષદર્શક પ્રત્યયો સંસ્કૃતમાં વર્તમાનકાળના જેવા છે. પણ તેમની તથા ક્રિયાની વચ્ચે, स्य—इष्य આવે છે. પ્રાકૃતમાં ભવિષ્યને અર્થે વિવિધ રૂપો છે :—

સંસ્કૃત.	પ્રાકૃત.	ગુજરાતી.
करिष्यामि—'ष्ये	કરિસ્સામિ. કરિસ્સં	કરીશ
करिष्यसि—'ष्यसे	કરિસ્સસિ	કરશે
करिष्यति—'ष्यते	કરિસ્સદિ	કરશે
करिष्यामस्—'ष्यामहे	કરિસ્સમો	કરીશું
करिष्यथ—'ष्यध्वे	કરિસ્સધ. કરિસ્સહ	કરશો
करिष्यंति—'ष्यंते	કરિસ્સંતિ	કરશે

સં० स्य = પ્રા० स्स=ગુ० શ० ગુજરાતી પ્રથમ પુ૦ના બેહુ વચનમાં શ રહ્યો, એકવ० પ્રથમ પુ૦ માં, પુરૂષદર્શક પ્રત્યય ઉડી ગયો. (સં० આત્મને પદમાં મકાર ઉડી ગયો, અને પ્રા० करिस्सं માં मं અનુસ્વાર થયો.) ગુજરાતી અનેકવચને પ્ર० પુરૂષમાં મનો અનુસ્વાર (૧૦૭ उ), અને અનો ઉ (૧૦૭ क). થયા. બેહુ વચનમાં પુરૂષદર્શક રૂપો વર્તમાનકાલનાં જેવાં છે.

૨૩૭. કરિશ નહિ, પણ કરીશ લખિયે; કેમકે શકાર જોડાક્ષરને ઠેકાણે છે, માટે પૂર્વસ્વર દીર્ઘ થાય. કરીશુંને સ્થળે, કોઇ વેળા, કરીશાં સંભળાય છે; એમાં મૂળ करिष्यामसूનો સંબંધ વત્તો દેખાય છે. કરીશેં અતિ અપભ્રંશ છે इष्य=इ–स्य; એમાં સકાર असू ધાતુનો અંશ છે, અને યકારમાંજ ભવિષ્યાર્થ છે; પણ य=या=જા; માટે करिष्याति=કરવા જાય. ઇંગ્રેજી "He is *going* to do"ની સાથે મેળવવું.

૨૩૮. भूतकाल. નિશ્ચયાર્થમાં એનું શુદ્ધ રૂપ નથી (૨૪૯).

૨૩૯. संशयार्थ સંસ્કૃતમાં ભૂતકાલ અપ્રોક્તિએ કરીને, એટલે પૂર્વે અક્ષર વધારીને, થાય છે, પણ પુરૂષદર્શક પ્રત્યયો પણ વપરાય છે. ગુજરાતીમાં આપ્રોક્તિ સમૂળ ઉડી ગઇ, અને કેવળ તૃતીય પુરૂષનો પ્રત્યય त રહ્યો; असृजत् સૃજત, अयात् જાત, अकरोत् કરત, अभूत् હોત. ગુજરાતી ક્રિયાપદનો અંત્યસ્વર ઇ હોય, તો પ્રત્યય અત થાય છે; अयुज्यत् જોઇઅત (ઇ+અ=ય જોયત).

૨૪૦. આ પ્રત્યય તૃતીય પુ० એકવચનનો હોય, તોય પણ તે ત્રણે પુરૂષ અને બેહુ વચનમાં વપરાય. નથી=नास्ति વિષે એવીજ રૂઢિ ચાલી (૧૭૮).

૨૪૧. आज्ञाમાં ત્વરા, ઝડપ છે; માટે એ અર્થનાં રૂપો સહેજે ટુંકાં થઇ જાય છે; વિશેષે એકવચન દ્વિતીય પુરૂષમાં એવું થાય; सृज, સૃજ; जय, જીત; इच्छ, ઇચ્છ. કોઇ સંસ્કૃત ક્રિયાપદને પ્રત્યય हि લાગે છે; તે ઉપરથી ઉત્તર ગુજરાતમાં, य; जानीहि, જાણ્યેં; देहि, દેયેં; ब्रूहि, બોલ્યેં. પ્રાકૃતમાં પણ हससु—हसाहि—हस=હસ્ય-હસ. [हि=ત્વ, નરમ પડેલું સર્વનામ.]

૨૪૨. અનેકવચનમાં, સંસ્કૃત हसतनो પ્રાકૃત हसह થયો; એથી ગુ० હસો. એમ સંસ્કૃત कुरुत, પ્રાકૃત करह, કરો (૨૩૧, ૨૩૩).

૨૪૩. વિનંતિ, આશિષ, ઇત્યાદિ અર્થમાં, ઓ પ્રત્યય બેહુ વચનના, અને તૃતીય પુરૂષના અર્થમાં વપરાય. એવા પ્રસંગમાં તે સંસ્કૃત પ્રત્યય તુ, न्तुनो અપભ્રંશ હશે. सः करोतु, તે કરો (એકવચન); ते कुर्वन्तु, તેઓ કરો; ઉદાહરણ "પ્રભુ તમારૂં સારૂં કરો;" "તમારા લોક ઘણા થાઓ."

ભિન્ન ભિન્ન મૂળથી અભિન્ન અપભ્રંશ ઘણી વાર થાય છે (૧૦૭ ઘ).

૨૪૪. आज्ञार्थ. भाविष्य. ગુજરાતી ભવિષ્યાર્થ પ્રત્યય 'શ,' સં० स्यથી આવ્યો (૨૩૬). તેજ મૂળથી, સકાર ઉડી ગયે, અને य નો જ થયે, ગુ० પ્રત્યય જ (૧૦૭ ङ). અભિન્ન મૂળથી થયલા ભિન્ન ભિન્ન અપભ્રંશના એક રૂપને એક અર્થ, બીજા રૂપને બીજો અર્થ વળગે; એમ स्यથી આવેલા શ ને સાધારણ ભવિષ્યાર્થ, અને જ ને આજ્ઞાનો ભવિષ્યાર્થ વળગ્યો.

૨૪૫. પ્રાકૃતમાં ज्ज-ज्जा પ્રત્યય આજ્ઞાર્થે, ભવિષ્યાર્થે, તથા વર્તમાનાર્થે વપરાય; होज्ज-होज्जा=હોય છે, હોશે, હોજે. (હિંદુસ્થાની ગા, એજ મૂળથી હોય). होज्जा આ રૂપ ગુજરાતી સંયુક્ત ક્રિયાપદ, "હોઇ જા, થઇ જા," જેવું દેખાય છે; મૂળે जा या અને ભવિષ્યાર્થ પ્રત્યય य માં સંબંધ છે (૨૩૭).

૨૪૬. જની સાથે એ, ઓ (કરજે—જો) દ્વિ० પુ०ના પ્રત્યયો આવે છે.

૨૪૭. कृदंत. वर्तमान. એનો પ્રત્યય પ્રાચીન આર્ય ભાષામાં न्तस्; એનો સંસ્કૃતમાં નરજાતિયે न्, નારીજાતિયે न्ती, નાન્યતર त्; याचन्—याचन्ती—याचत् = ગુ० યાચતો-'તી-'તું. મૂળ न्तस् લાટીન ગ્રીકાદિ ભાષામાં દેખાય છે. મૂળનો न લોપ થયે, અને स् ઓ થયે (૧૦૭ ત્ર), ગુજરાતી તો. આ પ્રત્યયનો પૃથકાર્થ દર્શક સર્વનામનો છે; याचन्तस् (याच+न्तस्) = જે યાચે તે.

૨૪૮. भविष्य = સામાન્ય રૂપની ષષ્ઠી (૨૫૧).

૨૪૯. भूत. સંસ્કૃત त्—इत् = ઇંગ્રેજી द्—इद् (d—ed) = લાટીન त् (fac-t-us). જાતિદર્શક પ્રત્યયની સાથે સંસ્કૃતમાં નર० तः નારી० ता, નાન્ય० तं; हसितः—'ता—'तं. પ્રાકૃતમાં 'त्' ઉડી ગયે हसिअओ—हसियो, हसिआ, हसिअं—हसियं, એ ઉપરથી ગુજરાતી હસ્યો, હસી (=હસિ-ઈ), હસ્યું (૧૯૫).

આ વિકાર સાધારણે ચાલ્યો, પણ કોઇ ક્રિયાપદમાં મૂળના તકારની અસર હજી દેખાય છે, માટે ભૂતકાલે ત, ધ, ઠ, આવે છે; — पीत: પીધો

भूत:	હતો	कथित:	કીધો-કહ્યો	दृष्ट:	દીઠો
सुप्त:	સૂતો	दत्त:	દીધો	(प्र)विष्ट:	પેઠો
खादित:	ખાધો	भीत:	બીધો	(नि)विष्ट:	બેઠો
कृत:	કીધો	लब्ध:	લીધો	नष्ट:	નાઠો

આ પ્રત્યય પણ મૂળે દર્શક સર્વનામ છે; हासित: = જે હસ્ (યો) તે. સંસ્કૃતમાં આ કૃદંત સદ્યાર્થે ચાલે છે, માટે કર્મણિ પ્રયોગમાં આવે છે (૧૯૪).

૨૫૦. સંસ્કૃત त——इतનો બીજો વિકાર [તનો લ થયે (૧૦૭ उ), અને इનો ગુણ થયે (૧૦૭ ङ)] વિશેષ ભૂતના પ્રત્યય એલમાં દેખાય છે; हसित: હસેલો. જે ક્રિયાપદને અંત્યે સ્વર સંભળાય છે તેમાં એલનો યલ દક્ષિણ ગુજરાતમાં થાય છે; થએલું, ગએલું, ધોએલું=થયલું, ગયલું, ધોયલું, ઇ૦.

જે ક્રિયાપદના ભૂતકૃદંતમાં ત, ધ, ઠ (૨૪૯) આવે છે તેઓમાં આ પ્રત્યયની સાથે વિશેષ ભૂતનો પ્રત્યય પણ લાગે છે; સૂતેલો, ખાધેલો, કીધેલો, દીધેલો, બીધેલો, પીધેલો, લીધેલો, દીઠેલો, પેઠેલો, બેઠેલો, નાઠેલો; એમાં પ્રત્યય બેવડો છે; ત, ધ, ઠ+એલ (૧૦૭ ऐ). પણ હતો ઉપરથી હતેલો થતો નથી.

त—इतનો કોઇ વાર નકાર છે થાય; भीत:, બીનો. એમજ હિંદીમાં दत्त:, દીના; कृत:, કીના (૨૫૨).

સંસ્કૃત ભૂતકાલે आन પ્રત્યય આવે છે; बुबुधान. એના નકારનો ણકાર કરીને (૧૦૭ ग), છપાણો, દીઠાણો, બંધાણો, ગવાણો=છપાયો, દેખાયો, બંધાયો, ગવાયો, ઇ૦ ઉત્તર ગુજરાતીમાં ચાલે છે.

ઉપજ, નિપજ ના ભૂતકાલમાં ઉપન્યું = ઉપજ્યું, નિપન્યું=નિપજ્યું ચાલે છે, તે સંસ્કૃત उत्पन्नं, निष्पन्नं ઉપરથી આવ્યું છે.

૨૫૧. सामान्यरूप-भावरूप; એ રૂપ अकाल कृदंत પણ કહેવાય છે. એમાં ગુજરાતીમાં ક્રિયાપદનો ભાવાર્થ વિશેષ્ય રૂપે આવે છે. એનો પ્રત્યય ગુજરાતીમાં વું; સંસ્કૃતમાં तव्यं; પ્રાકૃતમાં अव्वं છે. સંસ્કૃત हासितव्यं, = પ્રા૦ हसिअव्वं—हसेअव्वं (૧૦૭ छ)=ગુ૦ હસવું, મૂળ ભાષામાં આ પ્રત્યયને ભવિષ્યાર્થ, અવસ્યાર્થ અને સદ્યાર્થ લાગે છે. ગુજરાતીમાં એના અર્થ કેવા છે તે વાક્યવિન્યાસમાં વર્ણવાશે.

મૂળના ભવિષ્યાર્થની અસર વિશેષે કરી એમાં દેખાય છે, કે એની ષષ્ઠી ગુજરાતીમાં ભવિષ્ય કૃદંતના અર્થમાં વપરાય છે; હસવાનો-'ની-'નું.

૨૫૨. તાં ઈ પ્રત્યય સામાન્ય કૃદંતને અર્થે અસાધારણે ચાલે છે. **શિખવ, આવડ,** આ બે ક્રિયાપદની પૂર્વે બીજું ક્રિયાપદ આવે તો પૂર્વેનાને **તાં** પ્રત્યય લાગે; કર**તાં** શિખવ્યું; કર**તાં** આવડે. અહિં કરતાં = કરવા. રૂપજ જોતાં એવું ભાસે કે '**તાં**' વર્તમાન કૃદંતની નારી જાતિયે પુરાતન સપ્તમી હોય (૧૧૬); કોઇ પ્રસંગમાં એવું છે ખરૂં; **મારે આવતાં'** = મારા આવતામાં-આવતી વેળાએ. પણ, કરતાં શિખવ્યું, કર**તાં** આવડે, આ પ્રસંગમાં સપ્તમીનો અર્થ લાગુ થતો નથી. માટે મને ભાસે છે, કે સંસ્કૃત સામાન્ય કૃદંત તું નો અપભ્રંશ (ઉ નો **આ** થયે) **તાં** છે; कर्तुं अवबुध्यते = કરતાં આવડે છે; कर्तुं शिक्षयति = કરતાં શિખવે છે.

શક, જાણ, આ ક્રિયાપદની પૂર્વે બીજું ક્રિયાપદ આવે તો પૂર્વેનાને ઈ પ્રત્યય લાગે છે; **કરી** શકે; **કરી** જાણે. અહિં **કરી**નો અર્થ=કરવા. મરાઠીમાં ઈને સ્થળે ऊं છે; तो बोलूं शकतो = તે બોલી શકે છે. ऊं સંસ્કૃત तु નો અપભ્રંશ છે; સંસ્કૃત हसितुं = પ્રાકૃત इसेउं = મરાઠી हसूं; અનુસ્વાર ઉડી ગયે, **ઊ** નમ્ર થઇને ઈ થયે, ગુજરાતી '**હસી.**' એવા વિકારનું બીજું ઉદાહરણ આંક ૨૫૬ માં છે.

૨૫૩. कारक—कर्तृवाचक. સંસ્કૃત ધાતુ **तृ**નો અર્થ **પાર** જવું — પાર થવું, એવો છે. એના ઉપરથી **સંસ્કૃત** પ્રત્યય तृ-ता થયો દેખાય છે. માટે कर्तृ—कर्ता = કાર્યને પાર પાડે તે. પૂર્વે એનું રૂપ कर्तृस् કે कर्तास् હશે. પછી **ત**કારનો **ન**કાર થયે (૨૫૦), અને स्‌નો ઓ થયે (૧૦૭ મ), ગુજરાતી કર**નારો**; જાતિદર્શક પ્રત્યય ઉડી ગયે કર**નાર.** એમ कर्तृ — कर्ता = कर्तास् = કરનાર.

૨૫૪. આ પ્રત્યય નામને અર્થે વપરાય છે; पितृ (= પાળનાર), **मातृ,** जनितृ (= જણનારી), भर्तृ (ઘરનો ભાર સહનાર). પ્રાકૃતમાં भर्तृ = भट्टारो જાણે કે = પૂર્વ ભાષાનો भर्तारस्. યુરોપની ભાષાઓમાં આ પ્રત્યય अर, तॉर, थर (er, tor, ther) ને રૂપે ચાલે છે; Say-*er*, Do-*er*, Crea-*tor*, Fac-*tor*, Fa-*ther*, Mo-*ther*.

૨૫૫. **संबंधकभूत.** સંસ્કૃતમાં એના બે પ્રત્યય છે, त्वा—य, એમના અર્થમાં ફેર નથી. જ્યારે પૂર્વ શબ્દ વિના ક્રિયાપદ આવે છે ત્યારે त्वा પ્રત્યય વપરાય છે; જેમકે, जित्वा, જીતી; અને જ્યારે ઉપસર્ગાદિ પૂર્વ શબ્દ આવે છે ત્યારે य પ્રત્યય ચાલે છે; જેમકે, परिजित्य, જીતી. य નો ઉચ્ચાર નમ્ર થઈ ગુજરાતી પ્રત્યય ઈ ચાલ્યો; (परि)जित्य, જીતી; (प्र)गाय, ગાઇ.

य પ્રત્યય પ્રાકૃતમાં=इअ; (प्र)हस्य=हसिअ, હસી. પૂર્વ શબ્દ નહિ હોય તોય પણ પ્રાકૃતમાં બહુધા त्वा ને સ્થળે इअ આવે; भूत्वा=होइअ, હોઇ; श्रुत्वा=सुणिअ, સુણી.

આ પ્રત્યયે કરીને બે ક્રિયાપદની વચ્ચે જે સંબંધ હોય તે દર્શાવાય છે. એક ક્રિયા થઇ ગયા પછી તેને આશ્રયે બીજી ક્રિયા ચાલી, આવો સંયુક્તાર્થ આ પ્રત્યયે કરીને દેખાડેલો છે, માટે એને સંબંધકભૂત કૃદંત કહિયે છિયે. કોઇ ધારે છે કે પહેલાં ગુજરાતીમાં આ અર્થે કેવળ ઈ પ્રત્યય વપરાતો હતો. પછી એનો સબંધક અર્થ ફીકો પડ્યો, માટે ઈ પ્રત્યયની સાથે તેના સમાન અર્થનો વાક્યયોગી, ને, બોલવામાં આવ્યો; કરી+ને=કરીને.

૨૫૬. પણ એક બીજું મત છે. સંસ્કૃત त्वा ને સ્થળે બહુધા પ્રાકૃતમાં तूण—ऊण ચાલે છે; रुदित्वा=रोत्तूण; कृत्वा=कातूण—काऊण; दत्वा=दाऊण. આ ઉપરથી મરાઠી ऊन; પ્રાકૃત दाऊण=મરાઠી देऊन. ऊण—ऊनનો આદિસ્વર નમ્ર પડીને ઈ થયાથી, અને અંત્યસ્વર વધ્યાથી (૧૦૭ ङ), ગુજરાતી ઈને; એ રીતિયે સંસ્કૃત दत्वा=પ્રાકૃત दाऊण,=મરાઠી देऊन,=ગુજરાતી દેઇને. જૂની મરાઠીમાં ऊनी, ओनि, ऊनियां, ओनियां, એવાં રૂપ પણ ચાલે છે.

મધ્યમ શબ્દ વિષે.

૨૫૭. કેવળ પ્રધાન શબ્દથી વાક્ય બને, પણ કેવળ મધ્યમ શબ્દથી બને નહિ.* પ્રધાન શબ્દના અધિકાર તળે મધ્યમ શબ્દ પોતાનો અધિકાર ચલાવે છે.

*કોઈ વેળા વાક્ય એકજ શબ્દથી બનેલા જેવું દેખાય, પણ તેમાં એક કે અનેક પદ અધ્યાહાર્ય હોય છે; - કેવળ ક્રિયાપદથી - 'જા;' 'આવ;' 'બેસ;' - કેવળ નામ કે

૨૫૮. સાધારણે મધ્યમ શબ્દ **અવ્યય** કહેવાય છે, એટલે એવા કે જેમને જાતિ, વચન, વિભક્તિના પ્રત્યય લાગતા નથી. તોય પણ આ શબ્દો કેવળ ધાતુને રૂપે વપરાતા નથી; તેઓ વિવિધ પ્રકારના પ્રત્યયોએ કરીને સાધિત થયલા છે. મૂળે તેઓ પ્રધાન શબ્દ હશે, અને હજી પણ, કોઇ વેળા, પ્રધાન શબ્દને અર્થે ચાલે; જ્યારે મધ્યમના ઉતરલા અર્થમાં વપરાય છે, ત્યારે તેઓ વિભક્ત્યાદિકના પ્રત્યયોને સ્વીકારતા નથી. ગુજરાતી ભાષાની રૂઢિ એવી ઠરી છે, કે કોઇ મધ્યમ શબ્દ વાક્યના ક્રિયાનાથની જાતિ વચન પ્રમાણે પ્રત્યયોને સ્વીકારે છે (૨૭૧), તો પણ તેઓનું જૂદું રૂપાખ્યાન થતું નથી.

૨૫૯. મધ્યમ શબ્દના બે વર્ગ છે; ૧ લો **ક્રિયાવિશેષણ**; ૨ જો **સંયોજકશબ્દ**; વળી સંયોજકના બે વર્ગ છે, **સંયોગી** અને **વાક્યયોગી.** (કોષ્ટક, આંક ૫. ૨૦-૨૩.)

ક્રિયાવિશેષણ.

૨૬૦ પ્ર. કીયા શબ્દને ક્રિયાવિશેષણ કહિયે ?

ઉ. ક્રિયાના સમય, સ્થલ, રીતિ, સ્થિતિ, સંખ્યા, ઇ૦ વિષે જે શબ્દ કોઇ બાકી કે અંકિત અર્થ દેખાડે તેને ક્રિયાવિશેષણ કહિયે.

૨૬૧. 'હું આવું,' એવું કહિયે, તો ક્રિયાનો અર્થ છૂટો, કશા પ્રકારની મિતિરહિત છે. એને વિશેષણ લાગે તો ક્રિયા વિષે કંઇ પણ અંકિત અર્થ ભળે; જેમકે, હું હવડાં કે કાલે, કે વહેલો, કે મોડો, કે નિત્ય, કે હ્યાં, કે આણિગમ, કે ખચિત, કે નાજ આવું.

૨૬૨. પ્ર. કોઇ બીજા પ્રકારનાં ક્રિયાવિશેષણ છે ?

ઉ. છે; જ્યારે કોઇ શબ્દ ગુણવાચકની સાથે, અથવા બીજાં ક્રિયાવિશેષણની સાથે આવીને, તેના સાધારણ અર્થ વિષે કોઇ બીજો અંકિત અર્થ દર્શાવે, તો તે પણ ક્રિયાવિશેષણ છે;–"એ વિદ્વાન શાસ્ત્રી છે;" આ વાક્યમાં 'વિદ્વાન,' આ ગુણવાચકની સાથે ક્રિયાવિશેષણ વપરાય; જેમકે—મહા, કે બહુ, વિદ્વાન.

સર્વનામથી, 'શું?' 'હુ?' કામ!;–કેવળ ક્રિયાવિશેષણથી પણ થાય, 'આગળ;' 'પાછો;' = આગળ જા, પાછો જા.

૨૬૩. ક્રિયાપદનો વિભાગ અર્થને ધોરણે, અને મૂળને ધોરણે થાય છે.

અર્થને ધોરણે:—

२५४. **कालवाचक.** अ.) **समयदर्शक.** અમણાં, હવડાં, અત્યારે, ક્યારે, કોઇ વેળા, વહેલું, મોડું, તત્કાલ, તત્ક્ષણ, પલકમાં, પળમાં, હવે, આજ, કાલે, સાંજે, સવારે, બપોરે, મધરાતે, વાહણે, ઓણ, પોર, પહેલે દહાડે, પહેલે વર્ષે, કદી, હાલ, હાલમાં, વળી, વળતી, હજી, હજુ, તરત, ઇ૦.

आ) **गतिदर्शक.** નિત્ય, નિત, જાથુ, સદા, સર્વદા, સર્વકાલ, હમેશાં, રોજ.

इ.) **कालनुं पुन:पुन:पणुं.** નિત નિત, કદિ કદિ, રોજ રોજ, દહાડે દહાડે, ઘડી ઘડી, પળે પળે, વારે વારે, વારંવાર, વારા ફરતી, ઘણી વાર, ફરી ફરીથી, ઇ૦,

ई.) **कालसंबंधदर्शक.** વચગાળે, મધ્યકાલે, અંતરે, અંતરમાં, આગળથી, પછીથી, પૂર્વે, ક્વચિત, છેટે, છેટેથી.

२५५. **स्थलवाचक.** अ.) **अमुकस्थल.** અહીં, ત્યાં, જ્યાં, ક્યાં, પણે, અહં આગળ, ત્યાં આગળ ઇ૦. પાસે, નજિક, થડમાં, લગભગ, ઉપર, ઊંચું, હેઠળ, નીચે, તળે, તળિયે, દૂર, વેગળે, મધ્યે, વચ્ચે, અંદર, હેઠ, ઇ૦.

आ.) **दिशादर्शक.** આણીગમ, પેલીગમ, જેણીગમ, કેણીગમ, આમ, તેમ, જેમ, આણીપાસ, પેલીપાસ, દક્ષિણાતા, ઉત્તરાતા, ઉગમણે, આથમણે ઇ૦.

इ.) **अनुक्रमदर्शक.** પહેલે, બીજે, ત્રીજે, ઇ૦. પૂઠે, પછવાડે, છેલ્લે, પહેલાંથી, પછીથી, પ્રથમ, અંતે, ઇ૦.

२५६. **रीतिवाचक.** अ.) **गुणदर्शक.** ભલે, ભુંડે, ઠીક, ખરૂં, ખોટું, વાજબી, સારૂં, ઠીકઠાક, ન્યાયથી, અન્યાયથી, ઇ૦.

आ.) **प्रकारदर्शक.** બળે બળે (બેરે બેરે), બળાત્કારે, જોરભેર, ધીમે, ધીરે, આસ્તે, એમતેમ, જેમતેમ, ભેળસેળ, ગમે તેમ, ઓચિંતો, અકસ્માત, જેમનેજેમ, તેમનેતેમ, અમથો, વ્યર્થ, ફોકટ, ફકત ઇ૦.

इ.) **स्वीकारदर्शक.** હા, હોવે, ખરૂં, ખચિત, તમે કહો તેમ, વારૂ, મુકરર, અવશ્ય, જરૂર,-જ.

ई) **निषेधार्थ.** ન, નાં, (નો), નહિ, નવ, મા, (મો.)

उ.) **संशयार्थ.** કદાચિત, કદાચ, કદાસ, કદાપિ, ઇ૦.

ऊ.) **कारणदर्शक.** તો, માટે, તેથી, તે પર, એ પર, શા વાસ્તે? શા માટે??

૨૬૭. **સ્થિતિવાચક. ન્યૂનાધિકદર્શક.** થોડું, ઓછું, અલ્પ, લેશ, અતિ; અતિશે, અધિક, પૂર્ણ, ઘણું, ઘણે, ઘણેરૂં, વત્તું, બહુ, બધે, બધું.

અ. **તૃપ્તિદર્શક.** બસ, એટલું, બરાબર, શુદ્ધ, અસ્તુ, ઘણું.

૨૬૮. **સંખ્યાવાચક.** એક વાર, બે વાર, ઇ૦, થોડી વાર, ઘણીવાર, એકવડું, બેવડું, ત્રણગણું ઇ૦.

૨૬૯. **પ્રશ્નવાચક.** કેમ? ક્યારે? કઇ રીતે? ખરૂં?–કેટલાએક પ્રશ્નવાચક શબ્દો જૂદા જૂદા ભાગોમાં ઉપર આવ્યા છે.

મૂળને ધોરણે:—

૨૭૦. **વિષયપદનાં કેટલાંએક થાયછે.** વિશેષ્યની કોઇ વિભક્તિઓ.

અ) **તૃતીયા.** તેણે **મ્હોડે** કહ્યું; તે **પગે** ચાલી આવે.

આ.) **પંચમી.** બુદ્ધિથી ચાલ; વિચારથી બોલ; પછીથી આવ.

ઇ.) **ષષ્ઠી.** ઝાડ ઘણાં **વર્ષનું** પડેલું છે; તે **રાતનો** માંદો છે; વસ્તુ **દૂરની** આણેલી છે; ધારો **પોરનો** બદલાયો છે; કામ **પહેલાનું** કરેલું છે.

ઈ.) **સપ્તમી.** વેગળે; ધોળે દહાડે; ઈ.

૨૭૧. **ગુણવાચક.** અ.) **પ્રથમા.** શાસ્ત્રી **ખરો** ભણેલો છે; વાત **ખુલ્લી** દેખાય છે; આ લોક **ધીરા** સુધરે છે (કર્તાની સાથે સંબંધ).

આ.) **દ્વિતીયા.** તમે **ખરૂં** બોલો છો; બાદશાહાએ દરબારમાં હુકમ **ઉઘાડો** ફરમાવ્યો (કર્મની સાથે સંબંધ).

ઇ.) **સપ્તમી.** તમે **ભલે** પધાર્યા.

૨૭૨. **સર્વનામ.** હ્યાં, ત્યાં, ક્યાં, જ્યાં, એથી, તેથી, જેથી, કેથી, શાથી; એમ, તેમ, કેમ, જેમ, ઇ૦.

૨૭૩. કૃદંત ક્રિયાવિશેષણને અર્થે વપરાય.

> **રળી ખપીને** નર સહુ નવા ઘડાવે ઘાટ;
> હું રાખું, તુજ **જીવતે,** અન્નતણા ઉચ્ચાટ.
> તે કારણ કહું **કલ્પિને,** સંપ લક્ષ્મિ સંવાદ;
> **શુણતાં** સજ્જન સમજશે; તજશે તે વિખવાદ.

૨૭૪. केटलांएक संस्कृतमांथी लिधेलां छे.

શુદ્ધ. સદા સર્વદા નિત્ય અત્ર તત્ર એકત્ર, સર્વત્ર અતિ કદાચિત કદાપિ નિશ્ચય નાના પુનઃ આદ્યે પૂર્વે ન નહિ (ના) મા અતઃપર બહુ અનુક્રમે પ્રથમ અકસ્માત સાક્ષાત પ્રત્યક્ષ નિદાન ૪૦.

અપભ્રંશ. આજ, હજી, अद्य. જાથુ जातु. અમણા હમણા अधुना. હણુ अधुना. પાર परुत्. કાલે काल्यं. કદાસ કદાચ कदाचित. કેમ कथम्. અમથું અવર્થા वृथा. બાહેર बहिः बाहिर्. આસરે आश्रये. મોડે मंदे. વારૂ वरं. સામણે सन्मुख. સાંજે સાંજરે संध्याकाले. વેગળું विगलितं. ધીમે धीरे.

૨૭૫. फारसी, अरबी, इत्यादि ; જરૂર હમેશ હમેશાં ફક્ત બેહદ બેહક બેલાશક બસ તરત સાફ જરા જરાક જુમલે કિનારે સુમારે મુકરર.

૨૭૬. एकथी अधिक शब्दनां पण क्रियाविशेषण थाय छे.

बेवडायला शब्दो. બોલતો બોલતો, બોલતાં બોલતાં, રહેતે રહેતે, થતે થતે ; એ રીતે હરકોઇ ક્રિયાપદનાં વર્તમાન કૃદંત વપરાય. એમજ ભૂત સંબંધક કૃદંત ; કહી કહી, વળી વળી, ફરી ફરી.

નામ પણ બેવડાય છે ; પળ પળ, પળે પળે, દિને દિન, દિન દિને, દિન પર દિન, ઘડી ઘડી, ઘડીએ ઘડીએ, વારે વારે, રોજ રોજ, દમ દમ, વર્ષો વર્ષ, ગામેગામ, દેશોદેશ, રાતોરાત, રાતનીરાત, એમનેએમ, જેમને-જેમ, એવાનેએવાજ, જેમ તેમ, એમ તેમ, ભેળસેળ, ભેળમેળ, એકાએક, ખરેખરૂં, સામાસામી, થોડામાં થોડું, ઇત્યાદિ.

सामा अर्थना शब्दो. રાતદિન, અહોનિશ, રાતદહાડે, આગળ પાછળ, ઇધર દિધર, આડું અવળું.

बीजा प्रकारनी जोडो. સારી પેઠે, ભલી રીતે, ખરા મનથી, ખરે ખાત, દોડ ભેર, ગુસ્સા ભેર, બળ કરીને, મન લગાડી, સુજે તેમ, કહો તેમ, ચાહો તેમ, ધીર ખમીને, ખમા રાખીને, ઇત્યાદિ.

बेथी अधिक शब्दो पण क्रियाविशेषणने अर्थे वपराय छे. આખા વાક્ય અને ઉપવાક્ય ક્રિયાવિશેષણને અર્થે વપરાય (૨૭૩).

"જા તું, વણિક, (જ્યાં તુજ વાસ)। હું (પરિ પૂંર્ણ) પૂરિશ આશ."

દેવ દિશે લેભી (મનમાંએ)। કાડી ઘરની કહાડે નાંઇ. ॥ સં૦ લ૦

૨૭૭. "જ્યારે પોતાના ખરા અર્થનો પૃથક અધિકાર મૂકીને, ક્રિયાપદાદિ બીજા શબ્દના અર્થમાં સમય સ્થલ ઇત્યાદિનો ફેરફાર કોઈ પણ શબ્દથી થાય, તો તે શબ્દ ક્રિયાવિશેષણને ઠામે જઇ ઉભો રહે છે,"—એટલે તે ક્રિયાવિશેષણના વર્ગમાં ભળી જાય છે.

સંયોજક.

२७८. प्र. संयोजक शब्द किया ?

ઉ. સંયોગ, કે સાંધણ, કરવાના કામમાં જે આવે છે તે સંયોજક કહેવાય છે. એમના બે વર્ગ છે; **નામયોગી,** તથા **વાક્યયોગી** (કોષ્ટક ૨૧, ૨૨, ૨૩).

२७९. प्र. **नामयोगी** किया ?

ઉ. વિશેષ્ય નામની સાથે બીજા પદનો સંબંધ દર્શાવનાર શબ્દ **નામયોગી** છે.

૨૮૦. એઓએ કરીને જૂદાં જૂદાં વિશેષ્ય નામ એક વાક્યમાં આવી શકે છે. ઘર, માણસ, આ બે વિશેષ્ય નામ છે. એમને એક વાક્યમાં લાવવાને કરિયે, અને "ઘર માણસ છે," એવું કહિયે તો અર્થ બેસતો નથી— તેમની વચ્ચે શો સંબંધ છે એ કહેલું નથી. પણ કોઇ નામયોગી શબ્દ વાપરિયે, તો સંબંધ દેખાય. ઘરની માહે, કે બહાર, કે પછવાડે, કે આગળ, કે નીચે, કે ઉપર માણસ છે, એવું કહિયે, તો વચલા શબ્દના અર્થ પ્રમાણે આ બે નામની વચ્ચે જે સંબંધ છે એ સમજિયે છિયે.

ટીકા. નામયોગીને કોઇ શબ્દયોગી કહે છે. પણ એઓએ કરીને બધા પ્રકારના શબ્દ સંધાતા નથી. વિશેષે કરીને વિષયપદ સંધાય છે. જો બીજા પ્રકારના શબ્દ સંધાય તો જોડનો એક શબ્દ નામ હોય એ અવશ્ય છે (નામ + ગુણવાચક 'તેને વાસ્તે ઉપયોગી;' નામ + ક્રિયાપદ 'તે મારા ઉપર પડયો'). વિશેષાર્થને ધોરણે આ પ્રકારના શબ્દને નામયોગી, કે વિષયપદયોગી, કહેવું સારૂં દેખાય છે.

२८१. **अर्थने धोरणे विभाग.** अ.) स्थळवाचक; પાસે સમીપ સાથે જોડે કને સહ સહિત સુદ્ધાં માહે મોઝાર વચ્ચે અંદર બહાર હેઠે હેઠળ પૂઠે પૂઠળ તળે પર ઉપર ઉપરાંત સામુ સામા સામણે સન્મુખ આસપાસ પર્યંત લગી સુધી આગળ અગાડી.

आ.) कालवाचक; અગાઉ પછી પછે આગળ અગાડી.

इ.) दिशावाचक; ભણી ગમ તરફ લગી લગણ લગિણ પૂઠે પછવાડે પાછળ પાર આરપાર.

उ.) कारणवाचक, तथा करणवाचक; કારણે કાજે કરીને લીધે વડે માટે વાસ્તે સારૂ દોસ્તે દોસ્તી થકી હસ્તક મારફત વતે રૂએ બદલે.

ऊ.) विविध; વગર વિના વિણ વણ સિવાય ઉપરાંત સુદ્ધ સુદ્ધાં સમેત વિષે સંબંધી પ્રતિ પ્રત્યે પીએ = વિના.

ટીકા. ઉપરના કોષ્ટકમાં જેઓ સ્થળવાચક છે, તેઓ કોઈ પ્રસંગમાં કાલવાચક, કોઈમાં દિશાવાચક છે; અને દિશાવાચકના કેટલાએક કોઈ વેળા કાલવાચક કે સ્થળવાચક થાય છે. ક્રિયાવિશેષણને અર્થે પણ કોઈ વપરાય.

२८२. मूळने धोरणे विभाग. केटलाएक विशेष्यनामना थाय छे; જેમકે,—આડે તળે બદલે કાજે પૂઠે પૂઠળ ઇ૦.

गुणवाचकना; નીચે હેઠે હેઠળ પહેલાં ઇ૦.

केटलाएक क्रियापदथी; કરીને લીધે ગમ લગી લગિણ.

केटलाएक संस्कृत भाषाना छे; अ.) **शुद्ध**; સમીપ સહ સહિત મધ્યે સન્મુખ કારણે હસ્તક વિના સંબંધી પ્રતિ પ્રત્યે સમેત સંઘાતે.

आ.) **અપભ્રંશ.** સોત सहित; સાથે सार्थे; માહે, માએ, मध्ये; વિષે विषये; બહાર बहि: बहिर्; પર ઉપર उपरि; ઉપરાંત उपरि अंत; સામુ સામા સામણે સામે સાંએ सन्मुख; પછી પછે પાછળ પછવાડે पश्चात्; સારૂ सारं; કાજે कार्ये; વિણ વણા વણ विना; આગે આગળ અગાઉ અગાડી अग्रत:—अग्रे; ગમ્ ગમ—गमन—સુદ્ધાં सहित्यां—सत्रा; પાસે पार्श्वे; આસપાસ पार्श्वे—आपार्श्वे; વાંસે વાંસળ वंशे, वंशत:; મઝાર મોઝાર मध्यागार; કને [જૂની ગુજરાતી કન્હે] कंठे; હેઠે હેઠળ अधस्; થકી त:; મને મેતે મેળે मत्या.

२८३. જે વિષયપદના કે ક્રિયાપદના છે, તેમના કેટલાએક સંસ્કૃત મૂળના છે. વળી સંસ્કૃત મૂળના કેટલાએક વિષયપદના કે ક્રિયાપદના થયલા છે.

२८४. अरबी, फारशी, हिंदुस्थानीमांथी आवेला केटलाएक छे; જેમકે, વાસ્તે દોસ્તે દોસ્તી મારફત વગર બાબત સિવાય તરફ.

ટીકા. એમના કેટલાએક પોતાની મૂળભાષામાં વિષયપદ કે ક્રિયાપદ હશે.

૨૮૫. अनिश्चित मूळना केटलाक छे; જેમ વચ્ચે (વિચ્ ?), વડે વતે, ભણી.

૨૮૬. કોઇ શબ્દ મૂળે વિષયપદ અથવા ક્રિયાપદ હશે, તોય, જ્યારે પોતાનો મૂળાધિકાર કંઇક મૂકીને વિષયપદનો સંબંધ દેખાડવાનો અધિકાર સ્વીકારે, ત્યારે તે નામયોગી થાય છે.

૨૮૭. કોઇ કોઇ ભાષામાં નામયોગીને અર્થે વપરાયલા શબ્દનું મૂળ સરળે મળતું નથી, પણ ગુજરાતીમાં એ વિષે કંઇ ભારે ગુંચવણ નથી; ઘણાખરાનું મૂળ સ્પષ્ટ દેખાય છે.

૨૮૮. ગુજરાતીમાં નામયોગી મૂળે નામ છે, માટે નામનો અધિકાર રાખીને, જે નામની સાથે તેઓ આવે, તેને ષષ્ઠી વિભક્તિમાં લાવે છે; માટે એમની જાતિ કેવી છે તે સંભારવું.

૨૮૯. कोइ नारि जातिना जेवा छे; માટે જે નામ એમની સાથે આવે તે **ની** પ્રત્યયને સ્વીકારે છે; જેમકે, રાજા**ની** જોડે, તે**ની** પુઠે.—જોડે, પુઠે, પુઠી પુઠળ મધ્યે માહે વચ્ચે પછવાડે પાછળ આસપાસ પાર આરપાર બહાર પહેલાં અગાઉ આગળ અગાડી સન્મુખ સામુ સામા સામણે પાસે કને ગમ તરફ નીચે હેઠળ પેઠે વાંસે વાંસલ માર્ફત ઇત્યાદિ. (પ્રત્યય અધ્યાહાર્ય હોય; ઘરની મધ્યે, કે ઘર મધ્યે).

૨૯૦. कोइ नर के नान्यतर जाति नाम जेवा—

अ.) ना प्रत्यय मागेछे; સહિત સમેત સોત સુદ્ધાં સમીપ સંબંધી સુધી વિષે પર ઉપર હસ્તક ભણી. (નામનો પ્રત્યય કોઇ વેળા પડતો મૂકાય છે. જેમકે-ઘર સુધી, ઘર સંબંધી, ઘર ઉપર ઇ૦.)

आ) ने प्रत्यय मागेछे; કાજે લીધે વાસ્તે દોસ્તી દોસ્તે સારૂ કારણે માટે વતે બદલે. (પ્રત્યય કોઇ વેળા અધ્યાહાર્ય હોય).

૨૯૧. **કરીને,** એની સાથે ત્રીજી વિભક્તિ આવે*–તેણે કરીને.

૨૯૨. કેટલાએક કોઇ પણ વિભક્તિ માગતા નથી; જેમકે, કરતાં, લગી, સહ, થકી.

૨૯૩. સાધારણ નિયમ એવો છે કે "નામયોગીની સાથેના વિષયપદની વિભક્તિ ષષ્ઠી છે;" પણ કોઈ વેળા ષષ્ઠીનો પ્રત્યય પડતો મૂકાય; સર્વનામ વપરાય તો ષષ્ઠીનો પ્રત્યય ભાગ્યે અધ્યાહાર્ય હોય.–પ્રાંત પ્રાંતની રૂઢી પ્રમાણે, કોઇ તે**ની** ઉપર, કોઇ તે**ના** ઉપર ઇ૦. કહે.

---

* કેવળ રૂપ ઉપરથી જોતાં 'કરીને' એ કર ક્રિયાપદનો સંબંધક કૃદંત છે; પણ, કદાચ, કરણે એ નામની ત્રીજીનો અપભ્રંશ પણ હોય (૧૧૧).

વિભક્તિમાં તથા નામયોગીમાં સંબંધ.

૨૯૪. નામની વિભક્તિનો તથા નામયોગીનો ઉપયોગ એકજ છે. પહેલાં ભાષામાં વિભક્તિના પ્રત્યય ન હતા. કેટલાએક નામયોગી શબ્દ પળપળના વ્યાપારમાં ટુંકા થઇ ગયાથી પ્રત્યયરૂપે ચાલ્યા (૭૮). કોઇ ભાષામાં ઘણી વિભક્તિ, કોઇમાં થોડી છે. એવું ભાસે છે કે જે ભાષામાં વિભક્તિના પ્રત્યય વાપરવાનો માવરો વત્તો થયો, તેમાં પૃથક નામયોગી વાપરવાનો માવરો થોડો ચાલ્યો. ભાષાભાષામાં જે ભિન્નતા દેખાય છે આનું એક વિશેષ કારણ એ છે, કે કોઇ લોકે પ્રત્યયરૂપે, ને કોઇએ પૃથકરૂપે નામયોગી વાપરવાનું ચલાવ્યું.

કોઇના ધારવામાં એવું છે કે આર્ય ભાષાઓનું લક્ષણ એવું હશે કે પ્રત્યયોએ કરીને મનસ્થ વિષયોનો સંબંધ, અને પૃથક નામયોગીએ કરીને બીજા વિષયોનો સંબંધ દર્શાવાય છે. વળી એવું હશે કે જે નામયોગી સર્વનામ ઉપરથી વ્યુત્પન્ન થયા, તેઓ વિશેષે કરીને પ્રત્યયરૂપે ચાલ્યા (૧૦૮); પણ બીજા શબ્દ ઉપરથી જે વ્યુત્પન્ન થયા તેઓ પૃથક નામયોગી ઠર્યા.

વિભક્તિના તથા નામયોગીના મળતા અધિકારમાં કંઇ ભેદ કરીને કોઇ કહે કે ક્રિયાપદ સાથે નામયોગી થોડો, ને વિભક્તિ વધારે સંબંધ રાખે છે. માટે કેટલીએક વિભકિત કારક કેહવાય છે; એ ઉપરથી વિભકિતને કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અને અધિકરણ, એવી સંજ્ઞા આપેલી છે; અર્થાત, ક્રિયાનો કરનાર, તેથી જે બનેલું, જેણે કરીને ક્રિયા થાય છે, જ્યાં સુધી તે પહોંચે છે, જ્યાંથી તે નિકળે છે, અને જ્યાં તે થંભે છે, એ દર્શાવનાર પ્રત્યયો. ષષ્ઠી સાધારણ સંબંધ દેખાડે છે, માટે તે કારકમાં નહિ, પણ વિશેષણમાં ગણાય છે.

ગુજરાતીમાં કોઇ વેળા બે વિભકિત સાથે આવે (૮૫); એમજ કેટલાક નામયોગીની સાથે વિભક્તિના પ્રત્યય આવે; માહેથી, ઉપરથી અંદરથી, ઇ૦; ગુજરાતી નામયોગી વિશેષે કરીને વિષયપદ છે, માટે એવું હશે.

૨૯૫થી તે ૩૧૭ સુધી જે વિષયો પહેલી આવૃત્તિમાં આવેલા હતા, તે બીજી આવૃત્તિમાં અંક ૧૦૮થી તે ૧૧૭ સુધીમાં આવેલા છે.

વાક્યયોગી.

૩૧૮. પ્ર. ક્રિયા પ્રકારના શબ્દને વાક્યયોગી કહિયે ?

ઉ. બે વાક્યને સાંધનાર શબ્દ વાક્યયોગી છે.

૩૧૯. શબ્દના જે સમુદાયે કરીને મનનો એક સંપૂર્ણ વિચાર જણાવિયે તે એક વાક્ય છે. પ્રત્યેક વાક્યમાં એક વિષયપદ (કર્તા), અને એક ક્રિયાપદ

જેમકે; 'હું રહું' એ એક વાક્ય છે. ક્રિયાપદ સકર્મક હોય તો તેની સાથે બીજું નામ (કર્મ) બોલેલું, કે અધ્યાહાર્ય હોય; હું કામ કરૂં છું, કે હું કરૂં છું.

ભિન્ન ભિન્ન વાક્યના વિચારમાં વિવિધ સંબંધ હોય છે. આ સંબંધને દર્શાવનાર શબ્દ વાક્યયોગી છે.

મળતા મળતા વિચારમાં સંબંધ **કેવળ સંગનો,** અથવા **વૃદ્ધિનો** અથવા **કારણનો** હોય. વળી સામાસામી વિચારમાં સંબંધ **વિકલ્પનો,** અથવા **વિરૂદ્ધપણાનો** હોય. એવા ભેદ ઉપર વાક્યયોગીના વર્ગ થાય છે.

૧૨૦. **સમાનાર્થદર્શક**—મળતા વિચારના સંબંધમાં:—

અ.) **કેવળ સંગસૂચક.** ૧. પૃથક્‌શબ્દ; તથા, અને, ને એઓ બે વાક્યની વચ્ચે આવે છે; તમે આવ્યા, અને તેઓ આવ્યા છે.*

૨. અનુગ, કે ઉપપદ, બીજા શબ્દને છેડે અથવા આગળ આવનારાઃ—ય, -ઇ, -એ, -ઓ, -બી, પણ; જેમકે હુંય, હુંઇ, હુંએ, હુંઓ, હુંબી, હું પણ; -તમે આવ્યા, હુંય આવ્યો.

આ.) **વર્દ્ધક.** એક વાક્યમાં બીજું વાક્ય ભળીને અર્થનો વધારો કરાવે તો, **જે, કે,** એવા શબ્દ આવે છે; જે૦ 'તમારે એવું જાણવું કે ધર્મ વિના વિદ્યા વૃથા છે.' 'લખવાનું કારણ એ છે **જે** મારે જવું છે.'

આપણા કોઇ વાક્યની સાથે કોઇ બીજાનું કહેલું બોલવું હોય, તો એજ શબ્દ આવે છે; શાસ્ત્રમાં કહેલું છે, કે 'જૂઠું બોલવું મહા પાપ છે.'

પૂર્વે ચાલેલી કોઇ વાતની સાથે બીજા વાક્યનો સંબંધ દેખાડવાનો હોય તો તે સંબંધ દેખાડનાર શબ્દને વાક્યયોગી ગણવો; વળી, હવે, બીજું, પછી, એપર, ઇત્યાદિ શબ્દ એવા ઉપયોગમાં આવે છે.

ઇ) **કારણદર્શક.** એક વાક્યના વિચારનું કારણ બીજા વાક્યમાં દેખાડેલું હોય, તો તેમને સાંધનાર શબ્દ કારણદર્શક વાક્યયોગી છે; 'તમે છો **માટે** મને ભરોસો આવે છે.' 'તે આવે **તો** તમે ના આવશો.' કારણ **નિશ્ચયથી** કહેલું હોય તો—કેમકે, માટે, વાસ્તે, તે કાજે, એથી, ઇ૦ વપરાય;—પણ કારણ **સંશયથી** હોય **તો,** કદાપિ, ઇ૦.

સંધાયલા વાક્યમાં પહેલું જે આવે તેને **પૂર્વવાક્ય** અને પછી જે આવે તેને **અપરવાક્ય** કહિયે. કેટલાએક વાક્યયોગી એવા છે કે જોડ જોડ થઇને

* સંબંધક કૃદંતનો અર્થ આવા વાક્યયોગીને મળતો છે; 'તે ચડી બેઠો'=તે ચડ્યો **અને** બેઠો; આવીને કહીશ=આવીશ **અને** કહીશ.

વપરાય છે. તે જોડનો એક શબ્દ પૂર્વ વાક્યને આરંભે, અને બીજો અપરવાક્યને આરંભે બોલાય; 'જો મારી પાસે હોય તો હું આપીશ.' એવા વાક્યયોગી—

ઈ.) પૂર્વાપર કહેવાય છે. જો-તો; જો, જોઓ – તોઓ.

જો, જોય, જોપણ; જો કદાપિ, જો કદાસ, જો કદાચ, જો કદાચિત ... ... જો ભથી, જો ન હોય ... ... } તોય, તોએ, તોપણ, તથાપિ.*

૩૨૧. भिन्नार्थदर्शक—સામા વિચારના સંબંધમાં (૩૧૯):—

अ.) विकल्पसूचक; કે, અથવા, વા, અગર; જે૦ એવું હોય કે ન હોય.

आ.) विरुद्धार्थसूचक; પણ, પરંતુ, સાબુ. એ અર્થમાં તો અનુગ (બીજા શબ્દની આગળ આવનાર) વપરાય છે; 'તમારે તો એવું નહિ કરવું.'

૩૨૨. પૂર્વાપર વાક્યયોગી કોઈ વેળા સમાનાર્થદર્શક, કોઈ વેળા ભિન્નાર્થદર્શક છે. અને ઘણીએકવાર કારણસૂચક અર્થ તેઓમાં હોય છે.

૩૨૩. માટે, વાસ્તે, ઇત્યાદિ નામયોગીને અર્થે પણ વપરાય છે. હવે, પછી, ઇ૦ ક્રિયાવિશેષણને અર્થે આવે. જે શબ્દ નામનો સંબંધ જણાવે તે નામયોગી; જે બે કે અધિક વાક્યમાં સંબંધ દર્શાવે તે વાક્યયોગી; ક્રિયા વિષે કંઇ દેખાડે તે ક્રિયાવિશેષણ.

૩૨૪. ગુજરાતી વાક્યયોગી વિશેષે કરીને સંસ્કૃત મૂળના છે. શુદ્ધ; કદાપિ, કદાચિત, તથાપિ, તથા, અર્થાત્, પરંતુ, અથવા, વા. અપભ્રંશ; ને અને, अन्य; પણ पुनः; જો-તો, यः-सः; જોય-તોય, यदि-तर्हि; કદાસ કદાચ, कदाचित्; અને હવે, अथवा; તો (અનુગ), तु; ય એ ઇ (અનુગ), च; બી, अपि; કે, क: किं.—અગર ફારસી શબ્દ, અને વાસ્તે અરબી છે.

મૂળે એઓના કોઇ સર્વનામના થએલા છે; જો-તો, કે;-કોઇ વિશેષણના, અન્ય;-કોઇ સંસ્કૃત પ્રત્યયના, જેમકે अपि=બી; અથવા સંસ્કૃત અવ્યયના; જેમકે तथापि, कदाचित, ઇ૦.

૩૨૬. બે વાક્યનાં ક્રિયાપદમાં જે અર્થ આવે છે, તેમને વાક્યયોગી સાંધે છે; માટે તેમને ક્રિયાયોગી (કે ક્રિયાપદયોગી) કહેવાને કોઇ ધારે.

૩૨૭. પણ કોઇ કહે છે, કે વાક્યયોગી તો કેવળ ક્રિયાયોગી પદ નથી, કેમકે તેઓ કોઇ વેળા બે વિષયપદને પણ સાંધે છે; જેમકે, "સંપ અને લક્ષ્મી

* કોઈ વેળા જોડનો પહેલો શબ્દ અધ્યાહાર્ય હોય છે. 'હું આવું (=જો હું આવું) તો તમે આવશો.'

વચ્ચે સંવાદ;" "અમદાવાદ **અને** ખેડા વચ્ચે, ગામ લાલી આવે છે;" "બાપુ **અથવા** ગોપાળ આવ્યો હતો." પણ એનું ઉત્તર વાળતાં બીજા કહે છે, કે ઉપરનાં વાક્ય સંક્ષેપમાં લાવેલાં બબે વાક્ય છે. સંપે લક્ષ્મીની સાથે જે વાદ ચલાવ્યો, અને લક્ષ્મીએ સંપની સાથે જે ચલાવ્યો, તે = "સંપ અને લક્ષ્મી વચ્ચે સંવાદ." અમદાવાદથી નિકળિયે, અને ખેડા ભણી જઇયે, તો માર્ગની વચ્ચે ગામ લાલી આવે છે, = "અમદાવાદ અને ખેડા વચ્ચે" ઇ૦. બાપુ આવ્યો હતો, અથવા ગોપાળ આવ્યો હતો, = "બાપુ અથવા ગોપાળ આવ્યો હતો." જો ભાષાનું વલણ એવું હોય, કે વાક્ય એવું સંક્ષેપ થાય કે તેનો બધો અર્થ એકજ શબ્દમાં આવે, તો તે કેવળ એક શબ્દ નહિ, પણ વાક્ય છે, માટે આવા વાક્યરૂપી નામને સાંધનાર પદ વાક્યયોગી છે.

કેવળપ્રયોગી, અથવા ઉદ્‌ગાર.

૩૨૮. વાક્યના બીજા શબ્દની સાથેના સંબંધ વિના જે પદ વપરાય છે, તે केवळप्रयोगी (એકલા આવનાર) છે. બીજા શબ્દના ઉચ્ચાર કરતાં એનો ઉચ્ચાર ઊંચે સાદે, અને ઝડપથી મ્હોંમાંથી કહાડી નાખેલાની પેઠે છે, માટે એઓ उद्‌गार (उत ઉપર, गॄ કહાડી નાખવું, अर પ્રત્યય) કહેવાય છે.

३२९. प्र. जे शब्द केवळप्रयोगी, के उद्‌गार केहवाय छे तेओ कया?

ઉ. સુખ, દુઃખ, શોક, હર્ષ, આનંદ, ઉલ્લાસ, ઇચ્છા, આશા, બિહીક, ભ્રાંતિ, આશ્ચર્ય, ગભરાટ, ઇત્યાદિ મનના વિકારો અકસ્માત થયાથી, જે ઉચ્ચારણ થાય છે, તે કેવળપ્રયોગી, અથવા ઉદ્‌ગાર કહેવાય છે.

ઉદ્‌ગારના ત્રણ વર્ગ થાય છે:—

३३०. अ.) प्रत्युद्‌गार. બીજાને બોલાવતાં, કે કહેતાં જે વપરાય છે તે; જેમકે—હે, એ, ઓ, રે, અરે, અલ્યા, અલી, અલ્યાઓ, ઓય, એરે;—ચૂપ, છાન, ખબરદાર, સમજ, પોઇસ; વા, વ્હાઃ, વ્હાવા, વ્હારે, વ્હા, શાબાશ;—ધન્ય ધન્ય, વારૂ, વારૂ વારૂ, સાધુ, સ્વસ્તિ, ધિક ધિક;–છો, છોને, છો રહ્યું, હત, હેડ, જે, જો:;-છી, છી છી, ઇ૦.

आ.) स्वोद्‌गार. કોઇ પાસે ન છતાં જે બોલ્યામાં આવે તે; અં, આં, આ આં: ઊં, ઊં:, હું, એ, એ:, અધધધ.

इ.) मिश्रोद्‌गार. કોઇની સાથે બોલતાં, અથવા એકલા છતાં પણ, જે બોલવામાં આવે છે; જેમકે—કાં, ખરે, ખરેખર, ખરેખાત, સાચે, શું,

બસ, બસબસ, ઘણું, ભલે, અરે બાપ, બાપરે, ભાઇરે, હાસ, હાં, હોં, હા, હાહા, અહા, અહાહા.–નસીબ, કિસ્મત, કપાળ, ભોગ, લખ્યું તે.

૩૩૧. કોઇ બીજે ધોરણે વર્ગ કરે છે; જેમકે-શોકોદ્ગાર, દુ:ખોદ્ગાર, ભયોદ્ગાર, વિસ્મયોદ્ગાર, આશ્ચર્યોદ્ગાર, આનંદોદ્ગાર, સુખોદ્ગાર, કરૂણોદ્ગાર, ક્રોધોદ્ગાર, ઇત્યાદિ. નામ ઉપરથીજ એમનો અર્થ લેવાય છે.

મૂળને ધોરણે વિભાગ:—

૩૩૨. अ.) केटलाएक केवळ मनविकारदर्शक उच्चारणो छे; જેમકે-અં, આં, ઊં, હું, એ, ઓ, ઍં, હેં, હોં, વા, વ્હા, છી, અત, હત, હડ, ઇત્યાદિ. એઓ, અને એમના જેવા બીજા, શુદ્ધ તથા ખરા ઉદ્ગાર કહેવાય છે.

आ.) केटलाएक विशेष्य नामना थायछे; બાપરે, કપાળ, કિસ્મત, ધન ધન, ભોગ, ઇ.

इ. केटलाएक गुणवाचक; ખરેખાત, ભલું, સાચું ઇ૦.

ई.) केटलाएक क्रियापदना; સમજ, છો, છોરહ્યું, છોને, ઇ૦.

उ.) केटलाएक संस्कृत भाषाना लिधेला छे; જેમકે-સ્વસ્તિ, સાધુ, આલી, હે, રે, અરે, હા, હાહા.

ऊ.) केटलाएक फारसी इत्यादि परभाषाना छे; બસ, બરાબર, ખબરદાર, ઇત્યાદિ.

ટીકા. નામ, વિશેષણ, અને ક્રિયાપદના જે થયલા છે, તેઓ ખરા ઉદ્ગાર નથી; પણ, ઉદ્ગાર જેવા વપરાય છે, માટે કેવળપ્રયોગીમાં ગણાય છે.

૩૩૩. કોઇ કહે છે કે, જેમ પશુપક્ષી પોકારે, જેમ છોકરાં રડતાં રમતાં ઘાંટો કહાડે, જેમ દરદી કરણે, જેમ માણસને ચુંટી ખણિયે અને તે ચીસ પાડે, તેમ આ ઉદ્ગાર થાય છે; માટે એમને શબ્દમાં ગણવા નહિ. પણ બીજા કહે છે કે, એક માણસના મનમાં કેવા વિકારો ઓચિંતા થાય છે, તે આ ઉચ્ચારણોથી સામું માણસ સમજી શકે છે, માટે એમને શબ્દોમાં ગણવા જોઇએ.

૩૩૪. કેટલાએક ધારે છે, કે ઉદ્ગારોથી ભાષાના બધા શબ્દ ઉત્પન્ન થયા છે. તેઓ કહે છે કે બધાં ઉચ્ચારણો મૂળે નિરર્થક હતાં, પછી જેમ જેમ સુધારો થતો ગયો, તેમ તેમ જૂદાં જૂદાં ઉચ્ચારણો વિષે જૂદા જૂદા અર્થ ઠર્યા, અને એમ ભાષા ઉત્પન્ન થઇ. પણ આ મતને હા પાડવા વિષે એ

હકીકત છે કે જે સહુથી જૂની ભાષાઓ છે, તેમની રચના, પછીથી થયલી ભાષાઓની રચના કરતાં બહુ વિસ્તારેલી અને વિચારયુક્ત છે. હેબ્રિ, સંસ્કૃત, ગ્રીક, ઇત્યાદિ બહુ પ્રાચીન ભાષાઓ સંપૂર્ણ જેવી છે. એ રીતિ પ્રમાણે ભાષા ઉત્પન્ન થઇ હતી, એવું કોઇ ઇતિહાસ ઉપરથી, કે દંતકથા ઉપરથી પણ, જાણ્યામાં આવતું નથી.

પરચુરણ વાતો.

૩૩૫. अनुकरण. કોઇ પ્રાણીના પોકાર્યા ઉપરથી, કે પદાર્થના પડ્યા અફળાયાની ધ્વની ઉપરથી, ઘણી ભાષાઓમાં કોઇ કોઇ શબ્દ થયલા હોય છે; એમને **અનુકરણ** શબ્દ કહે છે; જેમકે-કુકડો, કાગડો, ભેંસ, ગૌ (ગાય), ભમરો, ભડાક, રણકારો, ધમકારો, ફુંક, વેહ, વા, ઇ૦. ઘણાખરા બેવડાયલા હોય છે; ધમધમાટ, ખડખડ, ગડગડ, બડબડ,-રણુણુણુ, ભણુણુણુ. વળી એવો પણ અનુકરણ કહેવાય છે; જે૦ હડડડ, હરરરર, થતથતતત. કોઇ ધારે કે એવાં ઉચ્ચારણોથી ભાષાની ઉત્પત્તિ થઇ; એ મતનાં પ્રમાણ બેસતાં નથી.

૩૩૬. डचकारो—मुचकारो. ગુજરાતીમાં નિષેધાર્થમાં એક **ડચકારો,** અને હાના અર્થમાં એક **મુચકારો,** કે **બુચકારો** આવે છે. એઓ લખાતા નથી, પણ ઘણાના બોલવામાં આવે છે. બીજી ભાષાઓમાં પણ એવાં કોઇ ઉચ્ચારણો આવે. આફ્રિકાખંડમાં હાટંટાટ કરીને એક જાતના લોક છે, તેમની બધી ભાષા એવાં ઉચ્ચારણોથી થાય છે; તેમના પડોસમાં બુષ્માન લોક છે, તેમની ભાષાના અર્ધાએક શબ્દ એવા છે.

ઉપસંગી.

૩૩૭. અંક ૪૦ માં કહેલું છે, કે કેટલાએક શબ્દ **આશ્રયદાયક** અને કેટલાએક **ઉપસંગી** છે. ધાતુઆદિક મૂળ શબ્દ આશ્રયદાયક છે; તેમને આશ્રયે ઉપસંગી રહે છે. ઉપસંગીના કોઇ पूर्वग, કોઇ अनुग, અને કોઇ प्रत्यय છે.

૩૩૮. **पूर्वग**; આશ્રયદાયકને પૂર્વે આવનારા. એમનો વિશેષ ભાગ **ઉપસર્ગ** કહેવાય છે; અને બીજા પણ છે.

उपसर्गनो ઉપયોગ એ છે કે ધાતુ આદિક શબ્દની પૂર્વે આવીને તેનો વિવિધ અર્થ ઉપજાવે છે. **हृ** આ ધાતુનો સાધિત થયલો એક શબ્દ हार છે. એની પૂર્વે ઉપસર્ગ આવેથી અર્થ ફરે છે; જે૦-अनुहार, પછીથી જોઇને કરવું, ઉતારો; आहार, બદલેવું, ખોટ; अभिहार, લુટ; अवहार, ચોર; आहार, ખાવું; उद्धार, તારણ; उपहार, દાન-અધિક દેવું; निर्हार, કહાડવું; परिहार, ખરું

ઓશીવું, છુટકો, તારણુ ; प्रहार, માર ; प्रतिहार, નજરબંધ, બારણું ; विहार, સુખભોગ ; संहार, માર, નાશ.

૭૩૯. સંસ્કૃતમાં એકવીસ ઉપસર્ગ ગણેલા છે :—

अति ;—બહુ, અધિક, મહા. અતિ–દુષ્ટ (=બહુ–મહા દુષ્ટ), અતિપાતક, અતિક્રમ, અતિષય, અતિસ્નેહ, અત્યંત (અતિ–અંત), અત્યુક્તિ.

अधि ;—ઉપર. અધિ–કારી (ઉપરીપણું કરનાર), અધિપતિ, અધ્યક્ષ (જેની અક્ષિ-આંખ કોઇ જગ્યા, કામ, સભા ઉપર છે તે), અધિકરણ.

अनु ;—પછી, મળતું. અનુ–જ (પછી જન્મેલો), અનુકરણ, અનુકારી, અનુકૂલ (મળતું), અનુપ્રાસ, અનુમાન, અનુપાત, અનુભવ.

अंतर् ;—વચ્ચે, માહે, અદૃષ્ય.–અંતર્ધ્યાન (મનમાહેનું ઉંડું ધ્યાન), અંતઃકરણ, અંતઃપુર, અંતર્ગૃહ, અંતર્દ્વાર, અંતઃશરીર (આત્મા), અંતઃપાત, અંતઃસ્થ–અંતસ્થ. [લાતીન, inter].

अप ;—ઉતરતું, નીચું, ખોટું. અપમાન, અપકાર, અપક્રમ, અપકર્ષણ, અપશકુન. એનો અપભ્રંશ = ઓ, અપસરવું = ઓસરવું. [ગ્રીક apo, લાતીન ab, ઇંગ્રેજી off, of.]

अपि ;—ઉપર. અપિ–ધાન (ઉપર ધરેલું–ઓડો–ઢાંકણું). [ગ્રીક epi, ઇંગ્રેજી up, *up*-on.]

अभि—ભણી, યોગમ. જોડેના શબ્દના અર્થમાં સંપૂર્ણતા કરાવે છે. અભિમાન, અભિજ્ઞાન, અભિચાર, અભિષેક, અભિવ્યાપ્તિ, અભિસંધિ, અભિધાન, અભિસ્નેહ. [ગ્રીક amphi, લાતીન ob, ઇંગ્રેજી by.]

अव ;—નીચું, ઉતરતું (आ ની સામો અર્થ). અવકળા (ઉતરતી કળા), અવદશા, અવતાર. અવનો અપભ્રંશ = ઓ ; અવતાર :, ઓવારો (પાણીનો).

आ ;—સુધી, પર્યંત, મિતિ, પૂર્ણતા. આકાર, આગ્રહ, આધાર, આવૃત્તિ, આસન, આજ્ઞા, આકર્ષ. आने યોગે કોઇ ધાતુનો અર્થ સામા અર્થમાં ફરી જાય છે ; ગમન = જવું, આગમન = આવવું ; દાન = આપવું, આદાન = લેવું.

उत् ;—ચડતું, ઉપર, ઉભું. ઉત્કૃષ્ટ, ઉત્તમ, ઉત્તેજન, ઉત્પન્ન, ઉત્સાહ, ઉત્થાન (ઉઠવું), ઉત્થાપન, ઉદ્ગાર, ઉદ્ધાર, ઉત્કર (ઉકરડો), ઉન્મત્ત. એનો અપભ્રંશ ઉ.

उप ;—समीप, नानुं. उपगुरु, उपवेद, उपसर्ग, उपवाक्य, उपपद, उपाक्षरि, उपग्रंथ, उपदेश, उपकारु. [ग्रीक hupo, ला० sub ; इंग्रेजी up.]

दुस्–दुर् ;—खोटुं. दुष्कर्म, दुःसह, दुर्गुण, दुर्बुद्धि, दुराचार, दुर्बल (अपभ्रंश, दुब्लुं). [ग्रीक dus.]

नि ;—माहेलुं, बहार, नीचलुं, साथेनुं. शब्दना अर्थनी विशेषता देखाडे. निधि, निदान, निदेश, निगमन. [इंग्रेजी *ne*-ther.]

निस् ;—विना, नहि, बहार. निस्सत (सतविना), निश्चल, निष्कलंक, निर्दोष, निर्धर्म, निर्धन ; निर्बल (अपभ्रंश, नबळुं).

परा ;—बहु. पराक्रम. साथेना शब्दनो अर्थ उलटावी नाखे ; पराजय, पराजीत. [ग्रीक para, इंग्रेजी for, *for*-bid.]

परि ;—बहु, चोगम. परिश्रम, पर्यटन (बधे-देशावर फरवुं), परिधि. साथेना शब्दना अर्थमां संपूर्णता जणावे छे ; परिहार, परीक्षा, परिवार. [ग्रीक peri, लाटीन per.]

प्र ;—अधिकता, विशेष. प्रभु, प्रयत्न, प्रताप, प्रधान. [ग्रीक pro ; लातीन pro ; इंग्रेजी for.]

प्रति ;—फरी, सामुं. प्रतिवाद, प्रत्युत्तर, प्रतिभाषा, प्रतिकार, प्रत्यय, प्रतिकूल, प्रतिपद (पडवे), प्रतिबिंब, प्रतिदिन, प्रतिष्ठा, प्रत्यक्ष. [ग्रीक pros, लातीन *pol*-licior.]

वि ;—भिन्न, विशेष, अभाव. विकार, विकर्म, विक्रम, विशेष, व्याप, विस्मृ (विसर), वियोग, विख्यात, विनाश. समनो सामो अर्थ. [फारसी बे.]

सम् ;—साथे, सह. संगम, संगति, संग्रह, संचय, संपत, संभव, संबंध, संबोध, संवाद. [ग्रीक sun ; लातीन con, cum, co.]

सु ;—सारुं. सुजन, सुविचार, सुचाल, सुगुण (सगुण), सुपुत्र (सपुत) [ग्रीक eu.]

३४०. बे के आधक उपसर्ग साथे आवे :—अति–आ, अत्याग्रह; अधि, आ, अध्याहार ; अप–आ, अपादान ; उप–आ, उपाध्या ; वि–आ, व्याकरण, व्याकूळ ; सम्–आ, समाचार ; सम्–उत, समुत्पन्न, समुदाय ; सम्–प्र, संप्रदान, संप्रदाय ; वि–अभि, व्यभिचार ; वि–उत्, व्युत्पन्न.

अधि-आ-अव, અધ્યાવાહનિક (કન્યાની સાથે આપે તે પહેરામણી ૭૦), અધ્યાવરોહણ (ચડવું); समू-उप-आ, સમુપાકૃત્ય (પાછું આપવું).

૩૪૧. ઉપસર્ગ સિવાય કોઇ સંસ્કૃત મૂળના પૂર્વગ શબ્દ :—

अ, अन्, अण ;—વિના, અભાવ, નિષેધ. અ-જ્ઞાન (જ્ઞાન વિના), અબળ, અધર્મ, અકર્મ, અસત. જો શબ્દનો આદ્યક્ષર સ્વર હોય તો અની છેડે આગમ ન્ આવે ; અ (ન્) એક = અનેક, અનંત, અનર્થ, અનાયાસ, અનિષ્ટ, અનૃત (અન્-ઋત). નકારનો ણકાર થયે (૧૦૭ ગ) અણ ; શબ્દનો આદ્યક્ષર સ્વર ન હોય તોય અણ ; અણસમજુ, અણબોલ્યો, અણદીઠું, અણઘટતું.

कु ;—ખોટું. કુકર્મ, કુબુદ્ધિ, કુપાત્ર, કુવાસના, કુપુત્ર (કપુત) ; એનો કોઇ વેળા का થાય ; કુપથ-કાપથ, કુપુરૂષ-કાપુરૂષ.

न ;—અભાવ, નિષેધ. ન-અસ્તિક = નાસ્તિક, ન-ગ(મ) = નગ (ન જવાય તેવી જગ્યા-પાહાડ), નાન્યતર, નપુંસક, નકામું.

नाना ;—વિવિધ. નાનારૂપ = વિવિધરૂપ, નાનાપ્રકાર, નાનામત, નાનાવિધ.

पश्चात् ;—પછીથી. પશ્ચાત્તાપ = પછીથી તાપ (અપભ્રંશ પસ્તાવો).

पुनर् ;—ફરીથી. પુનર્વિવાહ, પુનર્જન્મ, પુનરૂક્તિ.

पुरा ;—પ્રાચીન. પુરાવૃત્તિ (પ્રાચીન વાતો—ઇતિહાસ), પુરાતન, પુરાણ.

मिथ्या ;—ખોટ, અસત્ય. મિથ્યાવાદ. મિથ્યામત. [સફળ.

स—सह ;—સાથે, યુક્ત, સમ. સગુણ (ગુણ સાથે), સટીકા, સપ્રમાણ, સજીવ,

स्वयम् ;—પોતે. સ્વયમ્વર, સ્વયમ્ભૂ.

કેટલાએક બીજા અવ્યય સંસ્કૃતમાં પૂર્વગ છે, તેમના સાધેલા શબ્દ થોડા ગુજરાતીમાં ચાલે ; જેમ અધસ્, (નીચે) અધઃસ્થલ, અધોલોક ;-अमा (પાસે) અમાવાસ્યા—અમાસ ;-अलं (શોભા) અલંકાર ;-चिरं (બહુ કાલ) ચિરંજીવી ;-पुरस् (પૂર્વે) પુરોગામી, પુરોહિત ;-प्रातर् (સહવારનું) પ્રાતઃસ્નાન, પ્રાતઃકાલ ;—बाहिर (બહાર) બહિરંગ બહિષ્કાર (જાત બહાર કરવું) ;—शनैस् (ધીમે) શનૈશ્ચર-ધીમે ચાલનાર=શનિ ;—शम् (સુખ) શંકર ; सायस् (સાંઝ) સાયંકાલ ; तिरस्, તિરસ્કાર. આ શબ્દ અને એમના જેવા બીજા સંસ્કૃતમાંથી એમનેએમજ લીધેલા છે.

૩૪૨. કેટલાએક હિંદુસ્થાની પૂર્વંગ શબ્દ ગુજરાતીમાં ચાલે છે :—

कम (ફારસી વિશેષણ), ઓછું ;—કમજોર, કમજાત, કમબખત.

खुश (ફારસી વિશેષણ), આનંદી ;—ખુશબો, ખુશખબર, ખુશદિલ.

खूब (ફા૦ વિશેષણ), સારૂં ;—ખૂબસુરત, ખૂબમજા.

गैर—गेर (અરબી) વિના, અભાવ, બીજું ;–ગેરખરચ, ગેરવાજબી. व (=અને) गैर ને પૂર્વે આવે 'वगैरे'—વિગરે-વિગ્રે થાય છે = અને બીજું = ઇત્યાદિ.

दर (ફારસી) એકેક ;–દરેક. એને અનેક અર્થ લાગે છે ; = મૂલ્ય, દરમા (મહિનાનું મૂલ્ય - મહિનાની મજુરી) ;=દરવાજો ; દરવાન (દ્વારપાલ) ; = માહે ; દરકાર (કામમાં).

ना, नि, निर् (=સંસ્કૃત न—निर्) ;—નાપાક, નાપસંદ, નાદાર, નાદાન, નિકામું–નકામું, નિરાળું (=निर—આળ, સર્વ).

नीम, नीमे, (ફારસી વિશેષણ), અર્ધ ;—નીમે પગાર, નીમે ભાગ.

नेक (ફારસી વિશેષણ), સારૂં, ખરૂં ;—નેકરાજ, નેકખબર.

पेश (ફારસી), પૂર્વેનું, મ્હોડા આગળનું; પેશખબર (પૂર્વેની વાત-ભવિષ્ય વાત), પેશવા (મ્હો આગળનું માણસ).

बद (ફારસી વિશેષણ=ઈંગ્રેજી bad), ખોટું ;—બદનામ, બદસૂરત, બદફેલ.

बिन (=સંસ્કૃત વિના) નહિ, વિના ;—બિનમજુરી, બિનનુકશાન, બિનહરકત.

बे (ફારસી=સંસ્કૃત वि), વિના ;—બેફિકર, બેઇલાજ.

ला (અરબી), નહિ ;—લાચાર (ઉપાય વિના), લાકલામ (કહેવા અગોગ્ય).

शाह, शाहा (ફારશી નામ) રાજા, મોટો ;—શાહરાહ (રાજમાર્ગ), શાહજાદા (પાટવી પુત્ર).

सर (ફારશી=સંસ્કૃત (शिर), માથું, મુખ્ય ;—સરસુબેદાર, સરકારકુન.

ટીકા. अ, सु, कु, उ (= સંસ્કૃત उत्), ઇત્યાદિ સંસ્કૃત ઉપસર્ગોના અપભ્રંશરૂપો હિંદુસ્થાની શબ્દની સાથે આવે તો તેમને હિંદુસ્થાની ગણાય, અથવા કેવળ અપભ્રંશ ગણાય.

એમજ ગુજરાતીમાં ઓ = अव अपि, ઉ=उत्, ન = नि निस, સ = सु, દુ = दुस्, ક = कु, ઈ૦ કેવળ અપભ્રંશ ઉપસર્ગ અને પૂર્વંગ ગણવા.

૩૪૩ **અનુગ;** (પછીથી આવનારા શબ્દ. અ). એમના કોઇ આશ્રયદાયકને છેડે વળગી રહે છે; જેમકે,—જ (एज, तेंज, साचुंज); એ, ય, ઇ (तुंए, तुंय, तुंइ); બી (तुंबी, तेंबी);—**આ**). કોઇ પૃથક રહે છે ખરા, પણ બીજા શબ્દની પછવાડેજ બોલવામાં આવે; તો (सुणो **तो** खरा); પણ (एवुं **પણ** थाय छे), ખરો, રી, રૂં, (तमें आव्या तो **ખરા**). (૩૨૦).

ટીકા. પૂર્વગ તથા અનુગ શબ્દોમાં કોઈ ગુણવાચકના, કોઇ ક્રિયાવિશેષણના, કોઇ વાક્યયોગીના અર્થમાં વપરાય.

૩૪૪. **प्रत्यय.** પ્રત્યયથી સાધિત થનારા શબ્દમાં કેટલાક **કૃદંત,** અને કેટલાક **तद्धितांत** છે. ધાતુને પ્રત્યય લાગ્યાથી જે શબ્દ થાય છે તે કૃદંત, અને બીજા શબ્દને પ્રત્યય લાગ્યાથી જે શબ્દ થાય છે તે તદ્ધિતાંત કહેવાય છે. બધા પ્રત્યયનો સંગ્રહ અહિં કરેલો નથી, પણ ઘણાખરા એકઠા કરીને દેખાડિયે.

અ) **કૃદંત.** ધાતુને કૃદંતના પ્રત્યય લાગતાં તેના અક્ષરમાં ગુણ કે વૃદ્ધિ, લોપ કે આગમ, અને સંધિકાર્યના વિકાર પણ થાય. એકેક ઉદાહરણમાં કેવા કેવા વિકાર થાય છે તેનું વર્ણન કરતાં ગ્રંથ મોટો થશે, માટે ઉદાહરણ ઉપરથી સમજી લેવું કે કેવો વિકાર થયલો છે. બધા પ્રત્યય મૂળે પૃથક શબ્દ હશે, પણ સર્વેનાં પૃથક રૂપ અને પૃથક અર્થ હમણા જણાતા નથી, પણ ઘણાખરાના હજી જાણવામાં આવે છે. કેટલાએક કૃદંત બીજા શબ્દની સાથેજ—સમાસમાંજ—વપરાય છે.

૧. કર્તૃવાચક નામ.

अ. चुर्, ચોર; दिव्, દેવ; दीप्, દીપ; प्रवह्, પ્રવાહ; हन्—घ्न (જે૦; પાપ+ઘ્ન=પાપઘ્ન-પાપનાશક).

अक. कृ, કારક; युज्, યોજક; लिख्, લેખક; नै, નાયક; गै, ગાયક; दृश्, દર્શક; रक्ष्, રક્ષક; पच्, પાચક; पूज्, પૂજક.—નારીજાતિમાં इका; કારિકા, પાચિકા.

अन, मद्, મદન (હરખાવનાર); नद्, નંદન; रु, રવન (પોકારનાર)-રાવણ (પોકાર કરાવનાર); श्रु, શ્રવણ.

आलु. पत्, પતયાલુ (પડે એવો); शी, શ્યાલુ (ઉંઘનાર); दय्, દયાલુ.=आरु. वद्, વંદારૂ (વખાણનાર).

इ. हृ, हरि (वाक्+हरि = वाग्घरि, वचन हरनार); कृ, करि (स्तंबकरि स्तंब-ढगलो करनार); ग्रह्, ग्रहि (फल ग्रहि, फल झालनार-फलवान झाड).

इन्. (=ई). वद्, वादिन्, वादी (प्रतिवादी इ०); भू, भवी (अनुभवी, इ०); युज्, योगी ; स्था, स्थायी.

उ. भिक्ष्, भिक्षु ; इष्, इच्छु (इच्छनार); विद्, (विदु जाणनार).

उर. भज्, भंगुर (भंगुर होनार); भास्, भासुर (प्रकाशनार).

उक. घात्, घातुक (घात करनार); भिक्ष्, भिक्षुक.

कर. (कृ धातु उपरथी घडेलो शब्द. समासमां आवे छे).
भयं (भय) कर=भयंकर (भयकरनार) ; दिवाकर (अजवाळुं करनार-सूर्य), प्रभाकर (सूर्य) ; निशाकर. एनो अपभ्रंश गर (१०७ ज) चुडगर ; डगगर.

कार. (करनो प्रेरकभेद.=करावनार पण प्रेरकनो अर्थ प्रत्ययने वळग्यो नहि. एना सामासिक शब्द थाय छे.) ग्रंथकार, कुशलकार, (कुशल करनार करावनार) ; कुंभकार (एना अपभ्रंश, कुंभार-कंभार).

ग. (गम् धातुनो अंश. अर्थ जनार. एना सामासिक शब्द थाय छे). देशग (देशे जनार); समुद्रग (समुद्रे जनार) ; पूर्वग,—अनुग (पूर्वे-पछे जनार) ; उरग-उरंग (उरे जनार-साप) ; तुरग-तुरंग (त्वराए जनार-घोडो).

ज. (जन् धातुनो अंश. अर्थ जन्मनार) अनुज (पछी जन्म-नार-पुत्र, नानो भाई); पंकज (कादवमां थनार-कमल); प्रथमज (पहेलो जन्मेलो) ; पूर्वज (पूर्वे थएलो).

२. विविध अर्थनां नाम.

अ. (नरजाति नाम). कम्, काम (इच्छा-मन विकार); कृ, कर (हाथ इ)०; त्यज्, त्याग; पच्, पाक (दूधपाक इ०) पद्, पाद; भज्, भाग; भू, भव (जन्म) ; भू, भाव ; लभ्, लाभ.

अन. (नान्यतरजाति नाम). स्था, स्थान, उत्थान (उठवुं); दृश् दर्शन, प्रदर्शन, संदर्शन, इ० ; दा, दान, अपादान, संप्रदान, इ० ; पाल् पालन-'ळण ; पुष्, पोषन-'ण ; हु, हवन ; श्रु श्रवण ; शी, शयन ;

भू, ભવન (રહેવાની જગ્યા); कृ, કરણ (સાધન); कृ, કારણ. पर्व, પર્વન્-પર્વ (ખંડ, અધ્યાય).

અનનું નારીરૂપ અના છે. प्रार्थ, પ્રાર્થના; रच, રચના; विद्, વેદના; भू, ભાવના.

अस्—इस्—उस्. (નાન્યતરજાતિનાં નામ). तम, તમસ્ (અંધકાર); तिज, તેજસ્ (તેજ); पय, પયસ્-પય (દૂધ); छद, છંદસ્-છંદ. द्युत्, જ્યોતિસ્-જ્યોતિ-જ્યોત; चक्ष्, ચક્ષુસ્-ચક્ષ્,-ચખ (આંખ).

ટીકા. સ નો લોપ થયે આ પ્રત્યયથી સાધિત થએલા શબ્દ અકારાંત અને ઇકારાંત જેવા દેખાય છે. તોય પણ સમાસમાં સકાર ફરી દેખાય છે; જેમકે, જ્યોતિસ્શાસ્ત્ર-જ્યોતિ:શાસ્ત્ર; ધનુસ્-વિદ્યા, ધનુર્વિદ્યા.

ज्ञ, (ज्ञा ધાતુનો અંશ. અર્થ, જાણનાર). પ્ર-આ-જ્ઞા = પ્રાજ્ઞ (વિદ્વાન), અજ્ઞ (નહિ જાણનાર); સુજ્ઞ (સારૂં જાણનાર).

त. (સમાસમાં). કર્મકૃત (કામ કરનાર); દેવસ્તુત (દેવને સ્તવનાર-વખાણનાર); આરણ્યગત (વને ફરનાર).

तृ, ता (तॄ ધાતુનો અંશ. અર્થ, પાર પાડનાર (૨૫૩), ધાતુનો અર્થ પૂરો કરનાર. श्रु શ્રોતા; दा, દાતા; विद्, વેત્તા; કોઇ વેળા ઇ આગમ આવે; क्रम्, ક્રમિતા (ચાલનાર); भू, ભવિતા (રહેનાર). માતા પિતા ઇત્યાદિ સગાના નામમાં એજ પ્રત્યય આવે છે.

द (ધાતુ दा. અર્થ, દેનાર. સમાસમાં આવે). વરદ, વર-આશિશ દેનાર; વારિદ, વારિ-જળ દેનાર, મેઘ.

धरा (ધાતુ धृ. ધરનાર-ઝાલનાર. સમાસમાં આવે). વસુંધરા-વસુ (દ્રવ્ય) ધરનાર = પૃથ્વી.

भर (ધાતુ भृ. અર્થ, પોશનાર-પોશણ કરનાર. સમાસમાં આવે). વિશ્વંભર-વિશ્વનો પોશક, ઈશ્વર.

भु-भू (ધાતુ भू. અર્થ હોનાર). સ્વયંભૂ-ભુ. (પોતે-પોતાથી હોનાર-જેનો કોઇ કર્તા નથી); શંભુ (સુખે રહેનાર); પ્રભુ; વિભુ (ધણી).

र. नम्, નમ્ર (નમી રહેનાર); हिंस्, હિંસ્ર (મારમાર).

वर—त्वर. स्था, સ્થાવર-સ્થિર; इश्, ઇશ્વર; जि, જીત્વર-જીતનાર.

आ. (આના નારીજાતિ નામ થાય છે.) इष्, ઇચ્છા; कथ्, કથા; चिंत्, ચિંતા; पीड, પીડા; तुल्, તુલા; शिक्ष्, શિક્ષા; संज्ञा + आ, સંજ્ઞા (નામ); आज्ञा + आ, આજ્ઞા.

इ. (નરજાતિ નામ થાય છે). दा धा ધાતુ પૂર્વે ઉપસર્ગ અને આગળ इ પ્રત્યય સ્વીકારે તો ધાતુનો અંત્યસ્વર ઉડી જાય છે. आ-दा-इ = આદિ; सं-धा इ = સંધિ; नि-धा-इ = નિધિ; परि-धा-इ = પરિધિ.

ति. (નારીજાતિ નામ). शक्, શક્તિ; कृ, કૃતિ; गम्, ગતિ; नी, નીતિ; स्मृ, સ્મૃતિ; बुध्, બુદ્ધિ. ति ને સ્થળે કોઇ ધાતુની સાથે नि આવે; हा, હાનિ.

त्र—इत्र—त्रिम्. (જાતિ નાન્યતર. જેણે કરીને કંઇ થાય છે એ અર્થ દેખાડે છે.)

अस्, અસ્ત્ર; शस्, શસ્ત્ર; शास्, શાસ્ત્ર; गम्, ગાત્ર; पा, પાત્ર; स्तो, સ્તોત્ર; क्षि, ક્ષેત્ર (અપભ્રંશ ખેતર);—

चर, ચરિત્ર; पू, પવિત્ર; वद्, વાદિત્ર (વાજું);—

कृ, કૃત્રિમ (યુક્તિ, કલા).

न. (જાતિ, નર). यत्, યત્ન; यज्, યજ્ઞ; स्वप्, સ્વપ્ન.

या. (જાતિ નારી). कृ, ક્રિયા; विद्, વિદ્યા.

३. વિશેષણના:—

त्,—इत् પ્રત્યય કર્મણિ ભૂતકાલનો અર્થ દર્શાવે છે. कृ, કૃત; गम्, ગત; ख्या, ખ્યાત.

કોઇ ધાતુની સાથે त् ને સ્થળે न, ट; ऋ, ઋણ; कॄ, કીર્ણ; पॄ, પૂર્ણ; लग, લગ્ન; खिद, ખિન્ન; दृश्, દૃષ્ટ; णश्, નષ્ટ.

अनीय. રમણીય; दृश्, દર્શનીય.

य—त्य. कृ, કાર્ય-કૃત્ય; पूज, પૂજ્ય; युज, યોગ્ય;—આ પ્રત્યયે થનારા કેટલાએક શબ્દ મૂળે વિશેષણ છતાં વિશેષ્યને અર્થે વપરાય છે; आचार, આચાર્ય; गद्, ગદ્ય; पद्, પદ્ય; वच्, વાક્ય.

૪. સંસ્કૃતમાં જે પ્રત્યય ઉણાદિ કહેવાય છે તેમાંના કેટલાએક નીચે દેખાડિયે છિયે.

अन्=આ. राज्, રાજન્-રાજા ; यु, યુવન્-યુવા ; पर्व, પર્વન્-પર્વ.

अल-अला. कम्, કમલ-કમલા ; मुस्, મુસળ ; छो, છલ ; मड्, મંડલ ; मंग्, મંગળ.

आल. चड, ચંડાળ-ચાંડાળ ; पत्, પાતાળ ; सृज्, સૃગાલ (શીઆળ).

इत. सृ, સરિત (નદી).

इष-इषी. मह्, મહિષ (અપભ્રંશ, ભેંસ)

इर-इरा. मद्, મંદિર (વિશ્રામસ્થળ),-મદિરા (મદ્ય-દારૂ) ; रुध्, રૂધિર ; बंध्, બધિર (અપભ્રંશ, બહેરો) ; स्था, સ્થિર.

इल. पथ्, પથિલ (પંથી).

उ. वा, વાયુ ; साध्, સાધુ ; तॄ, તરૂ ; वस्, વસુ ; बंध्, બંધુ ; लघ्, લઘુ ; पश्, પશુ.

उर. चत्, ચતુર ; अंक्, અંકુર ; भज्, ભંગુર.

उत. मृ, મરૂત (વા).

ऊ. वह्, વધૂ (વહૂ) ; तन्, તનૂ ; खर्ज्, ખર્જૂ (ખજૂર).

ऊर. मी, મયૂર (મોર) ; स्यंद, સિંદૂર.

एर. पत्, પતેર (પક્ષી) ; कुब्, કુબેર.

ग-गा. शृ, શૃંગ-શિંગ (શિંગડું) ; गम्, ગંગા.

ठ. कण्, કંઠ.

ड-डी. खन्, ખંડ ; दम्, દંડ ; चन्, (કોપવું), ચંડ-ચંડી.

तु. सी, સેતુ (પૂલ) ; तन्, તંતુ ; धा, ધાતુ ; जन्, જંતુ ; वस्, વસ્તુ.

त-था. रम्, રથ ; कुष्, કોષ્ઠ (કોષ્ઠક-કોઠી ૯૦) ; तॄ, તીર્થ ; ऋ, અર્થ. गै, ગાથા.

म. क्षि, ક્ષેમ ; धृ, ધર્મ ; युज्, યુગ્મ ; ग्रस्, ગ્રામ-ગામ.

व-वा. विश्, વિશ્વ ; खट्, ખટ્વા (ખાટલો).

वी-अवी-इवी. पृथ्, પૃથ્વી-પૃથવી-પૃથિવી.

र. वक्रु, वक्र (વાંક) ; चंद्रु, चंद्र ; छिद्रु, छिद्र ; अम्, आम्र, (આંબો).

૫. અનેક પ્રત્યય અપભ્રંશરૂપે ચાલે છે, અથવા મૂળ ભાષામાંથી ગુ
નિકળ્યા પછી વાપરવામાં આવ્યા છે. તેમના કેટલાએક નીચે દેખાડિયે [

अ. ક્રિયાપદના મૂળ જેવાં દેખાનાર કેટલાંએક નામ ગુજરાતીમાં ચા
બોલ, ચાલ. ક્રિયાપદને અર્થે નથી વપરાતા એવા કેટલાએક
એજ રૂપના જેવા છે ; વાદ, ભોર, ભાર.

अक. બેસ, બેઠક ; આવ, આવક ;

अकी. કુદ, કુદકી ; ડુબ, ડુબકી.

अण. માગ, માગણ; ધાવ, ધાવણ; વળ, વળણ; ચાલ, ચલણ; ગુથવ, ગુ

अणी. સિવ, સિવણી ; બાંધ, બાંધણી ; રાંધ, રાંધણી ; કર, કરણી ;
ચેતવણી ; ભાળવ, ભાળવણી ; આંક, આંકણી ; ઓઢ, ૨
(ઓઢણી) ; માપ, માપણી ; લિખ, લેખણી (લેખણ).

अणुं. દળ, દળણું (દયણું) ; ગળ, ગળણું (ગયણું) ; ચાવ, ચાવણું. अण
अणुं = अन (૧૦૭).

अणो. ધાવ, ધાવણો-'ણી-'ણું. (વિશેષણ).

अत. ગમ, ગમત ; રમ, રમત. (નારીજાતિં નામ).

अतर. ભણ, ભણતર ; વણ, વણતર ; ગણ, ગણતર.

अव = आउ. વેચ, વેચવ ; શિખ, શિખવ ; પાલ, પાલવ.

आइ. ચડ, ચડાઇ ; લડ, લડાઇ.

आउ = आऊ (= આલુ). ઉડ, ઉડાઉ ; ખરચ, ખરચાઉ ; શરમ, શ
વગાડ, વગડાઉ ; વેચ, વેચાઉ.

आना. બિછાવ, બિછાના. (હિંદુસ્થાની).

आट. ચળક, ચળકાટ ; વણ, વણાટ ; ગભરા, ગભરાટ ; ગરબડ, ગર
કણુકણ, કણુકણાટ ; કરણ, કરણાટ ; વળવળ, વળવળાટ.

आण-आणी-आणुं. વેચ, વેચાણ ; ખેંચ, ખેંચાણ ; કહે, કહેણી (ક
-કહાણી-કાણી ; ઉધરા, ઉઘરાણું.

आप. મિલ, મિલાપ.

आमण–आमणी. શિખ, શિખામણ; પહેર, પહેરામણી.

आरी. પાથર, પથારી.

आरो. લૂટ, લૂટારો; બંધ, બંધારો.

आव. ચડ, ચડાવ; પડ, પડાવ; ઠર, ઠરાવ; મચ, મચાવ.

आवेट. બન, બનાવેટ; ચહા, ચહાવટ.

आलु. લાજ, લજાળુ; ઉંઘ, ઉંઘાળુ; શરમ, શરમાળુ.

इ. ખુડ, ખુડી; બોલ, બોલી; ચોર, ચોરી.

इएल. અડ, અડિએલ.

इण–ण. દે, દેણ; લે, લેણ;

इत–इतो. લખ, લખિત; શોભ, શોભિત; દેખ, દેખિત (દેખિત ભૂલ). લખલખ, લખલખિત;—ઓળખ, ઓળખીતો; માન, માનિતો०; જાણ, જાણીતો० (= સં० ત–इत, = ગુ० એલ). [ઉતારૂ.

उ. ચાલ, ચાલુ; લાગ, લાગુ; ભર, ભરૂ (પેટભરૂ); ખેડ, ખેડુ; ઉતાર,

एर. ખંડ, ખંડેર. = એલ.

एल. છાપ, છાપેલ; પાળ, પાળેલ. = સં० હત (૧૦૭ ऊ).

ओ. (= સં० म्), કર્તૃવાચક–લંગડ, લંગડો; બોલ, બોલો (સાચા બોલો) ઝર, ઝરો. ભાવવાચક–મર, મરો; તર, તરો; ઓઢ, ઓઢો.

कणो. માર, મારકણો; બિહીકણો; બોલ, બોલકણો.

जुं. ખા, ખાજું.

णुक. વર્ત, વર્તણુક.

वरो. ખા, ખાવરો; આવ, આવરો = આવક, આવણુ.

वाड. મંદ, મંદવાડ.

આ. તદ્ધિતાંત. ધાતુસાધિત વિષયપદને કૃદંત, અને કૃદંત ઉપરથી સાધિત શબ્દને તદ્ધિતાંત કહે છે. શબ્દ ઘડવા સારૂ જે પ્રત્યય ધાતુને લાગે છે, તે કૃદંત પ્રત્યય, અને બીજા શબ્દ ઘડવા સારૂ જે પ્રત્યય કૃદંતને લાગે છે તે તદ્ધિત પ્રત્યય કહેવાય છે.[1] પ્રત્યય લાગતાં બહુધા મૂળ શબ્દમાં અનેક પ્રકારના

વિકાર થાય છે. શબ્દનો અંત્યસ્વર ઉ ઊ ઓ હોય, અને પ્રત્યયના આદિએ સ્વર કે ય હોય, તો શબ્દના અંત્યસ્વરને સ્થળે **અવ** થાય છે; ભૃગુ+અ= ભાર્ગવ, તાળુ+ય=તાળવ્ય. જો શબ્દનો અંત્યસ્વર અ આ ઇ ઈ હોય અને પ્રત્યયનો આદ્યક્ષર સ્વર કે ય હોય, તો શબ્દનો અંત્યસ્વર લોપ થાય છે; ગર્ગ+ય=ગાર્ગ્ય, શિવ+અ=શૈવ. જો શબ્દના આદિએ જોડાક્ષર હોય અને તેમાં ય કે વ આવે, તો જોડેલા અક્ષર પૃથક પડે છે, પછી પહેલાની સાથે ઐ ઔ મળે છે; વ્યાકરણ+અ=વૈયાકરણ (વ્યાકરણી), ન્યાય+ઇક=નૈયાયિક, દ્વાર+ઇક=દૌવારિક.

૧. માતા પિતા પૂર્વગાદિનાં નામ ઉપર સંતાનાનુગાદિની સંજ્ઞા. એઓ વિશેષણ છતાં પણ વિશેષ્ય જેવા વપરાય છે.

अ. શિવ–સુમિત્રા–યદુ, શૈવ–સૌમિત્ર–યાદવ.

इ. કૃષ્ણ–દેવદત્ત, કાર્ષ્ણિ–દૈવદત્તિ.

ईय. ભ્રતૃ, ભ્રાત્રીય (ભત્રીજો).

उर. (સમાસનું પૂર્વપદ સં, ભદ્ર, અથવા સંખ્યાવાચક શબ્દ, અને ઉત્તરપદ માતૃ (માતા) હોય, તો ઉર પ્રત્યય આવે). ભદ્રમાતા–દ્વિમાતા–ષણ્માતા, ભાદ્રમાતુર–દ્વૈમાતુર–ષાણ્માતુર.

एय. ગંગા–વિધવા–રોહિણી, ગાંગેય–વૈધવેય–રૌહિણેય.

य. ગર્ગ-ગાર્ગ્ય.

૨. વિવિધ સંબંધનાં વિશેષણ.

अ. વિષ્ણુ, વૈષ્ણવ (વિષ્ણુભક્ત); વ્યાકરણ, વૈયાકરણ; ચિત્રા (નક્ષત્ર); ચૈત્ર.

आल–आट. વાક્ (વાચા), વાચાલ–વાચાટ.

इक. લોક, લૌકિક; માસ, માસિક; વર્ષ, વાર્ષિક; નિશા (રાત્રિ), નૈશિક; સમય, સામયિક; કાલ, કાલિક; ધર્મ, ધાર્મિક; ઇતિહાસ, ઐતિહાસિક; પુરાણ, પૌરાણિક; દેવ, દૈવિક.

इत. દુઃખ, દુઃખિત; ક્લેશ, ક્લેશિત; લજ્જા, લજ્જિત.

इन्. (પ્રથમા નરજાતિ ઈ,–નારીજાતિ इनी,- નાન્યતર इन्). માલા, માલિન્ (પ્ર૦ માલી–નારી૦ માલિની); શાસ્ત્ર, શાસ્ત્રિન્ (શાસ્ત્રી). પૃષ્ઠ ૫૮ જોવું.

ईन. મલ, મલિન (મેલો)–મલિની (મેલી).

इम. અંત, અંતિમ ; પશ્ચ, પશ્ચિમ–પશ્ચિમા.

इय. યજ્ઞ, યજ્ઞિય (યજ્ઞ સંબંધી); રાષ્ટ્ર, રાષ્ટ્રિય (સૈન્ય–લોક સંબંધી).

इल. પંક (કાદવ), પંકિલ (કાદવનો).

ईन. (નારી૦ ईना). કુલ, કુલીન (કુલનો)–કુલીના (કુળની).

ईय. પર્વત, પાર્વતીય (પર્વતનું) ; રાષ્ટ્ર, રાષ્ટ્રીય ; અનેકીય (અનેકનું) ; દ્વિતીય, તૃતીય, ઇ૦ (બીજું, ત્રીજું ઇ૦).

कीय. સ્વ, સ્વકીય (પોતાનું) ; પરકીય (પરનું). કદાચ = હિંદુસ્થાની ષષ્ઠીનો પ્રત્યય का,–અને ગુજરાતી કેરો.

एय. પુર, પૈરેય (પુર-ગામના લોક) ; પૌરૂષેય (પુરૂષગુણ).

तन. (વિશેષે કરી કાલવાચક શબ્દને લાગે). સદા, સદાતન ; સના, સનાતન (સદાનો), અદ્ય, અદ્યતન (આજનો) ; પુરા, પુરાતન (પૂર્વનો).

मं. આદિ, આદિમ ; મધ્ય, મધ્યમ ; અધ(સ્), અધમ.

मत् (પ્રથમા નર૦ માન્,–નારી મતી,–નાન્ય૦ મત્). ધી (બુદ્ધિ), ધીમાન્–ધીમતી–ધીમત્. નામને અંતે કે ઉપાંતે **મ, અ, આ,** હોય, તો **મ** ને સ્થળે **વ** થાય ; ધન, ધનવાન્–ધનવંતી–ધનવત્. વિદ્યાવાન.

य. તાલુ, તાલવ્ય ; દંત, દંતવ્ય ; ગ્રામ, ગ્રામ્ય ; મુખ, મુખ્ય ; ગૌ, ગવ્ય.

लु, ळु દયા, દયાળુ ; કૃપા, કૃપાળુ ; કરૂણા, કરૂણાળુ.

विन्. (પ્રથમા નર૦ વી,–નારી૦ વિની,–નાન્ય૦ વિન્), તેજસ્, તેજસ્વી –તેજસ્વિની–તેજસ્વિન્.

वल. (કદાચ = ગુજરાતી વાળો), શિખા, શિખાવલ (શિખા–ચોટલીવાળો).

श. કપિ (વાનર), કપિશ (વાનર રંગનો). [કદાચ = ગુજરાતી **શ** ; પીળું, પીળાશ ; કાળું, કાળાશ].

૩. ભાવવાચક નામ.

अं. ગુરૂ (ભારે) ગૌરવ ; પુરૂષ, પૌરૂષ ; શુચી, શૌચ.

ता. સત્ય, સત્યતા ; દુષ્ટ, દુષ્ટતા ; કૃષ્ણ (કાળું), કૃષ્ણતા.

त्व. પુરૂષ, પુરૂષત્વ ; મિત્ર, મિત્રત્વ ; દૃઢ, દૃઢત્વ ; સત્, સત્ત્વ. (= પણું.)

य. કવિ, કાવ્ય.

૪. અપભ્રંશ, અથવા મૂળમાંથી નિકળ્યા પછી ગુજરાતીમાં ચાલેલા પ્રત્યય.

अल. દેવ, દેવળ, (દેવાલય).

आई. (ભાવવાચક નામ નારીજાતિ.) શેઠ, શેઠાઇ; ચોકસ, ચોકસાઇ; લાંબું, લંબાઇ; મોટું, મોટાઇ; ગરીબ, ગરીબાઇ; દુષ્ટ, દુષ્ટાઇ = દુષ્ટતા.

आण. (ભાવવાચક નામ નાન્યતર). ઉંચું, ઉંચાણ; ઉંડું, ઉંડાણ; પોલું, પોલાણ.

आणो. (વિશેષણ). ઉપર, ઉપલાણો = ઉપરાણો.

आयत. પંચ, પંચાયત (પંચાત).

आर = કાર. (સમાસમાં આવે છે). કુંભ, કુંભકાર-કુંભાર-કુંમાર; લોહ, લોહકાર-લોહાર; સુવર્ણ (સોનું), સુવર્ણકાર-સોનાર (સોની); ચર્મ, (ચામડું) ચર્મકાર-ચમાર (ચામડિયો).

आरो = કારઃ. પૂજાકાર-પૂજારો; રંગકાર-રંગારો.

आळ—आळो = કાળ. સમાસમાં. ઘટિકા-ઘડી + કાળ=ઘડીઆળ; ઉષ્ણકાળ, ઉન્હાળો; શીતકાળ, શિયાળો.

आळ—आळो=વાળો-આળુ (વિશેષણ). રૂપ, રૂપાળો; દાઢી, દાઢીઆળો; રેતી, રેતાળ-રેતાળુ, પત્થર, પત્થરાળુ; લોહી, લોહીઆળ.

आश. (ભાવવાચક નામ). મીઠું, મીઠાશ; કઠણ, કઠણાશ; ખાટું, ખટાશ; ચીકણું, ચીકાશ.

इष्ट. આ પ્રત્યયને પૂર્વે શબ્દના અંત્યસ્વરનો લોપ થાય છે. પાપી-પાપ, પાપિષ્ટ; ગર્વી-ગર્વ, ગર્વિષ્ટ; ક્રોધી-ક્રોધ, ક્રોધિષ્ટ. ઇ વિના પણ આ પ્રત્યય ચાલે છે; દુસ, દુષ્ટ.

ई. = ઇત-ઇન. (વિશેષણ). સુખ, સુખી; દુઃખ, દુઃખી—દેશ, દેશી; ગુજરાત, ગુજરાતી; કાઠીઆવાડ, કાઠીઆવાડી. હિંદુસ્થાનીમાં પણ એજ પ્રત્યય ચાલે છે; ગુલાબ, ગુલાબી; મુલુક, મુલકી.

ई. (નારીજાતિ પ્રત્યય. સં૦ ઇ, અને આનો અપભ્રંશ). ઘોડો, ઘોડી; દેવ, દેવી. અલ્પાર્થે-લોટો, લોટી; વાટકો, વાટકી; ટેકરો, ટેકરી.

ई. (ભાવવાચક નામ). ખેતર, ખેતી; સાહેબ, સાહેબી; સરદાર, સરદારી.

ईओ—इयो. દુઃખ, દુખીઓ-દુખિયો; સુખ, સુખીઓ-સુખિયો. ભૂમિ, ભોમીઓ, ભોમિયો; કચ્છ (જલ સમીપે ભૂમિ) કાછીઓ-કાછિયો; નિશાળ, નિશાળીઓ,-નિશાળિયો. મૂળે વિશેષણ, પણ વિશેષ્યાર્થે વપરાય છે.

ईलो. (વિશેષણ=સં० इक्, इत्.) રસ, રસીલો (રસિક); હઠ, હઠીલો=વાળો, નાતીલો=નાતવાળો. આ પ્રત્યય અને ભૂતકૃદંત પ્રત્યય એકજ મૂળના હશે.

एक. (અલ્પાર્થે). કંઈ, કંઈએક-કંઈક; કેટલું, કેટલાએક-કેટલાક; થોડું, થોડુંએક-થોડુંક; ઘણું, ઘણાએક-ઘણાક-ઘણુંક; પાંચ, પાંચેક; દસ, દસેક.

एर. (સંસ્કૃત ગૃહનો અપભ્રંશ). માતૃગૃહ (માનું ઘર), મોસાળ; પિતૃગૃહ (બાપનું ઘર), પિએર.

एरो. (વિશેષણના અર્થમાં વધારો કરાવે છે). ઘણું, ઘણેરૂં; ઝાઝું, ઝાઝેરૂં; મોટું, મોટેરૂં; નાનું, નાનેરૂં.

ओ. (સં० સ્. મૂળે દર્શકસર્વનામ. પ્રથમા અને ષષ્ઠી વિભક્તિના પ્રત્યયમાં, અને વિશેષ્યને અર્થે વપરાયલા વિશેષણમાં આવે છે.) કોઈ જન, કુલ, કે જાતિના મૂળ ગામ કે સ્થાનના નામની સાથે મળે છે; વડનગર, વડનગરો; બોરસદ, બોરસદો.

સ્વાર્થને અર્થે પણ આવે છે; મૂર્ખ, મૂર્ખો; વાર, વારો.

ओटो. લાખ, લખોટો.

कार. (=સં० કાર, કરનાર). સરકાર; સાહુકાર; બદકાર.

को, यको. એક, એકકો; દસ, દસકો; સો, સયકો.

की. એક, એકકી; બે, બેકી.

गर. (=સં० કર, કરનાર). ચૂડ, ચૂડગર; ડંખુ-ડખ, ડખગર; જાદુ, જાદુગર. હિંદુસ્થાની શબ્દને પણ આ પ્રત્યય લાગે છે; સોદા (વ્યાપાર) સોદાગર; જર (સુવર્ણધાટ), જરગર (સોની).

गरो. કહ્યું, કહ્યાગરો; કામ, કામગરો; વાત, વાતગરો.

गाळ-गाळो. (=કાલ). લગ્નકાલ, લગ્નગાળો; કેરીકાલ, કેરીગાળો; વચકાલે, વચગાળે (એ શબ્દ સ્થળાર્થે પણ વપરાય છે).

डो. અ.) અલ્પાર્થે.—વૈરાગી, વૈરાગડો; મહાદેવ, મહાદેવડો; ગામ, ગામડું; મૂખ, મૂખડું-મહોડું; પલંગ, પલંગડી; ભૂખ્યો, ભુખડો.

આ.) સ્વાર્થે. બાઈ, બાઈડી; ભાઈ, ભાઈડો; રાખ, રાખોડી; દોર, દોરડો-'ડી-'ડું.

ઇ.) નાનાર્થે. શેક, સગડી; હાથ, હાથોડી; દેખાવ, દેખાવડો; ઉકર, ઉકરડો; ભમર, ભમરડો; સો, સેંકડો.

ઈ.) વિશેષણ. ગામ, ગામડી. (=ટી. ગામટી).

तो--दो. (=સં० તઃ). દખણ, દખણાતો-'દો ; ઉત્તર, ઉત્તરાતો-'દો.

त्र. (સ્થળાર્થે.) અત્ર ; તત્ર ; કુત્ર ; વટોત્ર (વડોદરૂં–વડોદા–બરોડા).

थीयुं. પગ, પગથીયું.

पण--पणुं. (સં०વત્, મત્) ભાવવાચકનામ. ઘરડો, ઘરડપણ–'પણું ; આંધળો, આંધળાપણું ; અંધો, અંધાપણું ; અવળું, અવળાપણું.

पो. =પણું. અંધો, અંધાપો ; બળ, બળાપો ; રાંડ, રંડાપો.

मो०. સંખ્યાપૂર્ણાર્થ પ્રત્યય (સં० મઃ). પાંચ, પાંચમો ; સાત, સાતમો.

वट--वटो. (સં० તા ?) ભોગવટ–ભોગવટો ; ઘર, ઘરવટ ; નાણું, નાણાવટ ; સાચું, સાચવટ.

वटी. નાણું, નાણાવટી ; કંકુ-કુંકુ, કુંકાવટી.

वाड. દેશાર્થ–કાઠીઓ, કાઠીઆવાડ ; મારવાડ. ફળીઆનો અર્થ–કોળીવાડ ; ઢેડવાડ ; વાણીઆવાડ. ભાવાર્થ-સગવાડ=સગાઇ.

वाडी. ફૂલવાડી ; આંબાવાડી ; ઉમરવાડી.

वाडो. ભ્રષ્ટ, ભ્રષ્ટવાડો ; ઢેડવાડો.

वाळ. (=સં० પાલ). કોટપાલ–કોટવાળ ; ગોપાલ–ગોવાળ.

वाळ. (=કર્તૃર્થ). રખેવાળ (રાખનાર).

वाळी. (=ભાવાર્થ). રખેવાળી ; કોટવાળી.

वला. રાજવલા–રજવલા (=રાજવાડા).

ल--लो. એક, એકલ ; દો (=બે) દોકલ. એક, એકલો-'લી-'લું.

लो० (અલ્પાર્થ). ચાંદ, ચાંદલો–ચાંલ્લો ; પાટી, પાટલો-'લી.

लो०. (વિશેષ્યાર્થે વિશેષણ). પંગો, પાંગલો ; અંધો, આંધલો; માહે, માહેલો,

लुं. પગ, પગલું ; ડગ, ડગલું ; બગ, બગલું.

वो. (અલ્પાર્થ). છોડ, છોડવો; ઝાડ, ઝાડવું; ઘાટ, ઘાડવો; ભૂખાળ, ભૂખાળવો.

शाळ.--शाळा. ઘોડો, ઘોડશાળ ; ધર્મ, ધર્મશાળા ; પાઠ, પાઠશાળા.

शाली. ભાગ્ય, ભાગ્યશાલી ; યશ, યશશાળી.

सलुं. કણ, કણુસલું.

નગર-નેર, ગામ, પૂર, ઇત્યાદિ શબ્દ નગરોનાં નામને છેડે આવે છે; ચંપાનગર–ચંપાનેર, વડગામ, શાહપૂર. હિંદુસ્થાનીમાં, આબાદ; અહમદ +આબાદ, અહમદાબાદ = અહમદનું નગર.

૫. કેટલાએક પ્રત્યયો હિંદુસ્થાનીમાંથી આવ્યા છે.

अंदाज. (ફેંકનાર) ગોલંદાજ (ગોળા ફેંકનાર); તીરંદાજ.

आ. ચશ્મ (આંખ) ચશ્મા; હફ્ત (સાત) હફ્તા–હફ્તો (સપ્તાહ–સાત દિવસ).

आवर. જોર, જોરાવર.

इ = ગુજરાતી અપભ્રંશ. મુલક, મુલકી. ईचा. બાગ, બગીચા.

खाना. બબરચી–બબરચીખાના.

खोर (ખાનાર). હલાલખોર; હરામખોર.

गार (= સં० કાર). ગુનાહ, ગુનાહગાર.

गिरी. લુચ્ચો, લુચ્ચેગિરી; ગુલામ, ગુલામગિરી.

गी. તાજું, તાજગી; માંદો, માંદગી; ગંદું, ગંદગી.

गीर (=સં० ગ્રહ). જહાન (જગત), જહાનગીર (જગત ગ્રહિ–જગત ઝાલનાર); આલમ્ (દુનિઆ), આલમ્ગીર (દુનિઆગ્રહિ, દુનિઆજીત).

ची--जी. તંબુરચી–’જી; મસાલચી-’જી; પખાલચી-’જી.

जादा. (જનિત, પુત્ર) શાહજાદા (રાજજનિત–રાજપુત્ર); ખાન (ઘર), ખાનજાદા (ઘરમાં જન્મેલો).

दान. (= સં० જ્ઞાન ज्ञ, જાણનાર). હિસાબદાન (ગણિતજ્ઞ–ગણિત જાણનાર); કદરદાન (સ્વભાવ જાણનાર).

दान--दानी. (પાત્ર, વાસણ) કલમદાન; મચ્છરદાની; પિકદાની.

दार, (સં० ધૃ ધરવું). દુકાનદાર; જમીનદાર.

नामा (ગ્રંથ–ખત). શાહનામા; હુકમનામા.

बंद (સં० બંધ). હથિયારબંદ; કમરબંદ; નાલબંધ; છપરબંધ.

बर (લાવનાર). પેગમ્ (સંદેશો), પેગમ્બર (સંદેશીઓ).

बाज (રમનાર). શતરંગબાજ; દારૂબાજ.

बान (રાખનાર). મહેરબાન.

मंद. (=सं० मत्–वत्). दोलतमंद; अकलमंद.

रेज. रंग, रंगरेज.

वान (सं० वान् राखनार–चलावनार). गाडी, गाडीवान; दर (द्वार) दरवान; सार (ऊंट), सारवान. [विगतवार.

वार. उमेद (आशा), उमेदवार; तफसील (विगत), तफसीलवार; विगत,

स्तान--इस्तान. तुर्कस्तान; अरबस्तान; अफगानिस्तान.

आबाद (नगर). अहमद+आबाद, अहमदाबाद, अमदावाद; जाफराबाद.

६. प्रत्यय जेवा देखानार घणाखरा अक्षर, खरुं जोतां, शब्द छे, माटे ज्यारे तेओ बीजा शब्दनी साथे मळे छे त्यारे समास थाय छे. एवा केटलांएक उपर आव्या छे, बीजा थोडा देखाडिये छिये.

आंक्रित;—नामांकित, दोशांकित, गुणांकित.

आकुल;—चिंताकुल, भयाकुल, निद्राकुल.

आतुर;—क्रोधातुर, शोकातुर, कामातुर.

चर;—जलचर, भूचर, खेचर, वनचर.

दायक;—दुःखदायक, सुखदायक.

वाइयो (=वासियो); एकलवाइयो = एकलवासियो.

समास.

३४५. मनमां विचार पृथक होय तो शब्द पृथक बोलिये छिये; पण जो मनमां विचार संयुक्त जेवा थाय, तो शब्द पण संयुक्त करी वापरिये छिये. शब्दनो एवो संयोग **समास** (सम् साथे, अस् रहेवुं) कहेवाय छे; अने संयुक्त थएला शब्द **सामासिक** कहेवाय छे.

सामासिक शब्दनां पदने* पृथक करीने तेमनो जूदो जूदो अर्थ देखाडवो, ए समासनो विग्रह (वेरी नाखवुं) कहेवाय छे; "सूर्यप्रकाश" आ एक सामासिक शब्द छे; एना पूर्वपद अने उत्तरपदने जूदा करीने देखाडिये के तेमनो अर्थ "सूर्यनो प्रकाश" एवो छे, त्यारे समासनो **विग्रह** थयो एवुं जाणवुं.

*समासनां पहेला शब्दने पूर्वपद, छेल्ला शब्दने उत्तरपद, अने वचला शब्दने मध्यमपद कहे छे.

સંસ્કૃતમાં સામાસિક શબ્દ અતિ ઘણા છે, અને ઇચ્છા પ્રમાણે નવા નવા શબ્દ ગોઠવવામાં આવે છે. નવા શબ્દ ગોઠવવા વિષે ગુજરાતીમાં આટલી છૂટ નથી, તો પણ સંસ્કૃતમાંથી લીધેલા ઘણી સામાસિક શબ્દની સાથે કેટલાએક નવા શબ્દ ગુજરાતીમાં ચાલે છે; એમ ભૂસર, દ્વીપકલ્પ, ભૂમધ્યસમુદ્ર, ગુરૂત્વાકર્ષણ, સ્નેહાકર્ષણ, સૂક્ષ્મદર્શકયંત્ર, ઇ૦ ઘણા શબ્દ સંસ્કૃતના નિયમ પ્રમાણે ગોઠવાઇને ગુજરાતીમાં નવા ચાલે છે. જો વિદ્યાની વૃદ્ધિની સાથે ભાષાનો અભ્યાસ પણ ચાલે, તો વર્ષોવર્ષ નવા નવા સામાસિક શબ્દ ગોઠવવામાં આવશે.

૩૪૬. સામાસિક શબ્દના અનેક વર્ગ કરેલા છે; જેમકે—દ્વંદ્વ, તત્પુરૂષ, કર્મધારય, દ્વિગુ, મધ્યમપદલોપી, અવ્યયીભાવ, અને બહુવ્રીહિ સમાસ. પછી વિવિધ સમાસના શબ્દ મળ્યાથી મિશ્ર સામાસિક શબ્દ થાય છે.

૩૪૭. દ્વંદ્વ સમાસ. આ સમાસમાં બે કે અધિક નામ બધાંય સમાન અધિકારનાં, અથવા એકજ વિભક્તિમાં, આવે છે. એમની વચ્ચે જે સંબંધ છે તે વિશેષે કરીને સમાનાર્થદર્શક વાક્યયોગી 'અને' કે 'તથા' નો છે, પણ કોઇ વેળા ભિન્નાર્થદર્શક વાક્યયોગી 'કે' કે 'અથવા' નો છે. "તમારાં માબાપ ક્યાં છે?" એ વાક્યમાં 'માબાપ' આ શબ્દ સામાસિક છે; એનો અર્થ = મા **અને** બાપ. "એને કોઇ દિકરોદિકરી નથી," એ વાક્યમાં 'દિકરોદિકરી' આ સામાસિક શબ્દમાં સંબંધ = દિકરો કે દિકરી.

૩૪૮. આ સમાસમાં બધાં નામની વિભક્તિ તેનેતેજ હોય છે, પણ છેલ્લા પદનેજ તૃતીયાદિના પ્રત્યયો લાગે છે; પ્ર૦ દ્વિ૦ માબાપ, તૃ૦ માબાપે, ચ૦ માબાપને, પં૦ માબાપથી, ઇ૦; ગાયવાછડાએ, ગાયવાછડાને, ગાયવાછડાથી, ઇ૦. જો પૂર્વપદને પ્રથમામાં **ઓ** હું પ્રત્યય લાગે (૮૨) તો પ્ર૦ દ્વિ૦ માં પ્રત્યય રહે છે, પણ ઇતર વિભક્તિમાં પ્રત્યયનો લોપ થાય છે, અને પ્રકૃતિના અંત્યસ્વરની વૃદ્ધિ (અ નો આ) થાય છે; પ્ર૦ દ્વિ૦ દિકરોદિકરી, તૃ૦ દિકરાદિકરીએ, ચ૦ દિકરાદિકરીને. પં૦ દિકરાદિકરીથી.

૩૪૯. સંસ્કૃતમાં બે શબ્દનો સમાસ હોય તો ઉત્તરપદને દ્વિવચનનો પ્રત્યય લાગે; 'માતાપિતરૌ' (માતા અને પિતા'; 'રામલક્ષ્મણૌ' (રામ અને લક્ષ્મણ).

ત્રણ કે આધક શબ્દનો સમાસ હોય તો છેલ્લાં પદને બહુવચનનો પ્રત્યય લાગે; રાજા+અશ્વ + રથ = રાજાશ્વરથા: (રાજાશ્વરથો). એવા સમાસને

इतरेतरयोगद्वंद्व કહે છે. વળી, સમાસના છેલ્લા પદને નાન્યતર એકવચનનો પ્રત્યય લાગે; 'हस्तपदं' (= બે હાથ અને બે પગ). એવા સમાસને समाहारद्वंद्व કહે છે. આ ભેદ ગુજરાતીમાં નથી.

ગુજરાતીમાં જે નામને પ્રથમામાં, ઓ, ઉં, નથી લાગતા (૮૧) તેઓ દ્વંદ્વ સમાસમાં આવે તો પાસે પાસે લખાય છે; માબાપ, ધણીધણીઆણી, જળથળ-વાયુતેજાકાશ. એમના છેલ્લા પદને કોઇ વેળા અનેકવચનનો પ્રત્યય લાગે, ગાયભેંસો.

જે નામને પ્રથમામાં ઓ, ઉં, (૮૨) લાગે છે તેમના પ્રત્યય રહે છે; હળગાડું, દિકરોદિકરી, છોકરોછોકરી. અનેકવચનના પ્રત્યય પણ લાગે છે; રથઘોડા; છોકરાછોકરીઓ; બચાંબાળક; ગાડુંબળદિયાં (એક ગાડું અને અનેક બળદિયાં); ગાડાંબળદિયાં (અનેક ગાડાં અને અનેક બળદિયાં).

ઘણાક દ્વંદ્વ સમાસના શબ્દ શુદ્ધ સંસ્કૃતને રૂપે, અથવા અપભ્રંશ થઇ, ગુજરાતીમાં ચાલે છે; સુતસુતા, પુત્રપુત્રી, દમ્પતિ, જાયાપતિ, ધનીધનિની (ધણીધણીઆણી), માવિત્ર–માવિત્રો–માવતર (માતાપિતરો).

૩૫૦. વિશેષ્યને અર્થે વિશેષણ વપરાય તો તેમનો પણ દ્વંદ્વ સમાસ થાય છે; નાનુંમોટું-નાનામોટા; નાનાંમોટાં; ખરૂંખોટું; ઊંચનીચ; કાળાગોરા; સાચુંજૂઠું; સાચાજૂઠા ૪૦.

સંસ્કૃત પર+પર, અન્ય+અન્ય ની વચ્ચે આગમ સ્ આવે, સામાસિક શબ્દ પરસ્પર, અન્યોઅન્ય અન્યોન્ય (૩૨. ૨) થાય છે. એક + એક નો એકમેક, અને એક+એક નો એકેક-અકેક થાય છે.

૩૫૧. માણસ પશુ આદિની સંજ્ઞા સામાન્ય નામ હોય (જેમકે-છોકરૂં ઘોડું), અને અનેકવચનમાં બોલાય, તો તેમાં, બે નામ નહિ છતાં પણ, દ્વંદ્વ સમાસનો અર્થ આવે છે; જેમકે, છોકરાં = છોકરોછોકરી – છોકરાછોકરીઓ; ઘોડાં=ઘોડાઘોડી.

સંસ્કૃતમાં એકજ જાતિનાં નામ સમાસમાં આવે, તો કોઇ કોઈ વેળા પૂર્વપદનો લોપ થાય, અને ઉત્તરપદને દ્વિવચનનો અથવા અનેકવચનનો પ્રત્યય લાગે; પિતરૌ=માતાપિતરો (એ ઉપરથી ગુ૦ પિતરો=પૂર્વજ); પુત્રાઃ=પુત્રી પુત્રાઃ (છોકરાં).

૨૫૨. તત્પુરૂષ સમાસ. આ સમાસમાં એજ નામ આવે છે. પૂર્વપદની વિભક્તિ કદી પ્રથમા હોતી નથી, અને સંબોધનાર્થે પણ નહિ. આ સમાસમાં ઉત્તરપદ મુખ્ય છે. પૂર્વપદમાં તથા ઉત્તરપદમાં જે સંબંધ, તે પ્રથમાથી સપ્તમી સુધીની કોઇ પણ વિભક્તિનો સંબંધ હોય છે. આ વિભક્તિનો અર્થ પૂર્વપદમાં હોય છે, માટે તેની વિભક્તિ પ્રમાણે તત્પુરૂષ સમાસના છ ભેદ થાય છે. સમાસનો વિગ્રહ કરતાં, જો ઉત્તરપદની વિભક્તિ દ્વિતીયા હોય, તો તે દ્વિતીયાતત્પુરૂષ છે; જો તૃતીયા હોય તો તૃતીયાતત્પુરૂષ; ચતુર્થી હોય તો ચતુર્થીતત્પુરૂષ; પંચમી, ષષ્ઠી, સપ્તમી હોય, તો અનુક્રમે પંચમીતત્પુરૂષ, ષષ્ઠીતત્પુરૂષ, અને સપ્તમીતત્પુરૂષ થાય છે; જેમકે—

દ્વિતીયાતત્પુરૂષ;—જ્ઞાનદાતા (=જ્ઞાન આપે તે); ગ્રંથકર્તા (=ગ્રંથ કરે તે); નિષાકર (=નિષા-રાત્રી કરે તે); ચુડગર-ચુડકર (=ચૂડા કરે તે); છડીદાર (=છડી ધરે તે); કુમાર-કુંભાર-કુંભકાર (કુંભ કરે તે). આ સમાસમાં પૂર્વપદ ઉત્તરપદનું કર્મ છે, માટે ઉત્તરપદમાં સકર્મક ક્રિયાપદનો અર્થ જોઇએ.

તૃતીયાતત્પુરૂષ;—લોભમોહિત (=લોભે મોહેલું); હસ્તકાર્ય (=હાથે કરેલું કાર્ય); આંખસૂચના (=આંખે સૂચના); મુખમાર (=મુખે મારેલો માર); શબ્દડામ (=શબ્દે દીધેલો ડામ). આ સમાસના સંબંધમાં કર્મણિ પ્રયોગનો અર્થ, એટલે ઉત્તરપદમાં સહ્યભેદનો, અથવા ભૂતકૃદંતનો અર્થ આવે; દેવદત્ત (=દેવે આપેલું); દાત્રછિન્ન (=દાતરડે વહારેલું).

ચતુર્થીતત્પુરૂષ;—ચરણોદક (=ચરણને અર્થે પાણી); યજ્ઞસ્તંભ (=યજ્ઞને સ્તંભ-યજ્ઞને અર્થે); અશ્વઘાસ (ઘોડાને ઘાસ); જનરથ (=જન-લોકને અર્થે રથ). એ સમાસમાં તાદર્થ્યનો સંબંધ છે,=અર્થે, કાજે, વાસ્તે ઇ૦.

પંચમીતત્પુરૂષ;—જાતિભ્રષ્ટ (=જાતિમાંથી બહાર પડેલો); સ્વર્ગપતન (=સ્વર્ગમાંથી પડવું); વ્યાઘ્રભય (વાઘથી-વાઘના કારણથી ભય); તરંગચંચલ (=તરંગ-મોજાથી-મોજા કરતાં ચંચલ કે અસ્થિર); લોભમોહ (લોભથી જે મોહ થાય છે તે); ક્રોધતાપ (ક્રોધથી તાપ); ભૂખપીડા (ભૂખથી પીડા).

ષષ્ઠીતત્પુરૂષ;—પ્રજાપતિ (પ્રજાનો પતિ); રાજપુત્ર (રાજાનો પુત્ર); રાજગ્રહ (રાજાનો ગ્રહ); પિતૃગૃહ (પિતાનું ઘર-પિએર); માતૃગૃહ

(માનું ઘર). આ સમાસના ઘણા શબ્દ ચાલે છે. ષષ્ઠીનો અર્થ સાધારણ સંબંધનો છે, માટે અમુક સામાસિક શબ્દ ષષ્ઠીતત્પુરૂષ કે બીજી કોઇ વિભક્તિનો તત્પુરૂષ છે, એ કહેવાને કોઇ વેળા કઠણ પડે; ગ્રંથ કર્ત્તા' દ્વિતીયા કે ષષ્ઠી તત્પુરૂષ હોય; 'શબ્દડામ' તૃતીયા કે ષષ્ઠી ત૦ હોય; 'અશ્વઘાસ' ચતુર્થી કે ષષ્ઠી હોય; 'વ્યાઘ્રભય' પંચમી કે ષષ્ઠી ત૦ હોય. એવા સમાસમાં પ્રસંગનું તાત્પર્ય શું છે તે જોઇને કેવો સમાસ છે તે ઠરાવવું; વિશેષે કરીને ષષ્ઠી નહિ પણ બીજો કોઇ સમાસ ખરો જણાવવામાં આવશે.

સપ્તમીતત્પુરૂષ;—ગ્રામસ્થ (ગામમાં રહેનાર); દેશસ્થ (દેશે રહેનાર); અંત:સ્થ (મધ્યે રહેનાર); ગૃહસ્થ (ઘરમાં રહેનાર); સ્વર્ગવાસ (સ્વર્ગમાં વાસ); ગ્રામવાસ (ગામમાં વાસ).

૩૫૩. વિશેષે કરીને તત્પુરૂષનું પૂર્વપદ વિભક્તિના પ્રત્યયરહિત, કેવળ પ્રકૃતિ રૂપે આવે, પણ કોઇ કોઇ વેળા સંસ્કૃત વિભક્તિનો પ્રત્યય રહે છે:—

દ્વિતીયા;—વિધુંતુદ (ચંદ્રને દુખાવનાર); ભયંકર (ભય કરનાર-ઉપજાવનાર); અરિંદમ (અરિ–શત્રુને દમનાર).

તૃતીયા;—ઓજસાકૃત (ઓજસે–બળે કરેલું); સહસાકૃત (સહસ–સહેલે કરેલું).

ચતુર્થી;—પરસ્મૈપદ (બીજાને અર્થે પદ); આત્મનેપદ (પોતાને અર્થે પદ).

પંચમી;—પશ્ચાત્તાપ (પછીથી તાપ). એ શબ્દને અવ્યયીભાવમાં ગણે છે.

ષષ્ઠી;— દિવસ્પતિ (દિવ–સ્વર્ગનો પતિ–ઈંદ્ર); વાચસ્પતિ (વાચાનો પતિ–દેવોનો ગુરૂ-ગુરૂ).

સપ્તમી;—કર્ણેજપ (કાને–કાનમાં જપનાર–બોલનાર--ચાડીખાનાર); ખેચર (આકાશે ફરનાર-પક્ષી); યુધિષ્ઠિર (યુધે સ્થિર); જલેશય (જલે ઊંઘનાર–માછલું); કર્તરિપ્રયોગ (કર્તાએ પ્રયોગ); કર્મણિપ્રયોગ (કર્મે પ્રયોગ); ભાવેપ્રયોગ (ભાવે પ્રયોગ); કરણેપ્રયોગ (કરણે પ્રયોગ).

૩૫૪. કોઇ કોઇ વેળા, મુખ્ય શબ્દ, જે વિશેષે કરી ઉત્તરપદ હોય છે, તે સમાસનું પૂર્વપદ થાય છે; રાજહંસ (હંસનો રાજા); રાજદંત (દાંતના રાજા–આગલા દાંત); પૂર્વરાત્ર (રાતનો પૂર્વભાગ); પૂર્વકાય (કાયાનો ઉપલો ભાગ).

૩૫૫. જો પૂર્વપદ કેવળ ઉપસર્ગ કે અવ્યય હોય, અને સમાસ એકજ શબ્દ જેવો થએલો હોય, તો તે સમાસને પણ તત્પુરૂષમાં ગણે છે; પરિ+અટન=પર્યટન,

પ્ર+નીત=પ્રણીત, કુ+વાસના=કુવાસના, પરા+જય=પરાજય.—જો પૂર્વપદ અ–અન્, કે ન હોય તો સમાસને नञ्तत्पुरुष કહે છે; અવિચાર, અનર્થ નપુંસક.

૩૫૬. **कर्मधारय समास.** આ સમાસ તત્પુરૂષનો એક ભેદ ગણેલો છે. બીજા તત્પુરૂષમાં અને કર્મધારયમાં આ ફેર છે કે કર્મધારયનાં પૂર્વપદ અને ઉત્તરપદમાં જે સંબંધ છે તે વિશેષ્ય વિશેષણનો છે, પણ બીજા તત્પુરૂષના પૂર્વપદ અને ઉત્તરપદમાં મુખ્ય શબ્દનો અને વિભક્તિનો સંબંધ છે. કર્મધારયનું પૂર્વપદ ઉત્તરપદનું વિશેષણ છે; તે ગુણવાચક શબ્દ, અથવા ગુણવાચકને અર્થે બીજું કોઇ નામ હોય; પરમેશ્વર, પરમાર્થ, પરમાત્મા, મહાદેવ, મહર્ષિ, મહાર્થ, સત્યાર્થ, સદાચાર, સદ્‌ગુણ, પુણ્યકર્મ.

૩૫૭. પૂર્વપદમાં 'મહત્' આવે તો તેને 'મહા' થાય છે; ઉત્તરપદનો અંત્યાક્ષર ન્ હોય તો નનો લોપ થાય છે; મહત્–મહા + રાજન્ = મહારાજ; મહત્ – મહા + ઉક્ષન્ (બળદ) = મહોક્ષ. તોય પણ સુ + રાજન્ = સુરાજા (૩૫૯); અને ગુજરાતીમાં ઘણાય લોક 'મહારાજા' કહે છે.

ઉત્તરપદનો અંત્યાક્ષર ઇ હોય તો તેનો લોપ થાય છે; મધ્ય + રાત્રિ = મધ્યરાત-મધરાત.

૩૫૮. કર્મધારયના કેટલાએક ભેદ કરેલા છે. થોડા જણાવિયે છિયે.

ઉપમાનપૂર્વપદ;—એમાં પૂર્વપદ ઉત્તરપદ વિષે કંઇ ઉપમા – સરખાપણું દેખાડે છે; ચંદ્રમુખ (ચંદ્રના જેવું મુખ); રાજગુણ (રાજાના જેવો ગુણ); મૃગાક્ષ (મૃગના જેવી આંખ); કમળનેત્ર (કમળ જેવી આંખ).

ઉપમાનોત્તરપદ;—એના ઉત્તરપદમાં ઉપમાર્થ છે; નરસિંહ (સિંહના જેવો નર; પુરૂષવ્યાઘ્ર, પુરૂષસિંહ (વાઘ, સિંહ જેવો પુરૂષ–ઉત્તમ, મોટો પુરૂષ). વાઘ, સિંહ, હાથી, વૃષભ, ઈંદ્ર, ઇ૦ મોટા બલિષ્ટ પ્રાણીની ઉપમા આપતાં, બલ, પરાક્રમ, શૂરાપણું, ઇત્યાદિનો અર્થ થાય છે. અને એમજ પાન, રંગ, કમલ, ચંદ્રની ઉપમા આપતાં, રૂપ, સૌંદર્ય, કોમળતાનો અર્થ આવે છે.

વિષયપૂર્વપદ;—પૂર્વપદના વિષય વિષે કે સંબંધી; દેવબુદ્ધિ (દેવ વિષે-દેવ છે એવી બુદ્ધિ).

અવધારણપૂર્વપદ;—પૂર્વપદ વિષે મનની ધારણા; વિદ્યાધન (વિદ્યા એજ ધન છે, એવી ધારણા); ભવસાગર (ભવ–સંસાર એજ સાગર)

આહંકાર, અહંકૃતિ, અહંમતિ, વિશ્વજીત, ઇ૦ શબ્દ પણ કર્મધારયમાં ગણે છે; કેમકે એમના પૂર્વપદમાં કોઇ પણ રીતિએ વિશેષણાર્થ કંઇ આવે છે.

૩૫૯. પૂર્વપદમાં ઉપસર્ગાદિ પૂર્વગ શબ્દ વિશેષણાર્થે આવે તો કર્મધારય સમાસ થાય છે; સુપથ (સારો માર્ગ); સુદિન (સારો દિવસ); દુરાચાર (ખોટો આચાર). સમાસમાં કુનો કોઇ વેળા કા, અને કોઇ વેળા કદ્ થાય છે; કુ+પુરૂષ=કાપુરૂષ, કુ+રૂપ=કદ્રૂપ.

૩૬૦. કોઇ કોઇ વેળા વિશેષ્યને અર્થે વિશેષણ ઉત્તરપદમાં આવે; પરમધાર્મિક, પરમાદ્ભુત. પૂર્વપદમાં વિશેષણાર્થે વિશેષ્ય આવે; મલ (મેલ)+દ્રવ્ય=મલદ્રવ્ય (મેલું દ્રવ્ય).

૩૬૧. કોઇ વેળા મુખ્ય શબ્દ પૂર્વપદ થયે તેનું વિશેષણ ઉત્તરપદ થાય છે; પુરૂષોત્તમ (ઉત્તમ પુરૂષ); રાજાધમ (અધમ રાજા); વિપ્રગૌર (ગૌર બ્રાહ્મણ).

૩૬૨. **द्विगु समास.** આ સમાસ કર્મધારયનો એક વર્ગ ગણાય છે. એનું પૂર્વપદ સંખ્યાર્થ વિશેષણ હોય છે; દ્વિપથ (બે માર્ગની જગ્યા); ત્રિલોક, ત્રિભુવન, ચતુર્વેદ, ચતુર્યુગ, પંચગવ્ય, ષટ્કર્મ, સપ્તર્ષિ, સપ્તધાતુ, અષ્ટાધ્યાયી. દ્વિગુ સમાસમાં સદા સમૂહપણાનો અર્થ આવે છે; ત્રિલોક=ત્રણ લોકનો સમૂહ; ચતુર્વેદ=ચારે વેદનો સમૂહ. આ સમાસ વિશેષણને અર્થે પણ વપરાય; બત્રીસગુણ પુરૂષ; ત્યારે તો તે બહુવ્રીહિ સમાસ થાય છે.

૩૬૩. **मध्यमपदलोपी.** સમાસનો વિગ્રહ કરીને અર્થ ખુલ્લો દેખાડતાં, જો પૂર્વપદની અને ઉત્તરપદની વચ્ચે એક કે અનેક શબ્દ લાવવા પડે, તો તે સમાસની મધ્યેથી કોઇ પદનો લોપ થયો એવું દેખાય, માટે તે મધ્યમપદલોપી સમાસ કહેવાય છે; કાળિદાસનાટક=કાળિદાસ (કૃત–કરેલું) નાટક; સાકરભાત =સાકર (થી ભેળવેલું) ભાત; અભિજ્ઞાનશકુંતલા = અભિજ્ઞાન (સ્મૃત) શકુંતલા=સંકેત કે ચિન્હે કરી (ઓળખાએલી–સંભારણમાં આવેલી) શકુંતલા.

૩૬૪. **अव्ययीभाव.** પૂર્વપદ અવ્યય હોય તો અવ્યયીભાવ સમાસ થાય છે;–યથાશક્તિ (શક્તિ પ્રમાણે);–યથાવિધિ (વિધિ–આજ્ઞા પ્રમાણે); યથાસુખ (સુખે); સકોપ (કોપ સાથે–કોપથી); સાદર (આદર સાથે–આદરથી); અનુક્ષણ (ક્ષણે ક્ષણે); પ્રતિમાસ (માસે માસે); પ્રતિવર્ષ (વર્ષે વર્ષે); સમક્ષ (આંખ આગળ); અસંશય (સંશય વિના).

સંસ્કૃતમાં એ સમાસને નાન્યતરનો પ્રત્યય લાગે છે; सक्रोधं, सादरं, प्रतिमासं; यथासुखं, अनुक्षणं; પણ ગુજરાતીમાં આ પ્રત્યયનો લોપ થાય છે. અવ્યયીભાવ સમાસ પ્રાય: ક્રિયાવિશેષણને અર્થે વપરાય છે.

૩૬૫. **બહુવ્રીહિ.** જે કોઇ સમાસ (દ્વંદ્વ, તત્પુરૂષ, કર્મધારય, દ્વિગુ, મધ્યમપદલોપી, અવ્યયીભાવ) વિશેષ્યને અર્થે નહિ, પણ વિશેષણને અર્થે વપરાય, તેનું ઉત્તરપદ વિશેષણ થાય છે, અને સમાસ બહુવ્રીહિ કહેવાય છે. બીજા સમાસના જે જે ભાગ થાય છે, તેઓ બહુવ્રીહિના પણ થાય છે.

દ્વંદ્વ બહુવ્રીહિ;—મરણવ્યાધિશોક પ્રાણી (જે પ્રાણીને મરણ વ્યાધિ અને શોક છે તે); શુભાશુભ (જેમાં શુભ અને અશુભ ગુણ છે તે).

દ્વિતીયા બહુવ્રીહિ;—ભયંકર શત્રુ (ભય ઉપજાવનાર શત્રુ).

તૃતીયા બહુ૦;—ઓજસાકૃત કાર્ય (બલે કરેલું કાર્ય); દેવદત્ત શાસ્ત્ર (દેવનું આપેલું શાસ્ત્ર). આ સમાસનું ઉત્તરપદ કર્મણિ કૃદંત છે, માટે કહેવાય, કે તૃતીયાતત્પુરૂષ બહુવ્રીહિને સમાન છે.

ષષ્ઠી બહુ૦;—રાજમાર્ગ નિયમ (રાજમાર્ગનો જે નિયમ તે); રાજપુત્ર ગુણ (રાજાના પુત્રનો જે ગુણ).

સપ્તમી બહુ૦;—વનેચર પશુ (વને ચરનાર પશુ); ગ્રામસ્થ બ્રાહ્મણ (ગામે રહેનાર બ્રાહ્મણ).

ગુણવાચકપૂર્વપદ બહુ૦ (= કર્મધારય);—મહાબલ યોદ્ધા (= મહાબલી-બલના યોદ્ધા); મહામન રાજા (મહા મનનો રાજા); પીતાંબર યતિ (પીળાં વસ્ત્ર પહેરનાર જતિ); ગોળાકાર પદાર્થ (જેનો આકાર ગોળ છે તે પદાર્થ).

ઉપમાનપૂર્વપદ બહુ૦;—સિંહરૂપ પતિ (જે પતિને સિંહના જેવું રૂપ છે તે); કમલનેત્રા સુંદરી (જે સ્ત્રીને કમલ જેવી આંખ છે તે).

અવધારણપૂર્વપદ બહુ૦;—યશોધન વિદ્વાન (યશજ ધન છે એવું ધારનાર વિદ્વાન).

નઞ્ બહુ૦;—અજ્ઞાન પ્રજા (જે પ્રજાને જ્ઞાન નથી તે); અનંત કાલ (જે કાલને અંત નથી તે).

અવ્યયીભાવ બહુ૦;—સફલ ભૂમિ (ફલ સાથેની-ફલવાળી ભૂમિ); સજીવ જંતુ (જીવ સાથે-જીવવંત જંતુ); સુમુખ જન (જેને સારૂં મુખ છે

તે,જન); દુષ્કર કાર્ય (કરવા કઠિણ તેવું કાર્ય); સનાથ સ્ત્રી (નાથ સાથેની સ્ત્રી).

ષષ્ઠીવિભક્તિ વિશેષણ સમાન છે, માટે જો કોઇ પણ વિશેષ્ય સમાસની વિભક્તિ ષષ્ઠી થાય તો તેનો અર્થ બહુવ્રીહિ સમાસને સમાન ગણાય.

૩૬૬. संयुक्त समास. બે કે અધિક સામાસિક શબ્દ એકઠા મળીને એક લાંબો સામાસિક શબ્દ થાય, ત્યારે સંયુક્ત સમાસ થયો એવું કહિયે. સંસ્કૃતમાં બહુજ લાંબા સંયુક્ત સામાસિક શબ્દ થાય છે; કોઇ વેળા વીસ કે ત્રીસ (કોઇ કહે છે કે દોઢસો)ની સંખ્યા સુધી પદ મળીને એક સામાસિક શબ્દ થાય. એવા લાંબા સમાસોમાં જોડનારની ચતુરાઇ દેખાય, પણ ઉપયોગ અલ્પ છે. તોય ચાર પાંચ કે છ પદના સમાસ સંસ્કૃતમાં બહુ વાપરવામાં આવે છે, અને તેથી ભાષા દીપતી દેખાય છે. ગુજરાતીમાં સંયુક્ત સમાસ થોડાજ વપરાય છે;—

પૂર્વજન્મકૃતકાર્ય (વિગ્રહ, પૂર્વના જન્મમાં કરેલાં કાર્ય);–૧ લું+૨ જું પદ (પૂર્વ+જન્મ)=ગુણવાચક પૂર્વપદ તત્પુરૂષ-કર્મધારય; ૧લું ૨જું+૩જું પદ (પૂર્વજન્મ+કૃત–પૂર્વ જન્મમાં કરેલાં)=સપ્તમી તત્પુરૂષ. પણ આ ષષ્ઠીતત્પુરૂષ વિશેષણને અર્થે પરપદ "કાર્ય"ની સાથે આવે છે, માટે સપ્તમી બહુવ્રીહિ સમાસ થયો;—

એકરાત્રનિર્વાહોચિત (વિગ્રહ, એક રાત્રિના નિર્વાહને ઉચિત);-૧લું +૨ જું પદ (એક+રાત્રિ)=દ્વિગુ સમાસ; ૧લું ૨ જું+૩જું (એક રાત્ર+નિર્વાહ–એક રાત્રિનો નિર્વાહ)=ષષ્ઠી તત્પુરૂષ; ૧ લું ૨ જું ૩ જું+૪ થું (એક રાત્રનિર્વાહ+ઉચિત—' નિર્વાહને ઉચિત)=ચતુર્થી તત્પુરૂષ; જો છેલ્લું પદ વિશેષણાર્થે વપરાય, અને તેની આગળ પરપદ આવે તો બહુવ્રીહિ સમાસ થાય;—

કાલાંતરાવૃત્તિશુભાશુભ (વિગ્રહ, કાલના અંતરની આવૃત્તિ–ગતિમાં શુભ અને અશુભ);—૧ લું+૨ જું (કાલાંતર–કાલનો અંતર)=ષષ્ઠી ત૦ ૧લું ૨જું+૩જું પદ (કાલાંતર+આવૃત્તિ–કાલાંતરની આવૃત્તિ)=ષષ્ઠી તત્પુરૂષ; ૧લું ૨જું ૩જું+૪થું પમું પદ (કાલાંતરાવૃત્તિ+શુભાશુભ-' આવૃત્તિમાં શુભાશુભ) =સપ્તમી તત્પુરૂષ; ૪થું+પમું (શુભાશુભ–શુભ તથા અશુભ)=દ્વંદ્વ; છેલ્લું પદ 'અશુભ'=અ+શુભ, માટે નઞ્તત્પુરૂષ–અથવા અવ્યયીભાવ સમાસ છે. આગળ પરપદ આવે તો આખો શબ્દ=બહુવ્રીહિ.

સમાસનું કોષ્ટક.

૧. द्वंद्व. अ) માબાપ, આડુંઅવળું, રથઘોડા, છૈયાંછોકરાં.

आ) ખઈખોટું, સાચુંજૂઠું, નાનામોટા.

इ) એકવીસ, પચીસ. (એ દ્વિગુમાં પણ ગણાય).

ई) દ્વંદ્વ સમાન અનેકવચન; છોકરાં, ઢોરાં.

૨. तत्पुरुष. १ अ) **विभक्तिपूर्वपद.** દ્વિ૦ કુંભાર, તૃ૦ દેવદત્ત, ચ૦ અશ્વ ઘાસ, પં૦ વાઘભય, ષ૦ રાજમાર્ગ, સ૦ ગ્રામસ્થ.

आ) **विभक्ति उत्तरपद.** રાજહંસ, રાજદંત.

इ) **नञ्. અવિચાર,** અનર્થ, નપુંસક.

२ **कर्मधारय.** अ) गुणवाचक **पूर्वपद.** મહારાજ, સદ્ગુણ.

आ) गुणवाचक उत्तरपद. પુરૂષોત્તમ.

इ) उपमान पूर्वपद. કમલનેત્ર, મૃગાક્ષ. (આ શબ્દ વિશેષણાર્થે વપરાય તો **બહુવ્રીહિ.**)

ई) उपमान उत्तरपद. નરસિંહ.

उ) विषयपूर्वपद. દેવબુદ્ધિ.

ऊ) अवधारणपूर्वपद. વિદ્યાધન, ભવસાગર.

ए) विशेषणसम अव्ययपूर्वपद. સગુણ, દુર્ગુણ, કુકર્મ, કાપુરૂષ, કદ્રૂપ.

ऐ) विशेषणसम इतरपूर्वपद. અહંકાર, વિશ્વજીત.

ओ) अर्थयुक्ताव्ययपूर्वपद. પર્યટન; પ્રણીત.

३ **संख्यापूर्वपद = द्विगु.** દ્વિપથ, ત્રિગુણ, ચતુર્વેદ.

४ **मध्यमपदलोपी.** કાલીદાસનાટક, અભિજ્ઞાનશકુંતલા.

૩. अव्ययीभाव. अव्ययपूर्वपद. યથાશક્તિ, સંકોપ, પ્રતિવર્ષ.

૪. સંયુક્ત કે મિશ્ર. જો એક સામાસિક શબ્દમાં ઉપરના બે કે અધિક પ્રકારના સમાસ મળે તો મિશ્રસમાસ થાય છે.

વિશેષણ. બહુવ્રીહિ. ઉપર વર્ણવેલો કોઇ પણ સમાસ વિશેષ્યાર્થે નહિ પણ વિશેષણાર્થે વપરાય તો બહુવ્રીહિ થાય છે.

નર નગર દેશાદિની સંજ્ઞામાં વિવિધ સામાસિક શબ્દ આવે. રામભાઇ, ગંગારામ દયાલજી; વડગામ, શાહપુર, શ્રીનગર, જૂનાગઢ, વિકાનીર; સિંધુનદ, ગંગાનદી; ગંગોત્રી, ગોમુખ, સ્તંભાવતી=સ્તંભતીર્થ (ખંભાત), કાઠીઆવાડ.

વાક્યવિન્યાસ.

૩૬૭. શબ્દના જે સમુદાયે કરીને મનનો એક સંપૂર્ણ વિચાર, કે અભિપ્રાય, જણાવિયે છિયે તે વાક્ય છે. વાક્યમાં શબ્દની ગોઠવણી શી રીતિએ થાય છે, એટલે વાક્યના નિયમ કેવા છે, તેનું વર્ણન વાક્યવિન્યાસમાં આવે છે (પૃષ્ઠ ૩).

૩૬૮. મનના પ્રત્યેક વિચાર કે અભિપ્રાયમાં બે વિષયો તો જોઇએજ; પહેલો, કોઇ પણ વિષય જેના સંબંધી મન વિચાર ચલાવી શકે છે,—એને વિશેષ્ય કહિયે; બીજો, આ વિશેષ્ય સંબંધી મન શું જાણે છે કે ધારે છે તે,—એને વિશેષક કહિયે. રત્ન અને લાલ, આ બે શબ્દ છે; એકેકનો અર્થ એક વિશેષ્ય છે, જેના સંબંધી મનમાં જૂદા જૂદા વિચાર હોય. એમની વચ્ચે કોઇ સંબંધ ધારતા હઇયે તો **હો** ક્રિયાપદ વાપરીને, રત્ન લાલ છે એવું કહિયે; એવું કહેતાં એક વાક્ય સંપૂર્ણ થાય છે. આ વાક્યમાં 'રત્ન' વિશેષ્ય, 'લાલ' વિશેષક અને 'છે' સંબંધક છે. તર્કશાસ્ત્રમાં પ્રત્યેક વાક્યના આ ત્રણ ભાગ, કે પક્ષ, ગણાય છે, વિશેષ્ય પક્ષ (રત્ન)–વિશેષક પક્ષ (લાલ)–અને વિશેષ્ય વિશેષકમાં સંબંધ દર્શાવનાર (છે).

પણ વ્યાકરણમાં વિશેષક ક્રિયાપદમાં ભળેલો હોય છે. રત્ન અને ચળકાટ, આ બે વિશેયોમાં સંબંધ જણાવતાં, 'રત્નમાં ચળકાટ છે' એવું કહિયે, અથવા વિશેષકનો અર્થ ક્રિયાપદમાં લાવીને 'રત્ન ચળકે છે' એવું કહિયે.

કર્તરિપ્રયોગમાં ક્રિયાપદનો કર્તા વાક્યનો વિશેષ્ય છે, અને કર્મણિપ્રયોગમાં કર્મ વિશેષ્ય છે. વિશેષ્યના વચન, પુરૂષ, અને (ઘણીકવાર) જાતિ પ્રમાણે ક્રિયાપદનાં રૂપ ફરે છે, માટે તે ક્રિયાનાથ કહેવાય છે. 'રાજા કરે' (કર્તરિ) 'રાજા' વિશેષ્ય, કે ક્રિયાનાથ; રાજાએ કામ કર્યું (કર્મણિ) 'કામ' વિશેષ્ય, કે ક્રિયાનાથ છે. બધા પ્રયોગમાં ક્રિયાનાથ પ્રથમા વિભક્તિમાં હોય છે, પણ

કર્તા કહેવાય છે, માટે વાક્યના વિશેષ્ય પક્ષને કર્તૃપક્ષ પણ કહે છે; વિશેષકની સાથે ક્રિયાપદ ઘણુંકરીને ભળેલું હોય છે, માટે વિશેષકપક્ષને ક્ષ પણ કહે છે.

૩૬૯. ક્રિયાપદ અકર્મક હોય તો વાક્યમાં બે તો* શબ્દ હોય; રાજા ચાલે. પણ ક્રિયાપદ સકર્મક હોય તો તેની સાથે કર્મ આવે છે; રાજ્ય કરે છે, વાણિયો વેપાર કરે. સકર્મકનું કર્મ વિશેષકપક્ષમાં, કે ક્ષમાં, ગણેલું છે.

૩૭૦. વાક્યના વિશેષ્યને ગુણવાચક શબ્દ, અને ક્રિયાપદને ક્રિયાવિશેષણ એવું થાય છે ત્યારે વાક્ય વધારેલું છે; અને એવું નથી ત્યારે વાક્ય –એટલે મૂળ શબ્દનું ઘડેલું છે:—

		વિશેષ્ય.	વિશેષક.
મૂલિક વાક્ય		ઘોડો	દોડે
વધારેલું વાક્ય.	ચપલ	ઘોડો	વેગે દોડે.

ક્રિયાપદ સકર્મક હોય તો વાક્યમાં કર્મ (વિશેષણ વિના, કે વિશેષણ સાથે)

મૂલિક વાક્ય.		માણસ	વિચાર કરે.
વધારેલું વાક્ય.	પવિત્ર	માણસ	ચોખાઇથી વિચાર કરે.
,, ,,	પવિત્ર	માણસ	બધા વિચાર ચોખાઇથી કરે.

એમ એક વાક્યમાં વિશેષ્ય અને તેનું ગુણવાચક, ક્રિયાપદ અને તેનું શેષણ, અને સકર્મક ક્રિયાપદ હોય તો તેનું કર્મ અને કર્મનો ગુણવાચક આવે.

૩૭૧. વાક્યમાં નામને અર્થે સર્વનામ આવે; 'હું તે કરૂં.' અથવા દનું સામાન્ય રૂપ કે કૃદંત આવે 'રીસ ઘેલાપણું છે'=રીસાવું (એ) ણું, અથવા ઘેલું થવું છે; અથવા રીસે ચડવું કે રીસે તપવું (એ) ણું છે. અથવા વિભક્તિ આવે, 'રીસાવવામાં ઘેલાપણું છે.'

૩૭૨. ગુણવાચકનો અર્થ વિશેષ્ય નામની વિભક્તિમાં અથવા નામયોગીમાં સમજણું માણસ સુખી છે=સમજણથી ચાલનાર માણસ=સમજણું માણસ.

---

* ઓછા શબ્દ વાક્યમાં દેખાય તો એક કે અનેક શબ્દ અધ્યાહાર્ય છે (૨૫૭*)

૩૭૩. વાકયના બધા ભાગમાં વિવિધ પ્રકારથી ફેર થઇ શકે છે.

અ.) કર્તૃપક્ષમાં; **ક્રોધ** ઘેલાપણું છે=**ક્રોધિત થવું** ઘેલાપણું છે=**કોઈ માણસ ક્રોધે ભરેલું હોય (એ)** ઘેલાપણું છે.

આ.) વિશેષણમાં; **જ્ઞાની** પુરૂષ સુખી છે=**જ્ઞાનવાળો** પુરૂષ સુખી છે=જ્ઞાનનો પુરૂષ સુખી છે=જે પુરૂષમાં જ્ઞાન છે તે સુખી છે.

ઇ.) ક્રિયાવિશેષણમાં; તે જ્ઞાનથી ચાલે છે=તે જ્ઞાન પ્રમાણે ચાલે છે=જ્ઞાનીએ ચાલવું જોઈએ તે પ્રમાણે તે ચાલે છે.

૩૭૪. વાક્યના વર્ગ. વાકયના કોઇ બે વર્ગ ગણે છે, **અમિશ્ર** અને **મિશ્ર;** કોઇ ત્રણ વર્ગ, **શુદ્ધ, સંયુક્ત,** અને **સાન્વય.**

૩૭૫. શુદ્ધ. જે વાકયમાં એકજ કર્તૃવાચકપદ, અને એકજ ક્રિયાપદ આવે, તે શુદ્ધ, અથવા અમિશ્ર કહેવાય છે. શુદ્ધના કોઇ અલ્પ, કોઇ વિવર્દ્ધિત છે. અ.) અલ્પના બે વિભાગ છે; એક **અત્યલ્પ,** બીજો **અનત્યલ્પ.**

૧. અત્યલ્પ,—વેણી ઉઠી; ગોવિંદ બોલે; રાજા આજ્ઞા કરે; પ્રજા સેવા કરે છે (એમાં કર્તા સત્વવાચકનામ છે).—હું છું; તેઓ આવતા હતા; તમે કામ ચલાવો છો? (એમાં કર્તા સર્વનામ છે).—દુષ્ટો માર ખાવાના છે; કરૂણાલુ દયા દેખાડે છે (એમાં વિશેષ્યને અર્થે વિશેષણ કર્તા છે).—સત્યતા શોભે છે; અહંકાર દીપતો નથી (એમાં કર્તા ભાવવાચકનામ છે).—શિખવું સારૂં છે; જૂઠું બોલવું અધર્મ છે (કર્તા, સામાન્ય કૃદંત).

૨. અનત્યલ્પ. એમાં વિષયપદની સાથે, કે ક્રિયાપદની સાથે, અર્થમાં બહુ મળી જનારા વિશેષણાદિક શબ્દ આવે છે; જેમકે ચતુરસુજ્ઞાન પુરૂષ વિચાર કરે; તે સકલગુણસંપન્ન પંડિત છે; મન સદા શીતળ રાખવું રાજાને શોભે છે. ક્રૂર રીતિએ બળ ચલાવવું રાક્ષસી સ્વભાવનું લક્ષણ છે.—જ્યારે બે વિશેષ્યનામ મળી એક જેવાં થાય છે, ત્યારે વાકય અનત્યલ્પજ છે; જેમકે, ખંડેરાવ મહારાજ રક્ષા કરે છે.

આ.) **વિવર્દ્ધિત, એટલે** ઉમેરેલા. વાકયમાં ઉમેરો વિવિધરીતિથી થાય છે:-

૧. **સમાનાર્થ શબ્દોએ કરીને;** "ખંડેરાવ ગાયકવાડ, **વડોદરાના મહારાજા,** મુંબઇ ગયા હતા."

૨. બીજા શબ્દોનો અર્થ જણાવનારા શબ્દોએ કરીને; "શીળતા-**મોટા લોકોની શોભા**-રાજામાં દેખાય છે," "સહુથી ઉત્તમ ઉપાય-**મિઠાસથી તેની સાથે વાત કરવી**-કોઇને સુઝયો નહિ." "બાપુ-**તમારી સાથે જેણે આજ વાત કરી હતી તે**-કાલે ફરી આવશે."

૩. ગુણવિશેષણે કરીને; "**ધાર્મિક** માણસે **નિયમિત** ઉદારપણું આચરવું" "તેણે એક **વિલાયતી** ઘોડો રાખ્યો."

૪. ષષ્ઠીવિભક્તિએ કરીને; **સરકારનો** અધિકાર **પ્રજાને** માથે છે.

૫. નામયોગિની સાથે સંધાએલા શબ્દોએ કરીને; **બુદ્ધિરહિત** શ્રમ નિષ્ફળ છે. **મારા બધા ચાકર સુદ્ધાં,** હું આવ્યો છું.

૬. વિવિધ વિભક્તિથી સંધાએલા વિષયપદોએ કરિને; **ગામના દસ મતાદારોમાંથી** કોઇ બે જણને મોકલજો.

૭. ક્રિયાવિશેષણે કરીને; "**તે જાગે નહિ એટલામાં,** હું તેને હાર કરી આપું." **બુદ્ધિથી** કામ કરવું જોઇએ.

ટીકા. વાક્યની વિવૃદ્ધિ કોઇ વેળા કર્તૃપક્ષમાં, કોઇ વેળા વિશેષકપક્ષમાં-વિષયપદ વિષે, કે ક્રિયાપદ વિષે-થાય; કોઇ વેળા વાક્યના બેહુ પક્ષમાં.

૩૭૬. **સંયુક્ત.** એટલે ભળેલું. શુદ્ધ વાક્યમાં એકજ અભિપ્રાય છે; પણ સંયુક્ત વાક્યમાં બે કે અધિક અભિપ્રાય એવા ભળેલા હોય છે કે જાણે એકના પેટામાં બીજો આવે; અથવા એની સાથે એવો ભળેલો હોય કે અર્થ પૂર્ણ થવા સારૂ બેહુ જોઇએ.

અ.) એક વિચારના પેટામાં બીજો આવે એવાં વાક્ય.

"આપણે (પોતે કેવા અપરાધી છિયે એ જાણી) બીજા પર ક્ષમા રાખવી."

"તેણે (પોતાના ધંધા ઉપર મહેનત કરીને) તે વર્ષ સારાં કહાડયાં."

આ.) એક અભિપ્રાય સંપૂર્ણ કરવા સારૂ બીજો જોઇએ એવાં વાક્ય. એવામાં **કે, તે, એ, એવું, એટલે,** એવા સંયોજક શબ્દો-એટલે વાક્યના પૂર્વભાગના અર્થનો સ્વીકાર કરનારા, કે તેને દર્શાવનારા આવે;—

"એ નાનું પાપ છે, **એવું** કહેવા લાગ્યાં" "ચોર કંઇ નાઠો **એ** "કોઇએ દીઠું નહિ." "કોણ નથી જાણતું કે જૂઠું બોલવું પાપ છે?"

૩૭૭. સાન્વય,* જ્યારે બે કે અધિક વાક્યોમાં એવો નિકટ સંબંધ નથી કે તેઓ સંયુક્ત થઇ જાય, તોય પણ, જો તેમના જૂદા જૂદા અર્થોમાં એવો સંબંધ હોય કે તેઓ વાક્યયોગી શબ્દોએ કરીને સંધાય, ત્યારે સંધાએલાં વાક્ય બધાં મળીને એક સાન્વય વાક્ય થાય છે. **સાન્વયને સહગામી** વાક્ય પણ કહેવાય;—

"આ માણસે પાપ કર્યું ન હતું, **અને** એનાં માબાપે પણ કર્યું ન હતું."

"તેણે પ્રતિવાદીનું મ્હો બંધ કર્યું એટલુંજ **નહિ**, **પણ** તેનું મન હા વાળે એવું કર્યું."

"આ પુસ્તકોમાં જે લખેલું છે, તે કુરાનને અનુકૂલ, **અથવા** પ્રતિકૂલ છે; **જો** અનુકૂલ, **તો** અનુપયોગી, **કેમકે** તેમનો અર્થ કુરાનમાં છેજ; **પણ** **જો** પ્રતિકૂલ, **તો** પાખંડી, **કેમકે** કુરાનને વિરૂદ્ધ ઠરે; માટે, ગમે તે રીતિએ જોતાં, એમને બાળી નાખવાં ઘટે."

કોઇ વેળા વાક્યયોગી અધ્યાહાર્ય હોય :—

"તન રોગી, શિર શત્રુતા, ધન આવે ને જાય,
જો હોય સંપ કુટુંબમાં શીતળ રહે સદાય." સંપલક્ષ્મી૦

એટલે–તન રોગી, (કે) શિર શત્રુતા, (કે) ધન આવે ને જાય, (પણ) જો કુટુંબમાં સંપ હોય (તો) શીતળ રહે સદાય.

૩૭૮. અલ્પ વાક્યની વૃદ્ધિ વિવિધ રીતિએ થાય; જે૦—

શુદ્ધ. **અત્યલ્પ.** આપણે મનોયત્ન વાપરિયે છિયે.
અનત્યલ્પ. આપણે મનોયત્ન અનર્થે વાપરિયે છિયે.
વિવર્દ્ધિત. આપણે મનોયત્ન–કર્તાનો ઠરાવેલો એક ધર્મ–અતિશેપણાથી, બહુધા, અનર્થે વાપરિયે છિયે.

સંયુક્ત. આપણે (આપણા મનોયત્નમાં અતિશેપણું કરીને) બહુધા મનોયત્ન અનર્થે વાપરિયે છિયે.

વિવર્દ્ધિત તથા સંયુક્ત. મનોયત્ન, સુખાદિક વિવિધ ઉપયોગને અર્થે કર્તાની દયાથી માણસને માથે રત્નરૂપી કરી ઠરાવેલો જે ધર્મ, તેમાં અતિશેપણું રાખવાથી, આપણે, તેને કોટે વળગેલા સાપ જેવો કરી નાખીને, બહુધા અનર્થે વાપરિયે છિયે.

---

* સાન્વય, સ-અનુ-અય, **સાથે** વળગી **પછવાડે આવનાર**-સંબંધ રાખનાર.

સાન્વય. માણસ સુખ તથા વિવિધ ગુણ પામે, માટે કર્તાએ દયાથી મનોયત્ન ઠરાવ્યો છે; એ ધર્મ તો આપણે માથે રત્નરૂપી છે; પણ તે બહુધા સાપ જેવો થઇ જઇને આપણી કોટે વળગે છે; કેમકે આપણે, તેમાં અતિશેષણું કરીને, તેનું અનર્થે રીતિએ વાપરિયે છિયે.

૩૭૯. પ્રત્યેક **સંયુક્ત** વાક્યના બે ભાગ હોય છે; એક **મુખ્યવાક્ય,** અને બીજું **ઉપવાક્ય.** ઉપવાક્ય મુખ્યના પેટામાં રહે છે, અથવા તેની સાથે નિકટ મળી રહે છે. પેટામાં રહેનારૂં ઉપવાક્ય તે, ઘણાખરા પ્રસંગમાં, મુખ્યમાં ક્રિયાવિશેષણ જેવું હોય.

૩૮૦. જ્યારે જૂદાં જૂદાં વાક્ય એકમાં મળીને **સાન્વય** થાય છે, ત્યારે એકેક જૂદું વાક્ય સાન્વયના એક ખંડ જેવું થાય છે. એકેક ખંડમાં આવે તે વાક્યનાં કોઇ શુદ્ધ, કોઇ સંયુક્ત વાક્ય હોય. સાન્વયમાં કોઇ એક મુખ્ય વાક્ય નથી, પણ બધાએ સમાન અધિકારના—જાણે સહભાગીઓ જેવા—હોય છે. એઓ એ રીતિએ સાથે આવે છે, માટે એમને સાન્વયનાં **સહગત** (અથવા **સંગત**) વાક્ય કહેવાય.

સહગત વાક્યોમાં પરસ્પર જે સંબંધ છે તે તેમને સાંધનારા વાક્યયોગી શબ્દ ઉપર જણાય છે; માટે વાક્યયોગીના જેટલા વર્ગ છે તેટલા સહગત વાક્યના સંબંધ વિષે પણ થાય છે (૩૧૮-૩૨૧).

વાકયમાં શબ્દના અનુક્રમાન્વયાધિકાર વિષે.

૩૮૧. પ્રત્યેક વાક્યમાં શબ્દની ગોઠવણી વિષે વિચાર કરતાં, તેમના **અનુક્રમ, અન્વય,** તથા **અધિકાર,** આ ત્રણ જોવા જોઇએ.

અનુક્રમ,—કર્તૃપક્ષ પહેલો અને વિશેષકપક્ષ પછી આવે; વિશેષકમાં વિષયપદ પહેલું અને ક્રિયાપદ છેલ્લું આવે. વાક્યના મુખ્ય ક્રિયાપદને કોઇ અનુગ શબ્દ વળગે તો તે છેલ્લો આવે.

૩૮૨. **વિશેષણ.** વિશેષણ પહેલું, પછી વિશેષ્ય; "સારો રાજા યથાર્થ આજ્ઞા ચલાવે." "રાજા આ આજ્ઞા ચલાવે." ષષ્ઠી વિભક્તિનું પણ એજ સ્થળ છે; "દેશનો રાજા પોતાની આજ્ઞા ચલાવે." ષષ્ઠી તથા વિશેષણ બેહુ વપરાય, તો ષષ્ઠી પહેલી આવે; "દેશનો સારો રાજા પોતાની યથાર્થ આજ્ઞા ચલાવે."—એમાં ક્રિયાવિશેષણ લાગે તો ષષ્ઠીની તથા વિશેષણની વચ્ચે

આવે; દેશનો બહુ સારો રાજા પોતાની પૂરી યથાર્થ આજ્ઞા ચલાવે."—તત્પદા-પેક્ષકાદિ સર્વનામ એમાં આવે તો ષષ્ઠીની આગળ આવે; "દેશનો આ બહુ સારો રાજા પોતાની તે પૂરી યથાર્થ આજ્ઞા ચલાવે."

કોઈ વેળા વિશેષ્ય પહેલું, અને વિશેષણ પછી જેવું દેખાય; પણ એવા વાક્યના વિશેષકપક્ષમાં એક વિશેષ્ય અધ્યાહાર્ય છે; જે નામ કર્તૃપક્ષમાં છે તેજ વિશેષકપક્ષમાં ફરી ન આવે, માટે અધ્યાહાર્ય થાય છે; આ રાજા સારો (રાજા) છે; સારો રાજા આ (રાજા) છે.

૩૮૩. **बे विषयपद** વચ્ચે કોઇ સંબંધ, વિભક્તિએ કરીને, અથવા નામયોગીએ કરીને થાય, તો કંઇ એક, અને કંઇ બીજું વિષયપદ પહેલું આવે.

બાપુ પોતાને હાથે કામ કરે છે.—પોતાને હાથે બાપુ કામ કરે છે.

હું તને એક રૂપિયો આપું.—એક રૂપિયો હું તને આપું.

મેં મારા મનથી તે શોધી કહાડ્યું.—મારા મનથી મેં તે શોધી કહાડ્યું.

હું ઘરમાં કામ કરૂં છું. —ઘરમાં હું કામ કરૂં છું.

તે તમારી પાસે આવે છે. —તમારી પાસે તે આવે છે.

પણ સ્થળ ફરવાથી અર્થ પણ કંઈ ફરે છે.

૩૮૪. **क्रियाविशेषण** પહેલું, પછી ક્રિયાપદ. "તમો ભલે પધાર્યા." "તમે કામ સારી પઠે કરો છો." કોઇ વેળા કર્મસૂચક વિષયપદ એમની વચ્ચે આવે; "તમે સારી પઠે કામ કરો છો."

૩૮૫. **संयुक्तक्रियापदमां**, વિકૃત પહેલું, પછી વિકારક; "ચડી બેઠો." "પડી ગયો."—એમજ સામાન્ય કૃદંત પહેલું; "કહેવા આવ્યો."—કૃદંત પહેલો પછી સહાયકારક; "થતું નથી;" "થયું હોય."

૩૮૬. **संयुक्तवाक्यमां** अ.) પેટામાં આવનારૂં ઉપવાક્ય મુખ્યના કર્તૃદર્શક શબ્દની આગળ આવે; "કૃષ્ણદાસ, ચોરી કરવાનો વિચાર મનમાં રાખીને, ભોળાને ત્યાં ગયો."

બે કે અધિક ઉપવાક્ય આવતાં પણ એ નિયમ રહે છે;—"પૂર્વે સંસ્કૃતના રક્ષણ કરનારા દેવોએ, સંસ્કૃતને વિકાર પામતી જોઇને, આગળથી ચેતી, એના વ્યાકરણ અને કોષાદિ ગ્રંથ રચી, એના પરિણામનો અટકાવ કર્યો છે." ગુજરાતી ભાષાનો ઇતિહાસ. પૃ૦ ૧૧.

પણ પૂર્વે આવેલા કોઇ વાક્યના અર્થની સાથે આગળ આવનારા વાકયના ઉપવાક્યનો કંઇ સંબંધ હોય, અથવા બીજું કંઇ ઘટતું કારણ હોય, તો ઉપવાક્યને પહેલું લેવાય; "જ્યારે પાંડવોના ભાગમાં ઇંદ્રપ્રસ્થ (આગ્રા)ની પૃથ્વી આવી, ત્યારે તહિં અસુર લોકોની વસ્તી હતી. **તેને ઉજડ કરીને**, પાંડવોએ પોતાની વસ્તી વસાવી." ગુ૦ ભા૦ ૪૦ પૃ૦ ૪.

આ.) **એ, તે, એટલે, એવું**—પૂર્વના ભાગનો અર્થ સ્વીકારનાર શબ્દ-સંયુક્તવાકયમાં આવે, તો ઉપવાકય પહેલું અને મુખ્ય પછી; "તેનું મન બગડેલું છે, એવું તે જાણતી હતી."—પણ વાકયમાં કે આવે, તો મુખ્ય પહેલું, અને ઉપવાકય પછી આવે; તે જાણતી હતી, કે તેનું મન બગડેલું છે.

પૂર્વાપર શબ્દ વપરાય તો પહેલા ખંડમાં ઉપવાક્ય અને બીજામાં મુખ્ય આવે;—"જે હું તમને કહું છું, તે હું બધાને કહું છું."

કોઇ વેળા, એવા સંયુક્ત વાકયના બેહુ ખંડ મળીને એક વિસ્તારેલા સંયુક્ત વાક્યનું ઉપવાકય થાય; "જે હું તમને કહું છું તે હું બધાને કહું છું, કે જાગતા રહો." "જે અંધ છે તે તંઇ છે, એટલે દુઃખ" એવાંને કોઇ સાન્વય ગણે.

૩૮૭. ઉપવાકય કર્તાને અર્થે, કે કર્મને અર્થે, કે વિશેષણને અર્થે વપરાય, તોય સ્થળ તેનેતેજ રહે છે;—

કર્તાને અર્થે; "ઇતિહાસમાં નાની નાની વાતોનું વર્ણન આવવું, એ નહિ ઘટે."—**કર્મને અર્થે**; "તમે લખતા હતા, એ હું નહોતો જાણતો."

ગુણવિશેષણને અર્થે; "મનના ઊંડાણમાં ગુપ્ત રહી આંસુએ કરીને જણાવવામાં નહિ આવે, એવાં કોઇ દુઃખ છે."

ક્રિયાવિશેષણને અર્થે; "ભારે વિપત્તિ આવી માથે પડી હોય, એવું દેખાતું."

૩૮૮. સાન્વય વાકયમાં, સહગત વાકયનો અનુક્રમ વિવિધ ધોરણે હોય. પણ બહુધા—પહેલા થયલા કાર્યનું વર્ણન પહેલું, પછીનાનું પછી આવે,—કારણ પહેલું, તેના ફળ પછી; "આ માણસ દુઃખી હતો, માટે તેણે બૂમ પાડી, અને પ્રભુએ સાંભળીને એને તાર્યો;—"સાંભળવાની તમારી ઇચ્છા હોય, તો કાલે આવજો; અને જો આવશો, તો હું સંભળાવીશ. પણ **કેમકે** ઇત્યાદિ, અર્થના વાકયયોગીનો નિયમ એથી ઉલટો છે;—"પ્રભુએ તેનું સાંભળીને તેને તાર્યો; કાંજે તેણે બૂમ પાડી હતી; અને તેણે બૂમ પાડી; કેમકે તે દુઃખી હતો."

"વિવક્ષિત વાક્યોમાં અનુક્રમનો નિયમ નિશ્ચય નથી. સ્પષ્ટતાને અર્થે, અને અલંકારની શોભાને અર્થે, લખનારની રૂચી તથા યુક્તિ પ્રમાણે, વિવિધ ગોઠવણી થાય. પણ સાધારણે, સમાનાર્થ શબ્દોમાં, અધિકારીનું નામ પહેલું, પછી તેના અધિકારનું; "વિકટોરિઆ રાણી;" "ગાયકવાડ મહારાજા." અનેક માનાર્થ શબ્દ હોય તો તેઓ પૂર્વે આવે;—"પ્રજાનો પ્રતિપાલ, દીનદયાલ, વિશ્વપતિ વિજયસિંહરાજા" જાતિનું નામ પહેલું; નાગર બ્રાહ્મણ છગનલાલ; ઠકર ગંગારામ;—પટેલ જાદવરાય.

૩૮૯. પ્રશ્નાર્થ શબ્દો વિશેષણ જેવા વપરાય, તો વિશેષણને સ્થલે આવે; "શી વાત છે?" "વાત શી છે?"—પણ વિશેષણાર્થે નહિ વપરાય, તો વાક્યની આદિએ, કે અંતે આવે; "શું, વાત એવી હોય?" "વાત એવી હોય શું?" "વારૂ, એવું કરિયે?" "એવું કરિયે વારૂ?"–કોણ (=કોજન) વિશેષ્ય છે; "અહિં કોણ આવશે?" "કોની વાતો સાંભળિયે?"–એમજ વિશેષ્ય નામ અધ્યાહાર્ય હોય તો; "શું થાય?"

૩૯૦. નિષેધાર્થ શબ્દો ક્રિયાપદને પૂર્વે કે આગળ આવે; તું ના કર; મા કર; કરીશ મા; કરતો ના; ના કરતો; ૪૦.

૩૯૧. નાણા, ખિતાબ, ઇત્યાદિના નામ સંક્ષેપથી લખાય ત્યારે બીજા નામની પૂર્વે લખાય; રૂ. ૧૦, પૈ. ૨ —મી૦ (મીસ્તર) રાબસન. પ૦ (પટેલ) જાદવરાય. માપાની સંખ્યા પૂર્વે લખાય; દસ સેર ચોખા; ૨ ગજ રેશમ.

૩૯૨. કવિતામાં, જ્યાંલગ અર્થની ગુંચવણ થતી નથી, ત્યાંલગ શબ્દનો અનુક્રમ કવિની રૂચી પ્રમાણે થાય. ગદ્યનો સાધારણ એક નિયમ એ છે કે ક્રિયાપદ છેલ્લું આવે, પણ કવિતામાં ફેર થાય છે;—

"પ્રગટ જગત જેણે કર્યું, ધરૂં છું તેહનું ધ્યાન,
કહું છું લક્ષ્મી સંપની કથા, સુનો સહુ કાન."
"વસું વિષ્ણુને અર્ધે અંગ, નહિ ચરચા લાયક તુજસંગ."

૩૯૩. **અન્વય.** (પછીથી – મળતું આવવું, સંબંધ, મેળ). **વિશેષણ તથા વિશેષ્ય.** વિશેષ્યનાં જાતિ, વચન, વિભક્તિ પ્રમાણે વિશેષણનાં હોય (૯૧); કાળો ઘોડો, કાળી ઘોડી, લાલ* ઘોડાં આવે છે. (ગુણવાચક).
કિયો પુરૂષ, પેલી સ્ત્રી, આ* છોકરાં. (વિશેષણ સર્વનામ).

---

* વિશેષણ અવિકારી (૯૦) હોય તો પ્રત્યય લાગે નહિ ખરો, તો પણ અર્થને ધોરણે તેમનો અન્વય વિશેષ્યની સાથે થાય છે.

ચાલતો વિચાર, ચડતા લોક, બનતી વાત, પડતું ઘર. (કૃદંત).

રાજાનો અધિકાર, પ્રજાની ઇચ્છા, ઘરનું કામ, તેમના ઘોડા. (ષષ્ઠી).

३९४. अनेक विशेषणनो. अ.) કેવળ સમૂહ, કે ગણુ, એવો હોય કે એકેક વિશેષણ તેજ વિશેષ્યને સમાન રીતે લાગે, તો એકેક વિશેષણનો અન્વય તે વિશેષ્યની સાથે હોય છે; તે ગામમાં એક સારો, ડાહ્યો, વિવેકી, વિદ્વાન, બ્રાહ્મણ છે; દેશમાં કેટલાએક મોટા, કુલીન, પૈસાવાળા લોક છે.

आ.) ષષ્ઠી વિભક્તિએ થનારાં કેટલાંએક વિશેષણ એવાં હોય, કે એકેક પોતપોતાની આગળ જે આવનાર શબ્દ, તેની તે ષષ્ઠી છે, તો એકેક પોતાના આગળના નામની સાથે અન્વય દેખાડે છે;—મારા ઘરનાં કામની વાતોનો વિચાર; તેની જાતિના લોકોની બુદ્ધિનો મેળ એવો છે.

इ.) ષષ્ઠીની તથા નામની વચ્ચે બીજું વિશેષણ આવે, તો તેઓ બેહુ વિશેષ્યનો અન્વય થાય છે;—મારો સારો ઘોડો; મનનો ઊંડો વિચાર.

३९५. अनेक विशेष्य अ.) અનેક નામનો સમૂહ એકજ વિશેષ્યની સંજ્ઞા હોય, તો તેમને લાગે તે વિશેષણ તે સમૂહમાંના હરકોઇ નામની સાથે જે અન્વય રાખે, તેજ તે બધાની સાથે રાખે; સૃષ્ટિનો કર્તા, પાલક, નાયક, તથા ન્યાયાધીશ.

आ.) સંજ્ઞા એકજ વિષયની છતાં નામ જૂદી જૂદી જાતિનાં હોય, તો–૧) अनेक संज्ञाने विशेषण लागे,—મારી વૃત્તિ, મારૂં કામ, મારો અધિકાર, મારો ધર્મ, એજ છે;-૨.) अनेक वचन अने नान्यतर जातिनो प्रत्यय विशेषणने लागे;—મારાં વૃત્તિ, કામ, અધિકાર, તથા ધર્મ એજ છે;-३.) विशेषण समूहनी पहेली संज्ञानी साथे अन्वय राखे;—મારી વૃત્તિ, કામ, અધિકાર, તથા ધર્મ એજ છે.

इ.) સમૂહનાં વિશેષ્યનામ જૂદાં જૂદાં વિષયની સંજ્ઞા હોય તો;—

१. एकज जातिनां अनेक नाम होय, तो विशेषण तेज जातिनुं, पण एकवचनमां, अथवा अनेकवचनमां आवे;—મારો ધંધો વેપાર; તેની ખેતીવાડી; તેનું ખરચ ખુટણ; તેનું લેણુદેણુ. અથવા; તેનાં લેણુદેણુ; મારાં કામકાજ.

૨. જૂદી જૂદી જાતિનાં નામ હોય, તો વિશેષણને અનેક વચનેં નાન્યતર પ્રત્યય લાગે;—મારાં માબાપ; કેવાં સ્ત્રી પુરૂષ; તેમનાં દિકરા દિકરીઓ; રાજાનાં હાથી, ઘોડો, ઘોડી, રથ, પાલખી.

૩. એકેક વિશેષ્યને કોઇ વિશેષણ લાગે, પણ બધાને એક સામાન્ય વિશેષણ હોય તો અન્વય વિકલ્પ છે;—રાજાનાં-કે રાજાનો મોટો હાથી, કાળો ઘોડો, ધોળી ઘોડી, વિલાયતી રથ, અને જડિત પાલખી.

૪. સમૂહનાં નામમાં કે આદિ ભિન્નાર્થદર્શક વાક્યયોગી હોય, તો વિશેષણનો અન્વય સમૂહના પહેલા નામની સાથે છે; તે માણસની ભેંસ, બળદિયું, કે ઘોડો લઇને આવજો.

ટીકા. કોઇ કહે છે કે, સમૂહમાં નિકટ સંબંધ હોય, તોય જથાને લાગનાર વિશેષણનો અન્વય પહેલા નામની સાથેજ જોઇએ; જેમકે—"રાજાનો ઘોડો, રથ, પાલખી." આ રૂઢિ વાક્યના તર્કને યોગ્ય રીતિએ મળતી નથી.

૩૯૬. **સર્વનામ.** વિશેષ્ય સર્વનામને જાતિદર્શક પ્રત્યય લાગતા નથી, તો પણ જે નામને સ્થળે તેઓ વપરાય છે, તેની જાતિ તેમને લાગે છે;—
હું (ગોપાળ) સારો છું; હું (ગંગા) સારી છું; તે (કામ) સારૂં છે.

અનેક સર્વનામનો સમૂહ આવે તો અનેક વિશેષ્ય નામના નિયમ એને પણ લાગે છે. હું, તું, તે, રામભાઇના પુત્રો (નર); હું, તું, તે, રામભાઇની પુત્રીઓ (નાર); હું, તું, તે, રામભાઇનાં પુત્ર પુત્રી (નાન્યતર).

૩૯૭. **ક્રિયાપદનાં શુદ્ધ રૂપને**, અને નિશ્ચયાર્થના દ્વિત્વવર્તમાન કાળને, પુરૂષના તથા વચનનાજ પ્રત્યય લાગે, અને અન્વય ક્રિયાનાથની સાથે છે.

શુદ્ધ રૂપના કોઇ કર્તરિ, કોઇ કરણે પ્રયોગમાં વપરાય છે. **કર્તરિપ્રયોગમાં** કર્તાની વિભક્તિ પ્રથમા હોય છે; અને તેનાં વચન તથા પુરૂષ પ્રમાણે ક્રિયાપદના પ્રત્યય ફરે છે. **કરણેપ્રયોગમાં**, કર્તા કરણ (તૃતીયા) વિભક્તિએ, અથવા કરણને અર્થે પંચમીએ, આવે. આ પ્રયોગમાં ક્રિયાપદ સકર્મક હોય, તો કર્મ ક્રિયાનાથ થાય છે; અને તેની વિભક્તિ પ્રથમા (અને કોઇ વેળા, કર્મને અર્થે વપરાએલી ચતુર્થી) હોય છે. પણ જો ક્રિયાપદ અકર્મક હોય, તો તેનો ભાવાર્થ ક્રિયાનાથ થાય છે; ક્રિયાપદનો ભાવાર્થ સદા એકવચને, અને નાન્યતર હોય છે; માટે કરણે પ્રયોગમાં ક્રિયાપદ એકવચનના પ્રત્યયને સ્વીકારે છે.

३९८. कर्तरि. अ.) અકર્મક;—હું છું; તું છે; તે હોય છે; આ.) સકર્મક;—હું કરૂં; તું કરે; તેઓ કરે છે; અમે કરિયે છિયે;—

करणे. अ.) અકર્મક;—(=ભાવેપ્રયોગ) મારાથી કરાય છે; મારાથી અવાશે નહિ; આ.) સકર્મક (=કર્મણિ);—મારાથી કામ કરાય છે; (૧૭૭).

३९९. **क्रियापदने अर्थे जे कृदंत वपराय** તે વિશેષણ છે; માટે તેના વિશેષ્ય (ક્રિયાનાથ)ની સાથે જાતિનો પણ અન્વય રાખે. મિશ્ર રૂપોમાં સહાયકારક ક્રિયાપદ વર્તમાનકાલમાં હોય, તો શુદ્ધ રૂપની પેઠે ક્રિયાનાથની સાથે અન્વય રાખે છે.

कर्तरि. अ.) અકર્મક;—હું (ગોપાળ) હતો; હું (ગંગા) હતી; તે (ઝાડ) હતું; आ.) સકર્મક;—હું (ગોપાળ) ભણ્યો; ગંગા ભણી; છોકરૂં બોલ્યું; ગોપાળ લાવ્યો હતો; હું લાવવાનો છું; હું લાવેલો છું; હું કરતો નથી;

करणे. अ.) અકર્મક;—મારાથી ઉઠાયું; મારાથી ઉઠાતું નથી; પંચમીને સ્થળે કવિતામાં, અને સાધારણ બોલીમાં તૃતીયા ઘણી વાર આવે. आ.) સકર્મક;—તેણે બોધ કર્યો; તેણે બોધ કરેલો છે; વચને–વચનથી તે બંધાયો છે; વચને–વચનથી અમે બંધાયલા છિયે.

૪૦૦. संयुक्त वाक्यमां પૂર્વે આવનાર ઉપવાક્યનો અર્થ સ્વીકારનાર તત્પદાપેક્ષક સર્વનામ, તે પૂર્વવાક્યના ભાવાર્થની સાથે અન્વય રાખીને નાન્યતર થાય છે, અને પછી મુખ્ય વાક્યના ક્રિયાપદનો ક્રિયાનાથ થાય છે; "તમારે અહિં આવવું એ સારૂં નથી;" "કપટથી અહિં આવીને મીઠી મીઠી વાતો કરવી, અને પછી તહિં જઇને ચાડી ખાવી, એ તને ઘટતું નથી; "તમારા મનનો વિચાર બાપને જણાવવો, એ સારૂં છે."

૪૦૧. બે કે અધિક નામ, બધાએ એકવચનનાં હોય, અને તેમને સાંધનાર વાક્યયોગી, **અથવા, કે,** ઇત્યાદિ ભિન્નાર્થ કે વિભાષાદર્શક હોય, તો ક્રિયાપદ એકવચનનું હોય; કોઇ ઘોડું, કે બળદ આવે છે. પણ સમૂહમાંનું એક નામ અનેકવચનને હોય તો ક્રિયાપદ છેલ્લાનો અન્વય રાખે છે; એક જન કે દસ જન આવે છે (અનેકવચન). અહિં થઇને કોઇ બળદિયું, કે ગાયો ગઇઓ; ત્યાં એક બાઇ, કે બે છોકરા બેઠા છે; અહિં કાલે એક માણુસે કે દસ માણુસ આવ્યાં હતાં.

એવું બોલતાં કોઇ વેળા ભાષણ વિરૂપ દેખાય, અથવા જો અર્થમાં ગુંચવણ હોય, તો એકેક નામની સાથે ક્રિયાપદ આવે; "આ છોકરો આવ્યો હશે, અથવા પેલાં છોકરાં આવ્યાં હશે."

૪૦૨. ક્રિયાપક્ષમાં આવનાર વિશેષણની રીતિ એવીજ છે; "આ છોકરો અથવા પેલાં છોકરાં જૂઠાં છે;" કે, "આ છોકરો જૂઠો છે, અથવા પેલાં છોકરાં જૂઠાં છે."

૪૦૩. **તથા** ઇત્યાદિ સમાનાર્થદર્શક વાક્યયોગીએ કરીને સંધાએલાં બે કે અધિક નામ કર્તૃપક્ષમાં આવે, તો ક્રિયાપદ અને વિશેષકપક્ષમાં કૃદંત અનેક વચનનાં થાય છે; જાતિ દર્શાય એવું હોય, તો નામો એકજ જાતિનાં હોય તો તેનો પ્રત્યય કૃદંતને લાગે; પણ જો નામોની જાતિ જૂદી જૂદી હોય, તો કૃદંત નાન્યતરજાતિએ અનેકવચનમાં આવે;—મારો બાપ તથા મારો ભાઈ આવ્યા છે; મારો દિકરો તથા દિકરી બેહુ આવ્યાં છે; મારો ભાઇ તથા તેનું એક નાનું બાળક મરી ગયાં છે; બે ભાઇ તથા સીતા તેમાં બેઠાં.

વિશેષકપક્ષમાં વિશેષણ કે ષષ્ઠી વિભક્તિ આવે, તો તેનો અન્વય નામોની સાથે ઉપરનાં નિયમ પ્રમાણે છે; મારો ભાઇ તથા તમારો છોકરો મોટા થયા છે; ઉંટ, હાથી, તથા ઘોડો એઓ કામના છે; આ છોકરો છોકરી મોટાં થવાનાં છે; આ વાડી અને ખેતર તમારાં છે?

૪૦૪. બે કે અધિક નામ એકજ વિષયની જૂદી જૂદી સંજ્ઞા હોય, તો તેમનો અર્થ એકવચનનો છે, માટે અર્થ પ્રમાણે ક્રિયાપદ કૃદંત આદિ શબ્દ ફરે; સૃષ્ટિનો કર્તા તથા પાળક મોટો છે; ગામનો ગુરૂ તથા કવિરાજ આવ્યો છે.

બે કે અધિક નામ મળીને કોઇ વિષયપદની સંજ્ઞા થાય તો તે એકજ નામ છે; જેમકે, દલપતરામની રચેલી ચોપડી, "સંપ અને લક્ષ્મી વચ્ચે સંવાદ," તે સારી છે.

૪૦૫. સુદ્ધાં, સાથે એવા અર્થના સંયોજક શબ્દ આવે, તો તેમનાથી ક્રિયાપદને કંઇ અસર લાગતી નથી; રાજા, પોતાના સર્વ સૈન્ય સુદ્ધાં, આવ્યો; હું, મારા કુટુંબનાં બધાં માણસની સાથે, તહિં ગયો.

૪૦૬. કર્તૃપક્ષમાં બે સર્વનામ, અથવા એક સર્વનામ અને બીજું નામ આવે, અને તેમની વચ્ચે "**તથા**" ઇત્યાદિ સમાનાર્થ વાક્યયોગી આવે, તો ક્રિયાપદ અનેકવચનનો પ્રત્યય સ્વીકારે; અને સર્વનામ પ્રથમ પુરૂષનું હોય, તો

ાપદ પ્રથમ પુરૂષમાં આવે; સર્વનામ દ્વિતીય પુરૂષનું, તો ક્રિયાપદ દ્વિતીય; ને તૃતીય પુરૂષનું સર્વનામ, તો તેજ પુરૂષનું ક્રિયાપદ થાય છે;—

અને તું (આપણે) જઇએ. હું અને તમે જઇએ. હું અને ગોપાળ જઇશું.
અને તે જઇશું. હું અને તેઓ જઇશું. હું અને આ માણસો જઇશું.
અને તે જશો. તું અને તેઓ જશો. તું તથા બેહેન જશો.
મે અને તે જઇએ. અમે અને તેઓ જઇએ. અમે અને તારો ભાઈ જઇશું.

ભિન્નાર્થદર્શક વાક્યયોગી કે, **અથવા,** ઇ૦ આવે, તો છેલ્લા સર્વનામનાં, બીજા નામનાં, જાતિ વચન પ્રમાણે ક્રિયાપદનાં ફરે; હું કે તે જશે; તે કે હું શ; હું કે તમે જશો; તમે કે હું ગયો; હું કે ગોપાળ ગયો. આવાં ય તો દીપતાં નથી, એ કરતાં ક્રિયાપદ બે વાર વાપરવું સારૂં છે; જેમકે— જશે, કે હું જઇશ; હું જઇશ, કે તમે જશો.

૪૦૭. કોઇ વેળા સર્વનામ, અને તેની સાથે, તેને સમાનાર્થે, વપરાએલા શેષ્યનામ, કે વિશેષ્યને અર્થે વપરાએલા વિશેષણ, કે વિશેષ્યની સાથે વિશેષણ, કજ અર્થે આવે, અને એકજ ક્રિયાપદના અધિકાર તળે હોય, તોય પણ, નામ પ્રથમા વિભક્તિમાં રહે, અને નામને કે વિશેષણને, ક્રિયાપદના અધિકાર ાણે, વિભક્તિ, અથવા નામયોગી શબ્દ લાગે; અને એમજ **અમ, તમ,** ક્તિ રહિત રહે છે; જેમકે—હું બાળકપર દયા કર; હું નાનાપર દયા કર;— નાના બાળકપર દયા કર; અમ પાપીઓપર દયા કર; તમ બધા ભુંડાનો હું ર કરીશ; તું દુષ્ટને હું શિક્ષા કરીશ. છેલ્લા ઉદાહરણને બદલે, "તને દુષ્ટને ક્ષા કરીશ" ઘણુંકરીને કહે છે.

જો સર્વનામને તેની સાથેના નામની વિભક્તિ લગાડિયે, તો અર્થ ફરી જાય; હું નાના બાળકપર દયા કર," એનો અર્થ એક, અને "મારા નાના ળકપર દયા કર, એનો અર્થ જૂદો છે.

જેવા, સરખા, ઇ૦ શબ્દ સર્વનામ અને કોઇ બીજા નામની વચ્ચે આવે, સર્વનામને પ્રત્યય લાગે નહિ; "અમારા જેવા બાળક પર દયા કર;" "તમારા ખા દુષ્ટોનો હું સંહાર કરીશ." પણ અહિં તો સર્વનામનો પ્રત્યય, "જેવા" ાદિના અધિકાર તળે છે.

૪૦૮. જો તત્પદાપેક્ષક સર્વનામ, જે-તે, અનેક નામને દર્શાવે, તો તેઓ કવચનના પ્રત્યય વિના ચાલે; **ગોપાળ** અને **બાપુ,** જે આજ સવારમાં

આવ્યા હતા, તે ફરી આવ્યા છે. એવા પ્રસંગમાં પ્રત્યય નહિ વપરાય તોય પણ અનેકવચનનો અર્થ રહે છે.

૪૦૯. પૂર્વાપર સર્વનામ એક બીજાની સાથે અર્થનો તથા વચનનો અન્વય રાખે છે, તો પણ વિભક્તિ વિષે, પૂર્વ સર્વનામ પૂર્વ ખંડમાં જે ક્રિયાપદ કે બીજો શબ્દ હોય, તેને આધીન રહે છે; અને અપર સર્વનામ ઉત્તર ખંડના ક્રિયાપદનો કે બીજા શબ્દનો અધિકાર રાખે;—જેઓ અહિં છે તેઓ તહિં છે; જેઓને સાંભળવાનું હોય, તેઓએ સાંભળવું; જે હું તમને કહું છું, તેનું ધ્યાન રાખજો; જે જેનું હોય તે તેને મળે.

૪૧૦. **માનાર્થે** નામ એકવચનને અર્થે, અને રૂપે પણ, વપરાય, તોય તે અનેકવચનનું હોય તેમ તેની સાથે ક્રિયાપદ વિશેષણાદિનો અન્વય છે; મહારાજ, **તમે** (કે આપ) મારે ઘેર પધારશો? તમે રામ છો.

બોલનાર પોતા સંબંધી બોલે તો પણ એજ રૂઢિ;—અમે (બોલનાર એકજ હોય તોય) આજ ગામ જવાના છિયે.

પણ વાક્ય વધારેલું હોય, તો નામની પૂર્વેના વિશેષણ કે ષષ્ઠી એકવચનમાં આવે; શું તમે આખા દેશ**નો** રાજા થઇ જવાનું કરો છો. પણ અનેકવચનનો અર્થ હોય, તો "દેશ**ના** રાજા" એવું આવે. માનાર્થે એક હોય તો "મારો કાકો આવ્યા," અનેક હોય તો "મારા કાકા આવ્યા." તેમજ "મારો બાપ આવ્યા;" કોઇ "મારા બાપ આવ્યા" કહે છે, પણ અશુદ્ધ છે; ઘણા "મારો બાપો આવ્યા" કહે છે.

૪૧૧. **સ્ત્રીનાં નામ** એકવચને હોય પણ વિશેષણ ઇત્યાદિ નાન્યતર અનેકવચનનો પ્રત્યય લે છે; "આજ રાણીજી પધાર્યા**ં**;" **મા** પણ **હતાં** કે શું;" "ઠાકોર વિજયસિંહનાં ઠકરાળાં આઠ;" "મા તથા બેહેન આવ્યાં છે;" "**મા** તો જરાક મરોડથી બોલ**તાં હતાં.**" જયકુમારી વિજય પૃ૦ ૭૧.

પણ નામની પૂર્વે વિશેષણ, કે ષષ્ઠી આવે, તો તે નારીજાતિનો પ્રત્યય લે છે; **મારી** મા તથા **મારી** બેહેન આવ્**યાં** છે.

૪૧૨. **ક્રિયાવિશેષણને** જાતિવચનદર્શક પ્રત્યયો લાગે તો તે વાક્યના ક્રિયાનાથનો અન્વયી થાય છે:—

कर्तरि; **અકર્મક.** ગીરધરભાઇ આજ વહેલો આવ્યો,—માનને અર્થે; વહેલા આવ્યા; ગંગા કાલે મોડી આવી હતી,—માનને અર્થે, મોડાં આવ્યાં; એ કામ વહેલું થશે; તેઓ બહુ ઉતાવળા આવે છે. **સકર્મક.** તે પોતાનું કામ ઉતાવળો કરે છે;—ઉતાવળે કરે છે પણ કહેવાય.

करणे; **અકર્મક.** મારાથી આ કામ વહેલું બન્યું; આજ મારાથી વહેલું અવાયું. **સકર્મક.** મેં આ કામ સારૂં કર્યું; તેનાથી તે પુરૂષ સાજો કરાયો; તેણે આ કામ ઉતાવળું કર્યું.

આ રૂઢિથી કોઇ વેળા ગુચવણ થાય છે; માટે સંભારવું, કે વિશેષણ વિષયપદને લાગે તો તે ગુણવાચક, અને ક્રિયાપદને લાગે તો ક્રિયાવિશેષણ છે.

૪૧૩. **सामासिकनामने छेडे** વિભક્તિનો પ્રત્યય લાગે છે; જે૦, "કામક્રોધલોભમોહમદમત્સરનો ત્યાગ કરવો;" શબ્દ જૂદા જૂદા લખાય તોય પણ તેમનો સંબંધ સામાસિક હોય તો એજ રીતિ ચાલે છે; "કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરનો ત્યાગ કરવો." શબ્દ પૃથક કહેવાય છે, ત્યારે તેમને છેડે બહુધા કોઇ સમાનાર્થદર્શક શબ્દ આવે છે; કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, **એમનો** (કે, આ દુર્ગુણનો) ત્યાગ કરવો.

૪૧૪. સમાસમાં આવનાર શબ્દ, **ઓ, ઊં,** પ્રત્યયનો સ્વીકારનાર અકારાંત હોય, તો પ્રત્યય ઉડી જઇને પ્રકૃતિના અંત્યસ્વરની વૃદ્ધિ થાય છે;— "મારા ઘોડા વાછરડા બળદિયાથી." અર્થ સ્વીકારનાર કોઇ સર્વનામ છેડે આવે, તો નામને પ્રથમાનો પ્રત્યય રહે છે; "મારો ઘોડો, વાછરડો, બળદિયું, એ બધાંથી મને લાભ થાય છે."

૪૧૫. **એ** પ્રત્યય તૃતીયાને અર્થે, કે સપ્તમીને અર્થે વપરાય, તો તે અકેક નામને લાગે;—**હાથે પગે,** જોર કરીને તે ખાડામાંથી નિકળ્યો; **તેને માથે બરડે પગે** ઘા વાગ્યા છે.

૪૧૬. કોઇ વેળા એકજ નામ હોય, તોય તેની આગળ તત્પદાપેક્ષક સર્વનામ વપરાય છે; ગોપાળ **એ** મારો મિત્ર છે, = ગોપાળ મારો મિત્ર છે; પ્રભુ **તે** સૃષ્ટિનો કર્તા છે,=પ્રભુ સૃષ્ટિનો કર્તા છે.

૪૧૭. નામની સાથે ત્યાં, જ્યાં, ઇત્યાદિ વપરાય, તો નામ ષષ્ઠી-સપ્તમીનો પ્રત્યય સ્વીકારે છે; "રાજાને ત્યાં" "મારે જ્યાં" એનું કારણ એ છે કે આ શબ્દો મૂળે સપ્તમીમાં છે (૧૧૬ અને પૃ૦ ૭૫).

૪૧૮. અમુક જાતિનું જથાર્થ નામ હોય, પણ તેમાંના એકનું નામ બીજી જાતિનું હોય, તો વાક્યના સંબંધ પ્રમાણે ક્રિયાપદનો અન્વય કર્તાની સાથે છે;—ભરતખંડની નદિઓમાં (જથ્થો, નારીજાતિ) બ્રહ્મપુત્ર (એક નામ, નરજાતિ) કંઇ ન્હાનો નથી; ઉત્તર હિંદુસ્થાનના નદોમાં (જથો, નરજાતિ) ગંગા (એક નામ, નારીજાતિ) મોટી છે.

૪૧૯. **પ્રશ્નમાં** જે પ્રશ્નાર્થ શબ્દ આવે, તેની વિભક્તિ ઉત્તરમાં આવનાર શબ્દની પણ હોય છે;—પ્ર૦ એ કામ **કોણ** કરે છે? ઉ૦ **હું** કરૂં છું; **તમે શું** કર્યું? **મેં એ** કર્યું; કોણે કર્યું? ગોપાળે.

૪૨૦. **अधिकार.** વાક્યવિન્યાસનો ત્રીજો ભાગ **અધિકાર** કહેવાય છે; એમાં વિભક્તિનો વિચાર આવે છે. જે વિભક્તિ ક્રિયાપદની સાથે સંબંધ રાખે છે તેઓ કારક કહેવાય છે.* કારકમાં કર્તા. કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ આ છ ગણાય છે. પષ્ઠી વિભક્તિ કારકમાં ગણેલી નથી, પણ તે સામાન્ય સંબંધ કહેવાય છે. સંબોધન, તે પ્રથમાને સમાન છે.

૪૨૧. **कर्ता**= પ્રથમા. અકર્મક ક્રિયાપદની સ્થિતિ ગતિનો અનુભવી, અને સકર્મકના વ્યાપાર ચલાવનારનું નામ આ વિભક્તિમાં આવે છે.

૪૨૨. **कर्तरिप्रयोगमां** પ્રથમા વિભક્તિ કર્તા હોય છે. **अकर्मक**; ગોપાળ છે; **ઘોડો** આવ્યો. **सकर्मक. હું** કરૂં; **તે** બોલ્યો; **બ્રાહ્મણ** વેદ ભણે.

૪૨૩. **करणे प्रयोगमां** ખરો કર્તા તૃતીયા કે પંચમીમાં, અને કર્મ પ્રથમામાં આવે છે. કોઇ વૈયાકરણો તૃતીયાને, અને ઘણાખરા પંચમીને, કર્તા કહેવાને રાજી નથી હોતા; પ્રથમાનેજ કર્તા ગણે છે. માટે જ્યારે સહ્યભેદમાં (કરણે સકર્મક પ્રયોગમાં) કર્મ પ્રથમામાં આવે છે, ત્યારે એને **વૈયાકરણીય કર્તા** કહે છે; માટે જેમ કર્તરિપ્રયોગમાં પ્રથમા, **ખરો** કર્તા, ક્રિયાપદનો નાથ છે, તેમ કરણે પ્રયોગમાં વૈયાકરણીય કર્તા નાથ **થાય** છે; **મેં કામ** (કર્મ, વૈયાકરણીય કર્તા) કર્યું; મારાથી **કામ** કરાયું.

---

*વિભક્તિના પ્રત્યય મૂળે પૃથક શબ્દ હતા (૨૯૭); પહેલાં અમુક પ્રત્યયનો અમુક અર્થ હતો; પછી વિકાર થવા લાગ્યો; જેમ રૂપમાં ઘસારો, તેમ અર્થમાં ગોળ ચાલ્યો. એક પ્રત્યયનું રૂપ કોઇ બીજાના જેવું થયું, અને એક પ્રત્યયનો અર્થ બીજા પ્રત્યયની સાથે ભળ્યો. કોઇ વેળા રૂપનો સમૂળ લોપ થયો, અને કોઇ અર્થ છેક ઉડી ગયો. માટે મૂળાર્થ શોધીને ખરો અર્થ ઠરાવવો. કેવળ રૂપ ઉપર, કે કેવળ અર્થ ઉપર વિભક્તિ ઠરાવાતી નથી.

૪૨૪. જો વાક્યમાં અકર્મક ક્રિયાપદ આવે, અને વિશેષકપક્ષમાં નામ હોય તો તે પ્રથમામાં આવે; હું **માણસ** છું; "જે તજે સંપ તે **નૃપ** બને, જે તજે **ચાકર** થઇ ફરે." સંપલ૦

ગતિવાચક ક્રિયાપદની સાથે મજલ, કેટલું દૂર, આ અર્થ જણાવનાર શબ્દ પ્રથમામાં આવે; "તમે આજ **દસ ગાઉ** ચાલ્યા;" "અમે કાલે **બે મજલ** ચાલીશું." આવા પ્રસંગમાં અકર્મક ક્રિ૦ સકર્મક જેવું દેખાય; પણ ખુલાસો એ છે, કે સુધી, પર્યંત ઇ૦ અર્થનો કોઇ શબ્દ અધ્યાહાર્ય છે; અમે કાલે બે મજલ (સુધી, પર્યંત) ચાલીશું. (૪૩૪).

સ્થિતિગતિવાચકનો સમય ઇ૦ દર્શાવનાર શબ્દ પ્રથમામાં આવે;—"હું તમારી પાસે **એક દહાડો** રહ્યો;" "અમે ત્યાંથી આવતાં **આઠ દિવસ** ચાલ્યા" (૪૩૪). અહિં પણ સુધી, પર્યંત આદિક કોઇ શબ્દ અધ્યાહાર્ય ગણવો.

૪૨૫. કોઇ વેળા અનેક નામનો ગણ વપરાય, તો તેમની વિભક્તિ પ્રથમા નહિ છતાં પણ પ્રથમાનો પ્રત્યય વપરાય છે; **જૂઠો, ઠગારો, લુચ્ચો, તથા** ચોરની સાથે વાત કરવી નહિ. પણ ખરો નિયમ એવો દેખાય છે, કે પ્રથમાનો પ્રત્યય પડતો મૂકીને પ્રકૃતિના અંત્યાક્ષરની વૃદ્ધિ વાપરવી;—જૂઠા, ઠગારા, લુચ્ચા, ચોરની સાથે ઇ૦; અથવા, પ્રથમા વિભક્તિમાં શબ્દોને રાખીને તેમને છેડે તત્પદાપેક્ષક કે દર્શક સર્વનામ વપરાય; જૂઠો, ઠગારો, લુચ્ચો, ચોર, **એમની** સાથે ઇ૦. (૩૧૩).

૪૨૬. આખું વાક્ય (ઉપવાક્ય) ક્રિયાનો કર્તા હોય, તો તેની વિભક્તિ પ્રથમા છે; તમે નિત્ય મોડા આવો છો (એ) સારૂં નથી.

૪૨૭. કર્મ. સકર્મક ક્રિયાપદનો કર્તા જે વિષયને ઉપજાવે, અથવા જેને વાપરે, અથવા જેનાપર ક્રિયાનો વેપાર પહોંચાડે, તે તેનું કર્મ કહેવાય છે. (૧૩૨, ૧૩૩).

૪૨૮. વિષયસાધક તથા વિષયધારક ક્રિયાપદને એકજ કર્મદર્શક શબ્દ હોય છે, અને વિશેષે કરીને તેની વિભક્તિ દ્વિતીયા હોય છે. કોઇ વેળા ચતુર્થી પણ થાય, પણ એનો વિચાર ચતુર્થીના પ્રકરણમાં આવે.

પ્રદાયકક્રિયાપદને બે કર્મ હોય છે; એક ખરૂં, કે ઉપસ્થ કર્મ, બીજું છેટું કે અનુપસ્થ કર્મ* કહેવાય છે. ખરા, કે ઉપસ્થ, કર્મની વિભક્તિ દ્વિતીયા,

* ઉપસ્થ (ઉપ-પાસે, સ્થ-રહેનાર) પાસેનું-નિકટ. અનુપસ્થ (અન્-નહિ, ઉપસ્થ) છેટું.

અને છેલ્લા અથવા અનુપસ્થની વિભક્તિ ચતુર્થી હોય છે; જેમકે, હું તેને (અનુપસ્થ કર્મ) રૂપિયો (ઉપસ્થ કર્મ) આપું; હું તને (અનુપસ્થ) વિદ્યા (ઉપસ્થ) શિખવું; હું ગોપાળને (અનુપસ્થ) લાકડી (ઉપસ્થ) મારૂં.

૪૨૯. કર્તરિપ્રયોગમાં ખરૂં કે ઉપસ્થ કર્મ દ્વિતીયા હોય, પણ કરણે પ્રયોગમાં તેની વિભક્તિ પ્રથમા (વૈયાકરણીય કર્તા, ૪૨૩) થાય છે. પણ કરણે સકર્મક પ્રયોગમાં અનુપસ્થકર્મની વિભક્તિ બદલાતી નથી; જેમકે, મેં **તને** રૂપિયો આપ્યો; મારાથી **તને** રૂપિયો અપાયો. મેં **તને** લાકડી મારી; મેં **તને** વાત કહી; મારાથી **તને** વાત કહેવાઇ.

૪૩૦. ક્રિયાપદનો અર્થ પ્રદાયક નહિ છતાં, જો કર્મ ચતુર્થીમાં હોય તો કેવળ સત્ત્વભેદમાં વિભક્તિ બદલાય છે; હું તેને (અહિં "તે"ને સ્થલે "તેને") વાપરૂં છું; મેં **તેને** વાપર્યું છે." પણ સત્ત્વભેદમાં, "મારાથી **તે** (તેને નહિ) વપરાય છે." દ્વિતીયામાં જે કર્મ તે ક્રિયાપદની સાથે એવું નિકટ મળી જાય કે જાણે તે ક્રિયાપદનો એક ભાગ જેવો છે, ત્યારે ચતુર્થીમાં જે નામ છે તે ઉપસ્થ કર્મ જેવું થાય છે. એવું થાય છે, ત્યારે, કરણે પ્રયોગે, કેવળ સત્ત્વભેદમાં તેની વિભક્તિ ફરે છે; "હું **તને** રાજા ઠરાવું છું;" "મેં **તને** રાજા ઠરાવ્યો;" "મારાથી **તું** રાજા ઠરાવાયો." "હું **તને** દિકરો કહું છું;" "મેં **તને** દિકરો કહ્યો;" "મારાથી **તું** દિકરો કહેવાયો." ચતુર્થી વિષેના પ્રકરણમાં જોવું.

૪૩૧. ધરાવ ઇત્યાદિ ક્રિયાપદ, જેઓ કોઇને નામ આપવાનો અર્થ દેખાડે છે, તેઓને દ્વિતીયામાં બે વિષયપદ લાગે છે; જેમકે, "**રાજા નામ** ધરાવીને, રાખ્યા મને ગરીબ" સંપ લક્ષ્મી ૧૩૬. હું તને **ગોપાળ નામ** ધરાવું છું; મેં તને **ગોપાળ નામ** પાડયું. "તારૂં ગોપાળ નામ પાડ્યું" પણ કહે છે.

૪૩૨. કોઇ કહે છે કે નિર્જીવ પદાર્થ ક્રિયાપદનું કર્મ હોય, તો તેની વિભક્તિ દ્વિતીયા, પણ માણસાદિક પ્રાણી હોય તો તે ચતુર્થી. પ્રથમા દ્વિતીય સર્વનામને દ્વિતીયાને સ્થળે ચતુર્થીના પ્રત્યય લાગે છે; "હું **તને** જોઉં છું," "તું **મને** જુએ છે." તૃતીય સર્વનામમાં, હું તેને (માણસને) જોઉં છું. વસ્તુ વિષે કોઇ વેળા **તે**, કોઇ વેળા **તેને**; હું તે (તે કામ) જોઉં છું; હું તેને (તે ઝાડને) જોઉં છું.

એમજ "હું એક ચાકર (કે ચાકરને) રાખીશ; "મેં આજ એક ગાડી રાખી, માટે ગાડીને વાસ્તે એક ઘોડો, અને ઘોડાને વાસ્તે એક નોકર (કે નોકરને) રાખીશ." એવા પ્રસંગમાં દ્વિતીયા વધારે ચાલે.

૪૩૩. અનુપસ્થકર્મનો અર્થ અધિકરણના અર્થને કંઇ મળે છે; કેમકે ક્રિયા તેને તાં, તેના ઉપર આવી થંભી, કે આવી પહોંચી છે, એવો અર્થ થાય છે. અનેક ભાષામાં ચતુર્થીની સાથે અધિકરણાર્થ બહુધા ભળે છે, માટે તે સહેજે કર્મ થાય છે. એમજ સપ્તમી, અને તેને મળતા અર્થના નામયોગી શબ્દ, કોઇ વેળા ક્રિયાપદનાં અનુપસ્થ કર્મ જેવા થાય છે; જેમકે, હું પીપમાં પાણી ભરૂં છું; "હું તારા **પર** દોષ મૂકું છું"

૪૩૪. રસ્તાનો ટપ્પો, મજલ, વેળા, સમય, ઇત્યાદિના અર્થના શબ્દ સકર્મક ક્રિયાપદની સાથે આવે, તો દ્વિતીયા વિભક્તિમાં આવે;—"હું આજ બે મજલ કરીશ;" "અમે રોજ માર્ગના **વીસ** ગાઉ કાપી નાખ્યા;" "આ કામને વાસ્તે તેઓ **દસ દિવસ** માગે છે." (૪૨૪).

૪૩૫. ક્રિયાવિશેષણને અર્થે, સકર્મક ક્રિયાપદની સાથે, દ્વિતીયા વપરાય; તું આ કામ સારૂં કરે છે (સારી પેઠે). એનો અન્વય કર્મની સાથે (૪૧૨).

૪૩૬. જા, આવ, પહોંચ—આવા અર્થના ક્રિયાપદની સાથે કોઈ વેળા દ્વિતીયા વપરાએલી હોય એવું દેખાય; "હું ગામ જાઉં છું;" "તે મુંબઇ આવશે;" "તે સુરત ગયો છે." એ રૂઢિ સંસ્કૃત **नरो ग्रामं गच्छति**ની સાથે મળતી જેવી દેખાય. તોય પણ, ગામ સ્થળાદિક નામની વિભક્તિ ગુજરાતીમાં સપ્તમી છે; કેમકે નામની સાથે વિશેષણ આવે તો તેને **એ** પ્રત્યય લાગે છે;—હું પોતા**ને** ગામ ગયો; તે તે**ને** દેશ પહોંચ્યો છે. અધિકરણ વિષેના પ્રકરણમાં જોવું. વળી, દેશ ગામ ઇત્યાદિ નામની સાથે એ પ્રત્યય વપરાય છે; "કોઇ દેશીઓને વિદેશે ચલાવ્યા, ઇનામો પગારો દઇને રીઝાવ્યા." સંપ૦.

૪૩૭. **करण.** તૃતીયા વિભક્તિનું નામ. એના અનેક અર્થ થાય છે.

અ.) **શસ્ત્રાર્થ,** જે હથિયારે કે ઇંદ્રિયે કરીને કર્તા ક્રિયા સાધે તે કરણ કહેવાય છે;—હું એ કામ **મારે હાથે** કરૂં છું; હું તને **લાકડીએ** મારીશ; આપણે **આંખે** જોઇયે છિયે, અને **કાને** સાંભળિયે છિયે. "તમે ફળવાન થાઓ, અને **તમારે વંશે** પૃથ્વી ભરપૂર કરો;" "**બાણે** આભ છવાઇ ગયો, જેમ અષાડનો મેઘ;" ડંકપૂર મહાત્મ્ય પૃ૦ ૫૩. વિજેસંગ કહે કહે શું થાય." ડંકપૂર.

આ.) કોઈ મનસ્થ વિચાર, કે કોઇ પદાર્થ, કે કોઇ ક્રિયા, શસ્ત્ર નહિ છતાં પણ, શસ્ત્ર હોય એવું ધારવામાં આવે, તો તેની વિભક્તિ તૃતીયા હોય; તે

પોતાની સ્વેચ્છાએ અહિં આવ્યો; તે ક્રોધે બહુ તપ્ત થયો છે; બાપડો કમોતે મૂઓ; તે તાવે માંદો પડયો છે; સંપ સદાયે રાખિયે, ભામનીને ભરતાર, મધુરે વચને માગિયે, દંપતિને અનુસાર;" સં૰ ૧૨૯; "જેણે ન સેવ્યો સંપ, મૂઓ વણ મોતે તે તે," સં૰ ૮૫.

ङ.) એની સાથે કારણનો અર્થ પણ ભળે છે;—"જેને ખાધે વિષ ચડે, તેને જો કોઇ ખાય;" પદમાવતિ. "હરીભક્તને શું કહિયે, એ વૃષભ ભૂખે ના મરે;" ડંક૦. "ત્રિયા, ઘણું ન તાણિયે, તાણ્યે તૂટી જાય." સંપ૦ ૧૪૯.

ई.) કર્તાનો અર્થ. આ અર્થે, કરણે પ્રયોગમાં, સકર્મક ક્રિયાપદના ભૂતકૃદંતની સાથે તૃતીયા વિભક્તિ વપરાય છે;—મેં કહ્યું; મેં કહેલું છે.

અકર્મક ક્રિયાપદની સાથે, અને સહ્યભેદની સાથે, કર્તાને અર્થે તૃતીયા વિભક્તિ નહિ વાપરવાની રૂઢિ ગુજરાતીમાં ઠરતી હોય એવું દેખાય છે; ને તૃતીયાને સ્થળે પંચમી ચાલે છે; જેમકે, મારાથી થયું, મારાથી રહેવાયું, મારાથી કરાયું; પણ સાધારણ લોકોમાં "મેં થાય નહિ," "મેં રહેવાતું નથી;" "મેં કેમ કહેવાય." કોઇ એને અશુદ્ધ ગણે, પણ એમાં સંસ્કૃતનું રૂપ લોકોમાં રહ્યું છે; मया क्रियते, મારાથી (મૂળમાં, સાધારણ લોકોની રીતિ પ્રમાણે, મેં) કરાય છે; त्वया गम्यते, તારાથી (તેં) જવાય છે; मया भ्राता घातित:, મારાથી (મેં) ભાઇ મરાયો = મેં ભાઇ (ને) માર્યો. रिपुना बध्यन्ते, રિપુથી (રિપુએ) બંધાયો. उच्यते मया, મારાથી (મેં) કહેવાય છે. तेन कथ्यते, તેનાથી (તેણે) કહેવાય છે. કવિતામાં પણ મૂળને મળતી રીતિ મળે. (૧૭૭).

૪૩૮. કોઇ વેળા તૃતીયાને ઠેકાણે પંચમી સકર્મક ક્રિયાપદના વિશેષ્ભૂત કૃદંતની સાથે આવે; "માણસોથી તે ધિક્કારેલો તથા તજેલો હતો;" "દૈવથી મારેલો." યશાયાહ. ૫૩; ૩-૪. પણ અહિં તૃતીયા હોત તો સારૂં.

૪૩૯. કર્તાને અર્થે ષષ્ઠી વિભક્તિ પણ વિશેષભૂતકૃદંતની સાથે વપરાય છે; મારૂં કરેલું કામ = મેં જે કર્યું તે-મેં કરેલું કામ. એ રૂઢિ સંસ્કૃતમાંથી ગુજરાતીમાં આવી; राज्ञ: (= राज्ञा) मतो विप्र:, રાજાનો (= રાજાએ) માનેલો વિપ્ર.

શસ્ત્રાર્થે તૃતીયા, કર્તાને અર્થે તૃતીયા, પંચમી, તથા ષષ્ઠી, બધી કોઇ વેળા એકજ વાક્યમાં આવે; બે તૃતીયા,—તેણે પોતાને હાથે એ કામ કર્યું છે; પંચમી + તૃતીયા,—તેનાથી પોતાને હાથે એ કામ બન્યું; ષષ્ઠી + તૃતીયા,—એ તેનું પોતાને હાથે કરેલું કામ છે.

૪૪૦. જે મૂલે કંઇ વેચાતું લેવાય છે તેની વિભક્તિ તૃતીયામાં આવે; "પૈસે ઇન્સાફનું વેચાણ વધારે થવા માડયું છે;". "મેં એક ઘોડો પચાસ રૂપિયે રાખ્યો;" મેં અઢી રૂપિયે દોઢ મણ ચોખા રાખ્યા (૪૫૭).

૪૪૧. **કરીને**, આ નામયોગીની સાથે તૃતીયા વપરાય છે;—તેણે કરીને એવું થયું છે. તેથી કરીને પણ કોઈ કહે છે, પણ મૂળ જોતાં, એ અશુદ્ધ હશે (૧૧૧).

૪૪૨. કોઇનું નામ શું છે તે કહેતાં તેની સૂચના આપે તે શબ્દની વિભક્તિ તૃતીયા છે; "ગોપાળ એવે નામે (કે એવે નામે કરી, કે એવે નામે કરીને) એક છોકરો."

૪૪૩. જે માર્ગે થઇને કોઇ જાય છે તેની વિભક્તિ ઘણુંકરીને તૃતીયા થાય છે; તે ચોર પેલે માર્ગે (=માર્ગે થઇને–માર્ગેથી) નાસી ગયો. પણ કોઇ વેળા એવા પ્રસંગમાં એ પ્રત્યય સપ્તમીના જેવો દેખાય છે; જેમકે, સતને માર્ગે ચાલો=સતના માર્ગમાં ચાલો; ભુંડાની ચાલે (=ચાલમાં) ચાલશો મા.

૪૪૪. જાતિ, અધિકાર, ઇત્યાદિ, જેણે કરીને કોઇનું વર્ણન કરાય છે, તે તૃતીયામાં આવે; આ માણસ જાતિએ બ્રાહ્મણ છે; આ સાહેબ અધિકારે મામલતદાર છે; આ છોકરો કેવળ નામે વિદ્યાર્થી છે. એને સ્થળે પંચમી પણ વપરાય; ગોપાળ તો કેવળ નામથી વિદ્યાર્થી છે.

૪૪૫. સામાન્ય કૃદંત અગત્યને અર્થે વપરાય છે, ત્યારે તેની સાથે તૃતીયા વિભક્તિ આવે છે; તેણે કરવું. પ્રથમ દ્વિતીય પુરૂષનું સર્વનામ એક કે અનેક વચનને અર્થે આવે તો ષષ્ઠી-તૃતીયા વપરાય છે; મારે–તારે–અમારે,–તમારે કરવું (૧૧૧, ૧૧૫, ૧૧૮).

૪૪૬. કવિતામાં તૃતીયાનો પ્રત્યય અધ્યાહાર્ય હોય;—

જાણી હકીગત તેને ભ્રાત (ભ્રાતે). સં૦ ૯૧ "એજ વચન આપ્યું મહાદેવં (દેવે). સં૦ ૪૨. "સેવ્યો એકે સંપ, મૂવો તે રાવણ સાથે; તજ્યો વિભીષણ (–ણે) સંપ, છત્ર માડયું નિજમાથે." સં૦ ૮૦.

૪૪૭. **સંપ્રદાન** = ચતુર્થી. એ વિભક્તિ અકર્મક તથા સકર્મક, ક્રિયાપદની સાથે વપરાય છે. ક્રિયાપદ અકર્મક હોય તો કોઇ વિષયને ત્યાં કંઇ આવી પહોંચ્યું, સકર્મક હોય તો લાવી પહોંચાડેલું, એવો અર્થ થાય છે. માટે સંપ્રદાનના અર્થમાં અધિકરણનો અર્થ કંઇ ભળે છે.

કોઇ કોઇ પ્રસંગમાં ચતુર્થીનો અર્થ દ્વિતીયા સાથે મળેલો દેખાય છે, પણ મૂળે એઓમાં બહુજ અંતર છે; દ્વિતીયા કેવળ સકર્મકની સાથે, ચતુર્થી બેહુ વર્ણનાં ક્રિયાપદની સાથે વપરાય,–દ્વિતીયામાં અધિકરણનો અર્થ હોય કે ન હોય, ચતુર્થીમાં અધિકરણાર્થ વિશેષ છે; માટે જ્યારે એક સકર્મક ક્રિયાપદની સાથે બેહુ વિભક્તિ વપરાય છે, ત્યારે, પોતપોતાના મૂળ લક્ષણ પ્રમાણે, દ્વિતીયા ઉપસ્થ, અને ચતુર્થી અનુપસ્થ કર્મ થાય છે (૪૨૩, ૪૨૯).

૪૪૮. કોઇ વિષયની પાસે કંઇ હોય, કે અકર્મક ક્રિયાના વ્યાપારથી કોઇને કંઇ થયું, મળ્યું, લાગ્યું એવું જણાવવાનું હોય તો તે વિષય ચતુર્થીમાં આવે; **મને** રોગ છે; **મને** સુખ થયું; **મને** રૂપિયો મળ્યો; **મને** ભાસે છે; **મને** ભાવે છે; **મને** દેખાય છે; **મને** જણાય છે; **મને** ભૂખ લાગે; **મને** શોભે છે; **તેને** દયા ઘટે છે; **તેને** લાભ રહે છે; **તેને** તાવ આવે છે; **એને** રંગ ચડે છે.

એની સાથે એવાં વાક્ય મેળવાય; "તે બાઇ તેને રહેશે" (એટલે ખરી કે પતિવ્રતા); "હે રાજા, રાજ્ય તને રહેશે" (એટલે તને સ્થિર–તારા હાથમાં); "એ વિના **તેને** ચાલે નહિ;" "એ તેને ખપે છે."

બીજાં ઉદાહરણ;—

"મોટે માગ્યા સાતજ માલ, **ઓને** ચૌદ થયા તત્કાલ;
મોટે માગી પંદર ગાય, **ઓને** એથી બમણી થાય." સં૦ ૯૭
"નવ પામ્યા શોધ સીતાતણી; કયમ જઇયે સુગ્રીવ ભણી?
એને ક્રૂર સ્વભાવ છે સહી, તે આપણ**ને** મૂકે નહિ." રામાયણ.
"**લક્ષ્મીને** ભૂજ ચાર, **અમારે** વીસ છે." હુંનરખાં ૪૯.

૪૪૯. સમ, તુલ્ય, બરાબર, સરખું, ઘટતું, યોગ્ય, જોઇતું, અનુસરતું, પ્રિય, વહાલું, ઇત્યાદિ વિશેષણની સાથે ચતુર્થી વપરાય છે;—"ધનનો સ્વાદ સરસ ઘણો, સાકર**ને** **અનુસાર** (અનુસરતો)." સં૦ ૮૨.

૪૫૦. સકર્મક. પ્રદાયક ક્રિયાપદ દે, આપ, કહે, બોલ, માર, શિખવ, ભણાવ, જણાવ, મોકલ, ઇત્યાદિને અનુપસ્થ કર્મ ચતુર્થીનાં લાગે છે;— હું ત**ને** વચન આપું; હું ત**ને** વાત કહું; તે **મને** લાકડી મારે છે; મહેતાજી છોકરા**ને** વિદ્યા શિખવે છે; સંદેશીઆએ રાજા**ને** સમાચાર જણાવ્યો; સરકાર**ને** અરજી મોકલું છું.

૪૫૧. ઘણાં ક્રિયાપદ ઉપસ્થ કર્મની સાથે મળીને એક સંયુક્ત અર્થ ઉપજાવે છે; હું તને વિનંતિ કરૂં છું; પાટીને રંગ ચડાવાય?

૪૫૨. આવાં ઘણાંખરાં ક્રિયાપદ અનુપસ્થ કર્મને અર્થે તૃતીયાનો નહિ, પણ ષષ્ઠીનો સ્વીકાર કરે છે; હું તેનો વિચાર કરૂં છું; એ વાતનો શોધ કરૂં; હું તારી વિનંતિ કરૂં છું; દેવનું ભજન કરૂં છું. કોઇ ક્રિયાપદની સાથે ઉપરની બેહુ રીતિ ચાલે;—"રાજાને-રાજાનો અભિષેક કરે છે." ક્રિયાપદ અને નામ મળીને સંયુક્ત અર્થ ઉપજાવે તો ઉપસ્થ કર્મ ચતુર્થીમાં કે ષષ્ઠીમાં આવે.

૪૫૩. એવાં સંયુક્ત ક્રિયાપદનું નામ તથા ક્રિયાપદ, કોઇ વેળા, મળીને એક ક્રિયાપદ થાય છે, ત્યારે તે-અ.) ચતુર્થીનો સ્વીકાર કરે છે; સંયુક્તની સાથે અનુપસ્થ કર્મ ચતુર્થીમાં કે ષષ્ઠીમાં વપરાતું હોય, તોપણ ક્રિયાપદ ચતુર્થી માગે;—હું તેનો સ્વીકાર કરૂં છું = હું તેને સ્વીકારૂં છું; તેનું ભજન કરૂં છું = તેને ભજું છું; તેનો ત્યાગ કરૂં છું = તેને તજું છું; હું તેને માન આપું છું, તેને માન્ય કરૂં છું, બેહુ = તેને માનું છું. આ.) ચતુર્થીને સ્થળે દ્વિતીયા પણ વપરાય છે; હું દેવને માનું છું,—હું મારો **અપરાધ** માનું છું; હું મારી બાયડીને તજી દેઇશ,—મારી **કલ્પના** તજી દેઇશ.

૪૫૪. કરણે પ્રયોગમાં પ્રદાયક ક્રિયાપદ આવે તો-અ.) અનુપસ્થ કર્મ ચતુર્થીમાં, અને ઉપસ્થ કર્મ પ્રથમામાં, આવે;—

કર્તરિ.	હું દીનને દાન આપું.	**કરણે.**	મેં દીનને દાન આપ્યું.
			મારાથી દીનને દાન અપાયું.
	હું તને વાત કહું.		મેં તને વાત કહી.
			મારાથી તને વાત કહેવાઇ.
	હું તને ઉપાય જણાવું.		મેં તને ઉપાય જણાવ્યો.
			મારાથી તને ઉપાય જણાવાયો.

ઉપસ્થ નામ અધ્યાહાર્ય હોય, તો અનુપસ્થ કર્મ ચતુર્થીમાં આવે (ભાવાર્થ ક્રિયાનાથ થાય છે); હું તને કહું છું; મેં તને કહ્યું; મારાથી તને કહેવાયું.

આ.) અથવા, ભૂતકાલના કૃદંતની સાથે કર્માર્થ ચતુર્થી, અને સત્વભેદમાં કર્માર્થે પ્રથમા આવે;—

હું **તને** પુત્ર કહું.	મેં **તને** પુત્ર કહ્યો.	મારાથી **તું** પુત્ર કહેવાયો.
હું **તને** રાજા ઠરાવું.	મેં **તને** રાજા ઠરાવ્યો.	મારાથી **તું** રાજા ઠરાવાયો.

એવાં ક્રિયાપદને ખરા પ્રદાયકમાં ગણતાં વિચાર થાય છે. ઉપસ્થ કર્મની સાથે અર્થમાં મળીને તેઓ સંયુક્ત ક્રિયાપદ જેવાં થાય, ને જે નામ ચતુર્થીમાં આવે છે તે સંયુક્તનું ઉપસ્થ કર્મ થાય છે;–અથવા, ચતુર્થીમાં જે નામ છે તે ખરૂં ઉપસ્થકર્મ છે, અને અર્થની સંપૂર્ણતાને વાસ્તે દ્વિતીયામાં બીજું નામ આવે છે. કેટલીએક ભાષાઓમાં આવાં ક્રિયાપદને દ્વિતીયામાં બે નામ લાગે છે, त्वां राजानं स्थापयामि, તને (મૂળ, તું દ્વિતીયાને અર્થે) રાજા ઠરાવું છું પણ સકર્મકના ભૂતકાલ વિષે ગુચવણ છે;—"મેં તને રાજા ઠેરવ્યો;" અહિં "તને" આ પ્રથમાના અર્થમાં છે; સંસ્કૃતમાં मया स राजा स्थापित: કહેવાય (૧૯૪).

ઙ.) ભણાવ, માર, ઇત્યાદિક ક્રિયાપદની સાથે બે નામ આવે, ત્યાં (ઉપર ક્ર.)ની રીતિએ,) ઉપસ્થ દ્વિતીયામાં અને અનુપસ્થ ચતુર્થીમાં આવે; "હું તને વિદ્યા શિખવું છું;" "મેં તને વિદ્યા શિખવી." હું તને લાકડી મારૂં છું,–મેં તને લાકડી મારી,–મારાથી તને લાકડી મરાઇ.

પણ ઉપસ્થકર્મ અધ્યાહાર્ય હોય, તો અનુપસ્થકર્મ ભૂતકાલના કૃદંતનો ક્રિયાનાથ થાય છે; સહ્યભેદમાં એવું નથી થતું; હું છોકરાને ભણાવું છું,–મેં છોકરાને (પ્રથમાને અર્થે = છોકરો) ભણાવ્યો,–મારાથી છોકરો ભણાવાયો; હું છોકરાને મારૂં છું,–મેં છોકરાને માર્યો,–મારાથી છોકરો મરાયો. આ ઉદાહરણોમાં ચતુર્થીમાં જે નામ આવે છે તે પ્રથમાને સ્થળે છે. સંસ્કૃતમાં અને બીજી ભાષાઓમાં પ્રથમા વપરાય છે;— मया पुत्र: शिक्षित:; मया पुत्र: ताडित:. એની અસર હજી ગુજરાતીમાં દેખાય છે; કેમકે, સંસ્કૃતની પેઠે, કોઇ વેળા "મેં એક છોકરો માર્યો" કહેવાય. (૧૯૪).

૪૫૫. પ્રદાયક નહિ છતાં, અને એકજ નામને સ્વીકારતાં પણ કોઇ ક્રિયાપદ કર્મને દ્વિતીયાને અર્થે ચતુર્થીમાં લાવે છે; જેમકે, હું તને હાંકુ છું; હું ચોરને ઝાલું છું. કરણ પ્રયોગમાં, ભૂતકાલે પ્રથમાને અર્થે ચતુર્થી, અને સહ્યભેદમાં પ્રથમા; મેં તેને ખાધું-મારાથી તે ખવાયું, ઇ૦. વિશેષે કરીને માણસાદિક પ્રાણી ચતુર્થીમાં અને નિર્જીવ પદાર્થ દ્વિતીયામાં (કરણ પ્રયોગમાં પ્રથમામાં) આવે; પણ એ વિષે નિયમ સ્થિર નથી; જેમકે—

"તેડાવ્યા વિદેશેથી કારીગરોને શિખાવ્યા સંચા જંત્ર દેશીજણોને; પદાર્થો વિષે સિદ્ધ વિદ્યા ભણેલા, તેડાવ્યા વિદેશી અભ્યાસી બનેલા." સં૦

૩૩૯. (૩૯૪-૩૯૬.) આ છેલ્લા પદમાં કેવળ છંદને લીધે પ્રત્યય પડતો મૂકાયો એવું નહિ કહેવાય, કેમકે સાધારણે એવી રૂઢિ ઘણીએ ચાલે છે.*

૪૫૬. ઉપર કહેલું છે કે અનુપસ્થ કર્મની વિભક્તિ ચતુર્થી છે, વળી તેમાં અધિકરણનો અર્થ ભળ્યો છે. એનાં કોઇ પ્રમાણ નીચેનાં ઉદાહરણ ઉપર વિચાર કરે દેખાય. "ને" પ્રત્યયનો અર્થ **તેને ત્યાં**, તેના ઉપર, તેની પાસે, તેને પ્રત્યે, ઇત્યાદિને મળતો છે;—"પછી એક અરજી તયાર કરી, અને શહેરના લોકોની સહિયો લઇ, સરકારને (=સરકારને ત્યાં-સરકારની પાસે) મોકલી." ઉત્તર જયકુમારી, પૃષ્ટ ૯૯; હું તને (=તારા ઉપર-તારી પ્રત્યે) એક કાગળ લખીશ.

અનુપસ્થ કર્મની સાથે અધિકરણનો અર્થ મળે છે, એ એમાં પણ દેખાય કે જે ક્રિયાપદની સાથે ચતુર્થી વપરાતી નથી, તેમની સાથે અધિકરણના અર્થના કોઇ નામયોગી કે બીજો કોઇ શબ્દ વપરાય છે;—"હું તારા ઉપર દોષ મૂકું છું;" ="હું તારે માથે દોષ ઠરાવું છું;" "હું તારા ઉપર-તારા વિષે શક આણું છું."

વળી એની સાથે, "અર્થે, વાસ્તે, કાજે," ઇત્યાદિક શબ્દ મેળવવા. આ શબ્દોની વિભક્તિ "એ" પ્રત્યયે સપ્તમી છે; "હું તારે વાસ્તે (તારે કાજે-તારે અર્થે) આ ઘોડો મોકલું છું." કોઇ એ શબ્દોને ચતુર્થીના પ્રત્યય ગણે છે, પણ તેઓ પૃથક શબ્દ છે, પ્રત્યય નથી; જે નામની સાથે તેઓ આવે છે, તેના ઉપર અધિકાર રાખીને તેને ષષ્ઠીમાં લાવે છે. તેઓમાં અને ચતુર્થીમાં આટલોજ સંબંધ છે, કે બેહુમાં અધિકરણનો અર્થ છે.

---

* કર્તરિ પ્રયોગમાં દ્વિતીયાને અર્થે, અને કરણે પ્રયોગમાં પ્રથમાને અર્થે, ચતુર્થી વાપરવાની રૂઢિ સંસ્કૃતમાં નથી. પ્રાકૃતોમાં કિયા કાલથી ચાલતી આવી, એનો શોધ હજી લાગ્યો નહિ. એ રૂઢિનું કારણ શું હશે? મને એવું ભાસે છે કે, દ્વિતીયાનો પ્રત્યય (મ, ૧૧૦) પડતો મુકયા પછી, દ્વિતીયામાં અને પ્રથમામાં રૂપ વિષે ફેર નહિ રહ્યો; માટે, ઘોળ મટાડવા સારૂ, અનુપસ્થ કર્મનો પ્રત્યય ઉપસ્થને સ્થલે વપરાયો. પહેલાથી પ્રથમ દ્વિતીય પુરૂષના સર્વનામ વિષે એવું થયું હશે; કેમકે "તે તું મારશે," એમાં ઘોળ છે, એટલે તું તેને મારશે, કે=તને તે મારશે. માટે કર્મ શું અને કર્તા કોણ, એ જણાવવાને અર્થે, દ્વિતીયાને સ્થલે ચતુર્થી વાપરવામાં આવી. પછી એક પ્રસંગમાં એવું થયું, તો બીજામાં, જુહિ અગત્ય આટલું ન હતું તહિં પણ, તેજ રૂઢિ ચાલી. કર્તરિ પ્રયોગમાં આ રૂઢિ પહેલી ચાલી હોય, અને, લોકોને મ્હોડે ચડી ગયા પછી, કેટલાએક સકર્મક ક્રિયાપદના ભૂતકાલે કર્મણિ પ્રયોગમાં, અર્થ વિષે કંઈ ઘોળ નહિ છતાં પણ, ચાલી; પણ સત્યભેદ વપરાય છે ત્યારે મૂળની રૂઢિ રહે છે.

૪૫૭. વસ્તુનું મૂલ ભાગ્યે ચતુર્થીમાં આવે છે;—"ઘોડો પંદર રૂપિયાને જાય છે" એમાં "મૂલ" એ શબ્દ અધ્યાહાર્ય છે એવું ગણિયે, તો વાક્ય એવું થાય,—"આ ઘોડો પંદર રૂપિયાને મૂલે જાય છે." આ ખુલાસો ખરો હોય તો **"ને"** પ્રત્યય ષષ્ઠી-તૃતીયાનો છે. મૂલ તૃતીયામાં પણ આવે (૪૪૦).

૪૫૮. નિમિત્ત, હેતુ દેખાડનાર શબ્દને ચતુર્થીનો પ્રત્યય લાગે છે;—ઘોડાને ઘાસ; "હું કહેવાને આવ્યો છું." પ્રત્યય અધ્યાહાર્ય હોય તોય અર્થ રહે; હું કહેવા આવ્યો છું." એની સાથે એને સમાનાર્થના શબ્દો, **વાસ્તે, કાજે,** ઇત્યાદિ વાપરે છે; "હું તને કહેવાને વાસ્તે–કહેવાને સારૂ આવ્યો."

૪૫૯. જે વેળાથી કોઇ આવ્યો, કંઈ થયું, ઇત્યાદિ જણાવે છે, તે શબ્દને ચતુર્થી બહુધા લાગે છે; **મારા આવવાને** પંદર વર્ષ થયાં.

૪૬૦. બે નગર કે બે સ્થળની વચ્ચે કેટલું છેટું છે, એ કહેતાં **ને** પ્રત્યય વપરાય; મુંબઇને અને સુરતને કેટલા મૈલનું છેટું છે; મુંબઇ ને અમદાવાદને ૩૦૯ મૈલ થાય;—એટલે મુંબઇથી અમદાવાદ ૪૦.

૪૬૧. અપાદાન=પંચમી. એનો અર્થ ચતુર્થી વિભક્તિથી ઉલટો, કે સામો છે. કોઇને ત્યાં પહોંચવું, પહોંચાડવું એવું નહિ, પણ કંઇને ત્યાંથી, કે કોઇને ત્યાંથી, વેગલું, જૂદું, પૃથક થવું–નિપજવું–નિકળવું, એવો અર્થ દેખાડે છે. એટલે કાંઇ સ્થળ, કે પદાર્થ મૂકીને ખસી જવું;—કોઇ સમયથી, વેળાથી થવું, આવવું. પછી લાક્ષણિક અર્થે, કોઇ ફળ, અસર, વૃત્તિ, કે કાર્યનું મૂળ, કે કારણ.

અ) **સ્થળ;** "તેઓ આજ વિલાયતથી (=વિલાયત મૂકીને) નિકળ્યા." તેઓ ત્યાંથી આવ્યા છે; મુંબઇથી અમદાવાદ ૩૦૯ મૈલ છેટું છે.

આ.) **સમય;** "હું કાલથી માંદો છું; હું દસ દહાડાથી આવ્યો છું." એની સાથે કોઇ **પ્રસંગનો અર્થ** દેખાડનાર શબ્દ આવે; જેમકે, "તે જન્મથી આંધળો છે;" તેના રાજ્યાસને બેઠાથી દસ વર્ષ થયાં પછી." આ અર્થમાં ષષ્ઠી વિભક્તિ પણ વપરાય છે; જેમકે, હું કાલનો માંદો છું,—દસ દહાડાનો આવેલો છું,—તે જન્મનો અંધો છે,—તેના રાજ્યાસને બેઠાને દસ વર્ષ થયાં પછે. આ છેલ્લા ઉદાહરણમાં "બેઠાને" તેને ચતુર્થી પણ ગણાય (૪૫૯).

ઇ.) **કારણ, મૂળ;** "પાપથી દોષ, દુઃખ, મરણ થાય છે;" તેના આવ્યાથી હું રોકાયો; લોભથી ક્રોધ નિપજે છે.

૪૬૨. જે અર્થે ચતુર્થીની સાથે અધિકરણનો અર્થ ભળે છે, તેથી સામે અર્થે પંચમીની સાથે ભળેલો છે. કહિં પહોંચવું, પહોંચાડવું, એવો અર્થ ચતુર્થીમાં; કંઇથી નિકળવું કે કહાડનું એવો અર્થ પંચમીમાં છે. એવો અર્થ વિવેકથી સમજિયે છિયે એટલુંજ નહિ, પણ અધિકરણના પ્રત્યયની સાથે, અથવા અધિકરણનો અર્થ દેખાડનાર શબ્દની સાથે, પંચમીનો પ્રત્યય બહુજ વપરાય છે; જેમકે, ઘેરથી, ઘરમાંથી, ઘરની નીચેથી, ઘરના ઉપરથી, ઘરની બાજુએથી, ઇ૦. થી પ્રત્યયના અર્થમાંથી અધિકરણનો અર્થ વિજોગ થતો નથી, માટે અધિકરણાર્થે દેખાડનાર કોઇ શબ્દ આપણે નહિ વાપરતા હોત, તો પણ અર્થ સમજાત; પણ એવાને વાપરવાની રૂઢિ અર્થની સ્પષ્ટતાને લીધે ચાલી હશે;—"ઘરથી નિકળ્યો," એ અર્થ સાધારણ અને ફીકો; ઘરમાંથી, ઘરની પાસેથી, ઇત્યાદિમાં અર્થ વિશેષ થાય છે.

૪૬૩. બે વિશેષ્ય નામને સરખાવતાં તેમની સાથે એક વિશેષણ વાપરિયે છિયે, અને જે વિશેષ્ય બીજાની સાથે મેળવેલું કે સરખાવેલું છે, તેને પંચમીનો પ્રત્યય લાગે છે; "મારાથી તું મોટો છે, અને તારાથી હું નાનો છું."—થીને સ્થળે, કરતાં પણ વપરાય છે;—"મારા કરતાં તું મોટો, અને તારા કરતાં હું નાનો છું." = ઇંગ્રેજી Comparative degree.

જૂદો, અન્ય, પૃથક, અવળો, બમણો, ત્રણગણો, ઇત્યાદિ વિશેષણની પૂર્વેના શબ્દની સાથે થી પ્રત્યય વપરાય છે; એઓમાં બે વિષયને સરખાવવાનો અર્થ આવે છે, માટે તેમની જોડેના નામને પંચમી લાગે છે.

૪૬૪. અકર્મક ક્રિયાપદનું કરણ (=કર્તા) આ વિભક્તિમાં આવે; "તે મારાથી થયું;" "એવું મારાથી બન્યું." (૧૭૭).

કોઇ ક્રિયાના કારણના પણ અર્થ એ વિભક્તિમાં આવે; "હું તેથી બીહું છું" ડર, શરમા, નાસ, રોકા, ઉપજ, નિપજ, હરખા, સંતા, ઇત્યાદિની સાથે એ વિશેષે ચાલે છે.

સત્વભેદનો કર્તા એ વિભક્તિમાં આવે;—મારાથી ચલાય છે; મારાથી કરાય છે; મારાથી કામ ચલાવાય છે; તેમનાથી તે વપરાય છે (૪૨૩). એવે પ્રસંગે સંસ્કૃતમાં તૃતીયા વપરાય છે; પણ તૃતીયાનો અર્થ પંચમીને સમાન થવાનું મૂળ સંસ્કૃતમાં દેખાય છે; जाड्येन—जाड्यात् बद्धः, જડપણે-જડપણાથી બંધાયો-બાંધેલો. માટે આપણે "વચને-વચનથી બંધાયા," એવું કહિયે.

કારણના અર્થમાં એ બે વિભક્તિનો સંબંધ છે, માટે તેઓ ભળીજાય છે; અનેક ભાષામાં એવું થાય.

બીજા પ્રસંગમાં પંચમી=તૃતીયા; માણુસ મુખથી (=મુખે) બોલે; પગથી (=પગે) ચાલે; મેં તેને લાકડીથી (=લાકડીએ) માર્યો; તે પગથી (=પગે) લંગડો છે.

ક્રિયાવિશેષણને અર્થે બેહુ વિભક્તિ વપરાય છે; "તેણે એ કામ બુદ્ધિએ (=બુદ્ધિથી) ચલાવ્યું."

જ્યારે સર્વનામ વપરાય છે, અને માણુસ આદિક પ્રાણીથી કંઇ થાય એવું કહેવાનું હોય, ત્યારે ષષ્ઠી-પંચમી વપરાય છે; મારાથી - તારાથી - તેનાથી થયું; પણ કારણ કહેવું હોય તો, તેથી, એથી, ૪૦ (૪૯૨.)

૪૬૫. પ્રત્યય અધ્યાહાર્ય; "જેને અન્નની ભૂખ, મુખ (મુખથી) મોતી કેમ માગે."

૪૬૬. **अधिकरण**=સપ્તમી. ખરા અર્થમાં, કે લાક્ષણિકમાં, કોઇનું સ્થળ, કે સમય દેખાડનાર શબ્દ આ વિભક્તિમાં આવે. **એ, માં,** આ બે પ્રત્યયનો અર્થ કોઇ વેળા એકજ, કોઇ વેળા ભિન્ન છે; **માં** વિશેષે કરી = માહે, મધ્યે, અંદર; **એ** પ્રત્યયમાં આ અર્થ ફીકો છે, પણ ઉપર, પાસે, બાજુએ, એવો અર્થ વિશેષ છે. કોઇ વેળા અર્થનો ફેર નથી; જેમકે, હું વહાણે બેસીને આવ્યો = વાહણ**માં** બેસીને આવ્યો. પણ "મારે માથે દુઃખ છે," એનો અર્થ એક, અને "મારા માથામાં દુઃખ છે," એનો અર્થ બીજો છે. એમજ "તે ભૂઇ**માં** છે," અને "તે ભૂઇ**એ** છે," ભિન્ન ભિન્ન અર્થના વાક્ય હોય.

૪૬૭. **ए प्रत्यय.** સ્થળ, વસ્તુ, કાયાદિસૂચક શબ્દની સાથે=સાધારણાર્થે; મારે મા**થે** ફોલ્લો થયો છે; મારે હા**થે** ઘા વાગ્યો છે = **उपर**; તે ખાટ**લે** પડયો છે; તેને ભૂઇ**એ** નાખો=**पास**; તે વાડે ઉભો છે; તે વડે બેઠો છે = **मां**; તે ખેડે રહ્યો છે; તે ગાડી**એ** બેસીને આવ્યો છે; "હું સુપ**ને** નહિ પામી સુખ;" "નાહે ધો**એ** પુણ્ય નથી;" "નેણે ભર્યાં નીર."

૪૬૮. **સમયાર્થ.** કોઇ ક્રિયા કે કંઇ બીજાના સમય કે વેળા દેખાડનાર શબ્દને આ પ્રત્યય લાગે છે; "તેણે એવું કા**લે**, કે પરમદહા**ડે**, કે ચો**થે** દહા**ડે**, કર્યું હશે;" "હું છઠે વર્ષે અહિં આવ્યો હતો;" "એ તો દસમે વર્ષે પ્રગટ થશે;" "ખ્રીસ્તાવતારને પૂર્વે હજારમે વર્ષે એવું બન્યું."

૪૬૯. એક ક્રિયાને આશ્રયે, કે સમયે, બીજી ક્રિયા થાય, તો જેને આશ્રયે તે થાય છે તે કૃદંતરૂપે અને સપ્તમી વિભક્તિમાં આવે;—"અંતર આંખ્યો ઉઘડે, તે શુણતે સાક્ષાત;" "નહિ જોર જાસ્તી કરે ભૂપ જોતે;" "તમે દેવાદાર થતેજ ડરો." કૃદંતની સાથે નામ આવે, તો તેની પણ વિભક્તિ સપ્તમી;—"થયે પ્રભાતે ઉઠિયો, આવ્યો ગંગા તીર;"—"થતે પ્રભાતે ઉઠજો." અહિં એવાં વાક્ય પણ મેળવાય; "થવાને કાલે બન્યું;" "મેં અજાણે, કોઇએ મારા ભાઇને મારી નાખ્યો."

આં પ્રત્યય પ્રાચીન સપ્તમીનો છે (૧૧૬, ૨૫૨), ઉપરને અર્થે તે વપરાય; "નહિ જોર જાસ્તી કરે ભૂપ જોતે, = જોતાં;" "થયે પ્રભાતે, = પ્રભાત થતાં;" ઘેરથી આવતાં તે પડી ગયો.

૪૭૦. ગતકાલે કોઇ ક્રિયા બની હોય, અને તેને કેટલી વેળા થઈ એવું કહેતાં, વેળા કહેનાર શબ્દને વિભક્તિ નહિ લાગતાં, ક્રિયા કહેનાર શબ્દ કૃદંતને રૂપે સપ્તમી વિભક્તિમાં આવે; મારે અહિં આવે દસ વર્ષ થયાં છે; તેને મૂએ બે વર્ષ થયાં. આ ઉદાહરણોમાં ક્રિયાપદ ભાવે કૃદંતને અર્થે વપરાયલું છે.

આ અર્થ ને પ્રત્યયથી પણ જણાવાય; મારે અહિં આવે (આવ્યે = મારે અહિં આવવાને, કે આવ્યાને); તેને થયે, = તેને થયાને.

ટીકા. મને ભાસે છે કે ને અહિં ચતુર્થીનો પ્રત્યય હશે (૧૧૨). તો, શું, એવે પ્રસંગે કેવળ એ વપરાય છે, ત્યારે તે આગમ ન વિના, ભાષામાં રહી ગયલો ચતુર્થીનો પ્રાચીન પ્રત્યય હશે?

જો આવા પ્રસંગમાં "એ" નો અર્થ ચતુર્થીનો નહિ હોય, તો તેની સાથેનો થી અધ્યાહાર્ય છે એવું જાણવું; મારે આવે, = આવેથી દસ વર્ષ થયાં.

૪૭૧. લાક્ષણિક અર્થ વપરાએલા શબ્દની સાથે = ઉપર; મારે માથે અધિકારી છે; તારે માથે દોષ ઠરે; મેં એ કામ મારે માથે રાખ્યું; = માં. "કર્મે મારે જે લખ્યું, થાશે તેજ પ્રકાર;" "એ કામ મેં મારે હાથે રાખ્યું;" "હું આ ખેતર ઓણ ઘેર ખેડીશ."

૪૭૨. કારણાર્થે; મેં અજાણે એવું કર્યું; તે ક્રોધે બોલ્યો. પણ એમાં કારણ સમજતાં "એ" પ્રત્યય તૃતીયાનો પણ ગણાય.

૪૭૩. નિમિત્તાર્થે; "કહો, અહિં આવ્યા શે કામ;" "હજારો બની મંડલી કામ જૂદે." (એ અર્થે પ્રત્યય પુરાતન ચતુર્થી હશે ૧૧૨).

૪૭૪. આવ, જા, પહોંચ, વાગ, મોકલ, ચલાવ, એવા ક્રિયાપદની સાથે નામ સપ્તમીમાં આવે; તે ખેડે ગયો હતો; તેઓ સ્થાનકે જઇ પહોંચે;

મેં તેને પોતાને **વતને** મોકલી દીધો; "કોઇ વિદેશીઓને **વિદેશે** ચલાવ્યા," સં० ૨૬૯; "એનું મન એવું ના થઇ રહ્યું હોય, તો કદાચિત તે ગુસ્સે થાય, અને **આરે** આવેલું વાહાણ બુડે." જયકુમારી પૃ० ૧૦૭.

૪૭૫. ઘણીખરી વાર એ પ્રત્યય લોપ થાય છે; "એથી ધન પરદેશનું આવે આપણે દેશ (દેશે);" હુનરખાં. બધો દેશ રાજાને હાથ (હાથે) આવ્યો; તે પોતાને ગામ (ગામે) ગયો; તેઓ મુંબઇ (–એ) પહોંચ્યો; આ શોધ તેને હાથ (હાથે) લાગશે;–"થએ પ્રભાતે ઊઠિઓ, આવ્યો ગંગા તીર" (તીરે). "ફરે છત્ર શીશ (શીશે) સોનાતણો." પદ્માવતી.

૪૭૬. **આવ** ઇત્યાદિની સાથે સંસ્કૃતમાં દ્વિતીયા વપરાય છે; स ग्रामं गच्छति, તે ગામ જાય છે. આ રૂઢિ ગુજરાતીમાં ચાલી નહિ; કેમકે નામની સાથે વિશેષણ આવે, તો તેને પ્રત્યય **એ** લાગે છે; તે પોતા**ને** ગામ ગયો છે. આવા પ્રસંગમાં **એ** પ્રત્યય મૂળ ચતુર્થીનો હશે (૧૧૨); સંસ્કૃતમાં स ग्रामाय (ચતુર્થી) गच्छति, એવું પણ કહે છે. પણ મૂળે પ્રાચીન ચતુર્થી હોય કે ના હોય, ગુજરાતીમાં સપ્તમીનો અર્થ તેની સાથે એવો ભળી ગયો છે, કે આવા પ્રસંગમાં **માં** પ્રત્યય પણ વપરાય; "રામ લંકામાં ગયા હતા."

૪૭૭. કોઇનું મૂલ કહેવાય છે ત્યારે તૃતીયા વપરાય છે (૪૪૦); "તે ઘોડો પચાસ રૂપિયે જાય છે." પણ અહિ સપ્તમીનો અર્થ પણ હશે, કેમકે એ અર્થમાં **માં** પણ વાપરે છે; આ ઘોડો પચાસ રૂપિયા**માં** જાય છે.

૪૭૮. નામયોગીને અર્થે વપરાએલાં ઘણાંખરાં નામ "એ" પ્રત્યયને સ્વીકારે; કાજે, વાસ્તે, અર્થે, માટે, લીધે, ઇ૦.

ક્રિયાવિશેષણને અર્થે વપરાએલા શબ્દ પણ "એ" પ્રત્યયની સાથે બને છે; જેમકે, તું છેટે છે; તમે **ભલે** પધાર્યા; તે સારી પેઠે ચાલે છે. ક્યારે, જ્યારે, ક્યાં, જ્યાં, ઇ૦ આ વર્ગમાં લાવવા. નામયોગી તથા ક્રિયાવિશેષણના અર્થમાં વપરાએલા શબ્દોમાં આ પ્રત્યયનો અર્થ ફીકો પડી ગયો એટલુંજ નહિ, પણ કંઇ મરડાઇ ગયો, તો પણ તેમનો અંત્યસ્વર સપ્તમીનો પ્રત્યય છે.

૪૭૯. માં પ્રત્યય. માહે, મધ્યે, અંદર, એવો અર્થ એને વિશેષે વળગે છે; તે પોતાના **ઘરમાં** છે; તે આવીને આ ગામ**માં** વસ્યો છે; પાઠશાળા**માં** વિદ્યાભ્યાસ થાય છે. લાક્ષણિક અર્થમાં વપરાએલા શબ્દને પણ આ પ્રત્યય લાગે; રાજાના હાથમાં બધો દેશ આવ્યો; મારા હાથમાં એ કામ છે.

૪૮૦. બે પદાર્થને મેળવીને સરખાવિયે તો આ પ્રત્યય વાપરિયે છિયે;– **આમાં** ને **તેમાં** કેટલો ફેર છે? અંધારામાં અને અજવાળામાં શો સંબંધ છે?

૪૮૧. આં પ્રત્યય. સપ્તમીનું એક પ્રાચીન રૂપ છે; માટે, આવતાં = આવતે કે આવતામાં (૧૧૯).

આં પ્રત્યયનો બીજો અર્થ છે, જેનો સંબંધ સપ્તમીની સાથે નથી; "બોલ**તાં** આવડે છે?" "એ બહેને મંત્ર માર**તાં** શિખવ્યો, પણ વાળ**તાં** હવે શિખવતાં નથી." આ અર્થમાં **આં** = સંસ્કૃત તુમ્ (૧૧૯*, ૨૫૨).

૪૮૨. સંબંધ = ષષ્ઠી. ભિન્ન ભિન્ન અર્થનાં બે વિશેષ્ય નામની વચ્ચે કોઇ પણ સંબંધ હોય, તો તે આ વિભક્તિએ જણાવાય છે, માટે એને **સંબંધ** કહે છે. આ સંબંધ નામ નામની વચ્ચેનો સંબંધ છે, માટે આ વિભક્તિ કારકમાં ગણેલી નથી.

૪૮૩. આ વિભક્તિએ કરીને એક વિશેષ્યનામ બીજા વિશેષ્યનામ વિષે કંઇ દેખાડે છે, માટે એનો **અર્થ** વિશેષણ સમાન છે. બધી ભાષાઓમાં એવો વિશેષણાર્થ આ વિભક્તિને લાગે છે, પણ ગુજરાતી આદિક ઉત્તર* હિંદુસ્થાનની ભાષાઓમાં આ વિભક્તિને જાતિવાચક પ્રત્યયો મળે છે, અને તેણે કરીને કેવળ ષષ્ઠીનો અર્થ નહિ, ઇતર વિભક્તિના પણ જણાવેલા છે. માટે ષષ્ઠીની સાથે જે બીજું નામ છે, તેની જાતિ, વચન, વિભક્તિ પ્રમાણે ષષ્ઠીના પ્રત્યય ફરે, અને ષષ્ઠી-પ્રથમા; ષષ્ઠી-દ્વિતીયા; ષષ્ઠી-તૃતીયા ૪૦, કહેવું પડે છે.

૪૮૪. સંબંધાર્થમાં બે ભેદ છે, **સ્વાધારનિષ્ઠ**, અને **પરાધારનિષ્ઠ**.†

સ્વાધારનિષ્ઠનો અર્થ એ છે, કે સંબંધ દેખાડનાર શબ્દ પોતે ગુણનો આધાર છે; જેમકે, "જનિતાની પ્રીતિ અજિત છે" =જનિતામાં જે પ્રીતિ તે; "પ્રીતિ" આ ગુણનો આધાર જનિતા છે. એમજ, પાણીના પરપોટા; સોનાના શૃંગાર; મુસલમાનનું રાજ્ય; પુનાની લડાઇ.

પરાધારનિષ્ઠનો અર્થ એ છે, કે સંબંધ દેખાડનાર શબ્દ (જેને ષષ્ઠીનો પ્રત્યય લાગે છે તે), પોતે સંબંધનો આધાર નથી, પણ બીજું નામ તેનો આધાર છે; "શ્રમની અકળામણ;" શ્રમને અકળામણ લાગતી નથી, પણ

---

* દક્ષિણ હિંદુસ્થાનની દ્રાવિડી કહેવાએલી ભાષાઓમાં એવું નથી.

† **સ્વાધારનિષ્ઠ**:, સ્વ – આધાર – નિષ્ઠ = પોતામાં આધાર રાખનાર-રહેનાર; **પરાધારનિષ્ઠ**:, પર – આધાર – નિષ્ઠ = બીજામાં આધાર રાખનાર-રહેનાર.

બીજા [કોઈને, શ્રમ કરનારને, લાગે છે; "રાજાની બિહીક;" જે રાજામાં છે તે નહિ, પણ રાજાનું બળ જાણીને પ્રજામાં જે છે તે.

ટીકા. જેમાં કોઇ ગુણ વર્ણવ્યો હોય, અથવા જેનામાંથી કંઇ નિપજે છે, તે અર્થ સ્વાધારનિષ્ઠમાં છે; માટે એને બીજાં નામ પણ આપેલાં છે, એટલે **ગુણવાચક**, કે **ઉત્પાદક**, કે **કર્તૃક** ષષ્ઠી.—બીજા ઉપર કંઇ પરિણામ થયલું દેખાડે છે, માટે પરાધારનિષ્ઠ, તે **કર્મવાચક** કે **પરિણામવાચ** ષષ્ઠી કહેવાય છે. અમુક ષષ્ઠી સ્વાધારનિષ્ઠ કે પરાધારનિષ્ઠ હોય, તે વાક્યના અર્થ ઉપર જણાય; "માની પ્રીતિ," આનો અર્થ એવો હોય, કે "મામાં જે પ્રીતિ છે તે," તો તે સ્વાધારનિષ્ઠ છે; પણ "છોકરામાં માની ઉપર જે પ્રીતિ તે," એવો અર્થ હોય, તો પરાધારનિષ્ઠ છે.

૪૮૫. આવા બે વિભાગ છતાં પણ, અનેક ધોરણે બીજા કરેલા છે;—

गुणगुणीभावसंबंध. स्वभाव, के गुण विषेनो संबंध; માણસની બુદ્ધિ, માવિત્રોની માયા; હરણની ચપળતા.

कार्यकारणभाव संबंध; जेमांथी कंइ कराय छे, तेनो संबंध; સોનાની વીંટી, પત્થરની મૂર્તિ, માટીનાં વાસણ.

आधाराधेयभाव संबंध; વનનાં વૃક્ષ, સમુદ્રનાં માછલાં, આકાશનાં વાદળ.

प्रत्यर्थ संबंध; રાજાનું ચિત્ર, પત્રનો ઉતારો, પુસ્તકનું ભાષાંતર.

फल, परिणामनो संबंध; આંબાની કેરીઓ, પાપનો દોષ, ક્રોધનો પરિણામ.

भागनो संबंध; શરીરના અવયવો, ઝાડની ડાળીઓ, હાથની આંગળીઓ, સભાનો સભાસદ. એને **અવયવાવયવીભાવ** પણ કહે છે.

सगानो संबंध; બાપનો પુત્ર, માની પુત્રી, મારો ભાઇ.

सेव्यसेवकभाव संबंध; રાજાના ચાકરો, ધણીના સેવકો.

संपत्तिनो संबंध; મારૂં ઘર, તેનો ઘોડો, ખેડુતનું ખેતર.

૪૮૬. જો વિશેષણમાં વિશેષ્યનો અર્થ ભળ્યો હોય, કે અધ્યાહાર્ય હોય, તો વિશેષણ પણ બીજા નામને ષષ્ઠીમાં લાવે; અન્નનો ભૂખ્યો; પાણીનો તર્સ્યો; ધનનો લોભી; દ્રવ્યનો આલચુ; સત્યનો ભાવિક; જ્ઞાનનો પૂર્ણ; સમજણનો હીણો. વળી, એનું થોડું; તેનું ઘણું.

૪૮૭. કોઇ વેળા વિશેષ્યનામમાં ક્રિયાનો અર્થ ભળ્યો હોય છે, તેની સાથે જે નામ આવે તે ષષ્ઠીમાં આવે ખરૂં, પણ તેનો અર્થ અનુપરથ કર્મને સમાન છે; જેમકે, એનો શોધ કર = એને શોધો; એનો વિચાર કર = એને કે એના પર વિચાર; એની સંભાળના કર = એને સંભાળ. (ચતુર્થી વિષેના પ્રકરણમાં જોવું).

૪૮૮. ક્રિયાપદનું મૂળ, કે કોઇ પણ કૃદંત, નામને અર્થે વપરાય, તો તેની સાથેનું નામ ષષ્ઠીમાં આવે;—**મૂળ;** મારે આવે શું થાય; મારે કહે શું થવાનું છે; મારે એવું કરે શો અર્થ છે. કોઇ એવું ધારે છે કે અહિં "આવે-કહે કરે," અશુદ્ધ લખેલા ભૂતકૃદંત છે, માટે આવ્યે–કહ્યે–કર્યે લખવું.

વર્તમાનકૃદંત; મારા આવતામાં, મારે આવતાં, મારે આવતે.

ભવિષ્ય કૃદંત; તારા આવવાનાં ચિન્હ શા છે? આ કૃદંત મૂળે સામાન્ય રૂપની ષષ્ઠી છે (૨૫૧).

ભૂતકૃદંત. મારૂં કહ્યું માન; મારે બેઠે, મારે ગયે, શો અર્થ છે; મારા ગયાથી શું થવાનું છે; મારા કર્યાથી એ કામ થયું. એમાં કૃદંતનો અર્થ સામાન્ય કે ભાવેરૂપને સમાન છે, અને ષષ્ઠીને કર્તાનો અર્થ લાગે છે; મારૂં કહ્યું માન= હું જે કહું છું, કે મેં જે કહ્યું, તે માન; મારે બેઠે શો અર્થ, હું બેસું તો શો અર્થ; મારા કર્યાથી એ કામ થયું=મેં કર્યું માટે. અને એમજ—

વિશેષભૂત; મારૂં કરેલું કામ; તારી રચેલી ચોપડી.

ટીકા. ઉપરના કૃદંતમાં ક્રિયા વિષેની મનરથ ધારણા વિશેષ્યાર્થે લીધેલી છે, માટે તેમનો અધિકાર બીજા નામ ઉપર ચાલીને તેને ષષ્ઠીમાં લાવે છે, પછી અન્વયના સાધારણ નિયમ લાગુ થાય છે.

સામાન્ય, કે ભાવેરૂપ. મારૂં આવવું, મારા આવવાથી, મારા આવવાને ઈ૦. આ કૃદંત મૂળે વિશેષણ છે, તોય પણ વિશેષ્યને અર્થે વપરાય છે માટે એની સાથેનું નામ ષષ્ઠીમાં આવે (૫૦૫).

૪૮૯. ગુજરાતી નામયોગી શબ્દ મૂળે વિશેષ્ય નામ છે, માટે જે નામની સાથે તેઓ આવે છે, તેને તેઓ ષષ્ઠીમાં લાવે છે (૨૮૮–૨૯૧).

૪૯૦. સમય, કાલાદિક અર્થ દર્શાવનાર શબ્દની વિભક્તિ ષષ્ઠીમાં અપાદાનને અર્થે, અને અધિકરણને અર્થે આવે;—**અપાદાન;** તે અહિં દસ વર્ષનો પડેલો છે; આ કામ બે દિવસનું થયું છે; એટલે=દસ વર્ષથી, બે દિવસથી.

અધિકરણ; "આ મૂર્ખ દહાડાનો (દહાડે) સુએ છે, અને રાતનો (રાત્રીએ) જાગે છે." "સાંજના (સાંજે) હંસો આવ્યા." પંચતંત્ર પૃ૦ ૮૯.

૪૯૧. ષષ્ઠી ઉપર અધિકાર રાખનાર નામ અધ્યાહાર્ય હોય; ઘરનાં બધાં સારાં છે (એટલે બધાં માણસ).

૪૯૨. પ્રથમ દ્વિતીય પુરૂષનાં સર્વનામ, અને માણસાદિક પ્રાણીને અર્થે તૃતીય પુરૂષનું સર્વનામ, પંચમી વિભક્તિએ આવે, તો ષષ્ઠી-પંચમીને રૂપે પ્રયોગ છે; પણ તૃતીય પુરૂષનું સર્વનામ કારણાદિક અર્થ દેખાડે તો કેવળ પંચમી વપરાય છે; અને એમજ નિર્જીવ વસ્તુનાં નામ વિષે થાય છે; જેમકે-તેનાથી (તે માણસથી) એ કામ થયું; પણ તેથી (કારણાર્થે) એ થયું; એમજ ઝાડથી, કુતરાથી (૪૬૪).

૪૯૩. કોઇનું નામ કહેવાય છે ત્યારે તેની સાથે જે શબ્દ હોય તેની વિભક્તિ ષષ્ઠીમાં આવે; "ગૌતમ નામનો, કે એવા નામનો, એક મુની." આ રૂઢિ ગુજરાતીમાં નવી છે, અને ભાષાના સાધારણ નિયમને મળતી નથી. ઉપરનું ઉદાહરણ=ગૌતમ નામે-નામે કરી-નામે કરીને-એવે નામે-એવા નામે કરી-મુનિ હતો. સંસ્કૃતમાં, તૃતી૦; गौतम नाम्ना=ગૌતમ નામે.

૪૯૪. संबोधन;—બોલાવવું, સંભાષણમાં નામ લેવું. એને દેશી વૈયાકરણો આઠમી વિભક્તિ કરતા નથી, પણ પ્રથમાજ છે એવું માને છે. પણ પ્રથમામાં કર્તાનો અથવા કર્મનો સંબંધ છે, તે સંબોધનમાં નથી; માટે જો પ્રથમામાં પ્રત્યય **ઓ, ઉં,** આવે તો તે પડતો મૂકાય છે; પ્ર૦ છોકરો, છોકરૂં; સંબોધન, છોકરા (૮૨. ૧૧૭). અનેકવચનમાં, અને બીજા બધા નામના એહુ વચનમાં, સંબોધન પ્રથમાના જેવુંજ છે.

યુરોપના વૈયાકરણો સંબોધનને વિભક્તિમાં ગણે છે, અને કહે છે કે સંબોધક સંબોધ્યની વચ્ચે, એટલે બોલાવનાર અને બોલાવવા યોગ્ય તેની વચ્ચેનો સંબંધ તેથી જણાય છે, માટે એમાં વિભક્તિનો અર્થ છે.

૪૯૫. સંબોધનની સાથે કોઇ ઉદ્‌ગાર ઘણીખરી વેળા વપરાય છે;—**ઓ** મા; અરે બાપ; ઓપરે; **હે** રાજા; ઇ૦. શબ્દ એક કે અનેકવચનમાં હોય, તો તે ઉદ્‌ગારનું રૂપ ફરતું નથી;-અરે મારા ભાઇઓ.

ક્રિયાપદ.

૨૬. ક્રિયાપદના પુરૂષદર્શક પ્રત્યય મૂળે સર્વનામ છે (૨૨૩). એમના ભેદ જણાવવા સારૂ આગમ પૂર્વાક્ષર ૬૦ પુરાતન આર્ય ભાષાઓમાં આવેલા છે. નિશ્ચયાર્થનો અને સંશયાર્થનો ભેદ પણ પ્રત્યયે કરીને છે. કાલાંતરના વિકારમાં ઘણાક પ્રત્યય ઉડી ગયા, અને અર્થમાં પણ ા. ગુજરાતીમાં શુદ્ધરૂપના પ્રત્યય થોડાજ રહ્યા છે. જેમ જેમ સંખ્યા ઘટી, તેમ તેમ કૃદંતની સાથે સહાયકારક ક્રિયાપદ વાપરતાં ન કાલનો અર્થ દેખાડવાનું ચાલ્યું. વળી જે શુદ્ધરૂપો પહેલાં કેવળ ાાં વપરાતાં તેઓને સંશયનો પણ કંઇ અર્થ વળગ્યો. કોઇ કોઇ રૂપ વત્તું, બીજા વિષે ઓછું થયું.

૨૭. વર્તમાનકાલમાં પૂર્વનો નિશ્ચયાર્થ ફીકો પડયો, અને તેને ાળગ્યો. માટે નિશ્ચયાર્થને ટેકો આપવા સારૂ શુદ્ધરૂપની સાથે સહાય-ાપદ વાપરવામાં આવ્યું ; કરે છે. પણ ઘણા પ્રસંગમાં, વિશેષે કરીને નિશ્ચયાર્થ રહે છે. પણ એટલોજ વિકાર થયા વિના, આ રૂપને પણ વળગ્યો ; તે કરે = કરશે. પછી બીજો પણ વિકાર થતાં એજ ાકાલનો અર્થ લાગ્યો ; તે કરે = કરતો હતો. પછી આજ્ઞાર્થ પણ રે = કરવા દે. એમ સંસ્કૃત कथयति ના ગુજરાતી અપભ્રંશ કહે નો ૃ છે, કહેતો હતો, કહેશે, કહે (આજ્ઞાર્થ), જો કહે (સંશયાર્થ). આ ટલા વિવિધ અર્થ લાગે છે માટે કોઇ વૈયાકરણો એને અનિયમિત, શ્ચિત, વર્તમાનકાલ કહે છે.

૮. હો સિવાય બધાં ક્રિયાપદ શુદ્ધ વર્તમાનકાલના રૂપમાં સંશયાર્થે ઼. *પણ સસ્કૃતમાં એકજ અર્થના બે ક્રિયાપદ अस् અને भू છે. ૭, અને भू નો હો આવ્યા છે (૨૨૨) છે, હોય, આ બેહુ શબ્દ ાના નિશ્ચયાર્થ વર્તમાનકાલના અપભ્રંશ છે ; પણ. ગુજરાતીમાં છે ને હોય ને સંશયાર્થ વળગ્યો ; તે છે–તે હોય. આ ભેદ ગુજરાતીમાં ગનો થઇ પડયો છે ; કેમકે ઇતર ક્રિયાપદના કૃદંતની સાથે સહાયકારક ઃરૂપ થાય છે (૧૭૬ અ, આ) ત્યારે તેઓમાં નિશ્ચયાર્થનો અને ભેદ રૂપે કરી સહેજ દર્શાવાય છે.

૪૯૯. **ભવિષ્યકાલના** રૂપમાં મૂળનો નિશ્ચયાર્થ વિશેષે કરીને રહે છે; સંશયાર્થ દર્શાવવો હોય તો પૂર્વે વાક્યયોગી "**જો**" લાવવો; હું કરીશ-જો હું કરીશ.

પણ હો ક્રિયાપદનું ભવિષ્યરૂપ ભાગ્યે નિશ્ચયાર્થે, વિશેષે કરી સંશયાર્થે આવે છે; હોશે કે હશે. નિશ્ચયાર્થે **હશે** ને સ્થળે **થશે** વાપરે છે.

૫૦૦. **ભૂતકાલમાં** નિશ્ચયાર્થે સહાયકારક ક્રિયાપદ વિના કેવળ ભૂતકૃદંત વાપરે છે, પણ સંસ્કૃત શુદ્ધરૂપનો અપભ્રંશ ગુજરાતીમાં કેવળ સંશયાર્થે વાપરે છે, अकरोत्નો કરત (૧૯૫); પણ સંભારવું કે જેમ ભૂતકાલના કાર્ય વિષે સંશય થોડો હોય છે, તેમ આ રૂપમાં સંશયનો અર્થ ઓછો થઇ નિશ્ચયતાની પાસે કંઇ આવે છે; જો તમે કાલે આવ્યા હોત તો હું આજે જાત. એને **ક્રિયાનિષ્પત્તિભૂત,** એટલે ક્રિયા નહિ થઈ છતાં પણ ભૂત, રૂપ કહે છે.

નિશ્ચયાર્થે જે ભૂતકૃદંત વપરાય છે તે મૂળે સત્ત્વાર્થનો છે, માટે સકર્મક ભૂતકાલનો પ્રયોગ કર્મણિ હોય છે; મેં કર્યું. જે જે રૂપમાં ભૂતકૃદંત આવે છે તેનો ખરો પ્રયોગ કર્મણિ છે. પણ અકર્મક ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં વપરાતાં નથી; કેમકે અકર્મક અર્થનો અને સત્ત્વાર્થનો કંઇ ખરો સંબંધ નથી, માટે જો પણ ભૂતકાલે કૃદંત આવે તોપણ પ્રયોગ કર્મણિ નથી; હું થયો, હું ચાલ્યો.

જે સકર્મક ક્રિયાપદ ભૂતકાલે કર્તરિ પ્રયોગમાં ચાલે છે તેઓ, મૂળ જોતાં અકર્મક હોય (લાવ = લેઇ આવ); અથવા સંસ્કૃતમાં ઉભયવર્ણના હશે, માટે મૂળની અસર ગુજરાતીમાં હજી સુધી દેખાય છે-મૂળનો અર્થ (વર્ણ) ફરતાં પણ મૂળનો પ્રયોગ રહ્યો (૧૯૮).

૬૦૧. **આજ્ઞાર્થ**નાં બે રૂપ છે; એકને વર્તમાન આજ્ઞાર્થ, બીજાને ભવિષ્ય આજ્ઞાર્થ કહિયે. વિલંબ વિના, તત્કાલ, કંઇ કરવા ઇચ્છિયે તો 'કર' (વર્તમાન આજ્ઞાર્થ) કહિયે,-વિલંબથી, થોડીવાર પછી કરવાનું ઇચ્છિયે તો 'કરજે' (ભવિષ્ય આજ્ઞાર્થ) કહિયે. માનાર્થે પણ ભવિષ્યાજ્ઞાર્થ વપરાય છે, પણ કોઇ વેળા, આગ્રહ હોય તો, એ અર્થે વર્તમાન આજ્ઞાર્થ પણ ચાલે છે. સાધારણ ભવિષ્યકાલ પણ આજ્ઞાર્થે બહુ ચાલે છે, કરશો=કરો. વર્તમાન કૃદંત (કરતો), અને સામાન્યરૂપ (કરવું) પણ આજ્ઞાર્થે બોલાય છે.

૬૦૨. **મિશ્રરૂપ.** '**હો**' સહાયકારક ક્રિયાપદની સાથે કૃદંત આવે છે, ત્યારે કેટલાંએક મિશ્રરૂપ થાય છે (૧૬૦). વર્તમાન કૃદંત ચાલતી ક્રિયા

દર્શાવે છે = જે ચાલે તે (૨૪૭). એ અર્થની સાથે સહાયકારકના વિવિધાર્થ ભળે છે (૧૭૬). ગુજરાતી ભાષામાં વિશેષ જોવાનું છે કે નિશ્ચયાર્થ દ્વિત્વ-વર્તમાનકાલમાં વર્તમાન કૃદંતને સ્થળે શુદ્ધવર્તમાન રૂપ વાપરે છે, "હું કરૂં છું" કહે છે, "હું કરતો છું" નથી કહેતા. પણ નિષેધાર્થમાં કરતો નથી, સંશયાર્થમાં કરતો હોઉં, અને વર્તમાનભૂતમાં કરતો હતો, કરતો હોત કહે છે. હિંદીમાં કરતા હૈ, મરાઠીમાં કરત આહે ૪૦ કહે છે. શુદ્ધરૂપની સાથે સહાયકારક વાપરવાની રીતિ મેં બીજી કોઇ ભાષામાં જોઇ નથી.

૫૦૩. ભવિષ્ય, ભૂત, અને વિશેષભૂત કૃદંતની સાથે સહાયકારક ક્રિયાપદ મળ્યાથી જે મિશ્રરૂપો થાય છે તેઓમાં કૃદંતના કાલના અર્થની સાથે સહાયકારકના વિવિધ અર્થ ભળે છે (૧૬૦, ૧૭૬).

૫૦૪. **संबंधक भूत.** એક ક્રિયા થયા પછી, તેને આશ્રયે બીજી ક્રિયા તેની સાથે વળગી રહ્યાની પઠે થાય, તો પૂર્વ ક્રિયાપદને સંબંધક ભૂતનો પ્રત્યય લાગે છે; હું રથમાં બેસીને આવ્યો; એમાં ભૂતાર્થની સાથે સમાનાર્થ વાક્યયોગીનો અર્થ ભળે છે; બેસીને આવ્યો = બેઠો અને આવ્યો, માટે એને **સંબંધકભૂત** કહે છે (૧૬૭, ૧૭૦). આ કૃદંતે કરીને સંયુક્ત ક્રિયાપદ થાય છે, તે અંક ૧૮૧ માં અને ૧૮૨ માં દેખાડેલું છે. વળી એણે કરીને અનેક વાક્ય મળી જઇને એક સંયુક્ત વાક્ય થાય છે; "આ માણસે, મનમાં દગો રાખી, અમારે અહિં આવી, કેટલાએક દિવસ છાનો રહી, અમારૂં બધું જોઇ લઈ, વૈરીને ત્યાં જઈને ચાડી ખાધી."

૫૦૫. **सामान्यरूप** ના ત્રણ અર્થ છે; अ.) કેવળ **क्रियावाचक** વિશેષ્યનામ; સાચું **બોલવું** સારૂં છે; દયા **કરવી** મોટાને શોભે; વિચાર **રાખવો** જ્ઞાનીને ઘટે.

आ.) **निमित्तार्थ**; એક ક્રિયાના નિમિત્તમાં બીજી ક્રિયા થાય તો આ કૃદંત વપરાય છે; હું તમને **કહેવા** આવ્યો=તમને કહેવું આ નિમિત્તથી હું આવ્યો. આ અર્થમાં કૃદંતને ચોથી વિભક્તિનો પ્રત્યય લાગે, 'તમને કહેવાને આવ્યો છું; વળી ચોથી વિભક્તિના સમાન અર્થના નામયોગી કાજે, વાસ્તે, અર્થે ૪૦ આવે; હું તમને કહેવા વાસ્તે-કહેવા કાજે, આવ્યો, અથવા કહેવાને વાસ્તે-કહેવાને કાજે-કહેવાને અર્થે, આવ્યો છું. આ છેલ્લા પ્રકારના ઉદાહરણમાં કૃદંતને 'ને' પ્રત્યય લાગે છે તે ચતુર્થીનો નહિ, પણ ષષ્ઠી-સપ્તમી છે. અંક ૧૮૫ માં એને કંઇ મળતા અર્થ મળે છે.

ઇ. ૬ अवश्यार्थ. ક્રિયા અવશ્ય, અગત્ય, ઘટાર્થે, ભાવતી હોય તો આ કૃદંત વપરાય છે, અને એમ એનું આજ્ઞાર્થ વળગે છે; તમારે શિખવું; જેને કાન હોય તેણે સાંભળવું, સાંભળનારાએ સમજવું, અને સમજનારાએ પાળવું; મારે પાણી પીવું છે. આ અર્થમાં આ કૃદંતની સાથે "જોઇએ" ઘણીકવાર વપરાય છે; તમારે શિખવું જોઇએ;–પણ એવું થાય છે ત્યારે કૃદંતને વિશેષ્યાર્થ વળગે છે, અને અગત્યાદિનો અર્થ "જોઇએ" માં આવે છે (૨૫૧, ૨૫૨).

૫૦૫ वर्तमान कृदंतने આં પ્રત્યય વળગે તો સપ્તમીનો અર્થ દર્શાવાય છે; બોલતાં = બોલતી વેળાએ (૧૧૬). સાધારણ સપ્તમીના પ્રત્યય પણ લાગે; "બોલતામાં નાસી જશે." નંદબત્રીસી પૃ૦ ૪; "રોકતામાં થયો સંગ્રામ." ડંકપૂરમહાત્મ્ય. પૃ૦ ૫૨. વાત સાંભળતામાં તે નાસી ગયો. "મહેનત કરતે છુટે." જ્ઞાતિનિબંધ.

૫૦૬. भूत कृदंत (૫૦૦) ઘણાખરા પ્રસંગોમાં 'સમાન રૂપને સમાર્થે વપરાય છે; "તેના એવું કર્યાથી (કરવાથી);" "તુફાન થયાની (થવાની) બિહીક છે;" તેના તઈ ગયાથી (જવાથી) સમાધાન થયું.

૫૦૭. क्रियापदनुं मूळ સમાન રૂપને સમાર્થે વપરાય; ન્હાએ ધોએ (ન્હાવાથી ધોવાથી) શું થાય; ન્હાએ ધોએ (ન્હાવામાં ધોવામાં) શું છે; એવું કરે શું થાય. કોઇના ધારવામાં છે કે આ રૂપ મૂળની સપ્તમી નથી, પણ અશુદ્ધ રીતિયે લખેલું ભૂતકાલનું રૂપ છે; એવું કરે = એવું કર્યે; નાહે, ધોએ = નાહ્યે, ધોયે.

૫૦૮. ક્રિયાવાચક શબ્દે કરીને કોઇ વિષયની સ્થિતિ કે અવસ્થા કહેવાની હોય, તો કૃદંત વપરાય છે; મેં તેને લટકતો દીઠો; મેં તેને પડતો મૂકયો; તે તો ...ગતું રહ્યું; તેને વેચાતું રાખું છું; તે તો લટક્યું રહ્યું; તે લટકેલું દેખાય છે.

૫૦૯. કૃદંત વિશેષણ છે, માટે વિશેષ્યના અન્વયી થાય છે; પણ મૂળ ક્રિયાપદ છે, માટે ક્રિયાપદ જેવો અધિકાર રાખે છે; સાધારણ વિશેષણને એવો અધિકાર નથી;—હું **તેને** મારતો આવ્યો; હું **તેને** બોલતો આવીશ; હું **તેને** હાંકતો આવું છું; મારે એ **તને** કહેવું; **તને** કહેનાર કોણ છે?

૫૧૦. क्रियाविशेषण. કોઇ વેળા ગુણવાચક અને કોઇ વેળા વિશેષ્યનામ આ અર્થે વપરાય (૨૭૦, ૨૭૧). નિષેધાર્થના બે શબ્દ શુદ્ધ વાક્યમાં, અથવા સંયુક્ત વાક્યમાં, અથવા એકજ ઉપવાક્યમાં આવે, તો નિષેધાર્થ રહેતો નથી; તેઓ નહિ આવ્યા એવું નહિ, = આવ્યા; વિચાર વિના કરશો મા = વિચારથી કરો; તે માણસ નિર્બુદ્ધ નથી = તે બુદ્ધિવાળો છે.

વાક્ય સંયુક્ત હોય, અને તેના જૂદા જૂદા સહગતવાક્યમાં નિષેધાર્થે શબ્દ આવે, તો તે અર્થ રહે છે; "અમે આ દેવને માનવાના નથી, અને તેની મૂર્તિની આગળ નમવાના નથી;" "હું તેને ચાહતો નથી, અને તારી સાથે આવવાનો નથી;" "મેં એવું કહ્યું ન હતું, કહેતો નથી, અને કદી કહેવાનો નથી." સારાંશ એ છે, એકજ ક્રિયાપદની સાથે એક નિષેધાર્થ શબ્દ હોય, તો અર્થ રહે છે; બે હોય, તો ઉડી જાય છે.

નહિ, આ શબ્દ પ્રશ્નાર્થ વાક્યમાં ખરા નિષેધાર્થે નથી વપરાતો; શું, એવું નહિ હોય વારૂ ?=કદાચિત એવું હશે.

૫૧૧. **વાક્યયોગી.** બીજા પૃથક શબ્દોની વચ્ચે આવે ત્યારે તે શબ્દોની વિભક્તિ એકજ હોય છે;—"રાજા તથા પ્રજા સુખી છે." "ત્યાંના બધા મોટાને અને નાનાને; માંદા, દુઃખી, કલેશી, તથા કંગાલને.

૫૧૨. વાક્યયોગીનો મુખ્ય અધિકાર ઉપવાક્યોને સંધાવવાનો છે, એને સાંધનારા શબ્દના અર્થ ઉપર વાક્યોમાં અર્થનો સંબંધ જણાય છે (૩૧૮). સાંધનારા શબ્દ અધ્યાહાર્ય હોય;—"પ્રીતિ સઘળાંને ખમે છે, સઘળાંને ખરાં માને છે, સઘળાંની આશા રાખે છે, સઘળાંને ધીરે છે"—એવા સમૂહમાં એકેક ઉપવાક્યની સાથે સંયોજક શબ્દ આવે, તો એકેક ઉપવાક્ય ઉપર વિશેષ વિચાર જણાવે છે;—"પણ એક સમરૂની માર્ગે જતાં તેની પાસે આવ્યો, **અને** જ્યારે તેણે તેને દીઠો, ત્યારે તેના પર દયા કરીને તેની પાસે ગયો, **અને** તેના ઘાપર તેલ તથા દ્રાક્ષારસ રેડીને તેને પાટો બાંધ્યો, **અને** તેને પોતાનાં જનાવર પર બેસાડીને ઉતારાની શાળાએ લઇ ગયો."

વિરામચિન્હ.

૫૧૩. **વિરામ** (વિ, ઉપસર્ગ; રમ, રહેવું–થંભવું), આચકો ખાવો. વાક્યમાં આચકો ખાવાનાં બે કારણ છે. એક, શ્વાસને વાસ્તે; વાક્ય લાંબું થાય તો બોલતાં શ્વાસ પહોંચે નહિ, માટે તેમાં, એક, બે, કે અધિક વાર, થોડું રહેવું પડે છે. બીજું, અર્થની સ્પષ્ટતાને વાસ્તે; એ સારૂ કે બોલેલી ભાષાનો સાંભળનાર, અને લખેલીનો વાંચનાર, ઘુંચવણ વિના અર્થ સમજી શકે. બોલતાં આપણે પોતાની મેળે સમજી શકિયે છિયે કે વાક્યમાં કહિં કહિં આચકો ખાવો જોઇએ; પણ લખેલી ભાષામાં, વિરામ કહિં કહિં આવે છે, અને આચકો વત્તાં કે ઓછો ખાવો જોઇયે, એ જણાવવા સારૂ કેટલાંએક ચિન્હો યોજેલાં છે. એમને **વિરામચિન્હ** કહિયે છિયે.

૫૧૪. લખેલી ભાષામાં જે ચિન્હો કરિયે છિયે, તે, વિશેષે કરીને, વાક્યના અર્થ ઉપર ધોરણ રાખીને કરિયે છિયે; માટે વિરામચિન્હ લખતાં મનનો અભિપ્રાય, કે તર્ક, ઠરાવ્યા વિના ચિન્હ મૂકાય નહિ.

ચાર મુખ્ય વિરામચિન્હ છે; (,) લઘુવિરામ, (;) ગુરુવિરામ, (:) વૃદ્ધિવિરામ, (.)—અંત્યવિરામ.

૫૧૫. અલ્પવાક્યનો મૂળ નિયમ એ છે, કે કર્તૃવાચક શબ્દ તથા ક્રિયાપદ વચ્ચે કોઇ વિરામચિન્હ નહિ આવે; રાજા કરે છે; તેઓએ વિચાર કર્યો.

૫૧૬. નામની સાથે જો એક વિશેષણ આવે, અથવા ક્રિયાપદની સાથે એક ક્રિયાવિશેષણ આવે, તો એજ નિયમ ચાલે છે; "વિખ્યાત રાજાઓએ મોટાં કામ વિવેકથી ચલાવ્યાં." વિશેષણની સાથે નિકટ મળી જનારાં બીજાં વિશેષણો આવે, તોય આ નિયમ બદલાતો નથી; "આ બહુ વિખ્યાત રાજાઓએ પહેલાં મોટાં કામો કેવા શુદ્ધ વિવેકથી ચલાવ્યાં."

૫૧૭. કેટલાએક વૈયાકરણો એવું ધારે છે, કે જ્યારે વાક્યે એ રીતિએ લાંબું થાય, ત્યારે કર્તૃવાચક શબ્દને છેડે, અથવા કર્મવાચક શબ્દને છેડે, લઘુ વિરામચિન્હ હોય તો સારૂં; "મનુસ્મૃતિનો પહેલો અધ્યાય, તે સ્મૃતિ કરનારે પોતાના ધર્મ સંબંધી મતો દેખાડવા માટે લખ્યો છે," હિ० ४० १८८. "પોતાના દેશનું ભલું ઇચ્છનાર બધા સજ્જનોએ, આ દેશમાં બનનારી બધી વાતો પર ખરો વિચાર રાખવો જોઇએ."

५१८. एकज प्रकारना बे पृथक शब्दो,—એટલે, બે વિશેષ્ય, બે વિશેષણ, કે બે ક્રિયાપદ **વચ્ચે વાક્યયોગી** શબ્દ આવે, તો વિરામચિન્હનો ખપ નથી; જેમકે, "રાજા તથા પ્રજા સુખી છે." "રામભાઇએ અથવા જેસિંઘે એ કામ કર્યું છે." "મારાથી કે તારાથી એ બનવાનું નથી." "એ કામ સારૂં અને ઉપયોગનું છે." "અહિં તો ઘણા લોક આવે છે અને જાય છે."

૫૧૯. પણ એવા શબ્દને વિશેષણ લાગ્યાથી, અથવા કોઇ બીજા શબ્દ મળ્યાથી, વાક્યની કંઇ વૃદ્ધિ થાય, તો સંયોજક શબ્દને પૂર્વે એક લઘુ વિરામચિન્હ જોઇએ; જેમકે, "તે દેશનો વિખ્યાત રાજા, તથા તેની બધી પ્રજા સુખી છે;" "તમારા પડોશમાં રહેનાર રામભાઇએ, અથવા ખંભાતી દરવાજા પાસે રહેનાર જેસિંઘે એ કામ કર્યું છે." "એ તારૂં કરેલું કામ જોવામાં બહુ સારૂં, અને વિવિધ ઉપયોગનું છે." "અહિં તો ઘણાં છોકરાં રોજ આવીને બેસે છે, અને આખો દહાડો રમ્યા કરે છે."

૫૨૦. एकज प्रकारना बे के अधिक पृथक शब्दो (विशेष्य, के विशेषણ, કે ક્રિયાપદ,) એક સંબંધમાં કે એક અધિકારમાં, **વાક્યયોગી વિના** વપરાય, તો એકેકની આગળ લઘુવિરામ જોઇએ; "સિદ્ધરાજ વિખ્યાત, પરાક્રમી, એવો રાજા હતો." "વિક્રમરાજા વિખ્યાત, પરાક્રમી, વિવેકી, ઉપકારી હતો." "તમે તો ભૂત, ભવિષ્ય, વર્તમાન, જાણો છો." "અને મને શું થયું, શું થાય છે, શું થશે, તે સમજાય છે."

૫૨૧. આવા શબ્દના જથાના છેલ્લા શબ્દની પૂર્વે વિશેષે કરીને વાક્યયોગી આવે છે, તો પણ, વાક્યયોગીની પૂર્વે એક લઘુવિરામ જોઇએ; "તમો તો ભૂત, ભવિષ્ય, તથા વર્તમાન જાણો છો." "એ શાસ્ત્રી વિદ્વાન, વિવેકી, અને વિખ્યાત થએલો છે." "એવું થયું, થાય છે, કે થવાનું છે."

આવા જથાના છેલ્લા શબ્દને છેડે વિરામચિન્હ હોય તો ચાલે; જો જથામાં બેજ શબ્દ હોય, અથવા જો જથાને છેડે કેવળ ક્રિયાપદ આવે, તો જથાને છેડે વિરામચિન્હ પડતું મૂકાય.

૫૨૨. વાક્યયોગીએ કરીને સંધાયલા **શબ્દો જોડ જોડના થઇને અનેક જોડનો કોઇ ક્રમ** કરે, તો જોડ જોડને છેડે એક લઘુવિરામ ચિન્હ જોઇએ; "રાજા અને પ્રજા, નાના અને મોટા, મૂર્ખ અને જ્ઞાની, ગુરૂ અને ચેલો, બધા એવાજ છે" "એ કામ સારૂં કે ખોટું, ઘટતું કે અણઘટતું, ફાવતું કે નડતું હોય." "અમે ગયા હોત કે નહિ ગયા હોત, દીઠું હોત કે નહિ દીઠું હોત, તો પણ એ કામ એવું ને એવુંજ બનત." "રાજા તો પણ નમ્ર, અધિકારી તો પણ સજ્જન, બળવાન તો પણ માયાળુ, એવો તે છે."

આ છેલ્લા ઉદાહરણમાં, "તો પણ"ની પૂર્વે લઘુવિરામ આવે તો સંધાયલા શબ્દની જોડ જોડને છેડે ગુરૂવિરામ જોઇએ; રાજા, તો પણ નમ્ર; અધિકારી, તો પણ સજ્જન; બળવાન, તો પણ માયાળુ.

૫૨૩. **સમાનાર્થ શબ્દ** આવે તો તેમની વચ્ચે, અને છેલ્લાને છેડે, લઘુવિરામ ચિન્હ જોઇએ; "વડોદરાનો રાજા, ખાંડેરાવ ગાયકવાડ, અહિં પધાર્યા છે." મારો ભાઇ, શિવો, કાલે મારે ઘેર પધાર્યો હતો.—પણ છેલ્લા ઉદાહરણની પઠે, કેવળ કોઇનું નામજ સમાનાર્થદર્શક શબ્દ હોય, તો વિરામચિન્હ વિના ચાલે; "મારા ભાઇ શિવાને તેં દીઠો,—માનાર્થે દીઠા?"

૫૨૪. जो दर्शक सर्वनाम, અથવા બીજો કોઇ શબ્દ, કોઇ વાક્યમાં પૂર્વે આવેલા શબ્દને સમાન અર્થે વપરાય, તો તેની તથા તે પૂર્વેના શબ્દોની

કે વાક્યની વચ્ચે લઘુવિરામ જોઇએ; "જુઠું બોલવું, એ મહા પાપ છે." "ભૂત, ભવિષ્ય, તથા વર્તમાન, એ બધું જાણવું, એ તો કેવળ પ્રભુનું છે." "સિંહાસન, છત્ર, ચમર, મુકુટ, એટલે રાજ્યાધિકારનાં ચિન્હો, તેની પાસે હતાં." "ગામના બ્રાહ્મણ, વાણિયા, બધા એકઠા થયા."

સૂચના. વાક્ય ટુંકું, અને અર્થ સ્પષ્ટ હોય, તો એવા પ્રસંગમાં વિરામચિન્હ પડતું મૂકાય; જેમકે-જુઠું બોલવું એ પાપ છે. અને ઘણાખરા લખનારા વાક્ય લાંબું હોય તો પણ લઘુવિરામચિન્હ પડતું મૂકે છે.

૬૩૫. **इत्यादि विगेरे,** આ શબ્દની પૂર્વે લઘુવિરામ લખાય;— "કામ, ક્રોધ, મોહ, મદ, ઇત્યાદિ દુર્ગુણો."—"તેઓમાંથી આંખ, કાન, વિગેરે પાંચ જ્ઞાનેંદ્રિયો."

૬૨૬. **संबोधन.** **कोइनुं नाम देइने बोलाविये,** ને તે નામ વાક્યને આરંભે હોય તો તેને છેડે લઘુવિરામ જોઇએ; વાક્યની મધ્યે આવે, તો તેની પૂર્વે તથા છેડે વિરામચિન્હ જોઈએ;—

"દિકરા, એવું કરીશ ના."—"એવું તો, દિકરા, તું કરીશ ના."—આ નામની સાથે વિશેષણ ઇત્યાદિ આવે, તો તેઓ સંબોધનમાં ગણાય છે;—"મારા પ્યારા દિકરા, એ કરીશ મા." ગમે તેટલા શબ્દ સંબોધનાર્થે આવે, પણ વિરામનો નિયમ ફરતો નથી;—"મારા હાથના ઉછરેલા તમે બધા લોક, મારી વાતને કાન લગાડો."

૬૨૭. **आज्ञार्थे, प्रश्नार्थे, उत्तरार्थे** ટુંકા શબ્દ આવે, તો તેમને છેડે લઘુવિરામ જોઇએ;—"જો, તેં આ શું કર્યું છે?"—"આવો, આવો, આવોને, મારા ભાઇ,"—"શું, તમે એ નહોતા સમજતા? ના, હું નહોતો સમજતો."—"હા, હું સમજતો હતો ખરો."

૬૨૮. **वाक्यना समतोल खंडो.** જો વાક્ય એવું વિવર્ધિત હોય, કે તેના પૃથક પૃથક ખંડ થાય, અને અકેક ખંડનો ભાર બીજા ખંડોની સાથે અર્થના તોલમાં સરખા જેવો હોય, તો અકેક ખંડને છેડે લઘુવિરામ જોઇએ;- "નીતિ પ્રમાણે રાજ્ય ચલાવવું, અનાથ દુ:ખીઓનો આશ્રો થવો, ચોર કપટી ખુનીઓને શિક્ષા આપવી, ધંધો વેપાર તથા વિદ્યાભ્યાસની વૃદ્ધિ કરાવવી, લોકમાં સદ્ધર્મ અને સદાચારને વાસ્તે ખુલ્લો માર્ગ દેખાડવો, બીજાં આસપાસનાં રાજ્યોની સાથે સમાધાન રાખીને એ રીતે સુજશ મેળવવો, અને બધા પ્રકારથી પ્રજાનું સુખ વધારવું, એ તો ખરા વિવેકી રાજાનું કામ છે.

ખંડના અર્થનો ભાર સમતોલ જેવો નથી ત્યારે કેવું કરવું, તેનો
ા આવશે (૫૩૬–૫૩૯).

૧૯: •સંયુક્તવાક્યોમાં જે પૃથક પૃથક ખંડ છે, તેઓમાં વિવિધ
ધિ જાણ્યામાં આવે છે. સાધારણ નિયમ એ છે કે, ખંડ ખંડની
ાણુ વિરામચિન્હ જોઇએ; પણ જો વાક્યમાં બે ખંડ છતાં પણ તે
ાય, અને તેનો અર્થ સ્પષ્ટ હોય, તો વિરામચિન્હ પડતું મૂકાય
જાણતો કે તમે લખતા હતા." એમજ, જો પૂર્વાર્ધનો ક્રિયાવાચક
બંધક કૃદંત હોય, અને આખું વાક્ય ટુંકું હોય, તો લઘુવિરામચિન્હ
; "તુમારી કીર્તિ સાંભળીને હું આવ્યો છું."

જે વાક્ય કંઇ લાંબું હોય, અને તેમાં વિવિધ વિષયો આવે, તો કૃદંતને
મ હોય તો સારૂં; "હું મારા દેશમાં હતો ત્યારે તમારા જ્ઞાનની મોટી
ીમે, મારાં મનનો સંદેહ તમને જણાવવા સારૂ આવ્યો છું."

. જો સંબંધક કૃદંત બે કે અધિક વાર પૃથક પૃથક ખંડમાં આવે, તો
ને લઘુવિરામ જોઇએ; "મારા દેશમાં તમારી કીર્તિ સાંભળીને,
મનનો સંદેહ ભાગશે એવું જાણીને, તમારી પાસે આવ્યો છું."
ને, પછી થએલું વર્તમાન રાજાને કહેવું એવું નિશ્ચય કરીને, પાંચ
;કારને આપીને, તેની હોડીમાં બેઠો." સિં૦ બ૦ કથા, ૬.

૨૧. સાન્વયવાક્ય. સહગત વાક્યયોગી શબ્દોએ કરીને સંધાયલાં
હોય તો વિરામચિન્હ વિના ચાલે, પણ લાંબાં હોય તો વિરામ-
એ;—**ટુંકાં વાક્ય;** "હું આજ આવ્યો **અને** કાલે જઇશ. તે
કારી છે **તો પણ** નમ્રતા દેખાડે છે. તમને મેં દીઠા **માટે** હું
મને દેખાય છે કે ઓણ પાક સારો છે. જો તે આવશે **તો**
શું." **લાંબાં;** "છેલ્લો પદાર્થ આત્મા; તે કોઇના થકી ઉત્પન્ન
અને તે કોઇને પેદા કરી શકતો નથી." હિં૦ ઇ૦ ૧૯૧. ૨૫.
રાતી, એ મારી જન્મભાષા નથી, **અને** આ મારો પહેલો ગુજરાતી
થકી એમાં ભાષાની ઘણી ચૂકો હશે, **પરંતુ** અર્થની હશે એવું મને
."

. **સંયુક્ત વાક્યના** ઉત્તરાર્ધમાં કોઇનું કંઇ કહેલું અથવા કહેલાના
અવતરણ જેવું, કંઇ આવે, અને તે બે ખંડની વચ્ચે "કે" આવે,
ાજક શબ્દની બેહુ બાજૂએ લઘુવિરામ ચિન્હ જોઇએ;*—

"અને જોતાંજ તેણે ગુસ્સે થઇને કહ્યું, કે, શું તું એટલું નહોતો સમજતો?"

"'ત્યારે વિક્રમે, તેને ચૌદ લાખ રૂપિયા અને નવ ગામનું દાન મોકલીને, ચાકરને કહ્યું, કે, વળી કંઇ કવિની મરજી હોય તો તેને સભામાં લઈ આવજે."

"કે" ને ઠેકાણે બીજો કોઇ શબ્દ હોય તો એજ નિયમ ચાલે છે;—

"અહંકાર.—એ મહત્તત્ત્વ થકી ઉત્પન્ન થાય છે, અમે, હું છું, એવી જે પોતાની અસ્તિત્વ વિષે બુદ્ધિ ઉપર અસર રાખે છે તે આ થકી થાય છે." હિં૦ ષ૦ પૃ૦ ૧૯૧, ૩.

૫૩૩. હવે, પછી, બીજું, વળી, એપર, એ કામ બન્યાપર, એવું છતાં પણ, એવે છતે, એવું છતાં, ઇત્યાદિ 'શબ્દોને છેડે, અગે એવા 'અર્થના ઉપવાક્યોને છેડે, લઘુવિરામ ચિન્હ જોઇએ; જેમકે:—

પછી, કેટલાએક મિત્રોના સમ્મત પ્રમાણે, તેઓ બધા એકઠા થઇને મારી પાસે આવ્યા.—હવે, સાધારણ ચાલ પ્રમાણે, એ કામ એવું હોય તો જુઓ.—બીજું, એ કામમાં તમારે એવું સંભારવું કે મન લગાડો નહિ તો કશું સારૂં બનવાનું નથી.—વળી, હું તમને કહું છું.—એ પર, તે પોતાને ઘેર જવા પાછો વળ્યો.—મેં તેને બહુ સમજાવ્યા છતાં પણ, તેણે મારી વાત માની નહિ.—"વિક્રમ રાજા ધારાનગરમાં રાજ્ય કરતે છતે, તે વખત, અવંતી નગરી પાસે એક બ્રાહ્મણ." "તે વારે, તેની રખેવાલી કરવાં સારૂ, ખેતરમાહે માળો કરીને."

તાત્પર્ય એ છે, કે જ્યારે કાલ, સમય, પ્રસંગ, ક્રમ, કારણ, ઇત્યાદિ અર્થના શબ્દ વાક્યના બીજા શબ્દોની સાથે નિકટ સંબંધ વિના આવે છે, ત્યારે તેઓ લઘુવિરામ ચિન્હે કરીને બીજા શબ્દથી પૃથક કરાય છે.

૬૩૪. સાથે, સુદ્ધાં, એવા અર્થના શબ્દોએ કરીને બીજા વાક્યના પેટામાં જે ઉપવાક્ય આવે છે, તે વાક્યના બીજા ભાગથી લઘુવિરામ ચિન્હે કરીને જૂદા કરાય છે;—રામભાઇ, પોતાના કુટુંબનાં બધાંની સાથે, નિકળી ગયો છે.

૫૩૫. ગુરુવિરામ, વૃદ્ધિવિરામ. સંયુક્તવાક્યના પ્રહ્નાત (૩૮૦) ખંડમાં પરસ્પર નિકટ સંબંધ હોય, તો ખંડ ખંડની વચ્ચે લઘુવિરામ આવે; "તેઓ મારી પાસે આવ્યા હતા, પણ તેથી તેમનું કંઇ વળ્યું નહિ;" જૈનોનાં દેવળો ઘણુંકરીને મોટાં અને દેખાવડાં હોય છે, તેઓનાં માથાંના ભાગ

* ["કે" સંયોજક શબ્દ હોય ત્યારે ઘણુંકરીને એની બેહુ બાજુએ તો નહિ, પણ કેવળ એને છેડેજ અથવા કોઈ વખતે પૂર્વેજ લઘુવિરામ ચિન્હ જોઈએ; જેમ-મને જોતાંજ તેણે ગુસ્સે થઈને કહ્યું કે, શું તું એટલું નહોતો સમજતો?]

સપાટ હોય છે, અને લોકોની ખાનગી હવેલીઓ પ્રમાણે તેઓમાં ચોક અને થાંભલાની હારો હોય છે." (૫૨૮).

પણ સહગત ખંડોમાં અર્થનો સંબંધ ઓછો હોય, તો તેમની વચ્ચે ગુરૂ વિરામ જોઇએ; "જૂઠ તજો; કેમકે જૂઠ સમાન પાપ નથી."

૫૩૬. જ્યારે સાન્વયવાક્યનો એક ખંડ એવું સંયુક્તવાક્ય હોય, કે તેના ભાગ વચ્ચે લઘુવિરામ આવે, ત્યારે,—અથવા જ્યારે અર્થમાં નિકટ સંબંધ રાખનારા સાન્વયના સહગત ખંડો એવા હોય, કે તેઓની વચ્ચે લઘુવિરામજ આવે, ત્યારે,—જો તેમની સાથે અર્થમાં ઓછો સંબંધ રાખનાર એક બીજો ખંડ આવે તો એની સાથે ગુરૂવિરામ જોઇએ; "તમારા મનનો વિચાર બાપને જણાવવો, એ સપૂતનું લક્ષણ છે; નહિ જણાવવો, એ કપૂતનું છે." "જૈનોનાં દેવળો ઘણાં કરીને મોટાં અને દેખાવડાં હોય છે, અને તેમનાં માથાંના ભાગ સપાટ હોય છે, અને લોકોની ખાનગી હવેલીઓ પ્રમાણે તેઓમાં ચોક અને થાંભલાની હારો હોય છે; પરંતુ ક્યારે ક્યારે એ દેવળો હિંદુઓનાં મંદિરો સરખાં હોય છે, અને ક્યારે ક્યારે વર્તુળાકાર હોઇને તેઓની ચોતરફ તીર્થંકરોનાં પ્રચંડ પુતળાં હોય છે." હિં૦ ઇ૦ પૃ૦ ૧૮૧.

૫૩૭. પણ ઉપરના જેવા વાક્યની સાથે ઓછો સંબંધ રાખનાર એવો એક બીજો ખંડ આવે તો તેને વાસ્તે વૃદ્ધિવિરામ જોઇએ;—*

"આકાશથી વાણી કરનાર ન્યાય બોધક, એવો એક અપાર પરાક્રમી અધિકારી છે, તે પાપ પુણ્યનાં યોગ્ય ફળ નિત્ય આપ્યા કરે છે: સત્ય જ્ઞાનનો એક પૂર્વસૂચક છે, તે પવિત્રોમાં સ્વર્ગની આશા, અને દુષ્ટોમાં નરકનું ભય ઉપજાવે છે; એ જાણીને, સદાચારી હર્ખે છે, અને દુરાચારી ધ્રુજે છે." "આ ગ્રંથના બે ખંડ છે: એક ખંડમાં ધર્મનો વિચાર ચલાવેલો છે; અને બીજા ખંડમાં, રાજ્યનીતિનો વિચાર છે."

૫૩૮. જો કોઇ વાક્ય એવું હોય, કે તેમાં કોઇ વાક્યયોગી શબ્દની સાથે ગુરૂવિરામ વાપરવું ઘટે, પણ જો તે વાક્યયોગી શબ્દ પડતો મૂકયો હોય, તો ગુરૂવિરામ ચિન્હને ઠેકાણે વૃદ્ધિવિરામનું વાપરવું જોઇએ;—જૂઠ તજો; કેમકે

* [વૃદ્ધિવિરામનો આકાર વિસર્ગની સાથે મળતો આવે છે માટે તે વિરામચિન્હ ગુજરાતી લેખોમાં લખાય તો વાંચનારને ગુચવણ પડે એવું સંભવે છે. એ હરકત દૂર કરવા સારૂ વૃદ્ધિવિરામ ચિન્હને બદલે ગુરૂવિરામ ચિન્હ ઘણુંકરીને વપરાય છે].

જૂઠ સમાન પાપ નથી. પણ, "કેમકે" આ શબ્દ પડતો મૂકિયે તો,—જૂઠ તજો: જૂઠ સમાન ઇ૦. બિહીકણને હજાર મરણ; અને શૂરાને એકજ છે. "અને" પડતો મૂકિયે તો,—બિહીકણને હજાર મરણ: શૂરાને એકજ.

૫૩૯. વાક્યના ખંડ ખંડની આગળ, ઉપરના નિયમ પ્રમાણે લઘુ ગુરૂવિરામ ચિન્હ વાપરવામાં આવ્યા પછી, જો તેમાં કંઇ વધારવું હોય, તો વધેલા ખંડની પૂર્વે વૃદ્ધિવિરામ ચિન્હ જોઇએ. એવી વૃદ્ધિની સાથે એ ચિન્હ વપરાય છે, માટે એને વૃદ્ધિવિરામ કહિયે; "છાયા ફરતી નથી દેખાતી, પણ ફરેલી દેખાય છે; અને ઘાસ ઉગતું નથી દેખાતું, પણ ઉગેલું જણાય છે: તેમજ આપણી બુદ્ધિ, થોડે થોડે, વધતાં વધતાં, વધી ગયા પછીજ પ્રગટ થાય છે."

અર્થ સરળ સમજાય છે માટે જ્યારે લઘુવિરામ પડતું મૂકાય, ત્યારે, જો તે વાક્યમાં ગુરૂવિરામ હોય, તો તેને સ્થળે લઘુવિરામ લખાય; અને જો તેમાં વૃદ્ધિવિરામ હોય, તો, તેને સ્થળે, ગુરૂવિરામ આવે; એમ, આ પ્રકરણમાં આપેલા પહેલા ઉદાહરણમાં નીચે પ્રમાણે ફેર કરાય;—

"જેમ છાયા ફરતી દેખાતી નથી પણ ફરેલી દેખાય છે, અને જેમ ઘાસ ઉગતું નથી જણાતું પણ ઉગેલું જણાય છે; તેમજ આપણી બુદ્ધિ ઇ૦."

સાન્વયના સહગત ખંડમાં અર્થનો નિકટ સંબંધ નહિ હોય તો તેમની વચ્ચે ગુરૂવિરામ આવે; "સિદ્ધોનાં શરીરોનાં હાડકાં વિગેરે અંશોને તેઓ માનતા નથી; તેઓનાંમાં મઠ નથી; તેઓના ગોરોને જતિ (યતિ) કહે છે; તેઓ બધી જાતિઓમાંના હોય છે; તેઓનો પોશાક બ્રાહ્મણોના પોશાકથી જૂદી તરેહનો હોય છે, તો પણ કેટલાએક દરજ્જે તેઓના સરખા હોય છે;" હિ૦ ઇ૦ પૃ૦ ૧૮૦.

ભિન્નતા અધિક હોય, તો વૃદ્ધિવિરામ જોઇએ;—"જાણો કે પ્રભુના હાથમાં ન્યાયદંડ છે: દીનને દુખાવવું એ પ્રભુને વિરૂદ્ધ બળવો કરવા જેવું છે."

અંત્યવિરામ.

૫૪૦. વાક્યને અંતે, અંત્યવિરામ આવે;—"હું તને કહું છું."—"જે અહિં છે તે તહિં છે."—"આ પુસ્તકોમાં જે લખેલું છે, તે કુરાનને અનુકૂલ, અથવા પ્રતિકૂલ છે; જો અનુકૂલ તો અનુપયોગી, કેમકે તેનો અર્થ કુરાનમાં છેજ; પણ જો પ્રતિકૂલ તો પાખંડી, કેમકે કુરાનને વિરૂદ્ધ ઠરે: માટે, ગમે તે રીતિયે જોતાં, એમને બાળી નાખવાં ઘટે."

શબ્દના એક બે અક્ષર લખીને બીજાને મૂક્યા વિના રહેવા દઇયે, તો અંત્યવિરામ ચિન્હ વપરાય છે;—મી.=મીસ્તર. નાન્ય.=નાન્યતરજાતિ. પણ ઘણુંકરીને એનું ચિન્હ ૦ એવું છે; મી૦, નાન્ય૦.

ગુરૂરેખા.

૫૪૧. ઉપરનાં ચાર વિરામ ચિન્હની સાથે એક પાંચમું વપરાય છે; એટલે, (–); એને **ગુરૂરેખા** કહિયે છિયે: એનો વિવિધ ઉપયોગ છે. વિરામ ચિન્હના સાધારણ નિયમ પ્રમાણે જ્યાં આચકો નહિ ખાવો પડે, ત્યાં જો આચકાનું કંઇ દેખાડવું ઘટે, તો ગુરૂરેખા વપરાય છે; "એટલું તો ખચિત જાણ-કે જ્યાં લગી તમો એવું કરો છો, ત્યાં લગી તમે તેના દિકરામાં નહિ ગણાવાના, અને તમે તેની સાથે વચનના ભાગીદાર નથી." "આ ગ્રંથમાં જે ભાગ કર્યા છે, તેમનો–પહેલો, તત્ત્વજ્ઞાન વિષે છે, અને–બીજો, પદાર્થજ્ઞાન વિષે છે."

સાધારણ નિયમ પ્રમાણે વાકયોમાં જે વિરામ જોઇએ, તે કરતાં લગારેક વત્તો આચકો દેખાડવા ચાહિયે, તો વિરામચિન્હની સાથે ગુરૂરેખા વાપરિયે છિયે; ,–=લઘુવિરામ અને થોડું વત્તું, ;–ગુરૂવિરામ અને થોડું વત્તું ઇ૦; "અલ્યા!—એનું તું શું કહે છે?—આ, જો, હું આવ્યો,—અને તારો ઉત્તર માગું છું. શું;—કંઇ નથી? તો, જા:—હું ગણકારવાનો નથી."

વાકયમાં કોઇ શબ્દ કે કોઇ ઉપવાકય પૂર્વે આવે, અને પછી તેજ અર્થનો કોઇ બીજો શબ્દ કે બીજું ઉપવાકય આવે, અને તે વિષે કંઇ વિશેષ વૃદ્ધિ કે ખુલાસો દેખાડે, તો ગુરૂરેખા વપરાય છે; "ગ્રહણ, ધરવું–પકડવું–ઘેરવું તે." "ભાઇ, આ જગતમાં સંપૂર્ણ સુખની આશા તું રાખીશ મા: ભૂતલે કોઇ પણ સંપૂર્ણ સુખી નથી—અહિં આપણે બધા દુઃખી છિયે." "મરકીમાં તે ગામના બધા લોક મરી ગયા—એક પણ રહ્યું નહિ." "તાં તો હિંદુના બધા વર્ણ હતા—બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શૂદ્ર; અનેક પ્રાંતના લોક–દેશસ્થ, કોકણસ્થ, ગુજરાતના, કાઠીયાવાડના; અનેક ભાષા બોલનારા – મરાઠી, ગુજરાતી, હિંદી, બંગાલી: એમનાં બધાનાં મત એક વિચારમાં મળી આવ્યાં – ભિન્નભાવ દેખાડનાર કોઇ ન હતું."

કોઇ વાકય વિસ્તારેલા જેવું થાય, અને તેમાં દૃષ્ટાંતરૂપી કોઇ ઉપવાકયો આવે, તો તેમની વચ્ચે ગુરૂરેખા આવે;—

"જાગતા રહો" વિશ્વાસીઓને આ આજ્ઞા આપેલી છે. કોઇ મહા બિહીકની વેળા ગામના ચોકીદારને કહિયે, અથવા લડાઇની વેળા પહોરાવાળાને કહિયે, એવી એ આજ્ઞા છે. કોઈ એકાદ પહોરાવાળાના જાગતા રહેવા ઉપર શું શું નથી હોતું વારૂ – કેટલાં માણસોનો જીવ કે મોત–રાજા પ્રજાનું કેટલું સુખ કે દુ:ખ–ધારેલી, નહિ ધારેલી, અને બહુ કાલ 'પહોંચે,' એવી કેટલી અસર–તેને ભરોસે કેટલા હજારોનું મન શાંતિએ રહે છે; માટે, જ્યાં લગી પહોરાવાળો પોતાના પહોરા ઉપર છે, ત્યાં લગી તેના અધિકારને સમાન બીજા કોઇનો છે એવું નહિ કહેવાય,—તે છે, માટે રાજા પોતાના રાજકારભારની ચિંતા થોડીવાર મૂકીને વિશ્રામ કરે છે,—તે છે, માટે વેપારી પોતાની વંખારમાં ભરેલા માલ વિષે શાંત મન રાખે છે,—તે છે, માટે માયાલુ મા પોતાના નાના બાળકને ખોળામાં લઇને આનંદથી ઉંઘે છે; માટે ચોકીદાર, જાગવાનું મૂકીને, થોડીવાર પણ ઉંઘે, એ કંઇ નાનો અપરાધ નથી,—કોઇ દેશના કાયદા પ્રમાણે ઉંઘનાર ચોકીદારને મરણશિક્ષા થાય છે, એ કંઇ અઘટતું નહિ કહેવાય;—તે માનવ જાત છે, રાતની વેળા ઊંઘ આવેજ, માટે એણે સ્વભાવિક નબળાપણાની ભૂલ ખાધી એવું કહીને એને મૂકવો નહિ ઘટે; કેમકે એના જાગતા રહેવાના ભરોસા ઉપર બધા લોક રહ્યા હતા: જ્યારે તે ઊંઘી ગયો ત્યારે તે ખરો વિશ્વાસઘાતી ઠર્યો."

૫૪૨. કોઇ પદાર્થ વિષે કંઇ વિગતવાર લખવું હોય, પણ તેમના વિષે કંઇ પૂર્વે લખવું ઘટે, તો એ પૂર્વ વાક્યને છેડે, વૃદ્ધિવિરામ ચિન્હ અને ગુરૂરેખા આવે.

"આજ જે વેચવામાં આવે તે એ છે:—દશ ઘોડા, પંદર ગાડી," ૯૦. એવા પ્રસંગમાં ગુરૂવિરામ વિશેષે કરીને આવે.

કોઇ વાક્ય અધુરૂં રહી જાય, તો તેને છેડે ગુરૂરેખા આવે; "અલ્યા! સાંભળ, નહિ તો જો, હુ—

૫૪૩. **લઘુરેખા.** છાપવામાં એક બીજી રેખા, ઉપરની કરતાં કંઇ ટુંકી, વપરાય છે, તેને લઘુરેખા કહિયે; તે સાંધણનું ચિન્હ છે. સામાસિક શબ્દો સાથે કરીને નહિ, પણ પૃથક જેવા છપાય, તો તેમની વચ્ચે લઘુરેખા આવે; જેમકે, "ષષ્ઠી-પંચમી;" "ઇંગ્રેજી-ગુજરાતી." અથવા જો અનેક શબ્દ એક જેવાં કરી વપરાય તો; જેમકે, "કદી-નહિ-ભૂલી-જવાય-એવી વાત બની."

છાપતાં લખતાં લીટીનો છેલ્લો શબ્દ અધૂરો રહે,—તેનું પૂર્વાર્ધ ઉપરની લીટીમાં અને ઉત્તરાર્ધ નીચેની લીટીમાં આવે—તો, પૂર્વાર્ધને છેડે લઘુરેખા કરાય છે.

પ્રશ્ન, ઉદ્ગાર, કૌંસ, લોપ, અવતરણ, લઘુસ્વર, થડક કે તાળ, સમાન, પ્રકરણ, ટીકા, સૂચના, ઇત્યાદિનાં ચિન્હો.

૫૪૪. **પ્રશ્નવાચક** શબ્દ વાક્યને છેડે, પ્રશ્નચિન્હ (?), એવું કરીને વપરાય છે; "શું?" "દેશના બધા લોક ત્યાં આવ્યા હશે?"

અનેક પ્રશ્નનો જથો એવો હોય, કે તેઓમાં અર્થનો કે વિષયનો કોઇ સંબંધ હોય, તો એકેકને છેડે નહિ પણ છેલ્લાને અંતે પ્રશ્નચિન્હ આવે, અને, એકેક પ્રશ્નને છેડે, તેના આગળના પ્રશ્નની સાથે તેના સંબંધ પ્રમાણે, ગુરૂવિરામ અથવા વૃદ્ધિવિરામ ચિન્હ જોઇયે; સંબંધ ઓછો તો ગુરૂવિરામ, અધિક તો વૃદ્ધિવિરામ; "આ મહાપાતક કર્યા પછી તમો શું કરશો: અહિં રહેશો; કે ઘેર જશો; કે પરદેશે અજાણ્યા લોકોમાં સંતાઇ રહેશો: મ્હોડું ક્યાં દેખાડશો:—શું, મારા ભાઇ, શું કરી શકશો—એનો શો ઉપાય?"

૫૪૫. **ઉદ્ગારચિન્હ.**—ઉદ્ગારને છેડે (!) એવું ચિન્હ વપરાય છે; અરે! અરરર! હાય હાય! ભલું! છી:! ઉદ્ગારના અર્થના વાક્યને છેડે પણ; "ભલ્લા વિદ્વાન થઇને આવ્યા!" મનનો અતિશય વિકાર જણાવવો હોય, તો અનેક ઉદ્ગાર ચિન્હ સાથે કરીને વપરાય છે;—"ધિક ધિક મારો અવતાર!!"

ઉપર કહેલું છે કે સંબોધનની સાથે લઘુવિરામ આવે; પણ કોઇ વેળા એવું સંભવે, કે સંબોધનની પાસે બીજા શબ્દોનો એવો જથો આવે, કે તેમના એકેકને છેડે લઘુવિરામ જોઇએ, ત્યારે, સંબોધનને છેડે, લઘુવિરામને સ્થલે ઉદ્ગારચિન્હ વપરાય છે. "અરે રાજા! ગુરૂ, વૈદ, અને પ્રધાન, એઓએ છેક મરજી પ્રમાણે બોલવું નહિ." એવા પ્રસંગમાં સંબોધનની સાથે ઉદ્ગારચિન્હ નહિ હોય, તો કોઇ વેળા અર્થનો ઘોળ થાય; જેમકે—"ગોપાળ, જેસંગ, છગન, અને ખેમચંદ આવ્યા છે." અહિં ચાર જણ આવ્યા છે એવું ભાસે:—પણ "ગોપાળ! જેસંગ, છગન, અને ખેમચંદ આવ્યા છે." એવા ચિન્હનો ભેદ કરિયે, તો પહેલાને બોલાવિને કહિયેછિયે કે બીજા ત્રણ આવ્યા છે. એવે પ્રસંગે ઉદ્ગારચિન્હને છેડે ગુરૂરેખા પણ વપરાય છે.

૫૪૬. **કૌંસચિન્હ** બે પ્રકારના છે:—એક ચંદ્રાકાર, ( ),—બીજું કોણાકાર, [ ]. જો કોઇ વાક્ય, કે કોઇ ઉપવાક્યની વચ્ચે એક કે અનેક શબ્દ

એવા વપરાય, કે જેનો સંબંધ વાક્યના બીજા શબ્દની સાથે નહિ છતાં પણ, અર્થના કોઇ ખુલાસાને અર્થે જોઇએ, ત્યારે તેને ચંદ્રાકાર કૌંસની માહે લેવાય; "આ લોક (તેમનો સ્વભાવજ એવો) કંઇ વિચાર કરતા નથી." "નેપાલના અધિરાજા (મહારાજા)ના દરબારમાં."

ટીકા. કૌંસમાં જે શબ્દ આવે તેનો અન્વયાધિકાર ઇત્યાદિનો સંબંધ કૌંસની બહારના શબ્દની સાથે નથી હોતો, માટે, તે શબ્દને કહાડી નાખિયે, તો વાક્યનો અર્થ ગુચવણ વિના ચાલે.

कोणाकार कौंसની માહે જે લખાય તે સંપૂર્ણ વાક્ય હોય છે. કોણાકાર કૌંસની માહે કરેલા વાક્યમાં ચંદ્રાકાર કૌંસમાં લાવવા ઘટે એવા કોઇ શબ્દ હોય, તો તેમને ચંદ્રાકાર કૌંસની માહે કરી લાવવા જોઇએ. પ્રથક શબ્દ, અંકસૂચક શબ્દ, ઇત્યાદિ બેહુ પ્રકારના કૌંસમાં લેવાય.

ચંદ્રાકાર કૌંસને સ્થળે કોઇ વેળા બે ગુરૂરેખા, અને કોઇ વેળા લઘુવિરામ ચિન્હ, વપરાય છે; "એ જાણ (એટલું જાણવું તો ઘણું છે) કે પ્રભુ પ્રત્યેક માણસને પોતાની ક્રિયા પ્રમાણે ફલ ભરી આપશે."—અથવા, "એ જાણ—એટલું જાણવું તો ઘણું છે—કે પ્રભુ" ઇ૦—અથવા, "એ જાણ, એટલું જાણવું ઘણું છે, કે પ્રભુ." ઇ૦.

૬૪૭. लोपचिन्ह :—છંદાદિના કારણથી શબ્દમાં કોઇ અક્ષર લખ્યા વિના વૃત્ત રચિયે, તો તેને સ્થળે લોપચિન્હ આવે; **"ન હતો,"** એની ચાર માત્રા થાય, પણ વૃત્તમાં ત્રણજ જોઇતી હોય, તો **"ન'તો"** કોઇ કરે છે.

૬૪૮. अवतरणचिन्ह. કોઇનું કહેલું કે લખેલું ઉતારી લઇને તેના શબ્દ વાપરિયે, અથવા આપણું પૂર્વે કહેલું ફરી કહિયે, તો ઉતારી લીધેલાને આરંભે (") એવું, અને અંતે (") એવું કરિયે; દલપત એવું કહે છે;—

"સહસા ન સુધરે કોઇ કામ; ધીરજે સાધિયે શત્રુ ગ્રામ;
ધીરજે સમજિયે શ્રેષ્ઠ ગ્રંથ; ધીરજે કાપિયે પ્રૌઢ પંથ."

ઉતારી લીધેલામાં ત્રીજા કોઇનું કહેલું આવે, તો તેને પણ અવતરણચિન્હ જોઇએ; પણ તેઓ બેવડાં નહિ, પણ એકેક છે, ('—') એવું; "તે ગ્રંથકર્તા પોતાનું વખાણ કરે છે, એ સારૂં નથી; કેમકે કવિનું એવું કહેલું છે, 'આપ વડાઇ આપ મુખ ગંડક હોય તે ગાય'."

૬૪૯. લઘુસ્વરનાં ચિન્હ [ᵕ, અને ।,] એવાં, અને- દીર્ઘસ્વરનાં (-, અને ડ) એવાં કરે છે. જ્યાં લઘુસ્વર દેખાડવો ત્યાંજ ᵕ, કે ।, વાપરવું; અને જ્યાં ગુરૂસ્વરે ત્યાંજ -, કે ડ.

૬૫૦. થડક, કે તાળચિન્હ. જે અક્ષર ઉપર ઉચ્ચારનો થડક, કે કવિતામાં તાળ બેસે છે, તેને ચિન્હે કરીને દેખાડવાનું કરિયે, તો માથે (´) એવું કરિયે છિયે; સું´દર; ક´રો; પોતા´નું. એને ઉદાત્ત ચિન્હ પણ કહે છે.

૬૬૧. સમાનચિન્હ (=) એવું કરાય છે. એક શબ્દ કે એક વાક્યનો અર્થ બીજાના જેવોજ છે એવું જણાવવાનું હોય, તો એ ચિન્હ વપરાય છે; જેમકે, ગાયન કરવું = ગાવું.

૬૬૨. પ્રકરણ, અથવા ખંડકાચિન્હ. §, એવે ચિન્હે પ્રકરણ, કે ખંડક, સમજવું; "તે ગ્રંથનું દસમું §" = દસમું પ્રકરણ. એને સ્થળે ¶, પદચિન્હ કોઇ વેળા વપરાય છે.

૬૬૩. ભૂલચિન્હ. લખતાં કોઇ અક્ષર ભૂલી જવાય તો લીટીની નીચે ^ એવું, અથવા ‸ એવું, ચિન્હ કરીને ઉપરની બાજૂએ કે કોરે પડી ગએલો શબ્દ કે અક્ષર લખે છે.

૬૬૪. ટીકાચિન્હ અનેક છે. * ફૂલ, † કટારી, ‡ દ્વિકટારી, ‖ ઉભી દ્વિરેખા, § સર્પગાંઠ (પ્રકરણ ચિન્હ જેવું), અને ¶ પદચિન્હ. જ્યારે મૂળ ગ્રંથના કોઇ શબ્દ પર ટીકા કરી હોય, તો એ ચિન્હો કામમાં આવે છે. કોઇ વેળા એમને સ્થળે આંકડા વપરાય છે. ઉપરનાં ચિન્હોનો અનુક્રમ આંકડા પ્રમાણે એવો છે;—* = ૧, † = ૨, ‡ = ૩, § = ૪, ‖ = ૫, ¶ = ૬; ટીકાની સંખ્યા વધી જાય તો, ** = ૭, †† = ૮, ‡‡ = ૯; અને એમજ, ચિન્હના જોડ જોડ ખુટે, તો ત્રણ ત્રણ કરે છે;—***, †††.

અમૂક શબ્દ ઉપર નહિ પણ સાધારણ ટીકારૂપ કોઇ પ્રકરણ આવે તો તેના આરંભે ⁂ એવાં મૂકેલાં ત્રણ ફૂલ કરે છે.

૬૬૬. સૂચકાચિન્હ ☞; કંઇ વિષે વિશેષ સૂચના આપિયે, ત્યારે હાથનો એવો આકાર કે જેની એક આંગળી કંઇ દેખાડતી હોય એવી લાંબી કરેલી મૂકિયે છિયે.

પદ્યબંધ, અથવા છંદવિન્યાસ.

૫૫૬. કોઈ કોઇ વૈયાકરણો છંદવિન્યાસને વ્યાકરણમાં ગણતા નથી; તો પણ એને વ્યાકરણને અંતે મેળવવો ઘટે છે.

૫૫૭. ઘોષ, અઘોષ, સાનુનાસિક, અલ્પપ્રાણી, મહાપ્રાણી, ઈ વ્યંજનનાં લક્ષણ કહેવાય છે. હ્રસ્વ, દીર્ઘ, અને પ્લુત સ્વરનાં લક્ષણ સ્વરનું એક બીજું લક્ષણ પ્રયત્ન છે. પ્રયત્ન ત્રણ પ્રકારનાં છે, ઉદ **અનુદાત્ત, અને સ્વરિત.** ઉદાત્ત ઉંચો, અનુદાત્ત નીચો, અને સ્વ મિશ્ર પ્રયત્ન છે.* વેદ ભણવામાં એ વિષે વિચાર બહુ થાય છે; મૂળભાષામાં અર્થનો ફેર અને વ્યાકરણના ભેદ એના ઉપર ઠરે છે: ગ્ર ભાષામાં પણ એવુંજ છે. ગુજરાતીમાં વ્યાકરણ વિષે ભેદ પ્રયત્ન ઉપર નથી, ઉચ્ચારમાંજ છે.

૫૫૮. પ્રત્યેક અનેકાક્ષરિ શબ્દમાં, કોઇ અક્ષર ઉપર અધિક, અને ઉપર ઓછું પ્રયત્ન આવે છે. મૂળનો જે પ્રથમ અક્ષર છે, તેના ઉપર ઃ પ્રયત્ન આવે છે; એ પ્રયત્નને ઉદાત્ત કહિયે. એનું ચિન્હ (।) એવું કે (´) કરિયે;—જ઼ેતિ, કપટ, પાલો, પોતાનો, કર, કરાય, કરેલું, વર્તમાન, મ ઉદાત્તની પછીના અક્ષરનું પ્રયત્ન અનુદાત્ત કહેવાય છે; તેનું ચિન્હ અ નીચે (–) એવું, અથવા અક્ષરની ઉપર (`) એવું છે. સ્વરિતનું ચિન્હ એવું કરે છે, અથવા અક્ષરની ઉપર (^) કે (⌣).

મૂળના પ્રથમ અક્ષર ઉપર ઉદાત્ત પ્રયત્ન આવે, એની પછી અક્ષર અનુદાત્ત; પણ જો પ્રત્યય ભારે, કે ઘણા અક્ષરનો થાય, તો તે મૂળના ઉ ખેંચી લે છે, પણ એવી પૂરી રીતિયે નહિ, કે ઉદાત્ત થાય, માટે સ્વરિત થ અમિશ્ર પ્રત્યય ગમે તેવો ભારે હોય, જેમકે, **એલું** તે મૂળના પ્રયત્નને લ નથી; કરેલું બોલેલું; પણ એ રૂપ સાથે આવી મિશ્ર પ્રત્યય થાય, ત્યારે ખેં કરીવાયલું.

૫૫૯. સામાસિક શબ્દ વિષે નિયમ એવો દેખાય છે કે દ્વંદ્વ સ શબ્દોમાં પ્રયત્ન પ્રત્યેક નામના ઉપર રહે છે; "જલથલવાયુમાં;" પણ નામ ઉપર કંઇક વિશેષ, બીજા ઉપર કંઇક ઓછો દેખાય છે.

---

* વાક્યના જૂદા જૂદા શબ્દ ઉપર ભાર દીધાથી અર્થનો જે ફેર થાય પ્રયત્ન નથી કહેતા, પણ અવધારણ કહે છે; **તમે** આજ ઘેર જશો,—તમે ઘેર જશો,—તમે આજ **ઘેર** જશો,—તમે આજ ઘેર **જશો**? આ વાક્યમાં શબ્દથી તે છેલ્લા સુધી એકેક ઉપર વારાફરતી ભાર, કે અવધારણ, આવે; ઉદાહરણમાં જેના ઉપર અવધારણ છે તે જાડા અક્ષરમાં આપેલો છે; તે અનુક્રમે વાંચતાં સહેજે જાણવામાં આવશે કે વાક્યના જૂદા જૂદા શબ્ અવધારણ આવતાં અર્થનો કેવો ફેર થાય છે.

જો સમાસનું પૂર્વપદ વિશેષણ કે વિભક્તિ હોય, તો તેના ઉપર ઉદાત્ત આવે; રા'જકુલ, મ'હામન, દુ'ષ્કર્મ. એક કે અનેક ઉપસર્ગ હોય, તો એજ નિયમ;—અ'ત્કાર, પ્ર'તિકાર, અ'વતાર, વ્યા'કરણ, વ્યુ'ત્પાદક.

૫૬૦. ઉદાત્ત અક્ષર હ્રસ્વ, અને આગળનો દીર્ઘ હોય, કે મહાપ્રાણી હોય, તો ઉદાત્ત પ્રયત્ન ઉચ્ચારમાં થોડું લેવાય, પણ નષ્ઠ થતું નથી-કેવળ ફીકું થાય છે; ક'પાલ, ક'ઠોર. પણ, સામું, જો જોડાક્ષર આગળ આવે, તો ઉદાત્તને પુષ્ટી મળે છે, [આ પુષ્ટી (") એવું કરી દેખાડિયે;]-પુ"ત્ર પુ"ષ્ટ. એવા પ્રસંગમાં હ્રસ્વસ્વર દીર્ઘ ગણાય છે; પણ એટલુંજ નહિ, જો જોડાક્ષરના પૂર્વાક્ષર પર ઉદાત્ત નહિ હોય તો પણ સ્વર દીર્ઘ ગણાય છે;—ક'નિષ્ઠ.

૫૬૧. કવિતામાં જે તાલ' કહેવાય છે, તે ઉદાત્ત પ્રયત્ન જેવો દેખાય, તો પણ ભિન્ન છે; કેમકે કોઇ વેળા શબ્દના ઉદાત્ત પ્રયત્નના અક્ષર ઉપર તાલ બેસે છે, અને કોઇ વેળા બેસતો નથી. નીચેના પહેલા ઉદાહરણમાં ઉદાત્ત પ્રયત્ન અને તાલ તેનેતેજ અક્ષર ઉપર આવે છે, અને બીજામાં નથી આવતાં. ઉદાત્ત પ્રયત્ન દેખાડવા (') એવું કરિયે, અને તાલ બાળબોધ અક્ષરથી દેખાડિયે;

દોહા. **શો'ધક બો'ધક સ'ર્વમાં એ'વી ચા'લી વા'ત.** પણ,—

સવૈયા. **શો'ધ કરે લો'કો મનમાં તો * નિ'ત જૂએ તે'માં અ'વિચાર.**

બધા ઉદાત્ત અક્ષર ઉપર છંદનો તાલ લાવે તો કવિતા ગદ્ય જેવી વંચાય; કોઇ પણ ઉદાત્ત સ્વર ઉપર તાલ નહિ આવે તો છંદ દીપે નહિ.

૫૬૨. **છંદ, તુક.** અમુક સંખ્યાની માત્રા, કે અમુક સંખ્યાના અક્ષર, નિયમ પ્રમાણે ગોઠવવામાં આવ્યા, તો તેઓએ કરી જે સંપૂર્ણ વાક્ય રચાય છે તે એક છંદ કહેવાય છે. છંદને વૃત્ત અને શ્લોક પણ કહે છે. એક શ્લોકના વિશેષે કરીને બે, અને ઘણીખરી વાર ચાર, અને કોઇ વેળા છ, ભાગ હોય છે. એઓ છંદનો કે શ્લોકનો પહેલો, બીજો, ત્રીજો, ૪૦ તુક કહેવાય છે. જ્યારે બેજ તુક હોય છે ત્યારે પહેલો તુક શ્લોકનો પૂર્વાર્ધ અને બીજો ઉત્તરાર્ધ કહેવાય છે. તુક કોઇ વેળા પાદ કહેવાય છે, માટે, ચોપાઈ = ૪ પાદ; છપો = ૬ પાદ.

૫૬૩. **પાદ, યતિ—જતિ.** તુકના અનેક વિભાગ હોય છે, એમને પાદ કહે છે. પાદની માંહે પણ ભાગ આવે છે, તેને **યતિ** કહે છે. પાદને અંતે શબ્દ સંપૂર્ણ થવો જોઇએ; પણ યતિને અંતે શબ્દ પૂરો હોય કે ન હોય. વિદ્યાર્થીએ સમજવું કે કોઇ વેળા તુકને પાદ કહે છે. જ્યારે પાદમાં વિભાગ નથી ત્યારે તેને કોઇ યતિ કહે. છંદ બોલતાં યતિની આગળ થોડો આચકો

* દુકા શબ્દ પ્રથક શબ્દ હોય તો તેનું પ્રયત્ન ઉદાત્ત ગણાય, પણ જો અનુગ હોય તો અનુદાત્ત; પણ, જાણો કે એવું નથી; વળી, એવું પેણ જાણવું.

આવે.* નીચેના ઉદાહરણમાં યતિની જગ્યા (˘) એવું કરીને, અને પાદની જગ્યા (´) એવું કરીને દેખાડિયે છિયે.

દોહા. આ અવસર આં દેશમાં" સંપ ન દીશે´ લેશ,
ઘરમાં કુલમાં˘ નાતમાં" કરે કુસંપ ક˘લેશ;
સહુ જન મન ધનને ચહે" ન ચહે સંપ જ˘રૂર,
ન ડરે લેશ કુ˘સંપથી" એ અજ્ઞાનજ˘ ઉર.

ચોપાઈ. પેલે માગ્યા˘ સાતજ માલ; એને ચૌદ થ˘યા તત્કાલ.

૬૬૪. **પ્રાસાનુપ્રાસ.** ગુજરાતી કવિતામાં છંદના પૂર્વાર્ધને છેડે જે અક્ષર આવે તેજ અક્ષર ઉત્તરાર્ધને છેડે ફરી આવે; જેમકે, ઉપરના ઉદાહરણમાં "જરૂર–ઊર; લેશ–કલેશ." પૂર્વાર્ધનો છેલ્લો અક્ષર **પ્રાસ,** ઉત્તરાર્ધનો **અનુપ્રાસ** કહેવાય છે.

૫૬૫. પ્રાસાનુપ્રાસનો વિશેષ નિયમ એ છે, કે પૂર્વ અને ઉત્તરપાદના છેક છેલ્લા અક્ષર બેહુ તેનેતેજ હોય; તેની પૂર્વના સ્વર પણ તેનેતેજ; પણ, આની પૂર્વે જે અક્ષર, તે પ્રાસમાં એક અને અનુપ્રાસમાં બીજો; જેમકે, "નાશ–કાશ;" "દાન–માન." જો પ્રાસના ત્રણે ભાગ (છેલ્લો અક્ષર, તેની પૂર્વનો સ્વર, અને એની પૂર્વનો વ્યંજન,) સરખા હોય, તો પ્રાસાનુપ્રાસ અશુદ્ધ કહેવાય છે; જેમકે, "લેશ–ક-લેશ." "શૂર–અશૂર."

૫૬૬. પ્રાસને છેડે ગમે તેવા અક્ષર આવે, તેઓ પ્રાસના નહિ પણ પ્રાસની સાથે વળગેલા કહેવાય છે; જેમકે,—

"મારા સર્વે દેશિયો, તેજ થયા છે દ્વેશિયો."

એમાં "દેશ–દ્વેશ," પ્રાસાનુપ્રાસ છે, "ઇયો" સાથે આવેલા અક્ષર છે.

પ્રાસાનુપ્રાસમાં એ અવશ્ય છે, કે તેમના પહેલા અક્ષર ઉપર છંદનો તાલ આવે; તાલ વિના પ્રાસ કદી દીપે નહિ.

ટીકા. સંસ્કૃતમાં કવિતાનો વિશેષ ભાગ નિષ્પ્રાસ છે: એમજ, ગ્રીક અને લાટીન ભાષાની પુરાતન કવિતામાં પ્રાસ નથી; ઈંગ્રેજીમાં કેટલાએક ઉત્કૃષ્ટ કવિતાના ગ્રંથ પ્રાસ વિના રચેલા છે; તામલ અને તૈલિંગ ભાષામાં પ્રાસાનુપ્રાસે કરી કવિતા રચતા નથી.

કોઇ એવું ધારે છે કે પ્રાસાનુપ્રાસનાં બંધન નિરૂપયોગી છે; અને એટલુંજ નહિ, પણ પ્રાસે કરીને ઉત્કૃષ્ટ કવિતા રચાય નહિ. તેમના ધાર્યામાં એવું છે, કે છોકરાની રમત જેવો પ્રાસનો વેપાર છે; પણ એવું હોય કે ન હોય, એમાં રસ ઉત્પન્ન થાય છે, અને ઘણાને ભાવે છે. નિષ્પ્રાસ કવિતા લખિયે તો વિષય, વિવેક, વિચાર, બધાય ઉત્કૃષ્ટ જોઇએ.

---

* યતિ = વિશ્રામ, માટે પાદ પછી મહાયતિ, અને તુકને અંતે પૂર્ણ યતિ આવે.

૬૬૭. **મિત્રાક્ષર** જ્યારે પ્રાસાનુપ્રાસની પેઠે અક્ષર ઉચ્ચારમાં મળે છે, ત્યારે તેઓ મિત્રાક્ષર કહેવાય છે. પ્રાસાનુપ્રાસમાં જે મિત્રાક્ષર આવે છે, એટલે તુક તુકનાં છેલ્લા અક્ષર, તે વિના બીજી જાતના મિત્રાક્ષરો છે. એને **પાદપ્રાસ,** અથવા **યતિપ્રાસ,** કહિયે; એટલે, જ્યારે તુકમાં અનેક પાદ હોય, અને પાદ પાદના છેલ્લા અક્ષર મિત્રાક્ષર હોય તો; જેમકે:—

મરહટ્ટા છંદ. "સહુ સંશય **કાઢી,** હઠને **પાડી,** આપો આ વિશ્વાસ;
ભય દૂર **કરાવો,** ગર્વ **તજાવો,** કાઢો સર્વે નિરાશ."

એમાં તુક તુકના પ્રાસાનુપ્રાસના મિત્રાક્ષરો "વિશ્વાસ-નિરાશ"માં આવ્યા; પછી પૂર્વતુકમાં "કાઢી-પાડી," અને ઉત્તરતુકમાં "કરાવો-તજાવો," આ શબ્દમાં પાદપ્રાસ, કે યતિપ્રાસ આવ્યા.

झड़. ત્રીજી જાતના મિત્રાક્ષરને ઝડ કહે છે; એટલે જ્યારે મળતા ઉચ્ચારના કેટલાએક અક્ષરો (કોઇ કહે છે, કે **સ્વરો**) એકજ તુકમાં આવે; જેમકે—

"પરમ ધર્મ કે કર્મકો મર્મ લહત વિન ભરમ,
તકત પતિ સુત વકતકો રખત સદા દ્રુગ શરમ." દલપત.

यमक. પણ બે કે ત્રણ કે **અધિક વાર તેજ** શબ્દ એક છંદમાં આવે તો તેને યમક, કે જમક, કહે છે;—

"**જાણીતો** ન હતો પંથ; જોઇને **જાણીતો** થયો;
જાણીતો થઇને કીધા **જાણીતા** તમામને." દલપત.

૬૬૮. **चोक.** કોઇ છંદ એવા છે કે જો તેના એકેક તુકને બે પાદ હોય, અને એમ આખા છંદના ચાર પાદ થાય, તો પહેલા તથા ત્રીજા પાદના અંત્યાક્ષર, અને બીજા તથા ચોથાના અંત્યાક્ષર મિત્રાક્ષર હોય; એને **ચોક** કહે છે; જેમકે:—

ગરબી છંદ. થોડો જોઇ **અપરાધ,** મંદિરિયાને મારે;
બલવંતાનો **બાધ** કરી શકે નહિ ક્યારે;
વરતાવે નહિ **ધર્મ** રૈયત જનનો રીતે;
પોતે પણ સત **કર્મ** કરી કરે નહિ પ્રીતે. કાવ્ય દો૦ પૃ૦ ૧૧.

સોરઠા છંદમાં પ્રાસાનુપ્રાસ પહેલા અને ત્રીજા પાદને અંતે દેખાય, પણ બીજા અને ચોથામાં આવે કે નહિ આવે;—

"જે જન ઇચ્છે **જ્ઞાન,** પ્રભુ પાસે તે શોધવું;
ભક્તિ વિના જે **જ્ઞાન,** અંતે દુ:ખમાં નાંખશે."

અથવા. "પરમ ધરમ પ્રતિપાલ સુજન સુકર્મ સદા કરે;
ભરમ તજી સંભાલ ધર્મતણી મનમાં ધરે."

૫૬૯. લાટાનુપ્રાસ શબ્દની આદિએ જે મિત્રાક્ષર આવે છે તે;—
"ધરૂં તેનું ધ્યાન"—"કથા સુણો સહુ કાન"—"ભાળી સુંદર ભામ"
"સંપની વાણી સાંભળી";—એના પણ મિત્રાક્ષર પર છંદનો તાલ જોઇએ:—

"છળ ભેદ છાની રીતે, છોને લોક છેતરીને;
છેડે બાંધ્યું છે તે પાપ છોડ્યું કેમ છૂટશે." દલપત.

ટીકા. તાણી તોડીને મિત્રાક્ષર લાવિયે તો છંદ દીપે નહિ. જેમકે—

"ખાસ વાસની શ્વાસ લઇ, નાસ આસતે ભાઇ."

પણ તાણી તોડીને મેળવ્યા વિના જેમ વધારે તેમ સારૂં; જે૦—

"આસપાસ આકાશમાં વિશ્વપતિનો વાસ."

ગણ ઉપગણ.*

૫૭૦. કવિતા રચવા વિષે લખતાં, લઘુ અક્ષર જણાવવો હોય, તો **લ**, અને ગુરૂ જણાવવો હોય, તો **ગ** કરે છે. બબે અક્ષરના ચાર ઉપગણ થાય છે; લલ=᳘᳘; લગ=᳘—; ગલ=—᳘; અને ગગ=— —.

ત્રણ ત્રણ અક્ષરના આઠ ગણ થાય છે, એમના એકેકને વાસ્તે નામરૂપ અક્ષર ઠરાવ્યા છે;—**ન, ભ, જ, સ, ય, ર, ત, મ**;—નગણ ᳘᳘᳘; ભગણ —᳘᳘; જગણ ᳘—᳘; સગણ ᳘᳘—; યગણ ᳘——; રગણ —᳘—; તગણ ——᳘; મગણ ———. ચાર અક્ષરનો એક **હયગણ** છે, ᳘᳘᳘᳘. એમ ગણ ઉપગણ મળીને ૧૩ ગણ થાય છે.†

	અક્ષર	રૂપ	નામ	માત્રા	ઉદાહરણ.
૧	૨	᳘᳘	લલ	૨	યતિ
૨	૨	᳘—	લગ	૩	કલા

* ગણ ઉપગણનો ભેદ સાધારણ પિંગળમાં નથી; વેદનાં પિંગળ સૂત્રમાં છે.

† ગણની સંખ્યાએ કરી કાવ્ય રચવાની રીતિ આર્ય ભાષા બોલનારા ઘણા લોકોમાં ચાલી. ભાષા ભાષાની ભિન્નતા પ્રમાણે કાવ્યના ભિન્ન ધોરણ હશે, તો પણ બધામાં કંઇ પણ એવું મળતું છે, કે જેના ઉપર અનુમાન થાય છે કે કાવ્ય રચવાનો વિવેક આર્યકુલના મૂળ સ્વસ્થાનમાં પ્રગટ થયા પછી તેમનાં ગોત્રો એક બીજાથી જુદાં થયાં. જૂના સંસ્કૃત અને જૂના ગ્રીક કાવ્યમાં છંદનો ફેર ઘણો છે ખરો—એકને એક છંદ, બીજાને બીજો ભાગ્યો; પણ કાવ્યના ઘણા નિયમ બેઉને એવા સામાન્ય છે, કે મૂળનો સંબંધ દેખાય છે.

અક્ષર		રૂપ	નામ	માત્રા	ઉદાહરણ.
૩	૨	−⏑	ગલ	૩	માન
૪	૩	⏑⏑⏑	નગણ	,,	નગર
૫	૨	−−	ગગ	૪	માતા
૬	૩	−⏑⏑	ભગણ	,,	ભોજન
૭	૩	⏑−⏑	જગણ	,,	જણાવ
૮	૩	⏑⏑−	સગણ	,,	શશલો
૯	૪	⏑⏑⏑⏑	હયગણ	,,	હલધર
૧૦	૩	⏑−−	યગણ	૫	યથાર્થી
૧૧	૩	−⏑−	રગણ	,,	રોહિણી
૧૨	૩	−−⏑	તગણ	,,	તૈલંગ
૧૩	૩	−−−	મગણ	૬	માનેલો

૫૭૧. વેદના સૂક્તોની રચના જોઇને તેના ઉપર સૂત્રગ્રંથ લખનારા થયા. પિંગળ નામે મુનીએ એ વિષે પહેલાં વિસ્તારથી લખ્યું. જ્યારે સંસ્કૃત શબ્દોમાં વિકાર થઇ પ્રાકૃત થવા લાગ્યા, ત્યારે વિકૃત ભાષાના ભેદને અનુસરતું કાવ્ય ચાલ્યું; એને અનુસરતા પછી બીજા નિયમો કર્યા. એ વિષે લખેલા ગ્રંથો પિંગળ મુનીના નામ ઉપરથી પિંગળ કહેવાય છે.

સંસ્કૃત અને પુરાતન પ્રાકૃતમાં લખેલાં પિંગળો ઉપરથી અર્વાચીન ભાષામાં કેટલાએક ઉતારા થયા. એમનો અભ્યાસ કરીને ગુજરાતના ભાટ ચારણાદિ કવિઓ છંદ રચતા આવ્યા છે. ગુજરાતીમાં થોડાજ વર્ષથી પિંગળનો ઉતારો થયો છે. નર્મદાસંકરે, કવીશ્વર દલપતરામે, અને કવિ હિરાચંદ કાનજીએ પિંગળ લખી પ્રગટ કર્યાં છે.

૫૭૨. બે વર્ગના છંદ છે; એક—માત્રાને ધોરણે રચેલો, માત્રા છંદ; અને બીજો—અક્ષરને ધોરણે, અક્ષર છંદ. એ વર્ગોને અનુસરતા નીચેના કોષ્ટકમાં બે ભાગ કર્યા છે.

આ કોષ્ટકમાં, માત્રા છંદના ભાગનું ધોરણ એ છે;-પહેલી ઓળમાં ક્રમના આંકડા; બીજીમાં છંદનાં નામ; ત્રીજીમાં એકેક તુકની માહે માત્રા કેટલી તેના આંકડા; ચોથીમાં, તુકમાં કેટલા તાલ તેના આંકડા; પછી જે બે માત્રાની વચ્ચે મહાજતી આવે તેની જગ્યા કહેલી છે. પછી એક બેવડી લીટી આવે છે; એની જમણી બાજુએ, એકેક પાદમાં કેવા કેવા ગણ આવે છે,

તે દેખાડેલા છે. પહેલાં તાલને પૂર્વે જે અક્ષર કે માત્રા આવે તે પહેલું દેખાડેલું છે, પછી કિયા કિયા અંતરે, એટલે કેટલી કેટલી માત્રા પછી, તાલ બેસે છે તે દેખાડેલું છે. જ્યાં લઘુ અક્ષરનો નિયમ છે ત્યાં ⏑, અથવા એકડો (૧); જ્યાં ગુરૂ અક્ષરનો નિયમ ત્યાં –; જ્યાં ગુરૂ લઘુના નિયમ વિના બે માત્રા (એટલે એક ગુરૂ અથવા બે લઘુ અક્ષર) આવે, ત્યાં બગડો (૨); જ્યાં ત્રણ માત્રા [⏑⏑⏑, કે –⏑, કે ⏑–,] ત્યાં તગડો (૩); જ્યાં ચાર માત્રાનો નિયમ [––,–⏑⏑, ⏑⏑–, ⏑–⏑, ⏑⏑⏑⏑,] ત્યાં ચોગડો (૪) છે. મહાજતિની જગ્યાએ (″) એવું, અને અલ્પયતિની જગ્યાએ (′) એવું કર્યું છે.

કોષ્ટકમાં આંકનું ધોરણ આ નીચેના ઉદાહરણ ઉપરથી જણાશે. દોહા, ૪ ૪′ ૨ ૧ ૨″ ૪ ૪′ ૨ ૧.″ એટલે ચચાર માત્રાના બે ગણ, અહિં અલ્પયતિ; પછી ૨ ૧ અને ૨ માત્રાના અક્ષર, અહિં પૂર્વપાદ (= ૧૩ માત્રા) પૂર્ણ થયો માટે″; પછી ફરી ચચારના બે ગણ; અહિં અલ્પયતિ; પછી ૨ ને ૧ માત્રા આવે તો ઉત્તરપાદ (= ૧૧ માત્રા) થયો. એ બે પાદ મળીને છંદનો પૂર્વતુક, કે પૂર્વાર્ધ થયો, = ૨૪ માત્રા.

૪	૪′	૨,૧,૨=૧૩″	૪	૪′	૨,૧ = ૧૧ કુલે ૨૪
સહુજન	મન ધન	ને ચહે	ન ચહે	સંપજ	દૂર

દોહામાં એ રીતિ દીપે છે. પણ કોઇ વેળા, ચચારના ગણથી જે આઠ માત્રાની યતિ થાય છે, તેમાં ૩ ૩ ૨, કે ૨ ૩ ૩, માત્રાનો અનુક્રમ એવો આવે;—

"કામ કાજમાં′ લિપ્ત છે;" કે, "તે રામ નામ′ નિત જપે." પણ એવું બહુ લખવું નહિ, કેમકે તેથી તાલ ભાંગ થઇ છંદનો ઢાળ બગડે છે.

ચચાર માત્રાના ગણમાં જગણ (⏑–⏑) ભાગ્યે દીપે છે. જોડ જગણ (⏑–⏑ ⏑–⏑) આવેજ નહિ.

અનેકાક્ષરી શબ્દનો છેલ્લો અક્ષર લઘુ હોય, ને તેને ગણનો પહેલો કરિયે, કે તેના ઉપર છંદનો તાલ લાવિયે, તો દીપતું નથી.

⁎ કોષ્ટકની સાથે ઉદાહરણો લખી દેખાડવા હું ઇચ્છતો હતો. ઘણાખરાનાં ઉદાહરણો મેં એકઠાં કર્યાં છે, પણ બધાનાં મને મળ્યાં નથી; ગોઠવીને કરાય ખરાં, પણ એમાં વધારે વિચાર જોઇએ.

	નામ.	માત્રા.	તાલ.	યતિ.		૧ લો ૨ જો તાલ
૧	ગમક	૫	૧	...	૨	૩
૨	વામ	૬	૨	...	...	૩ ૩
૩	કાંતા	૭	૨	...	...	૪ – ⏑
૪	મધુભાર	૮	૨	...	૨	૩ – ⏑
૫	દીપક	૧૦	૨	...	૨	૨ ૧૨ – ⏑ ૩ જો તાલ
૬	અભીર	૧૧	૩	...	..	૪ ૪ – ⏑
૭	તુરગ	૧૨	૩	...	...	૪ ૪ – –
૮	વરવીર	૧૨	૩	૫,૭	⏑⏑	૩´ ૪ – ⏑
૯	જળતરણુ	૧૩	૩	...	...	૫ ૫ – ⏑ ૪ થો તાલ
૧૦	હાકળી	૧૪	૪	૮,૬	...	૪ ૪´ ૪ –
૧૧	ગજલ	૧૫	૪	૭,૭	...	૩ ૪ ⏑´ ૪ – ⏑ ૫ મો ૬ ઠો તાલ
૧૨	ઉધોર	૧૪	૬	...	...	૨ ૨ ૩ ૨ ૨ – ⏑
૧૩	જેકરી	૧૫	૪	૭,૮	...	૪ ૪ ૪ ⏑ –
૧૪	ચોપાઇ	૧૫	૪	૮,૭	...	૪ ૪´ ૪ – ⏑
૧૫	ચરણાકુલ	૧૬	૪	૮,૮	...	૪ ૪´ ૪ – – = અડિલ.
૧૬	અલક	૧૬	૪	૮,૮	...	૪ ૪´ ૪ – ⏑⏑
૧૭	પધરી	૧૬	૪	૧૦,૬	૨	૩ ૫´ ૨ ⏑ – ⏑
૧૮	નરવદ	૧૯	૫	૧૨,૭	...	૪ ૪ ૪″ ૪ – ⏑
૧૯	નિદેશ	૨૦	૫	...	...	૪ ૪ ૪ ૪ – –
૨૦	પવંગમ	૨૧	૫	૧૧,૧૦	...	– ૨ ૪ ૩″૧ ૪ ૨ ⏑ –
૨૧	સુબોધ	૨૨	૬	૧૧,૧૧	...	૪ ૪ ૩″ ૪ ૪ ૩
૨૨	મહીદીપ	૨૨	૪	૧૨,૧૦	...	૩ ૩ ૩ ૩´ ૩ ૩ – –

	નામ.	માત્રા.	તાલ.	યતિ.		૧ લો	૨ જો	૩ જો	૪ થો	૫ મો	૬ ઠો	૭ મો તાલ		
૨૩	અદર ...	૨૨	૫	૧૨,૧૦	...	૪	૪	- -″	∪ ૪	- ∪ -				
૨૪	હીર ...	૨૩	૭	૧૨,૧૧	...	- ૧	૩ʹ	- ૧°	૩″	- ૧	૩″	- ૧ -		પાદે પાદે પ્રાસ.
૨૫	ગરબા ...	૨૩	૬	૧૧,૧૨	...	૪	૪	૩″	૪	૪	૨ -			
૨૬	દ્રિટપ્રટા ...	૨૩	૫	૧૩,૧૦	...	૪	૪	૨ ૧૨″	૪	- -				. = નીસાની
૨૭	વિક્ષાત ...	૨૪	૬	...	...	૪	૪	૪	૪	- ∪∪	- -			
૨૮	કાવ્ય ...	૨૪	૬	૧૧,૧૩	...	૪	૪	૩″	૫	૪	- -			
૨૯	દોહા ...	૨૪	૬	૧૩,૧૧	...	૪	૪ʹ	૨ ૧૨″	૪	૪	- ∪			
૩૦	સોરઠા ...	૨૪	૬	૧૧,૧૩	...	૪	૪ʹ	- ∪	૪	૪	૨ ૧૨			
૩૧	રસાવળી ...	૨૪	૬	૧૧,૧૩	...	૪	૪	- ∪″	૫	૪	- ∪∪ અથવા ∪∪ -			
૩૨	ઊગાહ ...	૨૬	૭	૧૫,૧૧	∪∪	- ∪∪	-	૪	૩″	૪	૪	- ∪		
૩૩	શંકર ...	૨૬	૭	૧૬,૧૦	૨	૩	૪	૩	૪″	૩	૪	- ∪		
૩૪	શરણાગત ...	૨૭	૭	૧૬,૧૧	...	૪	૪	૪″	૪	૪	૪	- ∪		
૩૫	ચોપાયા ...	૨૮	૭	૧૬,૧૨	...	૪	૪	૪	૪″	૪	૪	- -		
૩૬	પૈડી. પૈડુ ...	૨૮	૭	૧૩,૧૫	...	૪	૪	૨ ૧૨″	૨	૪	૪	- ∪ -		
૩૭	ગીયા ...	૨૮	૭	૧૬,૧૨	૨	૩	૪	૩	૪″	૩	૪	- ∪ -		
૩૮	મરહઠા ...	૨૯	૭	૧૦,૮,૧૧	૨	૪	૪°	૪	૪″	૪	૪	- ∪		
૩૯	ચોબોલા ...	૩૦	૭	૧૬,૧૪	...	૪	૪	૪	૪″ ૨	૪	૪	૨ -		૮ મો તાલ
૪૦	રૂચિરા ...	૩૦	૮	૧૬,૧૪	...	૪	૪ʹ	૪	૪″	૪	૪	૪	-	. = સવૈયા ત્રીસી.
૪૧	સવૈયા ૩૧ સી ...	૩૧	૮	૧૬,૧૫	...	૪	૪ʹ	૪	૪″	૪	૪ʹ	૪	- ∪	
૪૨	પૌમાવતી ...	૩૨	૮	૧૬,૧૬	...	૪	૪ʹ	૪	૪°	૪	૪	૪	- -	= સવૈયા બત્રીસી.
૪૩	લીલાવતી ...	૩૨	૮	૧૮,૧૪	૨	૪	૪ʹ	૪	૪°	૪	૪	૨ -	-	[પ્રાસાનુપ્રાસ.
૪૪	ત્રીભંગી ...	૩૨	૮	૧૦,૮,૮,૬	૨	૪	૪°	૪	૪°	૪	૪″	૪	-	૧લે, ૨જે, ૩જે પાદે

૪૫	પદ્માવતી ...	૩૨	૮	૧૦,૮,૧૪	૨	૪	૪	૪	૪″	૪	૪	૪	–	૧ લે, ૨ જે પાદે
૪૬	દુમલા ...	૩૨	૮	૧૬,૧૬	૨	૪	૪	૪	૨″૨	૪	૪	૪	–	[પ્રાસાનુપ્રાસ.
૪૭	દુમિલિયા ...	૩૨	૮	૧૦,૮,૧૪	૨	૪	૪″	૪	૪″	૪	૪	૪	–	
૪૮	દંડક ...	૩૬	૮	૧૦,૮,૧૪	૨	૪	૪″	૪	૪″	૪	૫	૪	૪	
૪૯	ઝૂલણા ...	૩૭	૮	૧૦,૧૦,૧૦,૭ ...	૨	૧૨	૨ ૧૨′	૨ ૨૧	૨ ૧૨″	૨ ૧૨	૨ ૧૨′	૨૧	– –	૯ મો વાળ
૫૦	મદનહરા ...	૪૦	૯	૧૦,૮,૧૪,૮	૨	૪	૪′	૪	૪′	૪	૪	૩ ૮	૨″૨ ૪ –	[ચોક પ્રાસ
૫૧	ચુલિકા ...	૩૧	૭	૧૩,૧૧,૫ ...		૪	૪′	૨	૨૧૨″૪	૪′	૨૧	૮	– –	દોહા પછી ૫ માત્રા
૫૨	ગાથા, આર્યા	૩૦	૮	૧૨,૧૮ ...		૪	૪	૪″	૪	૪	૪	૪	–	પહેલો અર્ધ.
		૨૭	૮	૧૨,૧૫ ...		૪	૪	૪″	૪	૪	૧	૪	–	પાછલો અર્ધ.

૫૩ ગીતી ... ગાથાનો પહેલો અર્ધ બેવડાવ્યે એ થાય છે.

૫૪ ઉપગીતી ... ગાથાનો પાછલો ભાગ બેવડાવ્યે એ થાય છે.

૫૫ ઉદ્દગીતી ... ગાથાનો પહેલો તે પછી, અને પાછલો તે પહેલો કર્યે એ થાય છે.

૫૬ કુંડળિયા ... આ છંદના છ ચરણ,=તુક, છે. પહેલું ને બીજું દોહા, બીજાં કાવ્ય. દોહાનો છેલ્લો પાદ કાવ્યના પહેલાં પાદમાં આવવો જોઇએ. અને છંદને આરંભે જે શબ્દ તે તેને અંતે પણ જોઇએ.

૫૭ છપ્પો ... આ છંદના છ ચરણ,=તુક, છે. પહેલા ચાર કાવ્યનાં તુકો, પછી દોહાના પહેલા પાદ (તેર માત્રાનો જે છે તે)ના જોડ જોડના બે તુક કરી, તેમને આરંભે બે માત્રા વધારે મૂકવી. એ તુકની પૂર્વે કરેલી માત્રાપર તાલ નથી, પણ દોહાના ઉત્તરપાદ જેવો જે ભાગ રચેલો છે, તેના પર દોહાની રીતિ પ્રમાણે તાલ આવે.

૫૮ ચંદ્રાવળા ... "ચરણાકુળનું ચરણ રચીને, દુહા ઉત્તર પદ દેખ;
બે ચરણો તો એમ બતાવી, પછિ કુંડળિ પણ પખ;
પછિ કુંડળિ પણ પેખિ વિચારો, ચાર ચરણાકુળ ધારો;
મન રચ ચંદ્રાવળા મચીને, ચરણાકુળનું ચરણ રચીને." દલપત.

૧ શ્રી ...	૧	૨	−	
૨ કામા ...	૨	૪	− −	
૩ મંદર ...	૩	૪	− ⏑ ⏑	
૪ નારી ...	૩	૬	− − −	
૫ મધુ ...	૪	૫	⏑ ⏑ ⏑ −	
૬ વાર ...	„	૬	− ⏑ − ⏑	
૭ સમુહી ...	„	૬	− ⏑ ⏑ −	
૮ પ્રિયા ...	૫	૭	⏑ ⏑ − ⏑ −	
૯ હંસા ...	„	૮	− ⏑ ⏑ − −	
૧૦ વિલાસ ...	„	૮	⏑ − ⏑́ − −	
૧૧ હારિયબંધો ...	„	૯	− − ⏑́ − −	
૧૨ સમોહા ...	„	૯	− ⏑ −′ − −	કોઇ બધાય દીર્ઘ કરે છે.
૧૩ ચતુરસા ...	૬	૮	⏑ ⏑ ⏑́ ⏑ − −	
૧૪ શશીમુખી ...	„	૮	⏑ − ⏑́ ⏑ − ⏑	= માલતિ. બે જગણ.
૧૫ તિલકા ...	„	૮	⏑ ⏑ − × ૨	બે સગણ.
૧૬ કામલતા ...	„	૯	− ⏑ ⏑ ⏑́ − −	
૧૭ મંથાન ...	„	૯	− − ⏑́ ⏑ − ⏑	
૧૮ વિમોહ ...	„	૧૦	− ⏑ − × ૨	બે રગણ.
૧૯ શંખધારી ...	„	૧૦	⏑ − − × ૨	બે યગણ.=સોમરાજી.
૨૦ શેષા ...	„	૧૨	− − − − − −	
૨૧ કરહ ...	૭	૯	⏑ ⏑ ⏑ ⏑ ⏑ − −	
૨૨ કલિતા ...	„	૧૦	− ⏑ ⏑́ − ⏑ ⏑́ −	બે ભગણ એક ગુ.
૨૩ કુમાર લલિતા	„	૧૦	⏑ − ⏑́ ⏑ ⏑ −′ −	જ. ભ. ગ.
૨૪ સમાનિકા ...	„	૧૧	−′⏑ × ૩ + −	ર. જ. ગ.
૨૫ મદલેખા ...	„	૧૨	− − −′ ⏑ ⏑ −′ −	
૨૬ શીર્ષા ...	„	૧૪	− − − − − − −	
૨૭ તુંગા ...	૮	૧૦	⏑ ⏑́ ⏑ ⏑ ⏑ ⏑́ − −	
૨૮ કમળ ...	„	૧૦	⏑ ⏑ ⏑ ⏑ ⏑́ − ⏑ −	
૨૯ માલની ...	„	૧૧	⏑ ⏑ ⏑́ − ⏑ −′ − ⏑	
૩૦ ચિત્રપદા ...	„	૧૨	− ⏑ ⏑́ − ⏑ ⏑́ − −	
૩૧ માલિકા ...	„	૧૨	− ⏑ × ૪	ચાર ગલ.
૩૨ માણવકાક્રીડિત.	„	૧૨	− ⏑ ⏑ − − ⏑ ⏑ −	
૩૩ પ્રમાણિકા ...	„	૧૨	⏑ − × ૪	ચાર લગ.
૩૪ કામતા ...	„	૧૪	− − ⏑́ − − ⏑́ − −	બે તગણ ગગ.
૩૫ ખંજા ...	„	૧૪	− − −′ − ⏑ ⏑́ − −	
૩૬ કેતુમાળ ...	„	૧૪	− − ⏑́ − − ⏑́ − −	
૩૭ વિધુન્માળા ...	„	૧૬	− − − − − − − −	
૩૮ તોમર ...	૯	૧૨	⏑ ⏑́ − ⏑́ − ⏑ ⏑́ − ⏑	
૩૯ સારંગ ...	„	૧૨	⏑ ⏑ ⏑ ⏑ − − ⏑ ⏑ −	
૪૦ બિંબ ...	„	૧૨	⏑ ⏑ ⏑ ⏑ ⏑ − ⏑ − −	

૪૧ રત્નરૂપ	...	,,	૧૪	- - - ∪ ∪´ - ∪ ∪ -
૪૨ મણિબંધ	...	૯	૧૪	- ∪ ∪´ - - -´ ∪ ∪ -
૪૩ પવીત્રા	...	,,	૧૪	- - -´ - ∪ ∪´ ∪ ∪ -
૪૪ મહાલક્ષ્મિ	...	,,	૧૫	- ∪ - × ૩ ત્રણ રગણ.
૪૫ રૂપમાળા	...	,,	૧૮	- - - × ૩ ત્રણ મગણ.
૪૬ સંગતિકા	...	૧૦	૧૪	∪ ∪ - ∪´ - ∪ ∪ - ∪ -
૪૭ પાવક	...	,,	૧૬	- ∪ ∪ - - - - ∪ ∪ -
૪૮ ચંપકમાળા	...	,,	૧૬	- ∪ ∪ - - - ∪ ∪ - -
૪૯ બિંદુ	...	,,	૧૬	- ∪ ∪ - ∪ ∪ - - - -
૫૦ સુમુખી	...	૧૧	૧૪	∪ ∪ ∪ ∪ - ∪ ∪ - ∪ ∪ -
૫૧ દોધક	...	,,	૧૬	- ∪ ∪ × ૩ + - -
૫૨ ચુપલા	...	,,	૧૬	- - ∪´ - ∪ ∪ ∪ - ∪ ∪ -
૫૩ અનુકુલા	...	,,	૧૬	- ∪ ∪´ - -´ ∪ ∪ ∪ - -
૫૪ સ્વાગતા	...	,,	૧૬	- ∪ -´ ∪ ∪ ∪´ - ∪ ∪´ - -
૫૫ રથોધતા	...	,,	૧૬	- ∪ -´ ∪ ∪ ∪´ - ∪ -´ ∪ -
૫૬ લલિત	...	,,	૧૬	∪ ∪ ∪´ - ∪ -´ - ∪ -´ ∪ -
૫૭ સેનિકા	...	,,	૧૭	- ∪ - ∪ - ∪ - ∪ - ∪ -
૫૮ ઉપેંદ્રવજ્રા	...	,,	૧૭	∪ - ∪ - - ∪´ ∪ - ∪ - -
૫૯ ઇંદ્રવજ્રા	...	,,	૧૮	- - ∪´ - - ∪´ ∪ - ∪´ - -
૬૦ ઉપજાતિ	...	...	...	પૂર્વ અર્ધમાં ઇંદ્રવજ્રા, ઉત્તરમાં ઉપેંદ્રવજ્રા.
૬૧ શાલની	...	,,	૨	- - -´ - - ∪´ - - ∪´ - -
૬૨ તરલનયન	...	૧૨	૧૨	બધા લઘુ.
૬૩ માલતિ	...	,,	૧૫	∪ ∪ ∪ ∪ - ∪ ∪ - ∪ ∪ ∪ -
૬૪ તામર	...	,,	૧૬	∪ ∪ ∪ ∪ - ∪ ∪ - ∪ ∪ - -
૬૫ કુસુમવિચિત્ર	...	,,	૧૬	∪ ∪ ∪ ∪ - - ∪ ∪ ∪ ∪ - -
૬૬ પ્રિયંવદા	...	,,	૧૬	∪ ∪ ∪ - ∪ ∪ ∪ - ∪ - ∪ -
૬૭ દ્રુતવિલંબિત	...	,,	૧૬	∪ ∪ ∪ - ∪ ∪ - ∪ ∪ - ∪ -
૬૮ પ્રમિતાક્ષરા	...	,,	૧૬	∪ ∪ - ∪ - ∪ ∪ ∪ - ∪ ∪ -
૬૯ તોટક	...	,,	૧૬	∪ ∪ - × ૪
૭૦ મોદક	...	,,	૧૬	- ∪ ∪ × ૪
૭૧ મોતિદામ	...	,,	૧૬	∪ - ∪ × ૪
૭૨ દલ	...	,,	૧૭	- ∪ ∪ ∪ - ∪ ∪ ∪ - ∪ - -
૭૩ સૈલ	...	,,	૧૯	∪ - - ∪ - - ∪ - - ∪ - ∪
૭૪ વંશસ્થ	...	,,	૧૮	∪ - ∪ - - ∪ ∪ - ∪ - ∪ -
૭૫ ઇંદ્રવંશ	...	,,	૧૯	- - ∪ - - ∪ ∪ - ∪ - ∪ -
૭૬ ભુજંગી	...	,,	૨૦	∪ - - × ૪
૭૭ મેનાવલી	...	,,	૨૦	- - ∪ × ૪
૭૮ સ્રગ્વીણી	...	,,	૨૦	- ∪ - × ૪
૭૯ વૈશ્વદેવી	...	,,	૨૨	- - - - -´ - ∪ - - ∪ - -
૮૦ તારક	...	૧૩	૧૮	∪ ∪ - × ૪ + -

૮૧	કલહંસ	...	,,	૧૮	∪ ∪ – ∪ – ∪ ∪ ∪ – ∪ ∪ – –
૮૨	પ્રભાવતી	...	,,	૧૯	– – ∪ – ∪ ∪ ∪ ∪ – ∪ – ∪ –
૮૩	કંદુક	...	૧૩	૨૧	∪ – – × ૪ × ∪
૮૪	મત્તમયુર	...	,,	૨૨	– – – – – ∪ ∪ – – ∪ ∪ – –
૮૫	પદ્મની	...	૧૪	૧૯	∪ ∪ ∪ – ∪ ∪ ∪ – ∪ ∪ ∪ – – –
૮૬	વસંતતિલકા	...	,,	૨૧	– – ∪ – ∪ ∪ ∪ – ∪ ∪ – ∪ – –
૮૭	લીલા	...	,,	૨૧	– – ∪ – ∪ ∪ ∪ – – ∪ – ∪ – ∪
૮૮	હાલરી	...	,,	૨૪	– – ∪ – – ∪ – – ∪ – – ∪ – –
૮૯	માળા	...	૧૫	૧૬	બધા લઘુ, છેલ્લો ગુરૂ.
૯૦	ભ્રમરાવળી	...	,,	૨૦	∪ ∪ – × ૫
૯૧	નિશિપાળ	...	,,	૨૧	– ∪ ∪ ∪ – ∪ ∪ – – ∪ ∪ ∪ – ∪ –
૯૨	હંસ	...	,,	૨૧	∪ ∪ – ∪ – × ૩
૯૩	માલિની	...	,,	૨૨	∪ ∪ ∪ ∪ ∪ ∪ – – – ∪ – – ∪ – –
૯૪	નિશ્ચલ	...	,,	૨૩	– ∪ ∪ – – ∪ ∪ ∪ ∪ – – – – – ∪
૯૫	ચામર	...	,,	૨૩	– ∪ × ૭ + –
૯૬	સારંગી	...	,,	૩૦	બધા ગુરૂ.
૯૭	વશેષ	...	૧૬	૨૨	– ∪ ∪ × ૫ + –
૯૮	ચંચળા	...	,,	૨૪	– ∪ × ૮
૯૯	નારાચ	...	,,	૨૪	∪ – × ૮
૧૦૦	રૂપમાળી	...	૧૭	૨૪	– ∪ – ∪ ∪ – ∪ – ∪ ∪ – ∪ – ∪ ∪ – ∪
૧૦૧	પૃથ્વી	...	,,	૨૪	∪ – ∪ ∪ ∪ – ∪ – ∪ ∪ ∪ – ∪ – – ∪ –
૧૦૨	શિખરિણી	...	,,	૨૫	∪ – – – – – ∪ ∪ ∪ ∪ ∪ – – ∪ ∪ ∪ –
૧૦૩	હરિણી	...	,,	૨૪	∪ ∪ ∪ ∪ ∪ – – – – ∪ – ∪ – ∪ ∪ – ∪ –
૧૦૪	મંદાક્રાંતા	...	,,	૨૭	– – – – ∪ ∪ ∪ ∪ ∪ – – ∪ – – ∪ – –
૧૦૫	ચર્ચરી	...	૧૮	૨૬	– ∪ – ∪ ∪ × ૩ + – ∪ –
૧૦૬	સારસ્વતી	...	,,	૨૬	– – ∪ – ∪ ∪ – ∪ – ∪ ∪ – ∪ – ∪ ∪ – ∪
૧૦૭	ચંદ્રક્રીડા	...	,,	૩૦	∪ – – × ૬
૧૦૮	મુની	...	૧૯	૨૪	∪ ∪ ∪ – – – ∪ ∪ ∪ ∪ ∪ – ∪ ∪ ∪ ∪ ∪ – ∪
૧૦૯	ઝૂલણા	...	,,	૨૬	∪ ∪ – ∪ – × ૩ + ∪ ∪ – ∪ દસમે જતિ.
૧૧૦	શાર્દૂલવિક્રીડિત	...	,,	૩૦	– – – ∪ ∪ – ∪ – ∪ ∪ ∪ – – – ∪ – – ∪ –
૧૧૧	શંભૂ	...	,,	૩૨	∪ ∪ – – – ∪ ∪ – – – ∪ ∪ – – – – – – –
૧૧૨	મુનિશેખર	...	૨૦	૨૮	∪ ∪ – ∪ – × ૪ બારમે જતી.
૧૧૩	સ્રગ્ધરા	...	૨૧	૩૩	– – – – ∪ – – ∪ ∪ ∪ ∪ ∪ ∪ – – ∪ – – ∪ – –
૧૧૪	મદિરા	...	૨૨	૩૦	– ∪ ∪ × ૭ + – બારમે જતિ.
૧૧૫	હંસી	...	,,	૩૨	– – – – – – – – ∪ ∪ ∪ ∪ ∪ ∪ ∪ ∪ ∪ ∪ ∪ ∪ – –
૧૧૬	મલ્લિકા	...	૨૩	૩૧	∪ – ∪ × ૭ + ∪ – અગ્યારમે જતિ.
૧૧૭	ઈંદ્રવિજય	...	,,	૩૨	– ∪ ∪ × ૭ + – – બારમે જતિ.
૧૧૮	કાલિકા	...	,,	૩૨	– ∪ – ∪ ∪ ∪ – ∪ – ∪ ∪ – – ∪ – ∪ ∪ ∪ – ∪ – ∪ –
૧૧૯	કેકનિસારદા	...	,,	૩૮	– ∪ – × ૭ + – ∪ બારમે જતિ.
૧૨૦	સર્વગામી	...	,,	૩૯	– – ∪ × ૭ + – – અગ્યારમે જતિ.

૧૨૧ વર્ણવાઘેશ્વરી ...	,,	૩૯	ᴗ – – × ૭ + – –	બારમે જતિ.
૧૨૨ કિરીટ ...	૨૪	૩૨	– ᴗ ᴗ × ૮ +	બારમે જતિ.
૧૨૩ દુમિલા ...	,,	૩૨	ᴗ ᴗ – × ૮	ચૌદમે જતિ.
૧૨૪ સુખદા ...	૨૪	૩૩	ᴗ – ᴗ + ૭ + ᴗ – –	
૧૨૫ દેવ (ઝૂલણા) ...	,,	૪૦	ᴗ – – × ૮	બારમે જતિ.
૧૨૬ વૈકુંઠધામા ...	,,	૪૦	ᴗ–ᴗ – + ૮	બારમે જતિ.
૧૨૭ અંરવિંદમુખી ...	૨૫	૩૩	ᴗ ᴗ + ૮ ᴗ	
૧૨૮ કળાકુશળ ...	,,	૩૩	ᴗ – ᴗ + ૮ + ᴗ	તેરમે જતિ.
૧૨૯ કિશોર ...	૨૬	૩૪	ᴗ ᴗ – + ૮ + ᴗ ᴗ	તેરમે જતિ.
૧૩૦ વૈતાળીય { ...	૧૦	૧૪	ᴗ ᴗ – ᴗ ᴗ – ᴗ – ᴗ –	
...	૧૧	૧૬	ᴗ ᴗ – – ᴗ ᴗ – ᴗ – ᴗ –	
૧૩૧ પુષ્પિતાગ્ર { ...	૧૨	૧૬	ᴗ ᴗ ᴗ ᴗ ᴗ ᴗ – ᴗ – –	
...	૧૩	૧૮	ᴗ ᴗ ᴗ ᴗ – ᴗ ᴗ – ᴗ – –	
૧૩૨ મુાદરી { ...	૧૭	૨૧	– ᴗ – ᴗ – ᴗ –	
...	૧૫	૨૩	– ᴗ – ᴗ – ᴗ – ᴗ – ᴗ – ᴗ – ᴗ –	
૧૩૩ અનુષ્ટુપ ...	૧૬	...	ooooᴗ––ᴗ″ ooooᴗ–ᴗo અનેક બીજાં રૂપ છે.	
૧૩૪ રંગી ...	૨૮	...	oooooooo–ᴗ′ oooo–ᴗ′ ooooo–ᴗ′ ooooᴗ	
૧૩૫ જનહર ...	૩૧	...	નવ લઘુ, સાત લઘુ, પછી પંદર, છેલ્લો ગુરૂ.	
૧૩૬ મનહર ...	૩૧	...	૩૦ માં લઘુ ગુરૂનો નેમ નથી. પણ છેલ્લો [ગુરૂ.	
૧૩૭ રંગીકા ...	૩૨	...	૧૦, ૮, ૮, ૬ ના તુક.	સોળમે જતિ.
૧૩૮ સાટકા ...	૩૮	...	૧૨, ૭, ૧૨, ૭ ના તુક.	
૧૩૯ કવિત ...	૩૧	...	૮-૮-૮-૭.	

બીજા ઘણા અક્ષરછંદ છે. એમનું વર્ણન વિસ્તારેલા પિંગળમાં જોઇ લેવું જોઇએ. કવિ૦ નર્મદાશંકરે એ પિંગળનાં પુસ્તકો લખ્યાં છે; કવિરાય દલપતરામ ડાહ્યાભાઇએ સારાં સારાં ઉદાહરણની સાથે એક પિંગળ લખ્યું છે, એમાં માત્રા છંદના ૪૦, અને અક્ષર છંદના ૧૨૪નું વર્ણન કરેલું છે. વર્ણિ. કવિ હીરાચંદ કાનજીએ પિંગળાદર્શ નામે એક મોટો ગ્રંથ રચ્યો છે; એમાં તેણે છંદ ૪૦૦ નાં લક્ષણ લખીને, અને ગણના નામ અને લઘુ ગુરૂના ચિન્હોએ કરીને પિંગળનું દર્શન સુલભ કરેલું છે.

ઉપરના કોઇ પણ છંદમાં, અને એમના નિયમને અનુસરતા બીજા કોઇમાં, ગુજરાતી કવિતા લખાય. સમાનિકા, ભૂજંગી, ઇંદ્રવિજય, ચામરાદિક ગુજરાતીમાં ઘણેરા દીપે છે.

બીજી બે જાતની કવિતા છે; એકને-રાગ, અને બીજીને-રાગણી કહે છે. એઓમાં તાલની સંખ્યા છે ખરી, પણ એનો નિયમ ગાનારનું સાંભળીને શિખી લેવો જોઇએ.

ઉપગ્રંથ.

પ્રભુએ માણસને ઉત્પન્ન કરીને તેને બુદ્ધિદાન આપ્યું. આ બુદ્ધિવડે માણસ બોલે છે ખરૂં, પણ પોતાની બુદ્ધિથી માણસે ભાષા શોધી કહાડી હોય, એનાં કાંઇ પ્રમાણ ઠરતાં નથી; પણ જેમ બુદ્ધિ, તેમ ભાષા પણ, દેવદત્ત છે એવું માનવું યોગ્ય દેખાય છે. સૃષ્ટિસમયે માણસની ભાષા એકજ હતી. જ્યાં લગ પ્રજા બહુ વધેલી ન હતી, અને સહુ લોક પાસે પાસે વસેલા હશે ત્યાં લગ તેમની ભાષા એકજ રહી, એ માનવાને કોઇ પણ અટકાવ નથી. અતિ પ્રાચીન ઇતિહાસના લેખ ઉપરથી જાણવામાં આવે છે, કે મહાપ્રલયની પૂર્વે અનેક વિદ્યાકળાના શોધક અને શિક્ષક પ્રગટ થયા હતા; કૃષિવિદ્યા, પશુપાળનો ધંધો, તંબુઓ કરવાની કળા, લહોડું ત્રાંબું ઘડવાની કારીગીરી, ગાયનમાં વગાડવાનાં વાજીંત્ર કરવાની યુક્તિ, નગરો બાંધવાની રીતિ, ઇ૦, શોધી કહાડેલી હતી. પણ અક્ષરજ્ઞાન (લખવા વાંચવાની કળા) તેઓમાં તે કાળે પ્રગટ્યું હતું કે નહિ એ કહેલું નથી. મહાપ્રલય* થયા પછી, કેટલાંએક વર્ષ સુધી માનવજાતના બધા લોક પાસે પાસે વસ્યા હતા. તેઓમાં પ્રલય પૂર્વેની વિદ્યાકળાનું વત્તું ઓછું કંઇ જ્ઞાન રહ્યું હોય; પણ એ જ્ઞાન કેટલું અને કેવું હતું એ કહેલું નથી, અને એનો શોધ હજી લાગ્યો નહિ. પણ એટલું તો દેખાય છે, કે શિલ્પવિદ્યા, ધનુર્વિદ્યા, કૃષિવિદ્યા, અને કદાચ ધાતુ ઘડવાનું જ્ઞાન હતું.

એવું જણાય છે કે તે કાળે માનવનું સ્વસ્થાન ઇરાન દેશમાં કાસ્પિયન સમુદ્રની પાસે હશે, અને ત્યાંથી ફ્રાત નદીના કાંઠા સુધી કોઇ પ્રાંતોમાં હતું. તહિં ભાષા બદલાઇ, અને પછી લોક વેરાયા. વેરાવાનું વર્ષ, અશરના ગણ્યા પ્રમાણે, ખ્રીસ્તાવતારની પૂર્વે આશરે ૨૨૩૩ મે વર્ષે, અને, હેલ્સના ગણ્યા પ્રમાણે, આશરે ૨૫૫૪ મે વર્ષે હોય એવું દેખાય છે. ત્યારે લોકની

---

* કાળગણન કરનારા બે વિદ્વાનોનાં નામ તરતાં છે, એક અશર, અને બીજો હેલ્સ. એઓ ભિન્ન ભિન્ન ધોરણથી ગણે છે. એનું વર્ણન હું અહિં કરતો નથી, પણ પરિણામ એ છે કે, અશરના ગણ્યા પ્રમાણે, જળપ્રલય ઈ૦ સ૦ પૂર્વે ૨૩૪૮ મે વર્ષે, અને હેલ્સના ગણ્યા પ્રમાણે, ૩૧૧૫ મે વર્ષે થયો.

કેટલીક પૃથક પૃથક ટોળી મૂળ સ્વસ્થાન મૂકીને દૂર દૂર દેશમાં પોતપોતાને વાસ્તે નવાં નવાં વતન શોધવા નીકળી.

માનવોમાં જે પહેલું રાજ્ય બંધાયું તે ખાલ્દીનું કે અસ્સુરીનું કહેવાય છે. તેનો આરંભ, હેલ્સના ગણ્યા પ્રમાણે, ખ્રી૰ પૂ૰ ૨૫૫૪ મે વર્ષે, અથવા તેની પાસે કોઇ સમયે હતો. તેથી થોડાંજ વર્ષ પછી આફ્રિકાખંડના મિસર દેશમાં, મિસ્રી (ઇજીપ્સ)ના વિખ્યાત રાજ્યનો આરંભ થયો.

આ બે રાજ્યોની ભાષાઓમાં કંઇ ફેર હતો ખરો, તો પણ ઘણીક વાતોમાં મળતી હતી. ખાલ્દી કે અસ્સુરીની ભાષા શેમીય કહેવાય છે, એટલે શેમવંશીઓની ભાષા; પણ હામવંશીના ઘણાખરા એજ વર્ગની કોઇ ભાષા બોલતા. આ વર્ગમાં ખાલ્દી, સુરીઆની, હેબ્રી, ફેનીકે, ઇથિઓપી, અરબી, ઇ૰ આશિઆની અને ઉત્તર આફ્રિકાની ભાષા છે. મહા પુરાતન કાલે આ લોકોમાં, મોટાં વિસ્તારેલાં રાજ્ય ચલાવવાની બુદ્ધિ, અક્ષરજ્ઞાન, કવિતા, ઉત્તમ ઇતિહાસ, ન્યાય, ઇત્યાદિના ગ્રંથો લખવાનો અભ્યાસ હતો; વળી શિલ્પવિદ્યા, ધનુર્વિદ્યા, નાવિકવિદ્યા, ઇત્યાદિ હતી; તેમના વેપારીઓ કોઇ સ્થળમાર્ગે, અને કોઇ (વિશેષે કરીને ફેનીકિયો) જળમાર્ગે થઇને, દૂર દૂર દેશોમાં સ્વદેશી ઉપજ લેઇ જતા, અને, ત્યાંથી વળતાં, પરદેશી દ્રવ્ય પોતાને ઘેર લાવતા. એવા બધા વિષયો વિષે, કેટલાએક સૈકા સુધી, શેમીય ભાષા બોલનારી પ્રજાએ બીજી બધી પ્રજા કરતાં ઉત્તમ બુદ્ધિ અને અધિક પરાક્રમ દેખાડ્યાં; પછીથી આવનાર આર્યોના આગેવાન અને શિખવનારા હતા એવું દેખાય છે.

એમની એવી ચડતી કળાના દિવસમાં આર્ય ભાષા બોલનારી પ્રજાની અવસ્થા બહુજ ભિન્ન હતી. આર્ય કહેવાએલી ભાષાઓમાં, મુખ્યત્વે કરીને સંસ્કૃત, જંદ, ગ્રીક, લાટીન, ગોથીક, ઇત્યાદિ ભરતખંડની અને યુરોપની ભાષાઓ છે. યુરોપના લોક યાફ્તવંશી છે. ઇરાનમાં જંદ ભાષા બોલનારામાં માદી કે માદાઇ લોક પણ યાફ્તવંશી હતા. વળી અટકળથી ધારિયે છિયે, કે ભરતખંડના આર્યો પણ એજ વંશના હશે; માટે એમની ભાષાઓના વર્ગને યાફ્તી કરીને કહેવાને કોઇ ઇચ્છે છે.

આર્યપ્રજા મૂળ સ્વસ્થાનથી બહુ છેટે અને બહુ વેરાતા દેશોમાં જઇ વસી. જાણે કે આ લોકે આખી પૃથ્વીને વસાવવાનું કામ પોતાને માથે રાખ્યાની પેઠે કર્યું; વળી આખી પૃથ્વીમાં સારા સારા દેશો એમના ભાગમાં આવ્યા,

જન્મસ્થળ મૂકયા પછી એક હજાર વર્ષની માહે તેમના પગ યુરોપમાં ઠોરેઠોર, અને આશીયામાં ફ્રાત તીગ્રીસના દુઆબથી, તે સિંધુ નદમાં મળનાર પંચનદના કાંઠા સુધી (કદાચ યમુના ગંગાતટ સુધી પણ) સ્થિર જેવા થએલા દેખાય છે. પણ આવા વિસ્તારેલા વતનમાં જઇ વસવાનું વસમું કામ પાર પાડતાં, તેમને, પહેલાં, મોટાં ભયંકર વનોમાં પેસવું પડયું. વનપશુને મારી અને વનસ્પતિને કહાડી, પોતાને કાજે વસ્તીનું સ્થળ, અને ખેતરની ભૂમિ સિદ્ધ કરવાનું કામ પાર પાડતાં તેઓએ એવી આગ્રહતા દેખાડી, કે જાણે આ લોક આગળ જતાં સાક્ષાત વિવિધ જશ મેળવનારા થશે એવા દેખાયા. પણ તેમનું કામ હજી અરણ્યમાં હતું તેટલામાં તેઓ રણુવાસી થઇ વિદ્યાકળાદિક કેળવણી વિષે, પુરાતન લોકનું શું કહિયે, પણ પોતાના શેમવંશી અને હામવંશી ભાઇઓ કરતાં હીણા થયા.

ઇરાનદેશસ્થ આર્યો* માનવના મૂળસ્થાનની પાસે વસેલા હતા, માટે બાબલનની કે અસ્સુરીઆની પ્રજાની સાથે, પહેલાથી પૂર્વ સભ્યપણાના ભાગીયા, અને પછી તેના વારસ અને ધણી થયા. આસરે ઇ૦ સ૦ પૂ૦ ૫૫૯ મે વર્ષે તેમનું રાજ્ય પ્રબળ થવા માંડયું. તેઓમાં વિદ્યાકળાનો અભ્યાસ અને અક્ષરજ્ઞાન હતું, એ તો હેબ્રી અને ગ્રીકોના ગ્રંથો ઉપરથી જાણિયે છિયે. પણ તેમની આર્યભાષામાં લખેલા ઇતિહાસના, કે કાવ્યના, કે વિદ્યા બોધના કોઇ ગ્રંથ, આજ સુધી એવા નહિ રહ્યા કે જેના ઉપર આપણે સાક્ષાત દેખાડી શકિયે કે તેમના મનોયત્નનો પરાક્રમ કે વિવેકદીપક કેવો હતો ; જંદ ભાષામાં જે લખેલું હતું તેમાંથી બહુજ થોડું હાથ આવ્યું છે, અને એના પણ અર્થનો બંધ બેસાડવો કંઇ સુલભ કામ નથી.

પોતાના સ્વસ્થાને જઇ પહોંચતી વેળા, યુરોપના આર્યોમાં અક્ષરજ્ઞાન ન હતું, પણ આ જ્ઞાન તેમને શેમીય ભાષા બોલનારાની પાસેથી પ્રાપ્ત થયું. ફેનીકી જાતિનો **કાદમસ** નામે એક હામવંશી પુરૂષ, ગ્રીસમાં આવી રહેલો પ્રવાસી, અથવા ફેનીકીઓની ગમથી ઠરાવેલો અધિકારી, એણે ગ્રીક આર્યોને

---

* ઇરાનની દક્ષિણ-પશ્ચિમ બાજુએ પહેલાં ઈલામી રહેતા. તેઓ શેમવંશીમાં ગણાય છે, પણ તેઓ માદી કે મેદી લોકોની સાથે સગાઈનો નિકટ સંબંધ રાખતા, માટે કાળાંતરે તેઓ એક જેવા થયા. ઈલામીમાં રાજબળ બહુ વહેલું પ્રગટયું; સહુથી જુના ઇતિહાસમાં, આશરે ઈ૦ સ૦ પૂ૦ ૨૦૦૦ વર્ષને સમયે, તેમનું નામ મળે છે. પણ પછી તેઓ ખાલ્દી-અસ્સુરીના હસ્તગત થયા હતા.

(ઈ૦ સ૦ પૂ૦ ૧૪૯૩-૧૫૦૦) અક્ષરદાન આપ્યું એવું લખેલું છે. ગ્રીક અને લાટીન ભાષાના ઉચ્ચારની અગત્ય પ્રમાણે આ અક્ષરોમાં કંઇ વધઘટ થઇ. યુરોપમાં આજ સુધી ચાલનારા બધા અક્ષર તેજ મૂળથી આવ્યા છે. ગ્રીકોમાં પહેલાં કેવા ગ્રંથ રચાયા, એ આપણે કહી શકતા નથી, પણ લખવા વાંચવાનો અભ્યાસ ચાલ્યો એનો કંઇ સંશય નથી. ઈ૦ સ૦ પૂ૦ ૮૫૦ થી તે ૯૦૦ સુધી (કોઇ કહે છે કે તેથી પહેલાં) હોમર નામે કરી મહા વિખ્યાત કવિએ, અત્યુત્કૃષ્ટ કાવ્યના એવા ગ્રંથ રચ્યા, કે આજ સુધી તે કવિઓના પ્રથમ વર્ગમાં ગણાય છે. ગ્રીકોમાં કવિત્વનો અભ્યાસ પૂર્વે નહિ હોત તો તેનાથી એવું થાત નહિ.

આર પછી, ગ્રીક લોકોમાં ઘણા ગ્રંથકર્તા થયા. કાવ્યનો ખરો અભ્યાસ થયો, તેમજ ગદ્યમાં સારા સારા અને મહા ઉપયોગના ગ્રંથો રસિક રીતિએ લખવાનો મનોયત્ન બહુ થયો. તત્વજ્ઞાન, તર્કવિદ્યા, વાગ્મિત્વ (મનોરંજક-ભાષણ), ખરો ઇતિહાસ, ભૂગોળ ખગોળનો શોધ, અને ગણિત, એ બધા વિષે તેઓએ પોતાના મનોયત્નમાં એવો પરાક્રમ અને વિવેકની કૌશલ્યતા દેખાડ્યાં, કે તેમના રચેલાં ગ્રંથો, પહેલાં રોમીઓને, અને પછી યુરોપની બધી પ્રજાને, જોઇ શિખવા સારૂ દૃષ્ટાંતરૂપ થયા. આજ સુધી તેમનાં પુસ્તકો વિદ્વાનોના હાથમાં બહુ ફેરવેલાં છે. એટલુંજ નહિ, પણ આખા અમેરીકામાં, અને આ કાળમાં જ્યાં જ્યાં યુરોપના લોકની કળા, વિદ્યાશોધ, અને જ્ઞાન ચાલે છે, ત્યાં ત્યાં અતિ પુરાતન હેબ્રી ભાષાના ગ્રંથોનો બોધ, અને પછી એજ ગ્રીક અને લાટીનમાં લખનારાનો નમુનો બળ કરે છે. આ લેખોનાં ભાષાંતરો યુરોપની બધી ભાષાઓમાં થયાં છે; અને તેથી, પ્રભુના આશીર્વાદની સાથે, લોકના વિવેકની શુદ્ધતા, અને જ્ઞાનની ઉત્કૃષ્ટતા, ચાલુ રહીને વધતી જાય છે.

ગ્રીકોમાં સભ્યપણાનો સૂર્યોદય થયો, આશરે તેજ વેળાએ, ભરતખંડમાં, વિશેષે કરીને સરસ્વતી નદીને કાંઠે, આવી વસેલા આર્ય લોક રાજ્યબંધનના સુધારામાં આવવા લાગ્યા. ઈ૦ સ૦ પૂ૦ ૧૪૦૦ થી ૭૦૦ વર્ષ સુધી ઋગ્વેદનાં સૂક્તો રચનારા ઋષિઓ પોતાનો વિવેક દેખાડવા લાગ્યા. તે વેળા ભરતખંડી કવિઓમાં અક્ષરજ્ઞાન ન હતું એવું ધાર્યામાં આવે છે. સૂક્તો રચવાની બુદ્ધિની સાથે સ્મરણબળ તેઓમાં બહુ પ્રગટ્યું. તેઓ વેદ મહોડે કહેતા, અને તેમના શિષ્યો પાઠે કરતા; માટે વેદ શ્રુતિ કહેવાએ છે. આ પુરાતન અભ્યાસની અસર હજી બ્રાહ્મણોમાં દેખાય છે; પાઠે કરવાની શક્તિ બીજા કોઇ લોકમાં તેમના જેવી

નથી. વેદોમાં અક્ષરનું, લેખણનું, કે લખવા વાંચવાની કોઇ સામગ્રીનું નામ મળતું નથી; એ ઉપરથી નિશ્ચય થાય છે, કે તેમના રચનારામાં અક્ષરજ્ઞાન ન હતું. પણ એ જ્ઞાન કહિંથી થયું? પુરાતન અક્ષરોના આકાર ઉપર વિચાર કરીને જોતાં, નિશ્ચય જેવું થાય છે કે આશીયાની પશ્ચિમ બાજૂએ શેમીય ભાષા બોલનારા લોકમાં જે અક્ષર ચાલતા, અથવા યાવની કે ગ્રીક લોકોમાં જે લખાતા, તે ઉપરથી પુરાતન હિંદુને અક્ષરજ્ઞાન પ્રાપ્ત થયું. જો તેણી ગમથી અક્ષરજ્ઞાન આવ્યું, તો તેની સાથે બીજી કોઇ કળા, કદાચ જ્યોતિષાદિકનું જ્ઞાન, તેજ દિશાથી હિંદુસ્થાનમાં આવ્યું હોય. પણ પુરાતન હિંદુઓએ ઇતિહાસ લખવા ઉપર મન રાખ્યું નહિ; એટલું તો ખરૂં, કે કોઇ પુરાતન ઇતિહાસનો ગ્રંથ હજી કોઇને હાથ આવ્યો નહિ. પણ જો અહિંના આર્યોએ ઐતિહાસિકજ્ઞાન ઉપર પોતાનો ભાવ દેખાડયો નહિ, તો પણ, અક્ષરજ્ઞાન તેમને પ્રાપ્ત થયા પછી, લખવાનો અભ્યાસ કરવામાં તેઓએ પોતાની રૂચિ બહુજ દેખાડી. મહાભારત, રામાયણાદિક મહા મોટા મોટા ગ્રંથો, સ્મૃતિઆદિક નીતિનો સંગ્રહ, પુરાણોની અત્યંત કથા, એવાં એવાં ઘણા શ્રમની સાથે સાધેલાં પુસ્તકો તેઓમાં બહુજ પ્રગટ થયાં. શિલ્પ, ધનુર, જ્યોતિષ, વૈદ્ય, સંગીત, ઇત્યાદિ શાસ્ત્ર તેઓમાં ઘણાં રચાયાં. એવી બધી વાતોમાં ભરતખંડી આર્યોની બુદ્ધિ ગમે તેવી મોટી હતી તે માનિયે, તો પણ પશ્ચિમ આશિયાના અને યુરોપના વિદ્વાનોની સાથે તેમને સરખાવાય નહિ. પણ પોતાનું આર્યપણું તેઓએ એક બીજી વાતમાં ઉત્કૃષ્ટ રીતિએ દેખાડ્યું, એટલે ભાષા વિષેના શોધમાં, અને વિવેકયુક્ત વ્યાકરણ રચવામાં.

એનું કારણ શોધતાં એવું ભાસે છે, કે વૈદિક, એટલે સરસ્વતી તટના ઋષિઓની, ભાષા બહુ વહેલી વિકાર પામવા લાગી. એ વિકારને કંઇ અટકાવવાને અર્થે, વળી વેદનો ખરો અર્થ જણાવવાને અર્થે, વિવેકી પુરૂષો ભાષા વિષે કોઇ ટીકા, કે વાર્તિક, લખવા લાગ્યા. એમ ભાષા વિષે વિચાર કરવાનો અભ્યાસ, અને એ વિચાર સ્પષ્ટ કરી લખવાની કળા, હિંદુઓમાં પ્રફુલ્લિત થયા પછી, વ્યાકરણ રચનારામાં **પાણિનિ** નામે વીર થયો. તેણે અષ્ટાધ્યાયી કરીને એક મહા ઉત્કૃષ્ટ ગ્રંથ પ્રગટ કર્યો. તેના ઉપર પછી કેટલાએક ટીકા લખનારા થયા. આશરે ૭૫૦ વર્ષ ઉપર ધંધુકાનો ગુજરાતી વાણિયો હેમચંદ્ર થયો; તેણે હૈમવ્યાકરણ કર્યું.

વેદ ભાષાનો વિકાર કેવો વહેલો અને કેટલો ઘણો થવા લાગ્યો, તે તો એ ઉપરથી દેખાય છે, કે જ્યારે શાક્ય મુનિ-બૌદ્ધ ધર્મનો બોધક-પ્રગટ થયો (ઈ૦ સ૦ પૂ૦ ૫૪૩ કે ૪૭૭), ત્યારે લોકોના ઉપદેશને વાસ્તે માગધીઆદિક પ્રાકૃત ભાષાઓમાં લોકોનો ધર્મબોધ કરવો પડયો. વળી, સાંપ્રત કાળે, બંગાળાથી તે સિંધ-સુધી, અને દક્ષિણથી તે કાશ્મીર સુધી, કેવી ભિન્ન ભિન્ન રૂપની ખરી, તો પણ એક મૂળ સ્પષ્ટ રીતિએ દેખાડનારી ભાષાઓ ચાલે છે, તે ઉપરથી અનુમાન કરી શકિયે છિયે.

પણ અહિં તો પુછવું ઘટે, કે શું, આવા વહેલા અને વિભિન્ન વિકારનાં કોઇ કારણ દેખાય છે? એ પ્રશ્નને બે પ્રકારના ઉત્તર સુઝે છે.

એક તો એવું, કે જ્યારે આર્યો આ દેશમાં આવ્યા ત્યારે તેઓ પોતાની સાથે મૂળ દેશની વિદ્યાનું થોડુંજ જ્ઞાન લાવ્યા. આ દેશ મોટો અને વિશાળ જોઇને તેઓ એક બીજાથી વેરાયા. વિજોગના કારણથી તેમના બધાની ભાષા, વેદ રચાયા તેથી પહેલાં પણ, કંઇ ફરવા લાગી હશે. જેઓ સરસ્વતીને કાંઠે પહેલા વસ્યા, તેઓ પોતાના બીજા ભાઇઓ કરતાં વહેલા સુધરેલા અને કંઇ વિશેષ વિવેકી હશે. તેઓએ પોતાની ચાલતી ભાષામાં વેદ રચ્યો. હવે બધી ભાષાનો સાધારણ નિયમ એ છે, કે, કાળાંતરે ફરે; વિજોગ થએલા ભાઇઓમાં, કોઇ વેળા થોડાજ કાળમાં, અને કોઇ વેળા અધિક કાળમાં, ભાષા વિષે એવો ફેર પડે, કે જાણે સમૂળ ભિન્ન ભાષા બોલનારા લોક જેવા તેઓ દેખાય. એકજ જાતના લોક, કોઇ ગ્રામવાસી, કોઇ વનવાસી, કોઇ ખેડુત, કોઇ વેપારી, કોઇ પહાડી, કોઇ સમુદ્રકાંઠે રેહનારા, કોઇ જુની રીતિ રાખનારા, કોઇ નવી ચાલનું ગ્રહણ કરનારા, એવા થાય; તેઓની અસમાન અવસ્થા ઉપરથી, તેમની વિવિધ ઉદ્યોગ ઉપરથી, તેમના ભિન્ન ભિન્ન સ્વભાવ ઉપરથી, ઘણા આશ્ચર્યકારક ફેરફાર કાળાંતરે પડે છે. હવે જો આ દેશમાં પેઠેલા આર્ય લોક બધાય એક સમયે અને એકજ ટોળીના જેવા થઇને આવ્યા હોય, તો ઉપરના સાધારણ કારણથી, તેઓ હિંદુસ્થાન જેવા વિસ્તારેલા અને પ્રાંત પ્રાંતમાં વિભિન્ન પ્રકૃતિ દેખાડનાર દેશમાં, થોડીજ વાર પછી એક બીજાથી પૃથક પૃથક જેવા સહેજે થઇ જાય. આ એક ઉત્તર.

પણ એની સાથે એક બીજું ઉત્તર કોઇ મેળવે છે, એટલે કે આ દેશમાં પેસતા પહેલાં, ભાષા વિષે કોઇ વિકાર હિંદુઓના પૂર્વજોમાં હશે. તેઓ

ખેવા એકજ સમયે અને એક ટોળીના જેવા થઇને દેશમાં પેઠા નહિ હોય, પણ દેશની બહાર હતા એટલામાંજ તેઓ એક બીજાથી પૃથક પડીને નાના માર્ગે થયા અને અનેક સમયોમાં અહિં આવી પહોંચ્યા હશે. હવે આપણે ઇતિહાસરહિત છિયે, માટે કહી નથી શકતા કે એવુંજ બન્યું, પણ જે ભિન્નતા ચાલતી પ્રાકૃતોમાં દેખાય છે તે ઉપર વિચાર કરતાં, આ અનુમાન ખરૂં હોય એવું દેખાય છે. તો પણ અહિં સંભારવું પડે છે કે, આ દેશમાં પેસતા પહેલાના વેરાણમાં જે વિકાર થઇ શકયો, તે પેઠા પછીના વેરાણમાં પણ થઇ શકે. ફરી સંભારવું, કે વેદાદિક ગ્રંથ રચનારાએ જે રચ્યું તેજ આપણી પાસે છે; તે કાળની સાધારણ ભાષાના કોઇ શબ્દ કે કોઇ રૂપ વેદમાં લીધાં વિના રહ્યાં હોય તો તેઓ પ્રાકૃતમાં ચાલે ખરાં, પણ તેમનું મૂળ પુરાતન ગ્રંથમાં મળે નહિ.

વેદાદિક ગ્રંથના અર્થના ખુલાસાને અર્થે, અને ભાષાની રક્ષા કરવાને અર્થે, સંસ્કૃત ભાષાનાં વ્યાકરણો લખાયાં એટલુંજ નહિ, પણ, બૌદ્ધ ધર્મનો ફેલાવ થવા લાગ્યો ત્યાર પછી, પ્રાકૃત ભાષાનાં પણ વ્યાકરણ થયાં. એમાંનાં કેટલાંએકના લખ્યાને આસરે બે હજાર વર્ષ થયાં હશે, એવું અનુમાન છે. ગુજરાતી ભાષાના ઇતિહાસ લખનારાને તેમનો અભ્યાસ અગત્યનો છે; કેમકે તેમના ઘણાખરા નિયમ ગુજરાતીમાં ચાલે છે. પહેલાથી તેમના નિયમ ગુજરાતીને નહિ મળતા જેવા દેખાય, એટલે જો માગધીઆદિક પ્રાકૃતો ઉપરથી જોવા લાગિયે તો, કેમકે માગધીના વિકારથી ગુજરાતી થઇ નથી; પણ ઉંડું ખોળતાં મળશે. **હેમચંદ્ર** ગુજરાતનો વાણિયો હતો; તેણે પોતાના વ્યાકરણના આઠમા ભાગમાં અપભ્રંશ કરીને જે ભાષાનું વર્ણન કર્યું છે તેમાં ગુજરાતીના મૂળને વત્તા મળતા વિષયો જાણ્યામાં આવે છે. આ અપભ્રંશ કહેલી ભાષામાં કેટલાએક લખેલા ગ્રંથો જૈન લોકના હાથમાં છે. જુના પુસ્તક ભંડારોમાં સંતાડી રાખેલા ગ્રંથો પ્રગટ થાય તો આશા છે કે ગુજરાતી ભાષાના ઇતિહાસનું કંઇ જાણવામાં આવશે.

મને ભાસે છે કે પંજાબની ભણીથી અને સરસ્વતિના કાંઠા આગળથી સંસ્કૃત ભાષા ભિન્ન ભિન્ન દિશાએ ફેલાતી ગઇ. આર્યોની એક ટોળી સિંધુ નદીને કાંઠે કાંઠે થઇ સિંધ સુધી આવી, અને ત્યાં ઇરાનની ગમથી બીજા આર્યોની સાથે કંઇ મળી ગઇ હશે;—એક બીજી ટોળી ગંગાતટે જઇ બંગાળ સુધી, અને ત્યાંથી ઉડયા સુધી, ગઇ દેખાય છે;—એક ત્રીજી ટોળી વિંધ્યાચળ

પર્વતની પાર જઇને મરાઠાની પૂર્વજ થઇ ;–એક ચોથી ટોળી અરવલી પહાડોની કોરે કોરે થઇને મારવાડ, ગુજરાત, કચ્છ,* અને કાઠિયાવાડમાં આવી વસી. એ પ્રાંતોની ભાષા એક બીજાની સાથે મળતી જેવી છે, અને ગુજરાતીનું શુદ્ધ જ્ઞાન પામવા ઇચ્છનારાને આ ત્રણ, એટલે ગુજરાતી, કચ્છી, અને મારવાડી વિષે કંઇ જ્ઞાન જોઇએ. એમને હેમચંદ્રની અપભ્રંશ કહેવાએલી ભાષાની સાથે મેળવી જોયાથી, ગુજરાતી ભાષાના ઇતિહાસનો ખરો ખુલાસો જડે એવું દેખાય છે. વળી બ્રજ કે હિંદી ભાષાની અસર ગુજરાતીને લાગી.

કોઈ દેશી વિદ્વાનો એ શોધમાં ખરે ભાવે વળગે તો સારૂં. વ્રજલાલ શાસ્ત્રીએ એવા કામમાં પોતાનો હેતુ કુશળ રીતિએ ચલાવ્યો છે. મારી આશા છે કે હજી તેમનાથી ભાષાના સુધારાને અર્થે ઘણા ગ્રંથ થશે; તેમનો રચેલો નિબંધરૂપી ગુજરાતી ભાષાનો ઇતિહાસ આ શોધનો આરંભ જેવો થયો છે.

સંસ્કૃતની સહુ દિકરીઓ, કુળવંત કન્યાની પેઠે, એકેક પોતાના ઘરની રીતિ પાળતાં પોતાની માતાનું સ્મરણ કરતી રહી; તેમના બધાના ઘરમાં સંસ્કૃતના અભ્યાસ કરનારને માન મળતું આવ્યું. વળી સંસ્કૃત, ધનવત અને માયાળુ માતાની પેઠે, દિકરીઓમાં જે કંઇ ન્યૂનતા હોય તે પૂરી કરતી આવી છે. માટે એવું બન્યું છે, કે વિકાર પામેલા અપભ્રંશ શબ્દની સાથે, મૂળ ભાષાના ઘણા શબ્દ વિકાર વિના પહેલાંથીજ ચાલતા આવ્યા છે; એટલુંજ નહિ, પણ સંસ્કૃતના અખૂટ ભંડારમાંથી ખપ પ્રમાણે બીજા ઘણા શબ્દો લેવામાં આવે છે.

ગુજરાતીમાં પરભાષાનો ભેળ છે. બધી ભાષામાં કંઇ કંઇ તો ભેળ હોય છે, એટલે એવા શબ્દો અને રૂઢિઓ, કે જે પરભાષાથી આવેલાં છે. ભેળના કારણ અનેક છે,–ભિન્ન ભિન્ન ભાષાના લોકોનો સહવાસ, તેમની વચ્ચે વેપાર, એકના ઉપર બીજાનો રાજ્યાધિકાર, એક બીજાની પાસેથી વિદ્યા કળા અને ધર્મનો બોધ, એવાં અનેક કારણથી બધી ભાષામાં કંઇ કંઇનો વિકાર થાય છે. એવો ભેળ કોઇ વેળા ગુણ, કોઇ વેળા અવગુણ કરે છે. સ્વભાષાના અને પરભાષાના શબ્દોમાં એટલો ફેર હોય છે, કે જે સ્વભાષાના છે તેઓ જથાવાળાના હોય છે; તેમના અર્થના વિવિધ વિસ્તાર, અને તેમનું ખરૂં ધોરણ, વહેલું અને સહેલું જાણવામાં આવે છે. પણ પરભાષાના શબ્દો, દેશમાં સગા વિનાના પરદેશી જેવા, જથારહિત રહે છે. તેઓ

---

* કચ્છી ભાષામાં સિંધની સાથેનો કાંઈ સંબંધ દેખાય છે.

એકલા રહી પોતાનો અધિકાર ચલાવે છે, અને ઘણું કરીને કોઇ કાળ પછી પડી જાય છે. સ્વભાષાના શબ્દો વધારે વાર ટકે છે.

૧.) ધાર્યામાં આવે છે કે આર્ય પ્રજા ભરતખંડમાં આવી તેથી પહેલાં કોઈ અનાર્ય લોક આવ્યા હતા. દ્રાવિડમાં અનાર્ય ભાષા-કાનડી, તૈલિંગી, તામલ, મલિઆલં, તુલુ, અને સિલોનમાં સિંઘલી ચાલે છે. એ વર્ગની ભાષા મૂળદેશી કહેવાય છે. એની કોઇ ભેળ ઉત્તર હિંદુસ્થાનના પ્રાકૃતોમાં હોય એટલુંજ નહિ, સંસ્કૃતમાં પણ હોય, એવું કોઇ લોક ધારે છે; પણ એનો પુરો શોધ હજી થયો નથી. ઇતિહાસરહિત, જૂના કોઈ પણ લેખરહિત, કેવળ અટકળ ઉપરજ વાત રહે છે. મને તો દ્રાવિડીનો કંઇ ભેળ ગુજરાતીમાં નિશ્ચય જણાતો નથી. જે દ્રાવિડી નહિ એવી કોઇ અનાર્ય ભાષા પુરાતનકાળે ભરતખંડમાં ચાલતી કે નહિ, એ વિષે મત કાચા અટકળ ઉપરજ હજી છે.

૨.) આસરે બે હજાર વર્ષ થયાં શાક કે શાકી લોક આ દેશમાં આવ્યા હતા, અને તેઓએ કોઇ સત્તા ચલાવી હતી એવું દેખાય છે. તેમને મારી કહાડયાથી વિક્રમ રાજાની કીર્તિ બહુ થઇ. હવે આ લોક ઘણા કે થોડા, તેમના આ દેશમાં રહ્યાનો કાળ લાંબો કે ટુંકો, એ નિશ્ચય જણાતું નથી. તેમને માર્યાથી દેશમાં શક ચાલ્યો, એ ઉપર અટકળ બાંધીયે, તો દેખાય કે તેમનું બળ કંઈ થોડું નહિ હશે. તેમની ભાષા આર્ય કે અનાર્ય હતી એ પણ કહેવાતું નથી. તેમની ભાષાની અસર પ્રાકૃત ભાષામાં કંઇ રહી હોય, પણ નિશ્ચયથી કહેવાતું નથી.

૩.) આલેકસાંદર, માસિદનના રાજાએ આ દેશમાં ચઢાઈ કીધી (ઇ૦ સ૦ પૂ૦ ૩૨૭), તે વર્ષથી કેટલાએક સૈકા સુધી ગ્રીક લોકોની આવજા હતી, અને કદાચ કોઇ વેળા સત્તા પણ ચાલી હશે. પણ ગ્રીક ભાષા અનાર્ય નથી, અને આ લોકોના કોઇ જથાએ આ દેશમાં રહીને, અને હિંદુમાં ભળી જઇને, પોતાની ભાષાની કંઇ અસર થાય એવું કર્યું, એ નથી જણાતું. જ્યોતિ-શાસ્ત્રમાં કોઈ ગ્રીક શબ્દ છે ખરા, પણ તેઓ સાધારણે ચાલ્યા નહિ.

૪.) મુસલમાન આ દેશમાં આવ્યા અને પોતાની સત્તા ચલાવી તેથી પ્રાકૃત ભાષા ઉપર જે પરિણામ લાગ્યો, તે બધાને પ્રત્યક્ષ છે.

ગુજરાતીમાં ફારસી અરબીની અસર અનેક દ્વારે થઇ. મુસલમાનના રાજ્યથી, અને અધિકારીઓની સાથે દીલ્હીની ગમથી આવેલા મુસલમાન સીપાઇઓથી, પછી દેશમાં જે મુસલમાન થયા તેમનાથી, વળી વોરાઆદિક

વેપારી તથા રૈયતથી, એવાં એવાં દ્વારેથી ફારશી અને અરબી શબ્દો ગુજરાતીમાં ઘણા આવ્યા. એમની સાંથે પારસી લોક ગણાય; કેમકે જો તેઓ ધર્મ વિષે મુસલમાનોના વિરોધી છે, તો પણ તેમની મૂળભાષા ફારશી હતી, માટે તેઓમાં જે ભાષા ચાલી તેની વળગણ મુસલમાનોની ભાષાની સંગાથે રહી. આ ભેળથી ભાષામાં કોઇ શબ્દ વધ્યા ખરા, પણ મનના ઊંડા વિચારોની, અને વિવેકના વિવિધ વિસ્તાર કહી જણાવવાની નવી સામગ્રી આવી નહિ. એનું કારણ એ છે, કે આ દેશમાં આવેલા મુસલમાન હિંદુ કરતાં વિદ્વાન ન હતા, અને ઊંડા વિચાર ચલાવવાના અભ્યાસમાં હિંદુ કરતાં કંઇ પહોચેલા ન હતા. ભિન્ન શબ્દોની સાથે, વિવેકના અને વિદ્યાના ભિન્ન વિચાર તેઓએ ચલાવ્યા હોત, તો ભાષામાં ગુણ કર્યો હોત.

૫.) યુરોપના લોક આફ્રિકાને દક્ષિણ છેડે થઇને હિંદુસ્થાનમાં આવવા લાગ્યા, તે દિવસથી બધી દેશી ભાષાઓમાં તેમની કંઇ કંઇ અસર લાગી. ગુજરાતીમાં પોર્તુગીઝના કેટલાએક શબ્દ ચાલે છે; જેમકે—પાદરી, ગારદી, મેજ, તબેલા, ચાવી, પગાર, પાઊં=રોટલી.

વિવિધ પ્રકારના ઇંગ્રેજી શબ્દ વપરાય છે;—રાજકારભારના—ગવર્નર, કલેક્ટર, જજ, પોલીસ, સુપ્રિંટેંડંટ, ઇત્યાદિ; વિદ્યાખાતાના—બુક, સ્કૂલ, માસ્તર, મોનિટર, ફી, બચ, ક્લાસ, ઇત્યાદિ; રેલવે ખાતાના—એંજીન, રેલ, કારજ, ટીકીટ, પાસેંજર, સ્લીપર (સલીપાટ), ઇત્યાદિ; પછી, વેપારના પદાર્થના ઘણા શબ્દ. પરદેશમાંથી આવેલા પદાર્થનું, તે દેશમાં તેનું જે નામ હોય, તેજ ઘણું કરીને બીજા દેશમાં ચાલે છે.

ગુજરાતી પૂરી કે અધુરી, એ વિષે વિવાદ કોઇ વેળા સાંભળવામાં આવે છે. કહેવત છે કે, यथा राजा तथा प्रजा; यथा गुरुस्तथा शिष्यः. એમજ કહેવાય કે, यथा भाषकस्तथा भाषा; જેવો બોલનાર તેવી બોલી. શામળ-ભટાદિક કવિઓ, પોતાના મનમાં વિવિધ વિચાર બોલતાં, ગુજરાતી અધુરી છે એવું જાણીને અટક્યા એવું જણાતું નથી; પણ નવા જૂના શબ્દની ગોઠવણીમાં પોતાનો વિવેક એવો પ્રગટાવ્યો કે તેમનું કહેલું ભાષામાં ચાલ્યું.

એક વિષયમાં તો બધી ભાષા અધુરીઓ છે, માણસની ટુંકી સમજણમાં નહિ આવે એવી વાતો,—એટલે ઇશ્વર વિષે કે અપારતા વિષે વાત કરિયે, તો બધી ભાષા અધુરીઓ છે. માણસની બુદ્ધિને આશ્રયે ભાષા ચાલે છે, માટે

જ્યારે બુદ્ધિ ટુંકી પડે છે, ત્યારે ભાષા અધુરી હોય છે. ભાષાનો સાધારણ નિયમ એ છે, કે લોકોના મનમાં જેવા વિચાર ભરેલા છે, તેવાંજ તેમની ભાષામાં બોલાય છે. જો લોક વિવેકી તો તેમની વાચા વિવેકે ભરેલી; જો લોક મૂઢ, તો વાચા તેમના જેવીજ. ઈંગ્રેજીમાં કહેવત છે કે, મૂઢ સુથાર વાંસલા વિંધણાનો વાંક કહાડે; ભાષાનો દોષ ઠરાવનાર કોઇ વેળા એવા હોય છે. જે વિદ્યાર્થીઓના હાથમાં ઈંગ્રેજી ભાષાનું અને તેની સાથે ઇંગ્રેજી વિદ્યાનું કંઇ આવ્યું છે, તેમને ગુજરાતી ભાષા અધુરી જેવી લાગતી હોય; કેમકે ઈંગ્રેજીમાંથી ભાષાંતર કરવું કઠણ છે. એમાં વાંક ભાષાનો નહિ, પણ લોકોનો છે. નવો શબ્દ, નવો વિષય, ભાષાનું કંઇ નવું વળણ, વાપરિયે, તો વિવેકથી સમજી લેવાનો અભ્યાસ લોકોમાં નથી, માટે બોલનાર અટકે છે; કેમકે બહેરાની આગળ ગાતાં છાતી કેમ ચાલે વારુ? અને જ્યાં લગી લોક સારૂં નરસું, નવું જૂનું પરખી મૂલ્ય ઠરાવી નથી શકતા, ત્યાં લગી લખનારનો વિવેક કેમ પ્રફુલ્લિત થાય?

ઈંગ્રેજીમાંથી ભાષાંતર કરનારામાંના કોઇ એવું ધારતા દેખાય છે, કે અમે તો માના દૂધની સાથે ગુજરાતી ભાષાનું જ્ઞાન ધાવ્યાં, અને ઇંગ્રેજી શિખ્યા છિયે, માટે સાક્ષાત દ્વિભાષી બની ગયા, ગુજરાતીનો અભ્યાસ શા વાસ્તે કરવો? પણ પરભાષાના સંપાદનના શ્રમ કરતાં, સ્વભાષામાં પ્રવીણતા મેળવવાનો આયાસ અધિક છે. સામળાદિક ગુજરાતી કવિઓના ગ્રંથમાં જુઓ, તુકે તુકે આયાસના પ્રમાણ દેખાય છે. મનોયત્ન કર્યા પૂર્વે ગુજરાતી કાચી દેખાય, પણ પછી ખરી પાકી જણાશે. યત્નકારી અધુરો તો તેની ભાષા પણ અધુરી; પણ જો વાપરનારના યત્ન સપૂર્ણ, તો ગુજરાતી પણ સંપૂર્ણ, હા, સણગારેલી પણ દેખાય. ગુજરાતી,—આર્યકુલની,—સંસ્કૃતની પુત્રી,—ઘણી ઉત્કૃષ્ટ ભાષાઓની સગી! તેને કોણ કદી અધમ કહે?

પ્રભુ એને આશીર્વાદ દેજો. જુગના અંત લગી એની વાણીમાં સતવિદ્યા, સદ્જ્ઞાન, સદ્ધર્મનો સુબોધ હોજો. અને પ્રભુ—કર્તા, ત્રાતા, શોધક—એનું વખાણ સદા સુણાવજો.